# માઅરેફત

## (અલ્લાહની સાચી ઓળખ)

હ. ઇમામ જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)એ ફરમાવેલી

હદીસે મુફઝ્ઝલ અને હદીસે હલીલજનો ગુજરાતી અનુવાદ

... પ્રસ્તુતકર્તા ...

મરહૂમ અલ્લામા હાજી નાજી સાહેબ (અ.મ.)

... ગુજરાતી અનુવાદ ...

મરહૂમ જ. વલી મોહમ્મદ સી. મોમિન

...પ્રકાશક...

હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

… Kitab Downloaded from …

*www.hajinaji.com*

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે
www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.
hajinajitrust@yahoo.com

---


: પ્રાપ્તિસ્થાન :

## હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ

માળીના ટેકરા, આંબાચોક, ભાવનગર – ૩૬૪૦૦૧,
ગુજરાત (ઇન્ડિયા)

ફો.: ૦૨૭૮-૨૫૧૦૦૫૬/૨૪૨૩૭૪૬

ઈમેલ : hajinajitrust@yahoo.com

વેબસાઈટ : www.hajinaji.com

# અનુક્રમણિકા


| વિષય | | પેજ |
|---|---|---|
| માઅરેફત | | 1 |
| 1 | ખુદાની વહ્દાનીય્યત | 4 |
| 2 | હદીસે મુફઝ્ઝલ | 16 |
| 3 | ઇન્સાનની પૈદાઈશમાં હિકમતો | 36 |
| 4 | બાળક નાદાન અને અણસમજુ પૈદા થવાની હિકમતો | 46 |
| 5 | બચ્ચાના રડવામાં સમાયેલી હિકમત | 51 |
| 6 | બાળકના મોઢામાંથી લાળ વહેવામાં સમાયેલી હિકમત | 53 |
| 7 | સ્ત્રી અને પુરૂષ બંને અવયવોનું વિજાતીય આકર્ષણ | 55 |
| 8 | શરીરના બધા અવયવો બનાવવાની જરૂરત અને કારણ | 57 |

| | | |
|---|---|---|
| 9 | ઇન્સાનનું શરીર અમુક મુદ્દત સુધી જ શા માટે વધે છે ? | 66 |
| 10 | પાંચે ઇન્દ્રીયોના સર્જનનું રહસ્ય | 68 |
| 11 | અમુક માણસને શરીરના અમુક અવયવ શા માટે નથી ? | 76 |
| 12 | ઇન્સાનને માથું શા માટે હોવું જોઈએ ? | 83 |
| 13 | હાથ બે બનાવવા વિશે | 84 |
| 14 | અવાજ અને સાદ વિશે | 85 |
| 15 | જીભ, દાંત અને હોઠ વિશે | 87 |
| 16 | મગજ, માથાના વાળ અને આંખોની પાંપણ વિશે | 89 |
| 17 | હૃદય, ફેફસા અને હોજરીની રચના વિશે | 91 |
| 18 | હાડકાની નળીમાં ગુદો, રગોમાં લોહી અને આંગળી ઉપર નખ વિગેરે શા માટે ? | 94 |

| | | |
|---|---|---|
| 19 | નર - નારી (બે જાતિ) અને તેને આપેલા ખાસ અવયવની જરૂરત વિશે | 97 |
| 20 | ઇન્સાનની અક્કલને સમજણ વિશે | 100 |
| 21 | હ્રદયની હિકમતો | 103 |
| 22 | ઇન્સાનના કુદરતી હાજત કરવાની, દાંત અને નખ વિશે | 107 |
| 23 | થૂંક અને પેટ વિશે | 113 |
| 24 | ખાવા, પીવા, સૂવા અને ઊંઘવા વિશે | 116 |
| 25 | શરીરની ચાર શક્તિઓનું બયાન | 118 |
| 26 | શરમ, હયા અને વાચા વિશે | 126 |
| 27 | ઇલ્મ અને સમજણ | 132 |
| 28 | સ્વપ્ના વિશે | 140 |
| 29 | કોઈ વસ્તુ નકામી ન હોવા વિશે | 142 |
| 30 | ખાવા - પીવા વિશે | 146 |
| 31 | ઇન્સાન એક સરખા ચહેરાવાળા કેમ નથી હોતા ? | 148 |

| | | |
|---|---|---|
| 32 | બીજી બેઠકમાં ઇમામ (અલય્હિસ્સલામ)એ ફરમાવેલી બાબતો | 154 |
| 33 | પ્રાણીઓ વિશે | 158 |
| 34 | કીડી, મકોડા અને પંખીઓ વિશે | 180 |
| 35 | પંખીઓનો અહેવાલ | 185 |
| 36 | ઇમામ સાદિક (અલય્હિસ્સલામ)એ ત્રીજી બેઠકમાં ફરમાવેલી બાબતો | 204 |
| 37 | આગના ફાયદા | 233 |
| 38 | વરસાદના ફાયદા | 235 |
| 39 | પહાડનું વર્ણન | 242 |
| 40 | ઝાડ, ખેતી વિ. નું વર્ણન | 246 |
| 41 | ફળ, બી અને ઠળિયાનું વર્ણન | 252 |
| 42 | જડીબુટ્ટી વગેરેનું વર્ણન | 259 |
| 43 | ચોથી બેઠકમાં ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવેલી બાબતો | 264 |
| 44 | હદીસે હલીલજ અને નાસ્તિકવાદનું ખંડન | 313 |

# માઅરેફત

તમામ ઇલ્મમાં શ્રેષ્ઠ અને ઉમદા ઇલ્મ પરવરદિગારે આલમની માઅરેફતનું છે. કેમકે ઇન્સાનને ફક્ત બે રહેઠાણથી જ કામ છે. એક આલમે દુનિયા (દુનિયામાં રહેવાનું) અને બીજુ આલમે આખેરત (આખેરતમાં રહેવાનું) તો દુનિયાના આલમમાં રહીને એ ચીજોની માઅરેફત (ઓળખાણ) જરૂરી બને છે કે જે ચીજો થકી માનવનું જીવન અસ્તિત્વમાં રહે છે, અને આખેરતની દુનિયામાં જવા માટે તેને લગતી તમામ જરૂરી બાબતની માઅરેફત મેળવવી જોઈએ કે આપણે શું છીએ અને કોણ છીએ, આપણી આગળ પાછળ કઈ કઈ વસ્તુઓ છે તે કેમ થઈ અને તેને કોણે બનાવી, આપણને કોણે બનાવ્યા ? એ બનાવનાર કોણ છે અને કેવો છે ? અને આપણને

શા માટે બનાવ્યા ? તે આપણી પાસેથી શું ઇચ્છે છે ? તેની કેવી અઝમત છે ? તેની કેવી તાક્ત અને કુદરત છે, તેની કેવી સિફ્રાત છે ? અગર આપણે તેનાથી બિલકુલ અજાણ (બેદરકાર) રહી તેની માઅરેફત હાંસિલ ન કરીએ અને તેની ઈબાદત ન કરીએ તો આલમે આખેરતમાં જવા પછી સખ્ત સજાને પાત્ર થઈએ અને આપણને અઝાબ કરે : અને ગફલત અને બેદરકારીનું કારણ પૂછે. તે વખતે આપણે કાંઈ જવાબ ન આપી શકીએ. તો આ બાબતોથી સાબિત થયુ કે એ પૈદા કરનારની માઅરેફત મેળવીએ અને તેની મરજી શી છે તેનાથી વાકેફ થઈ તેની મરજી પ્રમાણે અમલ કરીએ. આ દુનિયામાં રહી અહીંની જરૂરી ચીજોની માઅરેફત હાસિલ કરવાની બહુ જ વધારે જરૂરત નથી કેમકે એક તો આ દુનિયાની અંદર આપણને રહેવાની

મુદ્દત બહુ જ ટૂંકી છે, અને તેનો નાનકડો દાખલો પણ આપી શકાય તેમ નથી. પરંતુ એટલું તો કહી શકાય છે કે આલમે આખેરતની જે કાયમની મુદ્દત છે તેના પ્રમાણમાં આ દુનિયામાં ઇન્સાનને રહેવાની મુદ્દત એક સેકંડથી પણ ઘણી ઓછી છે, તો આ દુનિયામાં એક સેકન્ડ જેટલા વખતની કંઈ પણ કિંમત નથી. તો એ નજીવા વખતની મોજ મજા માટે અથવા આળસને આધીન થઈ આખેરતના હંમેશના સુખને ત્યજી દેવુ અથવા અમુક મુદ્દત સુધી શિક્ષાને પાત્ર થવું તે અક્કલમંદીથી ઉલ્ટુ છે અને મૂર્ખાઈ છે, માટે દરેક ઇન્સાન માટે જરૂરી છે કે પોતે પોતાની ભલાઈ ઈચ્છે અને આખેરતમાં સુખ મળે અને અઝાબથી મુક્તિ પામે એવા કામ કરે.

# બિસ્મીલ્લાહિર રહ્માનિર રહીમ

## પ્રકરણ - ૧

## ખુદાની વહદાનીયત

દુનિયાના તમામ લોકો એ બાબતમાં એકમત છે કે આપણે નાશવંત છીએ. અને ગણ્યા ગાંઠયા, હઠધર્મી લોકો સિવાય તમામ લોકો એ વાત સ્વીકારે છે કે મરવા પછી નેકી-બદીનો બદલો જરૂર મળશે, આપણા કરતાં વધારે હિકમત અને અક્કલવાળો આપણને પૈદા કરનાર છે. અલબત્ત જેઓ વિજ્ઞાનના જ્ઞાનમાં ઊંડા ઊતરીને ગેરમાર્ગે દોરવાઈ ગયા છે તેઓને શક છે કે આપણને કોઈ પૈદા કરનાર છે કે નહીં ? પણ જ્યારે તેઓ પધ્ધતિસર રીતે અક્કલનો ઉપયોગ કરી વિચાર કરે છે તો જરૂર સાબિત થાય છે કે આ સૃષ્ટિનો બનાવનાર અને તમામને પૈદા કરનાર કોઈ

મોટો હિકમતવાળો, સર્વજ્ઞાની, સર્વ શક્તિમાન, સર્વ શ્રેષ્ઠ અને મહાન છે. અને દુનિયામાં જેટલા ધર્મગુરૂઓ થઈ ગયા તે ગમે તે કૌમ અને ધર્મના હોય તે સર્વે પણ એમ જ કહેતા હતા કે આ દુનિયાનો પૈદા કરનાર કોઈક છે, પણ એ પૈદા કરનાર કોણ છે તેમાં મતભેદ હતો અને છે.

મજૂસી અને પારસી કે જે જૂનો ધર્મ કહેવાય છે તેઓનો ખયાલ એવો રહ્યો છે કે પૈદા કરનાર ખાલિક બે છે (૧) નૂર (પ્રકાશ) અને (૨) ઝુલ્મત (અંધકાર) તેઓ નેકીનો પૈદા કરનાર નૂરને ગણાવે છે અને બદીનો પૈદા કરનાર ઝુલ્મતને ગણાવે છે. તેમણે નૂરનું નામ યઝદાન રાખ્યું, અને ઝુલ્મતનું નામ અહરીમન રાખ્યું, પણ નૂર (યઝદાન)ને શક્તિશાળી ગણે છે અને તેથી જ તેઓએ આતિશ પરસ્તી (અગ્નિપૂજા) શરૂ કરેલ છે.

હિંદુઓ એ વાત સ્વીકારે છે કે તમામને પૈદા કરનાર એક છે, પણ તેઓ તે પ્રમાણે અમલ કરતાં નથી, બલ્કે પથ્થરની મૂર્તિઓ પોતાને હાથે કોતરીને બનાવે છે અને પાછા તેને જ સજદો કરે છે. ઈસાઈ મઝહબવાળાઓના ધર્મગુરૂઓ બહુજ સાચા, બહુજ પાક બહુજ આરિફ, બહુજ આબિદ અને ખુદાના માનવંતા હતા. અને તેઓએ ખુદાની વહદાનીય્યત યોગ્ય રીતે સમજાવી પણ તેઓના માનવાવાળાઓ (અનુસરનારાઓ) તેઓનો ખરો અર્થ સમજી શક્યા નહીં અથવા તેઓની મોહબ્બતમાં અતિરેક કરીને તેઓને એટલે કે હ. ઈસા અલય્હિસ્સલામને તથા રૂહુલ કુદુસને દુનિયા પૈદા કરનારનો શરીક (સાથીદાર) ગણે છે.

યહૂદીઓ તો બિલ્કુલ ખુદાને સમજી શક્યા નહીં. અને તેથી હ. ઓઝૈર પયગંબરને ખુદાનો દીકરો ઠરાવ્યો, પણ હવે તેઓમાં કંઈ સુધારો થયો કે નહીં

તેની માહિતી મળી નથી. પણ હિંદુઓ, ઈસાઈ, મજૂસી અને એહલે ઇસ્લામ કરતાં તેઓનો મત જુદો છે.

એહલે ઇસ્લામનો એવો દાવો છે કે અમે ખુદાને વાહિદ (એક જ) માનીએ છીએ. અને ઇસ્લામની પાક કિતાબ જે કુરઆને શરીફના નામથી ઓળખાય છે તે ખુદાની વહદાનીયતની તાલીમ આપે છે જેમકે તે વિશે કુલહોવલ્લાહો અહદનો સૂરો એ જ બાબતની તાલીમ માટે નાઝિલ થયો છે. પણ ઇસ્લામમાં ખુદાના આકાર વિશે મતભેદ છે. કેટલાંકનો મત એવો છે કે તેને અંગ છે. કેટલાંકનો મત એવો છે કે તે કોઈ મકાનમાં છે, કેટલાંક કહે છે કે તેનામાં ફેરફાર પણ થાય છે અને મોટો ભાગ કહે છે કે આખેરતમાં તેને જોઈ શકાશે. પણ શીઆ ઇસ્નાઅશરી મુસલમાનોની માન્યતા એ છે કે ખુદાવંદે તઆલાને ન અંગ છે, ન કોઈ મકાન છે, ન તેનામાં ફેરફાર થાય છે અને ન તેને જોઈ શકાશે. કેમકે

જો તેને જોઈ શકાય તો તેના માટે અંગ, રંગ, રૂપ, લંબાઈ, પહોળાઈ અને મકાન વગેરે બધી જ ચીજો સાબિત થાય છે. જોવા માટે કેટલીક બાબતો જરૂરી છે.

(૧) જે ચીજને જોવી હોય તે દ્રષ્ટિ મર્યાદાથી દૂર ન હોવી જોઈએ કે નજર કામ ન કરી શકે.

(૨) તે ચીજ આંખથી બહુ જ નજીક હોવી જોઈએ નહીં, કેમકે જો આંખને અડી જાય તો તે જોઈ શકાય નહીં. (બલ્કે યોગ્ય અંતરે હોવી જોઈએ)

(૩) તે ચીજ બહુ જ સાફ જેમકે બહુ જ સ્વચ્છ કાચ વિગેરે જેવી હોવી જોઈએ નહીં,બલ્કે કાચ કરતાં થોડી કસીફ (ઘનતાવાળી) હોય કે નજર તેના પર સ્થિર રહી શકે.

(૪) તે ચીજનો કાંઈપણ રંગ હોવો જોઈએ.

(૫) તે ચીજ ભૌતિક હોવી જોઈએ અને તેની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ પણ હોવી જોઈએ.

(૬) તે ચીજ કોઈ હદમાં હોવી જોઈએ.

(૭) તે ચીજ બહુજ પ્રકાશિત ન હોવી જોઈએ કે જેથી આંખ તેની સામે ઉઘડી ન શકે. વિ. તો જ્યારે એટલી સિફતો કે જે ખુદાની મખ્લૂકમાં છે તે ખુદામાં હોય તો તે જોઈ શકાય પણ ખુદા આ ચીજોથી પાક છે. ખુદાની પૈદા કરેલી ચીજ જેમકે હવા અને રૂહ તે એટલી નાજુક અને લતીફ છે કે જોવામાં આવતી નથી. અને ન તેને અંગ છે, ન તેનું રૂપ અને રંગ માલૂમ પડે છે. તો તેનો પૈદા કરનાર ખુદા શું નાજુક અને લતીફ પણામાં ઓછો હશે કે તે દેખાઈ શકે ? બલ્કે તેને રૂહ અને હવા જેવો પણ કહી શકાય નહીં. કેમકે તે પણ તેણે જ પૈદા કરેલ છે. બલ્કે તેના વિશે આપણો એઅતેકાદ છે કે અલ્લાહ તઆલા *"વાહેદુન અહદુન લયસ કમિસ્લેહી શયઉન"* એટલે અલ્લાહ તઆલા એક અને અજોડ છે. અને તેના જેવી કોઈ ચીજ નથી કે તેને કહી શકાય કે તે ફલાણા

જેવો છે. તેમજ તેના માટે કહેવામાં આવે છે *"લાયુસફો બેજવહિરન વલા જીસ્મિન વલા સુરતિન વલા અરઝિન વલા ખત્તિન વલા સતહિન વલા સિકલિન વલા ખિફ્ફતિન વલા લવનિન વલા ક્વનિન વલા હરકતિન વલા સફૂનિન વલા ઝમામિન વલા મકાનિન"* વિગેરે વિગેરે અને તેને કહી શકતા નથી કે તે જવહર છે અને ન તેને જિસ્મ (અંગ) છે. અને ન સૂરત છે, અને ન તેને અર્ઝ છે (એટલે લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ વિગેરે) અને ન તે ખત્ત (મીંડુ) છે, અને તે ન પહોળો છે અને તેમજ ન તે ભારે છે, ન તે હલકો છે, અને ન તેનો રંગ છે. તેમજ કહી નથી શકતા કે તે હરે ફરે છે. તેમજ કહી નથી શકતા કે તે સ્થિર છે. અને ન તેના માટે ઝમાનો કહી શકાય છે, ન તેના માટે કોઈ મકાન કહી શકાય છે, કેમકે તેના માટે મકાન હોય તો તે મકાનનો મોહતાજ ઠરે છે. બલ્કે તે મખ્લૂકાતની તમામ અધૂરી સિફતોથી

પાક - પાકીઝા છે, અને અગર કોઈ અધૂરી સિફત તેનામાં હોય તો તે મખ્લૂકની માફક ગણાય.

દુનિયામાં ઘણા મઝહબ છે, અને તે તમામે ખુદા માટે લાયક અને લાયક ન હોય તેવી અમુક અમુક સિફતો મુકર્રર કરી છે. કોઈ આગને પૂજે છે, કોઈ સૂર્ય તથા ચંદ્રને પૂજે છે. કેટલાંક ખુદાએ તઆલાની સિફાતે સબૂતીયાને સ્વીકારે છે છતા પથ્થર તથા ઇન્સાનની પૂજા કરે છે. વિ. વિ. કેટલીક કૌમનો અહેવાલ ખુલાસાથી લખાએલ છે. પણ અમે એ બયાન હાલ મુલતવી રાખી ઇન્શાઅલ્લાહ આગળ મૌકા ઉપર લખીશુ.

અહીંયા તૌહીદુલ અઇમ્માના ઉર્દૂ અનુવાદનો ગુજરાતી અનુવાદ આપવામાં આવે છે માટે તેના ઉપર વિચાર કરી સમજવાની કોશિશ કરવી કેમકે દુનિયામાં ભારેમાં ભારે અને વધારે જરૂરત વાળી કોઈ ચીજ છે

તો તે ફક્ત મઝહબ (ધર્મ) જ છે. અને દરેક માણસ જ્યારે સમજુ થાય ત્યારે તેને પહેલાં એ જ ખ્યાલ આવે છે કે હું કોણ છું અને શા માટે પૈદા કરવામાં આવેલ છું ? તો એમ વિચાર થતા જ તેના માટે જરૂરી છે કે તે સમજે કે મારે મારા વાસ્તવિક અને સાચા પૈદા કરનારની માઅરેફત હાસિલ કરવી જોઈએ. એ પણ જાણવુ જોઈએ કે તેણે શા માટે પૈદા કર્યો, અને તેની શી ઇચ્છા છે, અને જ્યારે આટલી બાબત સમજે તો એ વિશે દિલમાં વિચાર કરે કે પરવરદિગારે આલમે ખાસ કોઈ હેતુ માટે પૈદા કરેલ છે. અને તે કામ એવુ હોવું જોઈએ કે તે કરવાથી તે મા'બૂદ રાજી અને ખુશ થાય અને ન કરવાથી નારાજ થાય અને એ વિચાર આવતા જ તેની મરજી મુજબ અમલ કરવા ચાહે તો તેની મરજી કેવી છે તે જાણવા માટે કોઈ એક મઝહબ સ્વીકારવો જોઈએ, પણ દુનિયામાં ઘણા મઝહબ છે

અને તે તમામ મઝહબ સહી અને ખરા હોઈ શકતા નથી. અને તે તમામ મઝહબોમાં એટલો મતભેદ છે કે દરેકને સાચો કહેવાય નહીં. કેમકે કોઈ કહે છે કે “વહદહૂ લા શરીક” એકજ છે, તો કોઈ કહે છે કે ખુદાને દીકરો છે, તો કોઈ કહે છે કે ખાસ ખુદાની પરસ્તિશ (પૂજા) કરવી જોઈએ, તો કોઈ કહે છે કે ખુદાની મખલૂક જેવી કે આગ, પાણી વગેરેની પણ પરસ્તિશ થઈ શકે છે, કોઈ કહે છે ખુદાને અંગ છે, કોઈ કહે છે ખુદાને અંગ નથી, કોઈ કહે છે ખુદાને જોઈ શકાશે, કોઈ કહે છે ખુદાને કદી નહીં જોઈ શકાય વિ. વિ.

આટલા મતભેદમાં કયો મઝહબ હક અને ખરો છે તે તપાસવાની જરૂર પડે છે તો ઇન્સાનને અપાએલી અક્કલ એવી ઉમદા ચીજ છે કે તે હક અને ઉમદા ચીજને ઓળખી શકે છે તો જ્યારે તમામ મઝાહિબ તરફ વિચાર કરીએ ત્યારે અક્કલ એમ કહે છે કે જે

મઝહબમાં એવી પાક પાકીઝગી હોય કે કોઈ જાતનો ઐબ તેમાં જોવામાં આવે નહીં, તેમજ જેને પોતાનો પૈદા કરનાર સમજે તેની પણ સિફતો એવી જ હોવી જોઈએ કે તેમાં કોઈ જાતનું ઐબ કે નુકસાન હોય નહીં. તો એ તમામ બાબતો તપાસતા ઇન્સાફ કરનાર પોતે જ સમજી શકશે કે દુનિયાના તમામ મઝહબોમાં હક (સાચો) મઝહબ કયો છે, કેમકે નમૂના તરીકે કેટલાંક મઝહબોમાં ખુદાની સિફતો કેવી માનવામાં આવે છે તે ઉપર બયાન થઈ અને કેટલીક ઇન્શાઅલ્લાહ આગળ બયાન થશે તેથી સાબિત થાય છે કે જે મઝહબમાં ખુદાએ તઆલાને વહદહૂ લા શરીક માનતા હોય તેને અંગ નથી તેમજ જોઈ શકાશે નહીં એમ સમજતા હોય, તેમજ ખુદાને ફરઝંદ ન હોય, ન તેનો કોઈ ભાગીદાર હોય, તેમજ તે કોઈથી જન્મ પામ્યો ન હોય, અને તે હંમેશાથી છે અને હંમેશા રહેશે અને તેને સંપૂર્ણ

શક્તિશાળી માનતા હોય વિગેરે વિગેરે સિફતો જાણતા હોય તે જ મઝહબ હક છે.

# પ્રકરણ - ૨
# હદીસે મુફઝ્ઝલ

હદીસે મુફઝ્ઝલ જે મશહૂર હદીસ છે. તેમાં એવી એવી બાબતો સમાએલી છે કે તે વાંચવાથી ખુદાએ તઆલાએ પૈદા કરેલ સૃષ્ટિમાંની દરેક ચીજનો હાલ, હિકમત, કારીગરી અને તેની બારીકીઓ અને ખૂબીઓ જાહેર થાય છે. અને તેથી તેના ખાલિક (પૈદા કરનાર) ની માઅરેફત હાંસિલ થાય છે, અને તેથી સાબિત થાય છે કે એવી એવી હિકમત અને અજાયબીઓ કોઈ મહાન હિકમત વાળા સિવાય બની શકતી નથી.

મોહમ્મદ બિન સિનાન રિવાયત કરે છે કે મારી પાસે મુફઝ્ઝલ બિન ઉમરે બયાન કર્યું કે હું એક દિવસ અસ્રની પછી હઝરત રસૂલે ખુદા મોહમ્મદે મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના રોઝા (મસ્જિદે નબવી) માં કબ્ર અને મિમ્બરની વચ્ચે બેઠો

બેઠો વિચાર કરતો હતો કે પરવરદિગારે આલમે આપણા સૈયદ હઝરત મોહમ્મદે મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને કેવો શરફ અને ફઝીલત અતા ફરમાવેલ છે પણ એ બાબતને ઉમ્મતમાંના સામાન્ય લોકો જાણતા નથી અને તેઓના સાચા ફઝાએલ, કમાલ, મરતબા અને અઝમતથી વાકેફ નથી. હું એ જ વિચારમાં હતો ત્યાં ઇબ્ને અબીલ અવજા કે જે દહેરિયો (નાસ્તિક) અને ભૌતિકવાદી... હતો તે આવ્યો અને તે મારાથી એટલો છેટો બેઠો કે હું તેની વાતો સાંભળી શકતો હતો તે પછી તેના સાથીઓમાંનો એક માણસ તેની પાસે આવી તેની તરફ ધ્યાન કરી બેસી ગયો, તે વખતે ઇબ્ને અબીલ અવજાએ તેને કહ્યું કે આ કબરમાંના સાહેબે સૌથી ઉચ્ચ કક્ષાની ઇઝ્ઝત અને માન મરતબો મેળવેલ છે. અને શરફ તથા બુઝુર્ગીનો તમામ ભાગ તેઓ પામ્યા છે. અને ઘણે મોટે દરજ્જે પહોંચેલ છે.

આ સાંભળી તે બીજા શખ્સે કહ્યું : હા, ખરી વાત છે તેઓ (હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) એક ફિલોસોફર હતા. તેણે મોટા મરતબાનો દાવો કર્યો. અને તે વિશે એવા મોઅજિઝાઓ બતાવ્યા કે સામાન્ય લોકોની અક્કલ હેરાન થઈ ગઈ અને અક્કલ વાળાઓ તેઓને ઓળખવા માટે વિચારના દરિયામાં ઘણી ડુબકીઓ મારી તો પણ તેઓ ફતેહ પામ્યા નહીં. અને જ્યારે તેઓના એ દાવાને અક્કલમંદોએ અને વિદ્વાન લોકોએ કબૂલ કર્યો ત્યારે સામાન્ય લોકોના ટોળે ટોળા તેઓના દીનમાં આવવા લાગ્યા અને જે શહેરો સુધી તેઓની નબુવ્વતનું નિમંત્રણ પહોંચ્યુ ત્યાં ત્યાં ઇબાદતખાના અને મસ્જિદોમાં ખુદાએ તઆલાના નામની સાથે તેઓનું નામ પણ શામેલ કરવામાં આવ્યું અને લાંબા સાદે પોકારીને કહેવામાં આવ્યું અને તેમાં કોઈ જગ્યાને ખાસ કરવામાં આવી નહીં. અને તે અવાઝથી નામ

લેવાનું એક વખત નહીં બલ્કે હંમેશા રાત અને દિવસમાં, પાંચ વખત અઝાનમાં અને પાંચ વખત એકામતમાં કહેવરાવું શરૂ કર્યું. અને તેઓએ પોતાનું નામ ખુદાના નામ સાથે એટલા માટે મેળવ્યુ કે તેઓનું નામ હંમેશા જીવંત રહે, અને તેઓના કામમાં ખલેલ પડે નહીં.

આ સાંભળી ઇબ્ને અબીલ અવજા બોલ્યો કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વાત જવા દે, કેમકે તેઓ વિશે મારી અક્કલ હૈરાન છે. અને જ્યાં સુધી હું વિચાર કરૂં છું ત્યાં સુધી હું કોઈ નિર્ણય કરી શકતો નથી. એટલે મારી અક્કલ ચક્કર ખાય છે.હવે એ વાત કર કે જેના સબબથી લોકો હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના દીનમાં દાખલ થઈ રહ્યા છે. એટલે પરવરદિગારે આલમનો કાંઈ ઝિક્ર કર, કે તે અસ્તિત્વમાં છે કે નહીં ? અને પછી પોતે જ કહ્યું કે આ

તમામ ચીજો જે આપણે જોઈએ છીએ તે કાંઈ કોઈની પૈદા કરેલી નથી, અને તેનો કોઈ બનાવવાવાળો નથી. કોઈ એ ચીજોને યોગ્ય રીતે બનાવનાર અને તેની તદબીર કરનાર નથી, બલ્કે એ તો આપોઆપ પૈદા થઈ જાય છે, અને દુનિયા તો એમજ ચાલી આવી છે અને ચાલી જશે.

મુફઝ્ઝલ કહે છે કે એ બંનેની આવી નકામી વાતો સાંભળીને મને બહુજ ગુસ્સો આવ્યો, અને મારામાં સબ્ર કરવાની શક્તિ રહી નહીં. તેથી મેં તેને કહ્યું કે અય ખુદાના દુશ્મન ! તું ખુદાના દીનમાં કુફ્ર કરે છે. તે તો તને પૈદા કરવાવાળાનો તદ્દન ઇન્કાર કર્યો કે જેણે તને આવી રૂપાળી સૂરતમાં પૈદા કર્યો છે. અને તારા અંગ બનાવ્યા છે, અને તુ કંઈ નહોતો તેમાંથી તને એવી હિકમત અને કારીગરીથી બનાવ્યો કે એક ટીપામાંથી જુદી જુદી હાલતમાં ફેરફાર થતા થતા આ જ તુ જુવાન થઈને આટલી ઉંમરે પહોંચ્યો છે. અગર

કાંઈ નહી તો તુ ફક્ત પોતાના નફસ વિશે વિચાર કર અને તુ તટસ્થ રીતે અક્કલનો ઉપયોગ કરીને ઇન્સાફ કર તો પૈદા કરનાર અને બનાવનારની દલીલ તુ પોતાના નફસમાં મૌજૂદ જોઈશ. અને કોઈપણ એક પૈદા કરનાર છે તે તારા ધ્યાનમાં આવશે, અને એ વિશેની ગવાહી તુ તારા શરીરના અવયવોમાં સ્પષ્ટ રીતે જોઈશ.

આ સાંભળીને તેણે કહ્યું : અય સાહેબ જો તમારામાં એ વિશે કંઈ વાત કરવાની શક્તિ હોય, તો અમે તમારી સાથે વાત કરીએ. જો તમારી પાસે કોઈ સ્પષ્ટ અને આધારભૂત દલીલ હશે તો તેને અમે માની લઈશુ. અને જો તમે વાતચીતનું ઇલ્મ ધરાવતા ન હો તો તમને બોલવાનો કંઈ પણ હક નથી. અને તમે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના અસ્હાબમાંથી હોવ એમ લાગતુ નથી. કેમકે તેઓના અસહાબની વાતચીત કરવાની ઢબ જુદી જ જાતની છે.

તમે તેઓના જેવી વાતચીત કરતાં નથી, અને તમારી જેમ તેઓ અમારી સાથે દલીલ કરી ચર્ચા કરતાં નથી. તેઓએ અમારી વાતો આ કરતાં વધારે સાંભળી છે પણ તેઓ વાતચીતમાં ન સખ્તી કરે છે, ન જવાબ આપવામાં હદથી વધી જાય છે, અને તેઓ ઘણા જ સહનશીલ અને ઠંડા મિજાજના અને અક્કલવાળા હોય છે, એટલું જ નહીં પણ તેઓ પુખ્ત અક્કલના, સારા સ્વભાવ વાળા, ગંભીર હોય છે. તેઓ ગુસ્સે થતા નથી, તેમજ તેઓ સખ્તી પણ કરતાં નથી. તેઓ અમારી ગુફતગૂ બહુ જ ધ્યાન દઈને સાંભળે છે અને અમારી દલીલોને પૂછે છે. એટલે સુધી કે જ્યારે અમે તમામ દલીલો બયાન કરી લઈએ છીએ ત્યારે તેઓ સાબિતી અને દલીલથી અમારી વાતને બાતિલ કરી નાખી અમારા ઉપર હુજ્જત તમામ કરે છે અને એવો જવાબ આપે છે કે અમે કોઈ બહાનુ રજૂ કરી શકતા નથી. અને તે પછી અમે તેઓને જવાબ આપવાની શક્તિ રાખતા

નથી. માટે અગર તમે પણ તેઓના અસ્હાબમાંથી હોવ તો તેઓ જેવી જ ગુફતગૂ કરો.

મુફઝ્ઝલ કહે છે કે આ સાંભળીને હું ત્યાંથી ગમગીન અને ઉદાસ ચહેરે નીકળ્યો, અને વિચાર કરવા લાગ્યો કે આવા બેદીન (અધર્મી) લોકોના કારણે ઇસ્લામને કેવુ નુકસાન થયુ છે.અને કેવી બલામાં ગિરફતાર થયા છે કે એ લોકો ખુદાને તો બિલ્કુલ માનતા જ નથી અને દુનિયાને આપોઆપ પૈદા થએલ અને પોતાની મેળે ચાલે છે એમ માને છે.અને એ જ વિચાર કરતો કરતો મારા આકા હ.ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં ગયો.આપે મારો ઉદાસ ચહેરો જોઇને ફરમાવ્યું : તમોને શું થઈ ગયુ છે ? તે વખતે મેં જે કંઈ એ નાસ્તિકોથી વાત સાંભળી હતી અને જે દલીલથી તેઓની વાતોને રદ કરી હતી તે બયાન કરી. તે વખતે આપે ફરમાવ્યું : હું તમને ખુદાએ તઆલાની એ હિકમતો કે તમામ દુનિયામાં

અને પશુ પંખી અને જીવજંતુ વગેરેમાં છે તેમજ દરેક જાતના ઝાડ, ફળ અને ફૂલ જે ખાઈ શકાય છે અને ખાઈ શકાતા નથી તેવા ભાજી પાલા વિગેરેમાં સમાએલી હિકમત તથા ફાયદા વિગેરે સંભળાવુ કે તેથી શિખામણ લેનારાઓ શિખામણ લે. અને મોઅમિનોના દિલ વધારે મજબૂત થાય અને નાસ્તિકો આશ્ચર્યમાં પડી જાય. માટે તમે મારી પાસે આવતી કાલે આવજો.

આ સાંભળીને મને બહુજ ખુશી થઈ. હઝરતની ખિદમતમાંથી પાછો ઘરે આવ્યો અને હઝરતે જે વાયદો કર્યો હતો તેના ઇન્તેઝારમાં તે રાત ઘણી લાંબી લાગી. કેમકે મારા દિલમાં એ જ શોખ હતો કે ક્યારે સવાર પડે અને હઝરતની ખિદમતમાં હાજર થઈ એ બાબતો સાંભળુ અને મારી જાણકારીમાં વધારો કરૂં. જ્યારે સવાર થઈ ત્યારે હઝરતની ખિદમતમાં ગયો અને રજા માંગીને અંદર દાખલ થઈ અદબની સાથે

સામે ઊભો રહ્યો. તે વખતે આપે મને બેસી જવાનો હુકમ કર્યો તેથી હું બેસી ગયો. તે પછી આપ અલચ્હિસ્સલામ ઉભા થઈને એક ઓરડી તરફ ચાલ્યા. જેની અંદર આપ ઘણે ભાગે એકાંત માટે જતા હતા. હું પણ આપની પાછળ પાછળ ચાલ્યો. પછી આપ અંદર જઈને બેઠા અને હું પણ સામે જઈને બેઠો. તે વખતે આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, મને લાગે છે કે આજની સવારના ઇન્તેઝારમાં ગઈ રાત તમને ઘણી જ લાંબી લાગી. મેં અરજ કરી હા, મૌલા એમજ છે.

પછી આપે ફરમાવ્યું : ખુદાવંદે કરીમ મૌજૂદ હતો.અને કોઈ ચીજ તેની પહેલાં ન હતી. અને તે હંમેશા બાકી રહેશે. અને તેનો અંત નથી. તો તેના જ માટે તે બાબત વિશેની તારીફ છે કે તેણે અમને ઇલ્હામ ... કર્યું અને તેના જ માટે શુક્ર છે કે તેણે અમને અતા કર્યું અને તેણે સૌથી શ્રેષ્ઠ ઇલ્મ અમને અતા કર્યું. અને ખાસ કરીને ઉચ્ચ કક્ષાનો મરતબો અમને આપ્યો.

અને તમામ સૃષ્ટિ કરતાં પોતાનું ખાસ ઇલ્મ અમને આપ્યું. અને પોતાની હિકમતો અમને આપી અને તેમના અમાનતદાર અમને મુકર્રર કર્યા. આ સાંભળીને મેં અરજ કરી : યા મૌલા, શું આપ રજા આપો છો કે આપ જે કાંઈ ફરમાવો તે હું લખી લઉં ? આપે ફરમાવ્યું કે ભલે લખી લ્યો. અને હું લખવાના સાધન સાથે લાવ્યો હતો.

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, શક અને સંદેહ વાળાઓ મખ્લૂકાતની પૈદાશના સામાન અને સાધનોને અને તેની બારીકીઓને સમજ્યા નહીં. અને તેઓની સમજશક્તિ એ બાબતોના રહસ્યને સમજી શકતી નથી. કેમકે તે ખાલિક અને માલિકે જંગલ તેમજ દરિયામાં જાત જાતની મખ્લૂકાત પૈદા કરી છે. અને તેમાં ઘણી હિકમતો ભરેલી છે. પણ એ શંકાશીલ લોકો પોતાની અજ્ઞાનતાના કારણે તેનો ઇન્કાર કરે છે. અને પોતાની અક્કલની સુસ્તીના કારણે જૂઠલાવે છે.

એટલું જ નહીં પણ દુશ્મની કરવા તૈયાર થાય છે અને દુનિયાની તમામ ચીજો કોઈએ પૈદા કરી છે તેનો ઇન્કાર કરે છે અને કહે છે કે આ તમામ ચીજો આપોઆપ એમજ બની ગઈ. તેમાં કોઈની કારીગરી નથી, તેમજ કોઈ મહા હિકમત અને અક્કલવાળાએ કાંઈ મસ્લેહત અને હિકમત રાખી નથી અને તે દરેક ચીજ જે હાલમાં (અસ્તિત્વ)માં છે તેવા રંગ, રૂપ, સ્વાદ, લઝ્ઝત અને લાંબી ટૂંકી વિગેરે વિચારી તથા સમજીને હિકમતથી બનાવેલ હોય તેવુ નથી. બલ્કે એ તો આપોઆપ થઈ ગએલ છે. તો લોકો એવી બાબત કહે છે તે કરતાં અલ્લાહ તઆલા મહાન મરતબાવાળો છે. અલ્લાહ એ લોકોને કત્લ કરે, અરે કેવા ભટકે છે ? તેઓ પોતાની ગુમરાહીમાં કેવા આંધળા થઈ ગયા છે ! તેઓનો એ આંધળાઓ જેવો હાલ છે કે જેઓ એવા આલીશાન ઘરમાં દાખલ થાય જે બહુ જ મજબૂત અને ખૂબસૂરત બનાવવામાં આવ્યું હોય અને તેમાં જાત

જાતની ઊંચી કિંમતના ગાલીચા બિછાવેલા હોય અને ખાવા પીવાની ઉમદા ઉમદા નેઅમતો રાખેલી હોય, એટલું જ નહીં પણ દરેક જરૂરી વસ્તુઓ કે જેના વિના ચાલે નહીં તે પણ ત્યાં રાખેલી હોય અને દરેક ચીજ પોત પોતાને ઠેકાણે આયોજિત અને વ્યવસ્થિત રીતે ગોઠવેલી હોય, એવા મહેલમાં એ આંધળાઓ જઈ જ્યાં ત્યાં ભટક્તા તથા અથડાતા ફરે થોડી વાર આગળ જાય, થોડી વાર પાછળ જાય, પણ એ ઠાઠમાઠ અને ઉમદા વસ્તુઓને જોઈ શકે નહીં અને જ્યારે તેમાંથી કોઈ જરૂરની ચીજ કે જે પોતાને ખાસ ઠેકાણે આયોજનથી ગોઠવી હોય તે તેઓના હાથમાં આવે અને તેઓ તેનું કારણ જાણતા ન હોય કે શા માટે તેને ત્યાં રાખી છે અને શા માટે એવી બનાવી છે. વિગેરે. તો તેઓ ખુશ થવાના બદલે ઉલ્ટા ગુસ્સે થવાના અને એ પોતાના અંધાપા અને મૂર્ખાઇના કારણે નારાજ થઈ તે મકાન તથા તેના બનાવવાવાળાને જેમ તેમ કહેવા

લાગે તેવો જ હાલ એ નાસ્તિકોનો છે કે જેઓ પોતાની આંખો ખોલીને જોતા નથી અને મળેલી અક્કલથી સારી રીતે વિચારતા નથી. અને ઉલ્ટુ બીજાઓને ગેર માર્ગે દોરે છે. અને જ્યારે તેઓ એ ચીજો અને તેની પાછળ રહેલા રહસ્ય (ડહાપણ) ને જાણતા નથી ત્યારે તમામ દુનિયામાં ગુમરાહ રહે છે. અને તેના કમાલે કુદરતથી એ ચીજોની તૈયાર કરવાની ખૂબીને સમજતા નથી. અને કયારેક એમ પણ બને છે કે કોઈ ચીજને જાણે છે પણ તે શા માટે બનાવી છે તે જાણતો નથી અને તેથી જ પોતાની સમજના અભાવે તેની મઝિમ્મત (ટીકા) કરવા લાગે છે અને કહે છે આ તો બનવા જોગ નથી. આ તો ગલત છે એવો ફિરકો મજૂસીઓમાં માનવીયા નામનો છે કે તેઓમાંના “માની” નામના એક શખ્સે આ પંથ કાઢેલો છે. અને તે કારણે તેને માનનાર ફિરકાને માનવીયા કહે છે. એ માણસ શાપૂર ઇબ્ને ઉરૂશીર્ષાના જમાનામાં એક ધર્મ સ્થાપવા નીકળ્યો. તેને એવો

ખ્યાલ હતો કે હ.ઇસા અલય્હિસ્સલામ તો નબી છે, પણ હ.મૂસા અલય્હિસ્સલામ તો નબી ન હતા. અને તમામ દુનિયાને બે વસ્તુ થકી બનાવેલ છે. સારી ચીજોનો પૈદા કરનાર નૂર (પ્રકાશ) છે. અને ખરાબ ચીજો અને કરડનાર તથા વિકરાળ પ્રાણીઓને પૈદા કરનાર ઝુલ્માત (અંધકાર) છે. અને તે નૂર અને ઝુલ્માત બંને ખુદા છે. અને તે બંને નફા તથા નુકસાનની ચીજના પૈદા કરનાર છે. તેમજ એ મુલ્હિદ (નાસ્તિક) ફિરકાનો એવો મત છે કે ખુદા છે જ નહીં. એ સિવાય બીજા ગુમરાહોએ પણ એવુ જ કહેવુ શરૂ કર્યું કે અમુક બાબત થઈ શકે તેમ નથી વિગેરે કહીને ખુદાથી દૂર થઈ ગયા.

તો જે શખ્સને હક તઆલાએ એ ચીજોની માઅરેફત અતા કરી હોય અને તેને પોતાના દીન તરફ હિદાયત કરી હોય અને મખ્લૂકાતની કારીગરીઓ તથા તદબીર (વ્યવસ્થા) ઉપર વિચાર કરવાની અને

તેની બારીકીઓ સમજવાની દલીલો તેમજ જે ખૂબીઓ તે ચીજો પૈદા કરવામાં આવી છે તે ખૂબીઓ બયાન કરવાની તૌફીક આપી હોય તેના માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાએ એ તૌફીક અતા કરવાના કારણે તેના બહુ જ વખાણ કરે અને એ પોતાના મૌલાથી એ બાબતની ઇચ્છા કરે કે તે તેને એ માઅરેફત અને બયાન કરવાની શક્તિ ઉપર કાયમ રાખે અને વધારે માઅરેફત અતા કરે. કેમકે તે ફરમાવે છે કે *"લ ઇન શકરતુમ લ અઝીદન્નકુમ"* - "એટલે અગર તમે મારો શુક્ર અદા કરશો તો હું તમને વધારે આપીશ." અને એમ પણ ફરમાવે છે કે *"વ લઇન કફરતુમ ઇન્ન અઝાબિલ શદીદ"* - "એટલે અને અગર તમે નેઅમતના શુક્રના બદલે કુફ્ર (ઇન્કાર) કરશો એટલે કે શુક્ર નહીં કરો તો જાણો કે મારો અઝાબ બહુ જ સખ્ત છે."

પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ ! અલ્લાહ જલ્લ જલાલહૂના અસ્તિત્વની પહેલી દલીલ એ છે કે આલમ (દુનિયા) ને કેવી રીતે બનાવેલ છે અને તેનો દરેક ભાગ કેવી રીતે ગોઠવેલ છે અને કેવી ખૂબીથી તેનો વ્યવહાર ચલાવવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે જો તમે આ જહાન (જગત) વિશે ઊંડો વિચાર કરો અને તમારી અક્કલથી દરેક ચીજને જુદી જુદી કરી સમજો તો તમને જણાશે કે આ દુનિયા એક એવા મકાન સમાન છે કે તેમાં તમામ જરૂરી ચીજો મૌજૂદ હોય અને તેમાં જે જે ચીજોની બંદાને જરૂરત હોય તે તેમાં ગોઠવેલી હોય તો તે જ પ્રમાણે આ આલમ (દુનિયા) છે. જુઓ આસમાન છે તે છાપરા સમાન છે. અને જમીન પાથરણા સમાન છે. અને સિતારા ચારે બાજુ એવી રીતે ગોઠવાએલા છે કે જેમ રોશની માટે દીવા ગોઠવવામાં આવે છે અને તે પોત પોતાની જગ્યાએ પ્રકાશિત થાય છે. અને હીરા એવી

રીતે ખાણમાં છુપાવીને રાખેલ છે જેવી રીતે મકાનમાં ખજાના રાખવામાં આવે છે. અને એ સિવાય તમામ જરૂરી ચીજો પોત પોતાને સ્થાને હાજર અને મૌજૂદ છે.

ઇન્સાન આ દુનિયામાં એવો છે જાણે એ મકાનનો માલિક અને આકા હોય કે જેના કબ્જામાં એ મકાનની અંદરની તમામ ચીજો હોય અને તેમજ દરેક વનસ્પતિ જાત જાતની જરૂરતો માટે તૈયાર છે કે તેમાંની કેટલીક પ્રાણીઓનો ખોરાક છે અને કેટલીક ઇન્સાનની દવા માટે છે તેમજ કેટલીક ઇન્સાનને ખુશ કરવા અને સુગંધ માટે છે અને કેટલીક તેને હવા ખાવા અને મોજ મજા માટે છે. કેટલીક ઇન્સાનની ખોરાકી માટે છે, કેટલીક ખાસ પંખીઓ માટે છે. વિ. વિ. અને એ જ પ્રમાણે જાત જાતના પશુઓ અને પંખીઓ ઘણી જાતના ફાયદા અને મસ્લેહત માટે પૈદા કરવામાં આવેલ છે.

તો આવી ખૂબી અને રોનકવાળી દુનિયા કે તેને બહુ જ કારીગરીથી સંપૂર્ણ રીતે યોગ્ય રીતે ગોઠવવામાં આવી છે અને તેમાં કોઈ ચીજ નકામી કે ગેરવ્યાજબી રીતે બનાવવામાં કે મૂકવામાં આવેલ નથી. તો એ ચીજો મજબૂત અને સ્પષ્ટ દલીલ છે કે તેનો પૈદા કરનાર કોઈ છે ખરો કે તેને તમામ રીતે હિકમત અને આયોજનથી પૂર્ણ કરેલ છે. તેની વ્યવસ્થા તથા નિભાવ એવી ગોઠવણીથી કરેલ છે કે એક બીજાનો સંબંધ એક બીજા સાથે જોડેલો છે. અને એ તમામ બાબતો એ વિશેની પણ દલીલ છે કે આ દુનિયાનો પૈદા કરનાર ખાસ એકજ *[કેમકે અગર આ દુનિયાનો પૈદા કરનાર એક ન હોત તો એવો બંદોબસ્ત કાયમ રહી શક્ત નહીં. અને આટલી મુદ્દત સુધી એ સિલસિલો બાકી રહેત નહીં. બલ્કે તેમાં કોઈને કોઈ ખામી, ઝઘડો અને ફસાદ થાત.]* છે કે જેણે એવી ખૂબીથી એ ચીજોને ભેગી કરી છે અને તેને બરાબર રીતસર ગોઠવેલ છે

અને એકબીજા સાથે સંબંધ જોડેલો છે. અને તે જ ખુદા છે. તે જલીલ (બુઝુર્ગ) છે. તે કુદદુસ છે. તે મોટા મરતબા વાળો છે. તે કરીમ છે. તેના સિવાય કોઈ અલ્લાહ નથી અને એ અલ્લાહનો ઇન્કાર કરનારાઓ તથા નાસ્તિકોની વાતથી તે બુલંદ મરતબા વાળો છે.

# પ્રકરણ - 3

# ઇન્સાનની પૈદાઈશમાં હિકમતો

ત્યારબાદ આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ ! હવે અમે તમારી સામે ઇન્સાનને પૈદા કરવા વિશેનું વર્ણન કરીએ છીએ. અને તે સાંભળી ઇબ્રત અને નસીહત હાંસિલ કરો. જુઓ, ઇન્સાનની પૈદાઈશનો પહેલો દરજો એ છે કે બચ્ચાને ગર્ભસ્થાનમાં બનાવવામાં આવે છે. એ છતાં કે તે ત્રણ પરદા ત્રણ અંધકારમાં કૈદ છે અને તેમાંનો પહેલો પરદો પેટનો, બીજો પરદો ગર્ભસ્થાનનો અને ત્રીજો ગર્ભસ્થાનની અંદરની જાળનો. અને બચ્ચાની તે વખતે એવી સ્થિતિ હોય છે કે તે પોતાની ખોરાકી માટે કોઈ જાતની કોશિશ કરી શક્તુ નથી. અને કોઈ જાતની તકલીફ પોતાથી દૂર કરવાની શક્તિ ધરાવતુ નથી. તેમજ પોતાની મેળે પોતા માટે કોઈ જાતનો ફાયદો મેળવી શક્તુ નથી.

તેમજ પોતાને થતા કોઈ જાતના નુકસાનને અટકાવી શક્તુ નથી.

તો એવી હાલતમાં ખુદાએ તઆલા જે પ્રમાણે ઝાડ વનસ્પતિ વિગેરેને પાણીની ખોરાકી પહોંચાડે છે તે પ્રમાણે તે બચ્ચાને હૈઝના ખૂન થકી (તેને ખોરાકમાં રૂપાંતર કરી) ખોરાક પહોંચાડે છે. એટલે કે હૈઝનું ખૂન સ્ત્રીની હૈઝની ટેવ મુજબ દર મહિને બહાર ન નીકળતા ગર્ભસ્થાનમાં પહોંચાડવામાં આવે છે કે તે તેનો ખોરાક થાય છે અને એ જ પ્રમાણે તેનું અંગ, તેના અવયવો બંધાઈને મોટા થતા જાય છે અને તેના અંગ ઉપર ચામડી મજબૂત થતી જાય છે એટલે સુધી કે તેના તમામ અવયવો સંપૂર્ણ થઈ જાય છે અને તેની ચામડી હવા સહન કરી શકે તેવી થઈ જાય છે અને તેની આંખો અજવાળાને જોઈ શકે તેવી શક્તિમાન થઈ જાય છે ત્યારે ખુદાએ તઆલા તેને (પ્રસૂતિ દ્વારા) બહાર લાવે છે.

જ્યારે બાળકને બહાર આવવાનો સમય થાય છે ત્યારે તેની માં ને પ્રસૂતિ પીડા થાય છે અને તેણી બહુ જ બેચૈન થઈ ગભરાય છે અને છેવટે બાળક જોર કરી ગર્ભસ્થાનની બહાર આવે છે અને તે વખતે એ ખૂન કે જે તેના માટે ગર્ભસ્થનમાં ખોરાકી માટે આવતુ હતું તેને એ રસ્તેથી ફેરવી છાતી તરફ વહેતુ કરે છે અને તે વખતે તેના સ્વાદ અને રંગમાં એકદમ ફેરફાર કરી નાખે છે એટલે કે તેને સફેદ દૂધ બનાવે છે. અને તે બચ્ચા માટે શ્રેષ્ઠ અને યોગ્ય ખોરાક ગણાય છે. અને તેમાં જે કારીગરી *[તેમાં એવી કારીગરી છે કે તે ઢોળાઈ જતુ નથી, તેમજ તેમાં કોઈ જાતનો કચરો પડવા પામતો નથી, તેમજ તે ખરાબ થઈ જતુ નથી. બલ્કે પાણીના ઝરણાની જેમ હંમેશા તાજુ રહે છે અને જ્યારે જોઈએ ત્યારે કોઈ જાતની તકલીફ વિના સહજ રીતે ચાલ્યું આવે છે. વિ. વિ. (હાજી નાજી)]* રાખેલી છે તે બધા જાણે છે અને તે તેને વખતો વખત

પહોંચાડવામાં આવે છે અને જ્યારે તે પૈદા થાય છે તે વખતે હોઠ ઉપર જીભ ફેરવે છે અને બંને હોઠને હલાવે છે અને તે વખતે તેને દૂધ પીવડાવવામાં આવે છે. અને તેના માટે એ દૂધના બંને ઝરણા (સ્તનમાં) હંમેશા મૌજૂદ રહે છે.

તે જ પ્રમાણે હંમેશા તેને એ ખોરાક મળતો રહે છે. અને જ્યાં સુધી તેનું અંગ નરમ રહે છે અને આંતરડા નાજુક અને કમજોર હોય છે ત્યાં સુધી તેનો ખોરાક દૂધ જ રાખવામાં આવે છે. પછી જ્યારે તે ચાલવા લાગે છે ત્યારે તેના માટે સખત (ચાવીને ખાઈ શકે તેવા) ખોરાકની જરૂરત પડે છે કે તેથી તેનું અંગ મજબૂત થાય અને તાકાત આવે તે વખતે તેને દાંત અને દાઢ *[જે લોકો કહે છે કે તમામ ચીજો આપોઆપ થઈ અને થાય છે તો તેઓની દલીલોના ખંડન માટે લાખો ચીજના દાખલાઓમાંનો એક આ દાઢનો જ દાખલો બસ છે કે જો મોઢામાં તમામ દાંત એક સરખા*

ન ઉગતા આગળના દાંત ઝીણા ધારવાળા બનાવ્યા અને અંદરના દાંત એટલે કે દાઢ પહોળી અને ખરબચડી બનાવી તો એમાં એ હિકમત સમાએલી છે કે ઇન્સાન જે સખ્ત ચીજ ખાવા માંગે તેને કાપવા માટે આગળના દાંત ઝીણા બનાવ્યા અને પાછું તે બટકુ ગળામાં ન ઊતરે તેથી તેને વાટીને જીણું લોટ જેવું કરવા દાઢ બનાવી, અને તેનો સૂકો લોટ અંદર ન ઊતરે તેથી તેને પલાળી રાબ જેવો બનાવવા મોઢામાં પાણી (એટલે કે લાળ) નું ઝરણુ વહેતુ કર્યું કે જેમ જેમ ચવાતું જાય તેમ તેમ તે પલળી પલળીને નરમ થતું જાય, તો શું આપોઆપ થઈ ગયુ હશે ? અને આગળ તથા પાછળના દાંતોને એમ કેમ સૂઝ્યું હશે કે અમે એ પ્રમાણે બે જાતના થઈએ  ખરેખર આથી સ્પષ્ટ થાય છે કે આવી અત્યંત હિકમત અને કારીગરીથી દાંત અને દાઢને બનાવીને ગોઠવનાર કોઈ એક બહુ જ મહાન કારીગર હોવો જોઈએ, અને તે જ ખુદા છે, કે કોઈ

*હિકમત અને કારીગરીવાળા સિવાય એવી ખૂબી અને ગોઠવણ થઈ શકે જ નહીં અને એ ચાવવામાં દાઢમાંથી નીકળી જતા અટકાવવા અને ભેગું કરવા અને તેને ચાવવા અને દાઢ વચ્ચે મૂકવા હાથની જરૂરત છે. પણ તે હકીમોના હકીમે જીભને એ કામ સોંપ્યુ કે તે હાથનું કામ બજાવી લાવે, અને તે પણ એવી ખૂબીથી ઝટપટ લુકમાને ફેરવે છે અને ખૂબીપૂર્વક પોતાનો બચાવ પણ કરે છે કે દાઢમાં કચરાઈ જવાય નહીં.]* નીકળે છે કે તેથી દરેક સખત ચીજો ચાવી અને બારીક કરીને ખાઈ શકે. એટલા માટે કે તે સહેલાઈથી હજમ થઈ જાય, અને એ હાલતથી વધતા વધતા જવાનીએ પહોંચે છે. પછી તેમાં ખુદાની કુદરત જુઓ કે તે બાળક અગર છોકરો હોય તો તેના ચહેરા ઉપર મર્દની નિશાની એટલે કે દાઢી અને મૂછના વાળ ઉગે છે કે તેથી ઔરત મર્દમાં ફરક દેખાય. અને દાઢી તથા મૂછ મર્દની ઇઝઝત પણ છે. અને તે બાળક અગર છોકરી હોય તો

તેણીના ચહેરા ઉપર દાઢી અને મૂછના વાળ બિલકુલ ઉગતા નથી કે તેથી મર્દ ઓરતમાં તફાવત દેખાવા ઉપરાંત તેણીનો ચહેરો સાફ અને ચોખ્ખો હોવાથી ખૂબસૂરત લાગે અને તેથી મર્દ તેના તરફ આકર્ષાય અને ઇન્સાનના વંશમાં વધારો થવાનું કારણ બને.

પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ ! આ તમામ હાલતોમાં જે ખૂબી અને ડહાપણથી ઇન્સાનને બનાવવામાં, વૃધ્ધિ કરવામાં અને બાહર લાવવામાં આવે છે તો શું તમે એમ કહી શકો છો કે એ બાબત કોઈ મહા હિકમત અને તદબીર વાળા ખાલિક સિવાય આપોઆપ થઈ જાય છે ? અગર હૈઝનું લોહી બહાર નીકળતું અટકાવીને બાળકના અવયવોને પોષણ માટે પહોંચાડવામાં ન આવે તો જે પ્રમાણે બગીચાના ઝાડ પાણી વિના સૂકાઈ જાય છે તેમ તે સૂકાઈ જાત અને જ્યારે તે બહાર આવવાને લાયક થયુ ત્યારે તેને બહાર આવવાની શક્તિ ન આપત તો તે તેમાં મુરદા દફન ન

થઈ જાત ? તેમજ પૈદા થયા પછી તેને તેના શરીર પ્રમાણે એટલે બહુ નાજુક ખોરાક અને દૂધ આપવામાં ન આવત તો મરી ન જાત ? તેમજ તેના સમય પ્રમાણે તેને દાંત ન નીકળત તો તેને ખાવા અને ચાવવાની મુસીબત ન પડત ? અને અગર તેને ખોરાક આપવામાં ન આવત તો તેને શક્તિ પણ આવત નહીં અને તેની માં હંમેશા તેને જ દૂધ પીવરાવવા અને પાળવામાં મશગૂલ રહેત અને બીજા બચ્ચાની પરવરિશ કરી શક્ત નહીં. તેમજ તેના વખત પ્રમાણે દાઢી અને મૂછોના વાળ ન નીકળતે તો ઔરત અને મર્દમાં તફાવત ન રહેત તેમજ દાઢી અને મૂછ વગરના મર્દોનો રોબ અને પ્રભાવ ન થાત જેમકે હીજડાઓ કે તેઓને દાઢી મૂછો ન હોવાથી કેવી ખરાબ સૂરત દેખાય છે ?

મુફઝ્ઝલ પૂછે છે, મૌલા ! ઘણાં મર્દો ઘરડાં થાય છે છતાં પણ દાઢી ઉગતી નથી. તેની શું હિકમત છે ?

હઝરતે ફરમાવ્યું, તે એ લોકોના આમાલના કારણે હોય છે. ખુદા કોઈ પર ઝુલ્મ કરતો નથી.

(કદાચ ઈમામની મુરાદ એમ હોય કે તેના માં-બાપના આમાલના કારણે હોય અથવા કુપોષણ કારણે હોય અને આ માણસ કોઈ ભૂલ વગર દાઢી-મૂછથી વંચિત રહે તો વંચિત રહેવાના કારણે સવાબ આપવામાં આવે છે.)

હઝરત ફરમાવે છે, કોણ છે જે ઇન્સાનોની હાલતને સંપૂર્ણ રીતે જાણે. તેમ છતાં ખુદાનો ઇનકાર કરે કે જે ઇન્સાનનો પૈદા કરનાર છે અને ઇન્સાનની ભલાઈ માટે દરેક કાર્યને કરનાર છે. કારણ કે, [અગર સ્વયંભૂ વ્યવસ્થા ઉપર માર્ગદર્શન કરતું હોય તો આયોજન અસ્તવ્યસ્તતાનું કારણ થવું જોઈએ. કારણ

કે, આ બંને (સ્વયંભૂ અને આયોજન) એકબીજાના વિરોધી છે. એક ન હોય તો બીજું આપમેળે હોય છે. માટે અગર આપણે માનીએ કે આ કાએનાતને બનાવનાર કોઈ નથી. તેમ છતાં, આવી સુંદર ગોઠવણીથી દરેક વસ્તુ પૈદા થએલી છે. તો એનો મતલબ એમ થાય કે આયોજન (તદબીર કરવાથી) અસ્તવ્યસ્તતા થવી જોઈએ. આ વાતને કોઈ અક્કલમંદ માણસ કબૂલ કરશે નહીં.]

# પ્રકરણ - ૪

# બાળક નાદાન અને અણસમજુ પૈદા થવાની હિકમતો

**પહેલી હિકમત** :- આપે ફરમાવ્યું : બાળક નાદાન અને અણસમજ પૈદા થાય છે તેમાં એ હિકમત છે કે જો તે સમજદાર અને અક્કલવાળુ પૈદા થાત તો તે પેટમાંથી બહાર આવતા જ એવી એવી ચીજો કે જે તેણે કદી જોઈ ન હતી જેમકે ઇન્સાનો, મકાનો, પશુઓ, પંખીઓ વિગેરે વિગેરે જોવાથી તે હેરાન થઈ વ્યાકુળ બની જાત અને કોઈને ઓળખત નહીં જેમકે કોઈ દેશના માણસને પરાયા દેશમાં કૈદ કરીને લઈ જાય તો તે તેની રીતભાત અને જુદી જાતની બોલી વિ. જોઈ અને સાંભળીને વ્યાકુળ થઈ જાય છે. અને ગભરાઈ જાય છે. અને એકદમ તેઓની ભાષા શીખી શકતો નથી. પણ કોઈ નાસમજ બાળકને ગમે તે દેશમાં લઈ

જાવ તો તે ગભરાતુ નથી તેમજ હેરાન થતું નથી અને ત્યાંની ભાષા અને રીતભાત બહુ જ જલ્દી શીખી લે છે. તો એજ પ્રમાણે બાળક પૈદા થતાંજ કાંઈ પણ ન સમજવાથી ગભરાતું નથી અને ધીમેધીમે બોલવુ, ચાલવું,રીતભાત સહેલાઈથી શીખી લે છે પણ જો તે સમજદાર પૈદા થાય તો એકદમ આશ્ચર્યમાં પડી જાય અને લાંબી મુદ્દત સુધી એ વિચારમાં રહે કે હું ક્યાં હતો અને ક્યાં આવ્યો ? અને આ હું જોઉં છું તે શું હશે ?

**બીજી હિકમત** :- અગર તે સમજદાર હોય તો તેને પાળનાર તેને દૂધ પીવરાવત, ઉપાડત, સુવરાવત, કપડામાં વીંટત, ઝુલામાં નાખત તેથી તે અણગમો કરત અને તેમાં પોતાની બેઇઝઝતી કે હલકાઈ સમજત. ઉપરાંત તે માસૂમ હોવાથી મોટાઓના દિલમાં તેના પ્રત્યે જે વહાલ, મીઠાસ અને મોહબ્બત હોય છે તેથી રમાડે કુદાવે છે અને તે અણસમજુ હોવાથી સર્વેનું

દિલ તેની તરફ આકર્ષાય છે તે બાબત બાળકના સમજદાર પયદા થવાથી ન રહેત.

**ત્રીજી હિકમત :-** તેને નાદાન પૈદા કરવાથી દુનિયાની કોઈ ચીજને ઓળખતો નથી અને જે ચીજ જુએ તેથી હેરાન અને પરેશાન થતો નથી અને પછી ધીમે ધીમે જેમ તેને થોડી સમજણ આવતી જાય છે અને માઅરેફત વધતી જાય છે તેમ તેમ ધીમે ધીમે એક એક ચીજ તરફ ધ્યાન આવતુ જાય છે. અને તેને ઓળખતો જાય છે અને તેથી જ સમજદાર અને અક્કલવાળુ થાય ત્યારે કોઈ ચીજથી ગભરાતુ નથી. અને પોતાનું ગુજરાન ચલાવવાના સાધનો બહુ જ સહેલાઈથી મેળવી શકે છે. તેમજ ફરમાંબરદારી કરવી, ભૂલચૂકની માફી માંગવી, ના ફરમાની ન કરવી એવી બાબતો સમજતુ જાય છે.

**ચોથી હિકમત :-** જો બાળક અક્કલમંદ અને સમજુ પૈદા થાત તો પોતે પોતાના કામનો હેતુ જાણત તો

પછી બચ્ચાની પરવરિશ કરવાની મીઠાશનો મૌકો ન રહેત અને માં - બાપ પોતાના બાલ - બચ્ચાની પરવરિશ અને તેઓનો હાલ સુધારવાની કામગીરીમાં મશગૂલ રહે છે તે ન રહેત અને એવા કારણોથી બાળકો ઉપર માં - બાપની જે મહેરબાની અને હેત ઉત્પન્ન થાય છે તે ન થાત અને તેઓ માટે માં - બાપ જે તકલીફ ઉપાડે છે અને તેઓની પરવરિશ કરે છે તેથી તેઓના દિલમાં માં - બાપની કદ્ર અને મોહબ્બત ઘર કરે છે તે ન થાત. મતલબ એ કે પરસ્પર મોહબ્બત અને પ્રેમ ન થાત.

**પાંચમી હિકમત :-** જો બાળક અક્કલમંદ પૈદા થાત તો, તે માં-બાપની પરવરિશનું મોહતાજ ન રહેત તો જન્મ પામતા જ માં-બાપથી જુદુ થઈ જાત અને તેથી કોઈને કોઈ ઉપર પ્યાર ન આવત એટલું જ નહીં પણ એક બીજાને ઓળખત પણ નહીં. અને એટલી બધી બૂરાઈ વધી પડત કે બચ્ચું દૂર ચાલ્યું જવાથી લાંબી

મુદ્દત પછી પોતાની માં, બહેન કે બાપને ઓળખત નહીં અને તેથી પોતાની મેહરમ ઔરતો (જેમકે બહેન) સાથે નિકાહ કરી લેત. કેમકે એ વાત સ્વભાવિક છે કે જ્યારે લોહીની સગાઈની ઓળખ ન હોય ત્યારે કેવી રીતે પરહેઝ કરી શકે.

**છઠ્ઠી હિકમત** :- બાળક જો સમજદાર અને અક્કલવાળુ પૈદા થાત તો તે એ ખાસ જગ્યા (શર્મગાહ) ને જોતે, કે જેને જોવી જાએઝ તેમજ યોગ્ય નથી અને તે મોટી અણગમાની બાબત થાત. અય મુફઝ્ઝલ ! શું તમે જોતા નથી કે ઇન્સાનની ખલ્કતમાં દરેક ચીજ કેવી યોગ્ય રીતે અને હિકમતથી કાએમ (સ્થાપિત) કરેલ છે  અને તેમાં કોઈ પણ ચીજ અથવા બાબત એવી ગોઠવણથી રાખવામાં નથી આવેલ કે જેમાં કોઈપણ જાતની ખોટ કે ખામી કાઢી શકે.

# પ્રકરણ - ૫
# બચ્ચાના રડવામાં સમાએલી હિકમત

ત્યારપછી હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે અય મુફઝ્ઝલ જુઓ બાળકના રડવામાં કેવા કેવા ફાયદા સમાએલા છે બાળકોના મગજમાં રૂતુબત (પ્રવાહી) હોય છે તે રૂતુબત અગર તેમાં રહે તો તેઓને કેટલીક જાતની બીમારીઓ થાય અને તેઓ જાત જાતની મુસીબતમાં સપડાઈ જાય, જેમકે આંખ જતી રહે અથવા બીજી કોઈ બીમારી થાય, તો બાળક રડે છે. તેથી તેના મગજમાંથી એ રૂતુબત વહી જાય છે અને અંગ તંદુરસ્ત રહે છે, અને આંખોને કોઈ નુકસાન થતું નથી. તો બચ્ચાના રડવામાં ફાયદા સમાએલા છે તે માં-બાપ નહીં જાણવાથી તેઓને ખામોશ કરવાની કોશિશ કરે છે, અને તેઓની ખુશી પ્રમાણે કામ કરે છે કે તે રડે નહીં, અને એ જ પ્રમાણે બનવાજોગ છે કે ઘણી ચીજોમાં ઘણા

ફાયદા સમાએલા છે જેને આ દહેરીયા (નાસ્તિકો) જાણતા ન હોય, અગર તેઓ એ વાતને સમજતે તો પોતાની જ હાલત અને અજ્ઞાનતાના કારણથી કદી એમ ન કહેતે કે અમુક બાબતમાં ફાયદો નથી, કેમકે જે બાબતોને એ નાસ્તિકો સમજતા નથી તેને માઅરેફત વાળા જાણે છે અને ઘણે ભાગે એમ પણ બને છે કે ખુદાની મખ્લૂક તેની હિકમતોને જાણતી નથી, અને તેનો પૈદા કરનાર તેને સારી રીતે જાણે છે.

# પ્રકરણ - ૬

# બાળકના મોઢામાંથી લાળ વહેવામાં સમાએલી હિકમત

બાળકના મોઢામાંથી જે લાળ નીકળે છે તેમાં એ હિકમત સમાએલી છે કે તેથી ઇન્સાન દીવાનો અને બેવકૂફ થવાથી બચે છે, એ સિવાય લક્વો, અંગનું રહી જવું, વિગેરે વિગેરે બીમારીઓ પણ થતી નથી, જો લાળ બહાર ન નીકળે અને અંગમાં જ રહી જાય તો લાંબા સમય પછી મઝકૂર બીમારીઓ થઈ જાય, તો ખુદા તઆલાએ મુકર્રર કરી આપ્યું કે બચપણમાં જ એ નુકસાન કરનારી રૂતુબત મોઢામાંથી વહીને નીકળી જાય કે મોટી ઉમર થવા પછી એ નુકસાન થવાનો સંભવ રહે નહીં પણ એવી હિકમતોને એ નાદાનો સમજતા નથી, અને તેઓને હજુ સુધી મુદ્દત આપવામાં આવી છે કે કદાચ તે માઅરેફત હાસિલ કરે અને

ખુદાને ઓળખે, જો એ લોકો તેની તમામ નેઅમતોને જાણતે તો કદી આટલી મુદ્દત સુધી જહાલતના ગુનાહમાં પડયા ન રહેતે, ખરેખર તમામ વખાણ અને પાકીઝગી તેજ માલિકો મુખ્તારને લાયક છે અને તેણે પોતાની મખ્લૂકાત કે જેઓ એ નેઅમતના મુસ્તહક છે અથવા નથી એ તમામને એ નેઅમત અતા કરી છે, અને એ ગુમરાહો તેના વિશે જે વાતો કરે છે તેનાથી તે માલિક પાક અને બુઝુર્ગ છે.

# પ્રકરણ - ૭

# સ્ત્રી અને પુરૂષના બંને અવયવોનું વિજાતીય આકર્ષણ

હાજી નાજી સાહેબ આ કિતાબનો તરજૂમો કરતાં સમયે (સન ૧૯૧૨)માં લખેલ છે કે ઇમામ અલય્હિસ્સલામે એ બંને અવયવોની બારીકીઓ અને એ દરેક જુદા જુદા પ્રકારના બનાવવાની હિકમત અને મસ્લેહત વી. જે પ્રમાણે બયાન કરેલ છે તે પ્રમાણે એ તમામનો તરજૂમો અહીંયા હું કરવાને અશક્ત છું. કારણ કે કોઈ અક્કલના દુશ્મન સમજયા વગર કયારેક રજનું ગજ બનાવી લોકોને ઉશ્કેરી તોફાન મચાવી દે છે, જેમકે કિતાબ આદાબે મુજામેઅત પ્રગટ કરી ત્યારે તે વિશે ધમાલ મચાવી હતી. તો તેથી અમો આ બયાનનો તરજૂમો લખેલ છે તે પ્રમાણે કરતાં નથી. પણ તેનો ટૂંકો મોઘમ ખુલાસો એ છે કે નરને એવી

શક્તિ અને અવયવ આપ્યું કે તે ગર્ભ રહેવાનો નુત્ફો તેની ખાસ જગ્યાએ પહોંચાડી શકે, અને માદા (નારી જાતિ)ને નુત્ફો રહેવા માટે ગર્ભાશય અતા કરી ને તેમાં પણ એવી કારીગરી રાખી કે જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ ગર્ભસ્થાન પણ તેના પ્રમાણમાં પહોળુ થતું જાય વિ. વિ. પછી ઇમામે ફરમાવ્યું : શું આવી બારીકીઓ વાળી ચીજો બનાવવી અને તેમાં એવી એવી હિકમત મુકર્રર કરવી તે શું કોઈ અતિ ઉચ્ચ કક્ષાના હિકમતવાળાની તદબીરથી બનેલ નથી ? અને એવી એવી હૈરત પમાડનાર હિકમતોવાળી ચીજો શું આપોઆપ થઈ ગઈ ? અને સ્ત્રી પુરૂષના બંને અવયવોનું વિજાતીય આકર્ષણ અને ખ્વાહિશ શું આપોઆપ થઈ ગઈ ? નહીં, તેમ નથી. બલ્કે તે ખાસ સંપૂર્ણ હિકમતવાળાએ બનાવેલ છે. જેઓ તે માલિકની જાતમાં શિર્ક કરે છે તેથી અલ્લાહ પાક છે અને મહાન મરતબાવાળો છે.

# પ્રકરણ - ૮

# શરીરના બધા અવયવો બનાવવાની જરૂરત અને કારણો

પછી ઇમામ અલયહિસ્સલામએ ફરમાવ્યું : અય મુફઝ્ઝલ ઇન્સાનના અવયવોમાં અને તે અવયવો ક્યા ક્યા કામ માટે બનાવેલ છે, અને તેમાં કેવી કેવી તદબીર (વ્યવસ્થા - ગોઠવણ) કરેલ છે તે વિશે વિચાર અને ફિક્ર કરો, જુઓ બંને હાથ તો કામ કરવા માટે છે, બંને પગ ચાલવા માટે છે. અને બંને આંખો જોવા માટે છે, મોઢું ખાવા માટે છે, જીભ બોલવા અને સ્વાદ ચાખવા અને મીઠી, કડવી વગેરે વસ્તુઓનો સ્વાદ પારખવા વિ. માટે બનાવી, હોજરી ખોરાક હજમ કરવા અને જીગર ખોરાકમાંથી તત્વ (સત્વ) કાઢી લઈ લોહી બનાવી દરેક ભાગમાં પહોંચાડવા અને છીદ્ર એટલા માટે બનાવ્યા કે તેમાંથી કચરો વિ. દૂર કરે,

અને આંતરડા તેને ઉપાડવા માટે બનાવેલ છે (દરેક અવયવનું બયાન આગળ આવે છે.) તો એ બાબતોમાં વિચાર અને ચિંતન કરશો તો જાણશો કે કોઈ અવયવ નકામુ જોવામાં નહીં આવે, બલ્કે એ જ માલૂમ પડશે કે દરેક અવયવને જુદા જુદા કામ માટે ઘણી જ બારીકી અને કારીગરીથી હિકમત સાથે આયોજિત રીતે જરૂરતની જગ્યએ જરૂરત પ્રમાણે ખૂબસુરતીની સાથે બનાવેલ અને ગોઠવેલ છે.

આ બાબતો સાંભળીને મુફઝ્ઝલે અરઝ કરી અય મારા આકા, કેટલાંક લોકોનું કહેવું એમ છે કે એ તમામ વાતો ઇન્સાનની પ્રકૃતિથી પૈદા થઈ છે અને હકીકતમાં પ્રકૃતિ જ એ પ્રમાણે બનાવે છે એટલે દરેક ચીજની પ્રકૃતિને અનુકૂળ આવે તેમ તેના અવયવ બની જાય છે.

ઇમામ અલયહિસ્સલામએ ફરમાવ્યું એ પ્રમાણે કહેનારને પૂછો કે જે પ્રકૃતિથી એવી ચીજો બની જાય

છે કે જે હિકમત અને મસ્લેહતથી ભરપૂર છે, તો તે પ્રકૃતિ ઇલ્મ અને કુદરત પણ રાખે છે કે ફક્ત નાદાન અને કાંઈપણ સમજી કે જાણી ન શકે એવી છે ? જો તેઓ આના જવાબમાં એમ કહે કે એ પ્રકૃતિ એક એવી ચીજ છે કે તેનામાં ઇલ્મ અને દરેક જાતની શક્તિ અને કુદરત છે, તો જ્યારે તેઓ તબીયતને કોઈ હિકમત અને કુદરતવાળી ચીજ ઠેરાવી તેને તમામ ચીજોનો કર્તા અને પૈદા કરનાર ઠરાવે છે તો તેજ ખુદા છે, પછી ખુદાને માનવામાં તેઓને શો વાંધો રહ્યો ? કેમકે જેનામાં એટલું ઇલ્મ અને કુદરત છે તે સર્વેનો માલિક છે, અને જ્યારે તેઓ કહે છે કે ખુદા નથી, તો શા માટે કબૂલ કરે છે ? અને અગર તેઓ એમ કહે કે પ્રકૃતિ કોઈ એવી ચીજ નથી કે તેમાં ઇલ્મ અને જ્ઞાન હોઈ કે કોઈ કુદરત હોય, પણ તે ઇલ્મ અને કુદરત વગર એવી ચીજો આપો આપ પૈદા કરી આપે છે, તો તે વખતે એવું સાબિત થાય કે પ્રકૃતિ જે કાંઈ કરે છે તે

સમજતી નથી કે હું શું કરૂં છું, તેમજ તેને એ કામ કરવાની કુદરત નથી, છતાં એ એક સમજ અને શક્તિ વિનાની પ્રકૃતિ એવી એવી ઉચ્ચ કક્ષાની હિકમત અને મસ્લેહત ભરેલી ચીજો બનાવતી હોય એ કદી શક્ય નથી, અને તેને એ ચીજોનો બનાવનાર કહેવું તે મોટી ભૂલ છે, ભલા એ વાતને કોઈપણ કેમ કબૂલ કરી શકે કે જેને કોઈ જાતની સમજ ન હોય તેમ કુદરત પણ ન હોય, અને શા માટે અને કઈ જરૂરત માટે બનાવે છે તેની પણ ખબર ન હોય છતાં તે એ ચીજો બનાવે છે એમ કહેવામાં આવે  સારાંશ જેને એ લોકો પ્રકૃતિ કહે છે તે પ્રકૃતિ ખાસ એ કાયદાનું નામ રાખેલ છે કે જેને ખુદાએ પોતાની મખ્લૂકાતમાં એ કાયદો પોતાની હિકમતથી અમલમાં મૂક્યો છે, અને તે એ છે કે તેણે દરેક ચીજ પૈદા કરવા માટે એક ખાસ પધ્ધતિ નક્કી કરી છે, જેમકે જમીન ઉપર પાણી પડવાથી દાણો ઉગે છે અને અગર પાણી ન પડે તો દાણો ઉગે નહીં, નર

અને નારીના સમાગમથી બાળક પૈદા થાય છે, અગર તેઓ ભેગા ન થાય તો ગર્ભાંધાન શક્ય ન બને, અને બુખારાત (વરાળ)થી વાદળા થાય છે અને હવા તેને હલાવે છે તેથી વરસાદ વરસે છે, અને અગર એમ ન થાય તો વરસાદ વરસે નહીં, એ કાનૂન અને કાયદો ખુદાએ મુકર્રર કરી આપ્યો. તેથી તેઓ (નાસ્તિક) એમજ સમજે છે કે એ જ કાયદો એ ચીજોને પૈદા કરનાર અને બનાવનાર છે અને તે સિવાય બીજો કોઈ પૈદા કરનાર કે બનાવનાર નથી. તો એ તેઓની મોટી મૂર્ખાઈ અને સ્પષ્ટ ભૂલ છે, કેમકે જે પાણી કે તેમાં કોઈ જાતની શક્તિ નથી તે કેવી રીતે અનાજ પૈદા કરી શકે ? પણ જ્યારે તેમાં કોઈ અસર દેનારે અસર મૂકી છે તેના કારણથી અનાજ પૈદા થાય છે. તેમજ નુત્ફા (વીર્યબિંદુ)માં એવી શક્તિ નથી કે તે ઇન્સાન પૈદા કરે. પણ કોઈ હકીમ અને કારીગરે તેમાં એવી ખાસિયત આપી છે કે વીર્યબીંદુના એક ભાગથી માથું થાય, હાથ

થાય, પગ થાય, દિલ થાય, કલેજુ થાય વિગેરે એ જ પ્રમાણે તમામ ચીજોને સમજી લીઓ.

ફુટનોટ : (અલ્લામા હાજી નાજી સાહેબ કહે છે આપણે એક નાનો એવો દાખલો આ જમાનાનો લઈએ કે જેટલા મશીનો જેમકે રેલ, સ્ટીમર, કાપડ વણવાના સંચા, મોટરગાડીઓ વિ.ની શોધ થઈ છે. અને તેના અસલ કારીગરોએ બહુ જ મહેનત લઈ લાંબી અક્કલ પહોંચાડી તેના તમામ ભાગ જેમકે બેરીંગ, પ્લેટો, પાઈપો, ચક્કર વિ. જાત-જાતના બનાવ્યા છે અને તે તૈયાર કરીને બીજી જગ્યાએ મોકલે છે અને ત્યાં થોડુ જાણનારા માણસો તે સંચાના ભાગને ભેગા કરીને જોડી દે છે અથવા ચલાવે છે તેને આપણે એ સંચા બનાવનાર કહીએ તો આપણે નાદાન અને બેવકૂફ કહેવાશું, કેમકે તેઓ કાંઈ એ સંચા બનાવવાનું જાણતા નથી, તેમજ કઈ કઈ હિકમતથી ચક્કરો ગોઠવ્યા છે તે પણ જાણતા નથી, તેઓ તો ફક્ત શીખવ્યા પ્રમાણે

ચલાવી અને જોડી શકે છે. તેમજ ખુદાએ દરેક ચીજ થવા માટે તેના સાધન મુકર્રર કરી આપેલ છે કે જમીનમાં દાણો નાખી તેના ઉપર પાણી રેડે તો ઝાડ ઉગે છે, સારાંશ એ દરેક ચીજો ઉત્પન્ન થાય છે તેના સાધન અને તેની રીત અને તેનો તરીકો ખુદાએ મુકર્રર કરી આપેલ છે, પણ તેમાં અસર આપનાર અને જે જે ચીજથી કોઈ ખાસ ચીજ બને છે તે ચીજોનો પૈદા કરનાર ખુદા છે.)

પછી આપે ફરમાવ્યું અય મુફઝ્ઝલ, ઇન્સાનના શરીરમાં ખોરાક કેવી રીતે પહોંચે છે એ વિશે જરા વિચાર કરો, અને તેમાં કેવી કેવી હિકમત અને તદબીર રાખેલી છે તે સમજો, જુઓ જ્યારે ખોરાક હોજરીમાં જાય છે ત્યારે તે તેને ખૂબ પકાવી નાખે છે અને તેમાંથી જવહર (તત્વ) કે જે ઉંચી ચીજ છે તે ઝીણી રગો કે જે જાળી જેવી બનેલી છે તે થકી કલેજામાં જાય છે, એ હોજરી ખોરાકને પચાવવા અને સાફ કરવા માટે

બનાવેલ છે અને કલેજામાં કાંઈ એવી ચીજ કે જેનાથી તેને ઈજા ન થઈ જાય તેવી ચીજને દૂર કરી ખાસ પાતળી ચીજ પહોંચાડે છે, પછી કલેજુ એ ખોરાકને લોહીમાં રૂપાંતર કરી નાખે છે, અને ત્યાંથી જે ઝીણી ઝીણી નસો બનેલી છે તે રસ્તે એ લોહી આખા શરીરમાં પહોંચી જાય છે કે જે પ્રમાણે બગીચામાં ચારે તરફ પાણી પાવા માટે નીકો બનાવવામાં આવે છે તે પ્રમાણે તેની ગોઠવણ છે, અને એ ખોરાકમાંથી જે ખરાબ કચરો નીકળે છે તેને ભેગું થવા માટે ખાસ જુદી કોથળીઓ બનાવેલી છે કે ત્યાં એ કચરો ભેગો થઈને બહાર નીકળી જાય છે, એ સિવાય એ ગંદુ પાણી જે નકામું અને વધારાનું હોય છે તેના માટે પણ ભેગા થવાની જુદી કોથળી (મુત્રાશય) બનાવેલ છે, અને તે સિવાય અંગમાં પણ બગલ વિ. ની નીચેથી પસીનો થઈ નીકળી જવાનો રસ્તો રાખેલ છે. તો અય મુફઝ્ઝલ, તમો વિચાર કરો કે ઇન્સાનના અંગને તેમજ તેના

અવયવોને કેવી તદબીર અને હિકમતથી બનાવેલ છે, અને દરેક અવયવને તેની જગ્યાએ એવી રીતે ગોઠવેલ છે અને અંગની અંદર ખોરાકી વિગેરે નું લોહી થવા અને તેને આખા શરીરમાં પહોંચવા માટે કેવી કેવી બારીક નસો બનાવેલ છે  અને જો કચરો વિ.ખરાબ ચીજો ખાસ એક જગ્યાએ ભેગા ન થતાં અંગના બીજા ભાગમાં પહોંચે તો ઇન્સાન બીમાર અને નિર્બળ થઈ જાય, જો ખરેખર એ જ માલિક અને ખુદા છે, કે જેણે એવી અજબ હિકમત અને તદબીરથી ઇન્સાનને પૈદા કર્યો છે તેના જ માટે ખાસ એ પ્રશંસા છે જેના માટે તે લાયક છે.

# પ્રકરણ - ૯

# ઇન્સાનનું શરીર અમુક મુદ્દત સુધી જ શા માટે વધે છે ?

પછી મુફઝ્ઝલે અર્ઝ કરી, હવે આપ બયાન ફરમાવો કે ઇન્સાનનું શરીર અમુક હદ સુધી સતત વધતું જાય છે તે કેવી રીતે છે ? ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે ઇન્સાનને વધવાનો પહેલો દરજો એવી જગ્યાએ છે કે તેને કોઈ આંખ જોઈ શકતી નથી. એવી અંધારી જગ્યામાં તેની તદબીર થતી જાય છે એટલે સુધી કે ઇન્સાનનું તમામ અંગ અવયવ વિ. બનીને તે બહાર આવે છે, પછી જ્યારે બહાર આવે છે ત્યારે તે હંમેશા વૃધ્ધિ પામતું જાય છે, અને એવી રીતે વધે છે કે હાથ, પગ, નાક, કાન વગેરે બધા અવયવો પોત પોતાના પ્રમાણમાં જરા જરા વધતા જાય છે અને તેની સૂરત અને શિકલ એ જ

પ્રમાણે રહે છે, અને તેમાં એ ખૂબી રાખેલી છે કે તે વધે છે ત્યારે તેને પોતાને તેમજ બીજાને કંઈ પણ ખબર પડતી નથી, ન તો તેના અંગમાં કે માંસમાં સાંધો લગાડવામાં આવે છે, ન તો ખેંચાતું હોય એમ માલૂમ પડે છે, પણ એ તો થોડી થોડી મુદ્દતે જ્યારે આગળ કરતાં વધી જાય છે ત્યારે જ ઇન્સાનને ખબર પડે છે કે આ વધી ગયું, અને જ્યારે તેના વધવાની હદના દિવસો પૂરા થાય છે ત્યારપછી તે વધતું નથી અને એમ જ રહે છે, તો શું આ બાબત પણ કાંઈ ઓછી હિકમતની છે ? એ પણ ઘણી બારીક તદબીર અને હિકમત છે.

# પ્રકરણ - ૧૦

## પાંચે ઇન્દ્રીયોના સર્જનનું રહસ્ય

ત્યારપછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ ઇન્સાનને બીજા પ્રાણીઓ ઉપર જે ફઝીલત અને અગ્રતા આપી છે તે વિશે પણ વિચાર કરો કે ઇન્સાન સીધો અને ટટાર ઉભો રહે છે અને પાછો કેવી રીતે બરાબર બેસે છે અને તેમાં પણ એવી ખૂબી ગોઠવી છે કે કોઈ ચીજ લેવા મૂકવામાં તેમજ તેને બેસવા ઉઠવામાં વાંધો આવે નહીં. અને કામ કાજ સહેલાઈથી થઈ શકે અગર ઢોરની જેમ ઊંધો અને ચોપગો બનાવ્યો હોત તો હાલમાં કરી શકે છે તેવા કામો કદી ન કરી શકતે.

અય મુફઝ્ઝલ, તે માલિકે ઇન્સાનને ઇંદ્રીયો આપી છે તે થકી પણ તેને ઘણી ઉચ્ચતા આપવામાં આવી છે, અને એવી ઇન્દ્રીયો પ્રાણીઓને આપવામાં

આવી નથી, અને પ્રાણીઓને જે રીતે ઇન્દ્રીયો આપવામાં આવી છે તેનામાં અને આમાં ઘણો ફરક છે.

આંખની હિકમત જુઓ કે તે ઇન્સાનના હાથમાં અથવા પગમાં અથવા માથામાં બનાવવામાં આવી નથી. અગર જો એવી જગ્યાએ આંખો બનાવી હોત તો તે બહુ જ આફતમાં પડી જાત અને આંખો જલ્દી ફૂટી જાત. તેમજ આંખોને વચલા ભાગમાં જેમકે પેટ, છાતી અને વાંસામાં પણ બનાવી નહીં, અગર કોઈ એવી જગ્યાએ બનાવતે તો દરેક ચીજ જોવામાં બહુ મુશ્કેલી પડત. પણ આંખને કપાળની નીચે ખાસ એવી જગ્યાએ રાખવામાં આવી કે તમામ રીતે અને તમામ હાલતમાં તેને જોવાનું યોગ્ય રીતે થઈ શકે અને આફતોથી સારી રીતે રક્ષણમાં રહે. એટલું જ નહીં પણ પાંચે ઇન્દ્રીયો નજીક નજીકમાં એટલે ગરદનની ઉપર અને તાળવાની નીચે ગોઠવી આપી. આંખ એટલા માટે બનાવવામાં આવી કે આજીવિકાના સાધનો સહેલાઈથી

મેળવી શકે, ફરી ફરી શકે, કુદરતી હાજતે જઈ આવી શકે, તે દરેક જાતના રંગો જોઈ શકે અને તેને આડી આવતી દરેક ચીજને તેમજ રસ્તાને જોઈ શકે અને જે જે રંગ ખુદાએ બનાવેલ છે તેની પરખ આંખોથી જ થઈ શકે છે અને એ જુદી જુદી જાતના રંગ આપસમાં ઓળખવા માટે, તેમજ જુદા જુદા રંગ જોઈને દિલ ખુશ થાય તે માટે બનાવ્યાં છે.

કાન એટલા માટે માથાની બે બાજુ રાખવામાં આવ્યા કે અવાજ સાંભળી શકે, અગર કાન ન હોત તો અવાજ સંભળાતે નહીં, તે જ પ્રમાણે દરેક ઇન્દ્રીયને સમજી લ્યો, જેમકે દરેક ચીજનો મીઠો, કડવો વિ. સ્વાદ ચાખવો, ઠંડા અને ગરમનો ભેદ પારખવો, ખુશ્બૂ અને બદબૂથી માહિતગાર થવું વિ. માટે જે ઇન્દ્રીયો જીભ, નાક વિ. બનાવેલ છે તે પણ તેની અજબ વિચિત્ર કારીગરી છે.

જેવી રીતે ઇન્દ્રીયો ન હોત તો રંગ, રૂપ, સારી, નરસી, મજા, ખુશ્બૂ, બદબૂ વિ.ની ખબર અને પરખ ન થાત, તે જ પ્રમાણે એ ચીજો એટલે જુદા જુદા રંગ, જુદા જુદા સ્વાદ, જાત જાતના અવાજ વિ. ન હોત તો એ ઇન્દ્રીયો પણ નકામી થઈ પડત અને તેણે એ તમામ ચીજો અને તેઓની પરખ માટે ઇન્દ્રીયો પૈદા કરી છે તે એકબીજા માટે આપસમાં જરૂરી ચીજો છે, અને તેમાં મોટી ખૂબી તો એ વાપરેલી છે કે તે દરેકને જુદી જુદી ચીજની પરખ સોંપેલ છે, જેમકે અવાજ ફક્ત કાન જ સાંભળી શકે છે, આંખ અવાજને સાંભળી શકતી નથી. અને આંખ જુદા જુદા રંગો વિ. માં તફાવત જાણી શકે છે તે સાંભળી શકતી નથી, નાક ફક્ત સુગંધ અને દુર્ગંધ જાણી શકે છે, બાકી રંગ અને અવાજ પારખવાનું કામ તેને સોંપેલ નથી.

એ ઉપરાંત બીજી હિકમત એ છે કે ઇન્દ્રીયો અને તેની પરખ કરવાની અને સમજવાની ચીજો તથા

બાબતો વચ્ચે એક ત્રીજી બાબત પણ વચમાં મુકર્રર કરી છે કે તે બંનેની વચ્ચે ચીજ ન હોય તો મતલબ પૂરો થતો નથી, જેમકે રોશની (અજવાળુ) અગર ન હોય તો આંખ રંગને જોઈ શકતી નથી, તો રંગ અને આંખ એ બંનેની વચ્ચે રોશનીનું હોવું પણ જરૂરી છે, તેમજ અવાજ અને કાન વચ્ચે હવાની જરૂરત છે, અગર હવાનું માધ્યમ ન હોય તો કાન અવાજને સાંભળી શકે નહીં.

અય મુફઝ્ઝલ, જે માણસની અક્કલ સહીહ અને દુરસ્ત હોય અને તે પોતાની અક્કલથી કામ લે તો જે કાંઈ મેં તમારી આગળ બયાન કર્યુ કે ઇન્દ્રીયો અમુક અમુક કામ માટે બનાવવામાં આવી છે અને દીર્ઘ દ્રષ્ટિથી જોનાર અને સંપૂર્ણ હિકમત રાખનારે જ બનાવેલ છે, તો આપોઆપ થઈ ગઈ હોય તે કદી શક્ય નથી, ભલા એવી ચીજો, તેમાં એવી કારીગરીઓ, તેમાં એવી હિકમતો શું કોઈ પૈદા કરનારની હિકમત

વિના આપોઆપ થઈ ગઈ હશે ? ભલા તે શું સમજે કે કાન આવા બનાવવા, આંખો એવી બનાવવી, અને તેથી ફલાણી બાબતોની પરખ થશે એ પરખ થવા માટે વચમાં ફલાણી ચીજ જોઈએ ! તો ખરેખર જ્યાં સુધી કોઈ સંપૂર્ણ કામિલ હિકમતવાળો એ બાબતો હિકમત અને મસ્લેહતથી સમજીને અને ચારે તરફ તેની ખામી ખૂબીની નજર કરીને બનાવે નહીં ત્યાં સુધી આપોઆપ બની શકે જ નહીં.

અય મુફઝ્ઝલ, એ માણસની સ્થિતિ ઉપર નજર કરો કે જેને આંખ હોતી નથી તેને કામ કરવામાં એટલી અડચણો પડે છે  ન તે પોતાનો પગ રાખવાની જગ્યા જોઈ શકે છે કે તે ઊંચી છે કે નીચે, ખાડો છે કે ગારો છે. વિ. વિ. તેમજ ન તે રંગને જોઈ શકે છે અને ન સારી નરસી બાબતોને જાણી શકે છે, ન તે સારો નરસો આકાર આપી શકે છે, અગર સામે ખાડો આવે, અથવા દુશ્મન તલવાર લઈને આવે તો તેને ખબર

પડી શકતી નથી, તેમજ તેને લખવું, વાંચવું, નકશીવાળું કામ કરવું વિ. તેનાથી બની શકતું નથી, હા, અંદાજ પ્રમાણે આંખ વિના થોડુ ચાલવું, ફરવું બની શકે છે, તે જ પ્રમાણે જેને કાન ન હોય તેને પણ ઘણા કામમાં અડચણ પડે છે, તેને સારી નરસી વાતનો, ખુશી ગમીના અવાજની પરખ તે પામી શકતો નથી અને બીજાઓને તેની સાથે વાત કરવી બહુ મુશ્કેલ થઈ પડે છે, અને તે જાણે એક મુરદા સમાન બનીને રહે છે, પણ જેને અક્કલ નથી તે ઢોર જેવો છે, કેમકે તે એવી ઘણી વાતો સમજી શકતો નથી કે જેને ઢોર સમજે છે અને જાણી શકે છે.

તો અય મુફઝ્ઝલ, ઇન્સાનનું અંગ અને તેમાં એવા અવયવો અને અક્કલ તથા સમજ વિ. એવી ચીજો છે કે તેમાંથી એક પણ ન હોય તો ઇન્સાનને ઘણું નુકસાન થાય છે અને તેના કામકાજમાં ઘણી ખલેલ પડી જાય છે, અને એવી રીતે ઇન્સાન બનેલ છે કે

તેમાં એવી કોઈ ચીજ (અવયવ) ની ખામી નથી કે જેની જરૂરત હોય, તો શું આ તમામ બાબતો ઇલ્મ અને કુદરત વિના આપોઆપ (આપમેળે) પૈદા થઈ ગઈ ? નહીં, હરગિઝ નહીં, ખરેખર કોઈ પણ મોટી તદબીર અને અક્કલવાળાએ તેને યોગ્ય રીતે બનાવેલ છે.

# પ્રકરણ - ૧૧
# અમુક માણસને શરીરના અમુક અવયવ શા માટે નથી ?

તે પછી મુફઝઝલે અરજ કરી, કોઈ કોઈ ઇન્સાનને શરીરના કોઈ કોઈ અવયવ શા માટે હોતા નથી અને તેને એવી જ અડચણો અને નુકસાન થાય છે કે જે પ્રમાણે આપે બયાન કર્યા પછી ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે કોઈને કોઈ કોઈ અવયવ હોતા નથી તે ચેતવવા, સાવધ કરવા, નસીહત લેવા માટે ખોટવાળો બનાવે છે બીજા લોકો શુક્ર કરે કે અગર અમોને આવું કરત તો અમારો કેવો હાલ થાત ? અને ભવિષ્યમાં પોતાની અવલાદમાં ખોટવાળો કોઈ નહીં થાય તે વિશે દુઆ માંગતો રહે અને ખુદાથી ડરતો રહે વિગેરે.

હવે જે શખ્સમાં કાંઈ ખોટ રાખી તો તેનો તો કાંઈ વાંક નથી, તો એ બલાના કારણે તેને ઘણો સવાબ

આપવામાં આવશે કે એ સવાબ આપશે ત્યારે એ અવયવ ન હોવાથી જે જે મુસીબત અને તકલીફો પડી હતી તે તેની સામે નજીવી થઈ જશે અને તે વખતે અગર તેઓને બેમાંથી એક બાબતની પસંદગી કરવાની તક આપવામાં આવે તો એવુ જ પસંદ કરે કે આ સવાબ માટે ભલે અમોને એ બલાઓમાં સપડાવે.

હાજી નાજી કહે છે કે કેટલાંક લોકો એવો સવાલ કર્યા કરે છે કે ખુદાએ કોઈને અમીર, કોઈને ગરીબ તેમજ કોઈને ખોટવાળો વિ. બનાવેલ છે, તો હિંદુઓ તો તેનો જવાબ એજ આપે છે કે જેને સુખ દુ:ખ હોય છે તે તેના આગલા ભવના સારા નરસા કૃત્ય કરેલા હોય તેનું પરિણામ (ફળ) ભોગવે છે. પણ ઇસ્લામમાં જ્યારે અવતાર ન હોવાનું કહેવામાં આવે છે ત્યારે ઇન્સાન ઉપર જે સુખ દુ:ખ આવે છે તેનું કારણ શું છે તેની સમજણ પડતી નથી, અને ખુદાની એવી જ મરજી હોય તો જેને દુ:ખ આપ્યું તેના ઉપર ઝુલ્મ કર્યો એમ સાબિત થાય છે. તો તેનો જવાબ એ છે કે જો

ઇન્સાનને અવતાર હોય અને આગલા ભવના સારા નરસા કામના સબબથી સુખ દુ:ખ થતું હોય તો એવું નક્કી થાય કે દરેક જમાનામાં એ જ પ્રમાણે ચાલતુ આવવું જોઈએ, પણ એ અવતારની છેલ્લે કાંઈ હદ જરૂર હોવી જોઈએ. ધારો કે હજાર બલ્કે લાખ અવતાર થયા હોય અને દરેક વખતે આગલા અવતારના કૃત્યનો બદલો ભોગવતો હોય તો જ્યારે પહેલો અવતાર હશે ત્યારે પણ સર્વે જણ કાંઈ સરખી સ્થિતિમાં નહીં હોય તે વખતે પણ કોઈને સુખ કોઈને દુ:ખ, કોઈ રૂપાળો કોઈ બદસૂરત, કોઈ અવલાદવાળો, કોઈ અવલાદ વગરનો, વિ. વિ. હશે, તો તે સૌથી પહેલી સ્થિતિ વિશે તે લોકો શું જવાબ આપશે ? તો તે વખતે એમ કહ્યા વિના છુંટકો જ નથી કે એ તો ખુદાએ પોતાની મસ્લેહતથી દુનિયાનો કારોબાર ચલાવવા અમીર ગરીબ વિ. બનાવ્યા, તો તે જ જવાબ હાલમાં પણ છે કે અવતાર વિ. કાંઈ નથી.

હવે રહી એ બાબત કે જેઓને દુ:ખ આપે છે અને બલામાં ગિરફતાર કરે છે અને જેઓને ગરીબ કરે છે તેઓ ઉપર અન્યાય થાય છે તેનો જવાબ એ છે કે ખુદાએ ફક્ત દુનિયાનો કારોબાર ચલાવા અને એકબીજાના કામ ચલાવવા એ પ્રમાણે ગરીબ અમીર બનાવેલ છે, પણ તે સાથે મોટા ભાગે કેટલીક બાબતોમાં બંનેને સરખા કરેલા છે. જેમકે અમીર લાખોપતિ હોય પણ તે બીમાર રહ્યા કરે છે અને ગમગીન રહે છે અને તેની સામે જેને ગરીબ બનાવેલ છે તે તંદુરસ્ત અને અવલાદવાળો હોય છે કે તેથી ખુશી અને મજામાં રહે છે. તો તે અમીરને નાણાની ખુશી અને બીમારી હોવાની અથવા અવલાદ ન હોવાની ગમી અને એ ગરીબને અવલાદ અથવા તંદુરસ્તી હોવાની ખુશી અને નાણું ન હોવાની ગમી એ સરખાવતા બંને (સુખ - દુ:ખ) બરાબર થઈ રહે છે, અને તે છતાં પણ કોઈને અહીં દુનિયામાં બરાબર

બદલો મળ્યો ન હોય તો આખેરતમાં પૂરો થશે. કેમકે એક અમીર અને એક ગરીબ બંને સરખા ગુનેહગાર હોય અને ધારોકે બંને હજાર હજાર ફટકા મારવાને લાયક થયા હોય તો તે અમીરને તો પૂરા હજાર ફટકા મારશે, પણ તે ગરીબ દુનિયામાં તે અમીરની સરખામણીમાં દુ:ખી હતો તેથી તે દુ:ખના બદલામાં પાંચસો ફટકા ઓછા મારશે, તો તે વખતે તેનો બદલો સરખો થઈ રહેશે, તેમજ એક અમીર અને ગરીબ બંનેએ નેક કામ સરખા કર્યા હોય અને બંને એક જ દરજામાં એક જ જન્નતમાં જવાને લાયક થયા હોય તો તે ગરીબને દુનિયામાં ગરીબ રાખ્યો  તેથી તેને જન્નતમાં પહેલાં મોકલશે અને અમીરને તેણે દુનિયામાં અમીરી ભોગવી તેથી ચાલીસ વરસ સુધી જન્નતની બહાર ઊભો રાખી ચાલીસ વર્ષ પછી જન્નતમાં મોકલશે.

સારાંશ, તે પરવરદિગાર દુનિયા કે આખેરતમાં કોઈ ઉપર ઝુલ્મ કરતો નથી અને કરશે પણ નહીં, ઝુલ્મ એ કરે કે જેનામાં ન્યાય કરવાની શક્તિ ન હોય, તેમજ ઝુલ્મ એ કરે કે જે ધારેલ કામ કરી શકતો ન હોય, તેમજ ઝુલ્મ એ કરે કે જેને જે ચાહે તે ચીજ મળી શકતી ન હોય વિ.

જેઓ એમ કહે છે કે સુખ દુ:ખ આગળના ભવના કૃત્યના બદલામાં થાય છે, એ વાત ઉપરની દલીલોથી બાતિલ થઈ, તે ઉપરાંત એ બાતિલ હોવાની મોટી દલીલ એ છે કે દુનિયામાં કાયદો છે કે જ્યારે કોઈ બાદશાહ કોઈને ઈનામ આપે છે અથવા કોઈને સજા કરે છે તો તેને જાહેર કરી આપે છે કે તે ફલાણું સારૂં કામ કર્યું તેના બદલામાં આ ઈનામ તને આપવામાં આવ્યું છે, તેમજ ફલાણો ગુનાહ કર્યો તેથી આ સજા કરવામાં આવી છે કે તેથી ગુનેહગાર ફરી વખત એ કામ કરે નહીં, તો અગર લોકોને થતા સુખ

દુ:ખનો આગળના કૃત્યનો બદલો હોય તો તે લોકોને એ કૃત્ય યાદ હોવા જોઈએ અને તેઓના ધ્યાનમાં એ બાબત રહેવી જોઈએ કે મેં ફલાણું નેક કામ કર્યું હતું તેના બદલામાં મને આ સુખ મળ્યુ છે, તેમજ ફલાણું બદ કામ કર્યું હતું તેના બદલામાં મને આ બીમારી અને ગરીબી મળી છે, પણ માનવાવાળાઓને પૂછો કે ભાઈ તમોને અમીરી મળી તો તમોએ ક્યું કામ સારૂં કર્યું હતું ? અથવા મુસીબત ભોગવો છો તો ક્યું કામ તમોએ ખરાબ કર્યું હતું ? તો તેઓ તેનો કાંઈ પણ જવાબ આપી શકતા નથી અને એટલું જ કહે છે કે અમોને કાંઈ ખબર નથી, તો તેઓએ માનવું જોઈએ કે આગળના ભવના કૃત્યનો એ બદલો છે તે તદ્દન ખોટું છે.

# પ્રકરણ - ૧૨

# ઇન્સાનને માથું શા માટે હોવું જોઈએ ?

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, ખુદાએ કેટલાંક અવયવ એક એક અને કેટલાંક અવયવ બે પૈદા કર્યા છે, તો એ એક-એક અને બે-બે અવયવ બનાવવામાં કેવી હિકમત અને તદબીર રાખેલી છે. તો પહેલે માથાને જુઓ કે તે એક જ પૈદા કરવામાં આવ્યું છે, જો બે અથવા વધારે માથા બનાવ્યા હોત તો તે ઇન્સાન માટે કદી અનુકૂળ ન થાત, કેમકે અગર બે માથા હોત તો એક માથાથી વાત કરતે અને બીજુ નકામું થઈ પડતે, અને અગર બંનેથી એકજ જાતની વાતો કરત તો પણ એક માથુ નકામું થાત, અને અગર બંને માથાથી જુદી જુદી બાબતની વાતો કરત તો સાંભળનાર કઈ વાત ઉપર ધ્યાન આપે અને કઈ વાતને સારી સમજે વિ. ઘણી અડચણો ઊભી થાત.

# પ્રકરણ - ૧૩

# હાથ બે બનાવવા વિશે

ખુદાએ હાથ બે બનાવ્યા, તો જો ઇન્સાન માટે એક હાથ બનાવતે તો તેના માટે બિલ્કુલ યોગ્ય ન ગણાત. તેમજ તે કોઈ કામ બરાબર કરી શક્ત નહીં. જેમકે સુતાર, કડીયા, વિ. જે કામ કરે છે તે કામ એક હાથથી થઈ શક્વા બહુ મુશ્કેલ થઈ પડત, અને અગર એક હાથથી કરે તો બે હાથ જેવા મજબૂત અને સારા થાય નહીં. (એક હાથ સારો પણ લાગે નહીં.)

# પ્રકરણ - ૧૪

# અવાજ અને સાદ વિશે

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, ઇન્સાનના અવાજ અને વાત કરવા માટે જે અવયવ બનાવેલ છે તે વિશે બહુ જ વિચાર કરો, જેની અંદરથી અવાજ નીકળે છે તે એક નળી (ગળામાં બે જાતની નળી છે. જેમકે આગળ આવશે.) જેવું અવયવ છે અને જીભ, હોઠ, દાંત જાણે એ શબ્દો ઢાળવાના યંત્ર સમાન છે.શું તમોને ખબર નથી કે જેના દાંત પડી જાય તેનાથી "સ" નીકળી શકતો નથી. અને જેના હોઠ કપાઈ જાય તે તેનાથી "ફ" નીકળી શકતો નથી. અને જેની જીભ જાડી હોય તેનાથી "ર" નીકળી શકતો નથી. ઇન્સાનને બોલવા માટે અંદર એક નળી રાખી છે, તેને હંજરો કહે છે, અને ફેફસા તે હવા ભરવા માટે હોય છે. તેમજ તેની આજુ બાજુ કેટલીક એવી ચીજો બનાવવામાં આવી છે

કે તેનાથી એ હવા ભરેલા ફેફસા દબાય છે અને ત્યાંથી નળીમાં આવીને અવાજ જીભ હોઠ અને દાંતની મદદથી બહાર આવે છે.અને બોલવા માટે જેટલા અવયવો છે તેમાંના કેટલાંક અવયવોના નામ લીધા તે ખાસ એક જ કામ માટે નથી બલ્કે તેથી બીજા પણ કેટલાંક કામ થાય છે, જેમકે હંજરા થકી નાજુક હવા ફેફસા સુધી પહોંચે છે અને તેથી દિલને સતત તાજી હવા અને અને શ્વાસ મળતો રહેવાથી આરામ પહોંચે છે, જો થોડીવાર હવા બંધ થઈ જાય તો ઇન્સાનનું દિલ બંધ પડી જાય  અને તે મરી જાય છે.

# પ્રકરણ - ૧૫

# જીભ, દાંત અને હોઠ વિશે

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : જીભમાં બોલવા ઉપરાંત એ પણ ખાસિયત રાખવામાં આવી છે કે દરેક જુદી જુદી જાતના સ્વાદ ચાખે અને પરખ કરે, જેમકે ખાટુ, મીઠુ, કડવુ વિ. એ સિવાય જીભમાં એ પણ ખાસિયત છે કે ખાણુ અને પાણી જીભને અડવાથી સ્વાદીષ્ટ પણ થાય છે અને તેમાંથી થતા રસ ભળે છે. અને દાંતમાં એ હિકમત છે કે ખાવાની ચીજને ચાવીને નરમ અને ઝીણી કરે છે કે તેથી જલદીથી હઝમ થઈ જાય. (અને જાડી અને મોટી ચીજ ગળામાં ન ઊતરવાથી તેને ભાંગીને ઝીણી કરી આપે છે) અને બીજી હિકમત એ છે કે દાંત હોઠને મોઢાની અંદર દબાઈ જવાથી બચાવે છે, અને જેના દાંત પડી જાય છે તેના હોઠ ઢીલા પડી લબડી જાય છે, અને હોઠમાં એ હિકમત રાખેલી છે કે ઇન્સાન પાણી ચૂસીને પીએ છે

અને હોઠ થકી પાણી જરૂરત પ્રમાણે મરજી મુજબ પીવાય છે, અને હોઠ થકી નથી પીતા તો પાણી ગળામાં એકદમ ઊતરવાથી ઇન્સાનને તકલીફ પહોંચે છે. અને એકદમ પાણી અંદર જવાથી અંદર ખુજલી વિ. થાય છે. ઉપરાંત બંને હોઠ મોઢાના દરવાજા સમાન છે. ઇન્સાન જ્યારે ચાહે ત્યારે તેને ખોલે અને બંધ કરે છે. અય મુફઝ્ઝલ, અમોએ અવયવોના કેટલાંક ફાયદા બયાન કર્યા, તો જાણવું કે એક એક અવયવથી કેટલાંક જુદા જુદા કામ થઈ શકે છે.

# પ્રકરણ - ૧૬

# મગજ, માથાના વાળ અને આંખોની પાંપણ વિશે

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, મગજ છે તે ઘણા પડની અંદર છુંપાયેલુ છે. તેથી તેને કાંઈ આફત (નુકસાન) પહોંચે નહીં, તેમજ તે સ્થિર રહે અને તેના ઉપર આવરણની જેમ ખોપરી રાખેલી છે કે તેથી કાંઈ વાગવાથી તેના છુંદા ન થઈ જાય, અને એ ખોપરીને વાળ થકી પોશાક પહેરાવેલ છે કે તેથી ઠંડી અને ગરમીથી બચે, તો એવા મોટા કારીગર ખુદા સિવાય કોણે આ પ્રમાણે મગજને સુરક્ષિત જગ્યાએ રાખ્યું અને તેમાં દરેક જાતની સમજવાની શક્તિ રાખી અને તમામ અવયવો કરતાં તેમાં અસાધારણ કક્ષાની સુરક્ષા કોણે ગોઠવી ! અય મુફઝ્ઝલ, આંખોની ઉપરના પરદા (પોપચા) ને જુઓ કે તે આંખને ઢાંક્વા માટે

કેવી રીતે બનાવવામાં આવેલ છે અને તેની ઉપર પાંપણ કેવી ખૂબીથી ગોઠવવામાં આવી છે અને આંખને ઈજા ન પહોંચે તેથી કેવા ગોળ કિલ્લામાં રાખેલ છે અને તેને ઢાંક્વા અને છાંયો કરવા પાંપણના કેવા પરદા રાખેલ છે ?

# પ્રકરણ - ૧૭

## હૃદય, ફેફસા અને હોજરીની રચના વિશે.

પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, દિલને ખુદાએ છાતીની અંદર કેવી રીતે છુંપાવ્યુ છે અને તેના ઉપર કેવી મજાની જીલ્લી (એક પ્રકારનું પાતળુ પડ) ઢાંકેલી છે. અને તેની હિફાઝત માટે આજુ બાજુ પાંસળીઓ અને માંસના થર કેવા રાખેલા છે અને તેમજ ગળામાં બે નળીઓ રાખેલી છે, એકમાંથી તો અવાજ નીકળે છે કે જે ફેફસાની પાસે છે તે સ્વર નળી, અને બીજી નળી હોજરીને લગતી છે, તો ઇન્સાન ખાણુ ખાય છે ત્યારે તેના ઉપર એક પરદો ઢાંકેલો હોય છે કે ખાણુ ગળામાં ઊતારતી વખતે એ નળીના મુખ ઉપર પરદો ઢંકાઈ જાય છે. કેમકે અગર ખાણુ એ ફેફસાવાળી નળીમાં જાય તો ઇન્સાન મરી જાય, તો આવી બારીકી સાથે કોણે કારીગરી બનાવી ? તેમજ ફેફસાને દિલ માટે એવો પંખો બનાવ્યો છે કે જે કદી થાક્તો નથી.

તેમજ તે અટકતો નથી. કેમકે અગર એ પંખો અટકી જાય તો દિલમાં ગરમી ભેગી થઈ જાય અને તેથી ઇન્સાન મરી જાય. અને પેશાબ અને પાયખાનુ રહેવા માટે એવી કારીગરીથી તેની કોથળીઓ બનાવી છે કે તેમાં એ ચીજો ભેગી થાય, અને તે ખાલી કરવા માટે એવા છીદ્ર બનાવ્યા છે કે જ્યારે એ ચીજની ભરતી થાય ત્યારે તેના છીદ્ર કુદરતી હાજતે બેસતા ખોલીને એ ચીજો બહાર કાઢી નાખવામાં આવે છે અને પછી આપોઆપ બંધ થાય છે.તો તેની અંદર કેવી કારીગરી ગોઠવી છે કે જો એ પ્રમાણે કરવામાં ન આવત તો એ ચીજો ભેગી ન થતા હર વખત બહાર આવ્યા કરત અને તેથી ઇન્સાન કંટાળી જાત  તેમજ હોજરીને કેવી સખત બનાવી છે અને તેમાં હજમ કરવાની કેવી શક્તિ આપેલી છે

અને જીગરને કેવુ નાજુક અને નરમ બનાવ્યું છે કે તે બહુ જ નાજુક અને સાફ થએલા ખોરાકને

હજમ કરે છે  તો શું એ તમામ ચીજો એવી કારીગરી અને ખૂબીથી શું આપોઆપ થઈ ગઈ ? નહીં, ખુદાએ કાદિર (શક્તિમાન) સિવાય કોઈ એવી ચીજો બનાવી શકે નહીં, અને એ એવી કારીગરી છે કે તે થવાની પહેલે કોઈ પણ સમજી શકે નહીં, અને કોઈ સંપૂર્ણ અને મોટા અક્કલમંદ અને શક્તિમાન સિવાય એવી ગોઠવણ કરી શકે નહી, અને તે એ જ તમામ હિકમતો જાણનાર અને સર્વ શક્તિમાન ખુદા છે.

# પ્રકરણ - ૧૮

# હાડકાની નળીમાં ગુદો અને રગોમાં લોહી અને આંગળીઓ ઉપર નખ વિ. વિશે

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, બહુ જ વિચાર કરો કે હાડકાની નળીઓમાં (પોલાણમાં)એ નરમ નરમ મગજ (ગર્ભ) શા માટે રાખવામાં આવ્યું છે ? તે એટલા માટે રાખવામાં આવ્યું છે કે નળીની અંદર હોવાથી તેનું રક્ષણ બહુ જ સારી રીતે થઈ શકે અગર નળીમાં ન રાખતે તો તે બહાર રહી શક્ત નહીં અને ગરમીથી ઓગળી જતે, અને ઠંડીમાં એકદમ સખત અને કઠણ થઈ જાત, અને એમ થવાથી ઇન્સાન જીવતો ન રહી શકત, કેમકે હાડકાઓની નળીઓની વચ્ચે મગજ હોવાથી ઇન્સાનને ઘણી શક્તિ પહોંચે છે. લોહીને રગોની અંદર એટલા માટે રાખવામાં આવ્યું છે કે તે એક ઠેકાણે ઢગલો ન

થઈ જાય. અને જરૂરત પ્રમાણે પહોંચ્યા કરે. અને આંગળીઓ ઉપર નખ એટલા માટે રાખવામાં આવ્યા છે કે તે આંગળીઓના ટેરવાનું રક્ષણ કરે અને કોઈ કામમાં અડચણ આવે નહીં કેમકે અગર નખ ન હોત તો આંગળીઓના ટેરવાના માંસથી કેટલીક ચીજો ઉપાડી ન શકાત અને પેન પકડીને લખી ન શકાત અને સોયમાં દોરો પરોવી ન શકાત.

કાનને કેવી ખૂબીથી બનાવેલ છે કે તેની અંદરનો ભાગ વાંકો ચૂંકો બનાવ્યો છે કે તેમાં અવાજ પ્રસરે અને એ પરદા સુધી પહોંચે કે જેથી અવાજ સંભળાય છે અને એટલા માટે હવા પહોંચવાનો રસ્તો વાંકો બનાવ્યો છે કે જે હવા જોરથી આવે તેનું જોર ઓછું થઈ માફક અને પ્રમાણસર રીતે અંદર પહોંચે, કેમકે જો પ્રમાણસર હવા ન જાય અને એક દમ જોરથી અને સીધી હવા ચાલી જાય તો કાનના પરદામાં ગડબડ થઈ જાય. ઇન્સાનની જાંઘ ઉપર તેમજ નીચે

બહુ જ વધારે માંસ એટલા માટે રાખવામાં આવ્યું છે કે જમીન ઉપર બેસવાથી તેને કોઈ જાતની ઈજા થાય નહીં, જે શખ્સનું માંસ બીમારીના સબબથી ઓગળી જઈ હાડકા રહી જાય છે અને દૂબળો થઈ જાય છે તેને બેસવામાં કેટલી તકલીફ પડે છે ? તો એવી એવી હિકમત ભરેલી ચીજો કોણે બનાવી છે ? અલબત્ત એ મોટા કારીગરે પહેલીથી જ તમામ બાબતોનો વિચાર કરીને જરૂરત પ્રમાણે ગોઠવણ કરીને પૈદા કરી છે, અને તે જ ખુદાએ તઆલા છે.

# પ્રકરણ - ૧૯

# નર નારી (બે જાતિ) અને તેને આપેલા ખાસ અવયવની જરૂરત વિશે

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, જુઓ ઇન્સાન બે જાતના છે, એક નર અને એક નારી, અને તે બંનેના ચહેરા જુદી જુદી જાતના છે. અને તે બંનેના સમાગમ માનવવંશ ચાલતો રહે છે, અને તેઓના દિલમાં પોતાની નસલ કાયમ રહેવા અને ચાહવાની ઇચ્છા આપી, અને અવલાદ થવાથી નામ બાકી રહે એવી ઉમ્મીદ પૈદા કરી તેમજ સમાગમ માટે એકબીજાની નજીક થવાની એકબીજાના દિલમાં ઇચ્છા રાખી, તો એ સર્વે એટલા માટે કે ઇન્સાનની નસલ ચાલે અને કાયમ રહે, અને જો એવી ખ્વાહિશો અને લઝ્ઝત વગેરે મૂકવામાં ન આવત તો સ્ત્રી અને પુરૂષ એક બીજાનો સમાગમ ન કરત અને ઇન્સાનની નસલ ન વધત અને

કેટલાંક જાનવર એવા પૈદા કર્યા છે કે તેમાં નર માદાના જોડાની જરૂરત નથી હોતી બલ્કે તે કેટલીક ચીજો ભેગી થવાથી અને તેમાં ખાસ કુવ્વત પહોંચી જવાથી પૈદા થાય છે, અને તેથી જ તેઓમાં નર માદાની તમીઝ નથી. જેમકે ઝંબુર મધમાખી કે તેમાં કોઈ નર અને માદા ઓળખી શકાતા નથી.

ઇન્સાનને એ માટે મોહતાજ બનાવ્યો કે તેને કેટલીક ચીજોની જરૂરત પડે કે તેથી તે કામ કરે, અગર તેને મોહતાજ ન બનાવત તો તે કાંઈપણ કામ ન કરત, જેમકે જો પેટ ભરવાની તેને જરૂર ન હોય તો તે કાંઈપણ કામ ધંધો કે મહેનત મજૂરી ન કરત, તેના અંગને ઠંડી કે ગરમી માલૂમ ન પડત તો કપડા ન સીવત. તેમ સોય દોરા પણ ન બનાવત, તેમજ કપાસ ન વાવત, તેમાંથી રૂ ન કાઢત અને તેનો દોરો ન બનાવત અને જ્યારે એ ચીજોની જરૂરત ન હોત ત્યારે હાથ, પગ અને આંગળીઓ નકામી રહેત તો એ બધી

બાબતો કે ઇન્સાનને અટલી અટલી ચીજોની જરૂરત પડશે અને તે અવયવો વિના નહીં થાય તેથી હાથ, પગ, આંગળીઓ વિ. બનાવી તો શું એ ચીજો આપોઆપ થઈ ગઈ ? અને તેને કેમ ખબર પડી કે આમ કરવું જોઈએ અને આવી જરૂરત પડશે તેને એ જ હિકમત અને કુદરતવાળા ખુદાએ બનાવેલ છે કે જે પહેલેથી જ જાણતો હતો કે એટલી અને એવી એવી ચીજોની જરૂરત છે.

# પ્રકરણ - ૨૦

# ઇન્સાને અક્કલ અને સમજણ આપવાનું કારણ

જ્યારે ખુદાએ ઇન્સાનને અજમાવવા અને સારા અને ખરાબ કામનો સારો નરસો બદલો આપવા માટે પૈદા કર્યો ત્યારે જ તેને અક્કલ અને સમજણ આપી છે, જો એ બાબત માટે પૈદા કર્યો ન હોત તો તેને અક્કલ આપવાની કોઈ જરૂરત ન હતી, જુઓ (ઇન્સાન સિવાય) જે સર્જન પામેલી ચીજો માટે નેકી બદીનો બદલો આપવાનું નક્કી કરેલ નથી તેમને સારી કે ખરાબ સમજવાની શક્તિ પણ આપી નથી, તેઓ નથી જાણતા કે હલાલ શું છે અને હરામ શું છે તેઓ ન વાજિબને જાણે છે, ન સુન્નતને જાણે છે, પણ ઇન્સાન સિવાય બીજી સૃષ્ટિનું પોષણ થવા અને જીવતા રહેવા ખોરાકી વિ.ની જરૂરત હોવાથી, તેમજ મારી નાખનાર બીજા પ્રાણીઓથી બચવાની જરૂરત હોવાથી તેઓને એ

વિશેની સમજણ આપી છે કે તેઓ પોતાની ખોરાકી મેળવવાના પ્રયત્નો કરે છે કે અને પોતાને મારી નાખનાર પ્રાણીથી દૂર ભાગે છે. જેમકે બાઝ નામના શિકારી પંખીને જોતાની સાથે જ તેના કરતાં નાના પંખીઓ તેને સમજી જાય છે કે આ મને પકડી લેશે તેથી ઝટ પટ પોતાના બચાવ માટે ઊડી જાય છે, તો જેને જેટલી સમજશક્તિ અને અક્કલની જરૂરત હતી તેટલી જ શું આપોઆપ મળી હશે ? નહીં પણ એ જ મહામોટા અક્કલ, હિકમત અને તદબીર વાળા માલિકે અક્કલ અને સમજશક્તિ આપેલી છે.

તેમજ ઇન્સાનને હીલા (મક્ર) અને તદબીર (વ્યવસ્થા) કરવાની સમજ અને કુવ્વત આપી કે તેથી પોતાના દરેક કામને જરૂરત પ્રમાણે સારી રીતે કરી શકે, અને તેથી જ ખુદાએ તઆલાએ ઇન્સાન ઉપર પોતાની હુજ્જત તમામ કરી કે જો તે તેની ઇબાદત ન કરે, જેમકે નમાઝ ન પડે વિ. તો તેને પૂછવામાં આવશે કે તે અમોએ તમોને ઉઠવા બેસવાની શક્તિ આપી હતી

છતા કેમ નમાઝ પડયા નહીં ? તેમજ તમારા હાથ પગમાં તાક્ત આપી હતી છતા કેમ ફલાણાને પડી જતા અટકાવ્યો નહીં ? તો અગર કુવ્વત અને શક્તિ ન આપત તો તેના ઉપર હુજ્જત પણ તમામ થઈ ન શકત, સુબ્હાનલ્લાહ એ માલિકે કેવી હિકમત અને સંપૂર્ણ તદબીરથી ઇન્સાનને બનાવેલ છે ખરેખર તેનો શુક્ર કોઈ રીતે અદા થઈ શકતો નથી. પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, મેં જે કાંઈ તમોને કહ્યું તે વિશે જરા વિચારો કે શું આ તમામ ઇન્સાન વિ. કોઈ મોટા હિકમત અને તદબીરવાળાએ બનાવ્યા વિના આપોઆપ બની જાય ખરૂ ? અને એવી ખૂબીથી ગોઠવણ અને દરેક જરૂરતની ચીજો તેની મેળે બની ગઈ હશે ? નહીં, હરગિઝ નહીં, *"તઆલલ્લાહો અમ્મા યસેફૂન"* (તે અલ્લાહ નાસ્તિક લોકો જે કાંઈ કહે છે તેથી પાક અને બુલંદ મરતબાવાળો છે.)

# પ્રકરણ - ૨૧

# હ્રદયની હિકમતો

અય મુફઝ્ઝલ, હવે હું તમોને “દિલ” (હ્રદય – હાર્ટ) વિશે કાંઈ બયાન કરૂં છું, જાણો કે દિલમાં નાના નાના બારીક છીદ્રો છે, અને તે દરેક છીદ્રોની સામે ફેફસામાં પણ છીદ્રો છે કે તે દિલનો પંખો છે. તે દિલની ગરમી અને વરાળને દૂર કરે છે અને આરામ પહોંચાડે છે, જો દિલ અને ફેફસાના છીદ્ર જે એકબીજાની સામે અને હરોળમાં છે, તે જરા એકબીજાની સામેથી ખસી જાય તો ઇન્સાનના દિલમાં કોઈ રીતે હવા ન પહોંચે અને તે મરી જાય તો કોઈ પણ ઇન્સાનની અક્કલ એમ માની શકે ખરી કે તે એમ કહે કે એવી અનહદ કારીગરીની ચીજો આપોઆપ થઈ ગઈ હશે ? અને જો કોઈ એમ કહે પણ, તો શું તેનું દિલ તેને એમ કહેવાથી નહીં અટકાવે ? અથવા શું તેનું દિલ એ વિશે સાક્ષી નહીં આપે કે એવી વાત કહેવી તે નાદાનીની વાત છે

અય મુફઝ્ઝલ, જો તમો કોઈ દરવાજાને જુઓ કે તેના બે બારણામાંથી એક બારણાને નકૂચો જોડેલો છે, તો શું તમો એમ કહી શકશો ખરા કે આ નકુચો નકામો છે ? ના તમે નહીં કહી શકો. પરંતુ તમોને એવી ખાતરી થશે કે ખાસ કામ માટે એટલે બીજા બારણાની સાંકળ દેવા માટે છે અને તે પણ કોઈએ એ પ્રમાણે હિકમતથી બનાવેલ છે કે તેથી દરવાજો બંધ થઈ જાય, તેમજ તમો કોઈ પશુને જોશો તો સમજશો કે આના માટે એક માદા પણ છે. અને આને નર એટલા માટે બનાવ્યો છે કે તે માદા સાથે મળીને અવલાદ પૈદા કરે, તો તેથી પણ સ્પષ્ટ જણાશે કે કોઈ મોટા તદબીર અને હિકમતવાળા અક્કલમંદે નર અને માદા બનાવેલ છે, અને દરેક માટે જરૂરત પ્રમાણે અવલાદ થવાના ખાસ અવયવ પણ જુદા જુદા પ્રકારના બનાવેલ છે, અગર મરદ માટે ગુપ્ત અવયવ જરૂરત પ્રમાણે હંમેશા ઉત્થાનની હાલતમાં રહેતે તો ઇન્સાન

સૂઈ ન શકત, તેમજ લોકોની સામે બહાર નીકળી ન શકત અને જો તે ઉત્થાન ન થાત અને હંમેશા સંકોચાએલુ રહેતે તો અવલાદ થવાનું સાધન ન બની શકત, તો તેણે તેમાં કેવી હિકમત રાખી છે કે જરૂરત હોય ત્યારે ઉત્થાનની હાલતમાં રહે અને જરૂરત ન હોય ત્યારે સંકોચાએલુ રહે *[જો કે અસલ કિતાબમાં તેનો ખુલાસો એથી વધારે સાફ સમજાય એમ લખેલ છે, પણ અમોએ કેટલાંક કારણથી જરા ઇશારામાં તેનો તરજૂમો કરેલ છે તો પણ સમજવામાં ઘણે ભાગે મુશ્કીલ નહીં પડે.]* તો અય મુફઝ્ઝલ, ખુદા એ લોકોને હલાક કરે કે જેઓ ફિલસૂફીના ઇલ્મ ધરાવવાનો દાવો કરે છે છતા કેવી રીતે તેઓના દિલ ઇન્સાનની એવી હયરત પમાડનારી અજબ સૃષ્ટિને જોવા છતા આંધળા થઈ ગયા છે  કે તેઓએ દુનિયાને બનાવનાર ખુદાનો બિલ્કુલ ઇન્કાર જ કરી દીધો અને કહે છે કે આએ દુનિયાને બનાવવામાં કોઈપણ હિકમતવાળા અને

કારીગરીવાળાનો હાથ નથી, અને કોઈપણ ઇરાદો કરવાવાળાએ ખાસ ઇરાદો કરીને બનાવેલ નથી, અને આ તમામ જહાન (સૃષ્ટિ જગત) બસ પોતાની મેળે આપોઆપ જ થઈ ગએલ છે.

# પ્રકરણ - ૨૨

# ઇન્સાનના કુદરતી હાજત કરવાની અને દાંત અને નખ વિશે

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, જરા ઊંડાણપૂર્વક વિચારો કે ઇન્સાન ખાઇ પીવે તેનો જે કાંઈ કચરો ભેગો થાય તે નીકળવા માટે કેવી જગ્યા બનાવેલી છે અને કેવી જગ્યાએ રાખેલ છે કે તેને બહુ જ છુંપી રીતે અંદરના ભાગમાં રાખેલ છે, તેને ખુલ્લી તેમજ ઊંચી બનાવી નથી. પરંતુ ઇન્સાનના એક છુંપા ભાગમાં રાખેલ છે. અને તેની આજુબાજુ બંને જાંઘ છે. અને કેટલોક જામેલો માંસ છે કે જેમાં તે જગ્યા છુંપી રહે પણ ઇન્સાનને જરૂરત પડે અને ઉભડક બેસે ત્યારે કચરો નીકળી જવા માટે ગુદાનો રસ્તો ખુલી જાય છે, નહીં તો બંધ રહ્યા કરે છે.

અય મુફઝ્ઝલ, ઇન્સાનના દાંત વિશે જરા વિચાર કરો કે કેટલાંક તો ખાડા ખડીયાવાળા અને પહોળા છે કે જેને દાઢ કહે છે કે તેમાં દરેક ચીજ પીસાઈ અને દળાઈને ઝીણી થઈ જાય. કેટલાંક દાંત આગળના ઝીણા અને ધારવાળા છે કે મોટી ચીજને કાપવા માટેના છે તો શું એ પણ આપોઆપ થઈ ગયા ? અને તબીયત (ખાસિયત - પ્રકૃતિ) કે જેમાં સમજશક્તિ નથી તેને એમ ક્યાંથી જાણ થાય કે દાંત એવી રીતના હોવા જોઈએ ?

અય મુફઝ્ઝલ, નખ અને વાળ કાપવા શા માટે બહેતર છે ? અને તેમાં શું હિકમત છે ? તેમાં એ હિકમત છે કે એ બંને વધતા અને લાંબા થતા જાય છે. તેથી જરૂરત પ્રમાણે તેને ઓછા કરતાં જાય અને એટલા માટે જ તેમાં જીવ રાખવામાં આવ્યો નથી કે તેને કાપવામાં ઇન્સાનને તકલીફ થાય નહીં.

મુફઝ્ઝલે અરજ કરી જ્યારે નખ અને વાળ કાપવાની જરૂરત પડે છે ત્યારે ખુદાએ શા માટે તેને વધતા જવાની અને લાંબા થવાની તેમાં શક્તિ રાખી છે ? અને શા માટે બીજા અવયવની જેમ અમુક મર્યાદામાં વધેલા રાખ્યા નહીં ?

ઇમામ અલય્હિસ્સલામએ જવાબ આપ્યો કે એ વાળ અને નખ વધવામાં ખુદાએ તઆલાએ કેટલીક હિકમત રાખેલી છે કે જેને ઇન્સાન જાણતો નથી. અગર જાણતે તો ખુદાએ તઆલાનો શુક્ર કરતે, અને તે હિકમત એ છે કે ઇન્સાનના અંગમાંથી રોગ અને તકલીફો એ જ વાળના છીદ્રોમાંથી બહાર નીકળી દૂર થઈ જાય છે, જેમકે વરાળ અને પરસેવો, અને જે વાળ છે તે પોતે જ વરાળ છે, અને આંગળીઓનો રોગએ નખ વડે બહાર નીકળી જાય છે અને તેથી જ દર અઠવાડિયે માથાના વાળ તેમજ નખ કાપવાની તેમજ

ખરાબ વાળ (બગલ તથા દૂંટી નીચેના વાળ) કાઢવાનો હુકમ આવેલ છે કે એ ઊતારવાથી વાળ અને નખ વહેલા બહાર નીકળે છે અને રોગ પણ વહેલો દફે થઈ જાય છે. અને જ્યારે લાંબી મુદ્દત સુધી ઊતારવામાં આવતા નથી ત્યારે રોગ અંદર રહે છે અને તેથી જાતજાતની બીમારીઓ ઉત્પન્ન થાય છે.

જે જગ્યાએ ઇન્સાનને વાળ ઉગવાથી તકલીફ અને અડચણ થાય એવી જગ્યાએ વાળ ઉગાડયા નહીં, જેમકે અગર આંખની અંદર વાળ ઉગતે તો કેટલી અડચણ અને તકલીફ થાત ? અને મોઢામાં વાળ ઉગતે તો ખાવા પીવામાં ઘણી જ તકલીફ થાય, અને હથેળીમાં વાળ ઉગતે તો જે ચીજની સ્પર્શ કરીને ઓળખ થાય છે અને તપાસ થાય છે તેમાં ખલેલ પડત, તેમજ એવી એવી ખાસ જગ્યાએ વાળ ઉગતે તો બહુ જ અડચણ થાત.

તો જુઓ એવી ખાસ જગ્યાએ જે વાળ ઉગતા નથી તેમાં કેટલી ખૂબી અને મસલેહત ભરેલી છે ? તો શું તબીયત એવી હિકમતોને સમજી શકે ખરી ? અને એવા હિકમત અને મસલેહત ભરેલા કામ તબીયતથી અને આપોઆપ થાય છે એમ કહી શકાય ખરૂ ? અફસોસ છે નાસ્તિકો અને તેઓની સમજશક્તિ ઉપર અને જે પ્રમાણે ઇન્સાન માટે હિકમત અને મસલેહતથી કામ લીધેલ છે તે પ્રમાણે હૈવાનો માટે પણ કરેલ છે કે તેઓનું તમામ અંગ વાળથી ભરેલુ હોય છે, અને ખાસ ખાસ જગ્યાએ કે જ્યાં વાળ હોવાથી અડચણ અને ઈજા થાય ત્યાં વાળ ઉગતા નથી. માટે ઇન્સાન અને હૈવાનની બનાવટની ખૂબીઓમાં ખૂબ વિચાર કરો કે જે જે બાબતથી ઈજા અને નુકસાન પહોંચે નહીં, ફાયદા અને કામમાં ઉપયોગી થાય તેવી બહુ જ ખૂબી સાથે ચીજો બનાવી.

'માનવીયા' નામનો એક ફિરકો છે. તેઓએ તેમજ તેઓના જેવાઓએ ઇન્સાનના સર્જનમાં ખોટ અને ખામી શોધી કાઢી. અને કહે છે કે પેડુ ઉપર અને બગલની અંદર શા માટે વાળ પૈદા કર્યા છે ? પણ તેઓને ખબર નથી કે જ્યાં પાણી વહીને એકઠુ થાય છે ત્યાં ઘાસ ઉગે છે, તો એ જ પ્રમાણે બંને જગ્યાએ પરસેવો ભેગો થાય છે અને તેથી ત્યાં વાળ ઉગે છે. ઉપરાંત એ પણ હિકમત છે કે ઇન્સાનને ખુદાએ તેના અંગ પ્રત્યે પોતાની મસલેહતથી થોડી તકલીફ ઉઠાવવાનું પણ મુકર્રર કરેલ છે, તો એ તકલીફોમાંની એ બંને જગ્યાના વાળ દૂર કરવાની પણ તકલીફ આપી છે, અને તકલીફ આપવામાં એ મસ્લેહત છે કે ઇન્સાન પોતાના અંગને સાફસુફ કરવામાં અને એવા વાળ વિ.ને દૂર કરવામાં મશગૂલ થાય તો એટલો વખત ઝુલ્મ, લોભ વિ. કેટલીક બાબતોથી બચે.

# પ્રકરણ - ૨૩

# થૂંક અને પેટ વિશે

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, થૂંક વિશે જરા વિચાર અને ચિંતન કરો કે તેને એવી રીતે બનાવેલ છે કે તે હર વખત ધીમે ધીમે નીકળ્યા કરે, અને તેમાં એ હિકમત છે કે તેથી ગળુ અને તાળવુ ભીનુ (પ્રવાહીવાળુ) રહે, કેમકે અગર ગળુ અને તાળવુ સૂકાઈ જાય તો ઇન્સાન મરી જાય, એ સિવાય એ પણ મસ્લેહત છે કે મોઢામાં થૂંક હોવાથી ચાવતા વખતે દરેક ચીજ ભીની થાય અને નરમ બનીને સહેલાઈથી ગળામાં ઊતરી જાય, અને એ થૂંક ખોરાકમાં ભળવાથી પણ ફાયદો છે, અને કોઈ કોઈ વખતે એ ભીનાશ વહીને પિત્ત (પિત્તાશય - કલેજુ) ઉપર પણ જાય છે, કેમકે અગર પિત્ત સૂકાઈ જાય તો પણ ઇન્સાન મરી જાય.

કેટલાંક પોતાને અક્કલમંદ માનનારા અજ્ઞાનીઓ અને ફિલસૂફીનો દાવો કરનારા કમ અક્કલો પોતાની ટૂંકી બુધ્ધિને લીધે કહે છે કે અગર ઇન્સાનનું પેટ જે બંધ રાખવામાં આવેલું છે તે ઠીક નથી, અગર એવું બનાવ્યું હોત કે જ્યારે જોઈએ ત્યારે તેને ખોલીને જોઈ શકાય, તો હકીમો તેમાં હાથ નાખી દરેક બીમારીનો ઇલાજ બહુ જ આસાનીથી કરી શકત, કેમકે પેટ બંધ હોવાથી અંદરનો હાલ બહુ જ મુશ્કેલથી માલૂમ પડે છે, તેમાં પણ સંપૂર્ણ રીતે જાણકારી ન મળવાથી ભૂલ થાય છે. તો એવા લોકોનો જવાબ એ છે કે અગર એવી બાબતો ઇન્સાનને સોંપી દેવામાં આવત તો બહુ જ જલ્દીથી તંદુરસ્ત થઈ જાત, તો તેમ કરવાથી તે ઘમંડી બની જતે, અને તેથી તેને ઘણો અહંકાર આવી જાત, ઉપરાંત પેટ ખોલી શકાય એવું બનાવત તો અંદરથી પાણી (ગંદકી વિ.) બહાર

નીકળતે અને પોતાના સૂવા બેસવાના સાધારણ તેમજ ભારે કપડા ખરાબ થાત અને તેથી તેને આરામને બદલે વધારે તકલીફ થઈ પડત. એ સિવાય હોજરી, કલેજું, દિલ એ અંદરની ગરમીના સબબથી પોત પોતાનું કામ કર્યા કરે છે, તો અગર પેટ ખોલી શકાય એવુ બનાવવામાં આવત તો અંદર હવા જવાના કારણે અંદરની ગરમીમાં મળી એ ગરમીથી ચાલતા અવયવોમાં તકલીફ થઈ જાત અને ઇન્સાન મરી જાત, અય મુફઝ્ઝલ, એ મહા મોટા અક્કલવાળા હકીમે જે રીતે ખલક્ત કરી છે અને તેના યંત્રો ગોઠવેલા છે, એ સિવાય બીજી જાતના હોવાના જે ખ્યાલ આવે છે તે ખ્યાલો તદ્દન ખોટા, ગલત અને નકામા બેવકૂફી ભર્યા છે.

# પ્રકરણ – ૨૪
# ખાવા, પીવા, સૂવા અને ઊંઘવા વિશે

અય મુફઝ્ઝલ, ઇન્સાનને ખાવા, પીવા, સૂવા અને ખાસ કામ માટે જે જે બાબતો નક્કી કરાએલી છે તેમાં બહુ જ હિકમત વાપરેલી છે કે દરેકને તેની જરૂરત પ્રમાણે ઇચ્છા થવા માટે એક એક બાબત ગોઠવેલ છે. જેમકે ખોરાકથી અંગમાં શક્તિ અને કુવ્વત આવે છે, તો એ ખોરાકી માટે રૂચિ અને ભૂખ મુકર્રર કરી કે તે આપોઆપ બલ્કે બળપૂર્વક માંગી લે, તેમજ ઇન્સાનને આરામ માટે કામ ધંધો મહેનત મજૂરી પડતી મૂકીને આરામ કરવો જોઈએ તો તે માટે ઊંઘ મુકર્રર કરી કે તેથી ઇન્સાન સૂઈ જાય રાહત ભોગવે અને અવયવોનો થાક દૂર થઈ જાય, અગર એ બાબતોને ઇન્સાન ઉપર સત્તા આપવામાં ન આવત તો ઇન્સાન લોભ વિ.ના કારણે ખાવા અને સૂવામાં આળસ કરતે તો તે દુબળો થઈ મરવાની હાલત સુધી પહોંચત, તે જ

પ્રમાણે સેક્સની પણ ખ્વાહિશ રાખવામાં ન આવત તો ફક્ત અવલાદની જ ખ્વાહીશથી એ કામ ઘણા લોકો ન કરત અને તેથી ઇન્સાની જાતિય આવેગથી વંશ વધત નહીં. સારાંશ એ કે ઇન્સાનને જે ચીજની ખાસ ઇચ્છા અને જરૂરત છે તેના માટે તેવી ઇચ્છાને મુકર્રર કરી છે કે તેની સામે ઇન્સાન લાચાર થઈ જાય છે.

# પ્રકરણ - ૨૫
# શરીરની ચાર શક્તિઓનું બયાન

ઇન્સાનમાં ચાર જાતની શક્તિઓ છે, (૧) કુવ્વતે જાઝેબા (ખોરાકને ચૂસવાની કે ખેંચવાની શક્તિ) કે તે ખોરાકને લઈ હોજરીમાં પહોંચાડે છે, (૨) કુવ્વતે માસેકા (સુરક્ષા શક્તિ) કે જે ખોરાકને ટકાવી રાખે છે તેની અંદર તબીઅત (ખાસિયત) પોતાનું કામ કરે છે, (૩) કુવ્વતે હાઝમા (પાચન શક્તિ) કે જે ખોરાકને પચાવીને તેની અંદરનો તત્વ કાઢી લે છે અને તેને અંગમાં ફેલાવી આપે છે, (૪) કુવ્વતે દાફેઆહ (નિવારણ શક્તિ નિકાલ કરવાની શક્તિ) કે જે ખોરાકમાંથી તત્વ નીકાળી (લોહી, ચરબી, ગોશ્ત વિ. સિવાય) બાકીના કચરાને બહાર ફેંકી આપે છે, તો એ ચાર શક્તિઓ વિશે વિચાર કરો કે ઇન્સાનના અંગમાં કેવી કારીગરી અને હિકમતથી ગોઠવેલ છે ? કે અગર

તે ચારમાંથી એક શક્તિ પણ ન હોત તો ઇન્સાનના અંગની વ્યવસ્થા તંત્ર અને કાર્યશીલતામાં ખલલ પડી જાત, અગર કુવ્વતે જાઝેબા ન હોત તો ઇન્સાન ખોરાક મેળવવા કોશિશ ન કરત અને કુવ્વતે માસેકા ન હોત તો પેટની અંદર ખોરાક ટકી શકતે નહીં, અને કુવ્વતે હાઝેમા ન હોત તો ખોરાક પચી શકતે નહીં, અને અગર કુવ્વતે દાફેઆ ન હોત તો કચરો બહાર નીકળી શકતે નહીં. શું તમો જોતા નથી ? કે તે પરવરદિગાર સુબ્હાનહુ તઆલાએ પોતાની લતીફ અને બહુ જ બારીક કારીગરીથી એ શક્તિઓ મુકર્રર કરી, હું અંગ વિશે એક દાખલો બયાન કરૂં છું. અંગને તો એક બાદશાહનું મકાન સમજો, અને તે બાદશાહના નોકર, ચાકર, બાલ બચ્ચા એ મકાનમાં છે એમ જાણો, અને ઘરનો કારોબાર ચલાવવા કેટલાંક કારભારીઓ રાખ્યા છે એમ સમજો કે જેને જેને હવાલે જે જે કામ સોંપી

આપ્યું છે તે ક્ર્યા કરે છે, એક કારભારીને એ કામ સોંપ્યુ છે કે ઘરના તમામ લોકો માટે તમામ જરૂરી ચીજો લાવી આપે, બીજા કારભારીને એ કામ સોંપ્યુ છે કે જે આવ્યું છે તેને ભેગુ કરીને રાખે, અને તેને ઠીકઠાક કરીને જરૂરત પ્રમાણે તૈયાર કરે, ત્રીજાને એ કામ આપેલ છે કે તે સઘળા પકાવી તૈયાર કરી સર્વે જણને વહેંચી આપે. અને ચોથાનું એ કામ છે કે એ સામાનમાંથી જે કાંઈ કચરો વિ. ભેગો થયો હોય તેને વાળીને ભેગો કરીને બહાર નાખી આવે.

તો એ મકાનનો બાદશાહ મહા હિકમત અને કુદરતવાળો ખાલિક છે કે જે તમામ દુનિયાનો માલિક છે, અને મકાન તે ઇન્સાનું અંગ છે, અને ઘરના લોકો શરીરના અવયવો છે, અને એ કારભારીઓ મજકુર ચાર શક્તિઓ છે. પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, તમો એમ સમજો કે આ જે ચાર શક્તિ અને

કુવ્વતનું બયાન થયુ તે નકામુ છે, પણ એમ સમજતા નહીં, કારણ કે મેં આ બયાન કર્યું તે હકીમોની કિતાબોમાં છે તે પ્રમાણે નથી, અને મારી વાતચીત તેઓની વાતો જેવી નથી, કેમકે તેઓએ જે બયાન કરેલ છે તે પોતાની હિકમતની રૂએ શરીરને બીમારીઓથી બચાવવા માટે અને શિફા મળવા માટે જેની જરૂરત પડે છે એ ઢબથી બયાન કરેલ છે, અને અમોએ જે ઢબથી બયાન કરેલ છે તે ઢબ નફસોને ગુમરાહીમાંથી કાઢીને હક રસ્તાની શિફા મળે એ વિશેની જરૂરી બાબતો બયાન કરી છે, માટે મેં જે સાફ અને ચોખ્ખુ બયાન તદબીર અને હિકમતનો દાખલો આપી બયાન કર્યો તેમાં વિચાર કરો કે ઇન્સાનના અંગમાં એ શક્તિ કેવી રીતે ગોઠવવામાં આવી છે ? તેમ જ ચિંતન, વિચાર, અક્કલ અને યાદશક્તિ વિ. કેવી ખૂબીથી ગોઠવેલ છે કે અગર તેમાંથી ફક્ત એક

યાદશક્તિની કુવ્વત ન હોય તો ઇન્સાનની હાલત કેવી થાય ? અને તેના કામ ધંધા અને વેપાર રોજગારમાં કેટલી ખરાબી થાય ? જ્યારે તેને યાદ ન હોય કે તે બીજાઓ પાસે શું માંગે છે, અને બીજાઓ તેની પાસે શું માંગે છે ? શું લીધુ હતું, શું આપ્યું હતું, શું સાંભળ્યુ હતું, શું કહ્યું હતું, તેમજ તેના ઉપર કોણે અહેસાન કર્યો હતો, કોણે બૂરાઈ કરી હતી, કઈ ચીજે ફાયદો પહોંચાડયો હતો, કઈ ચીજથી નુકસાન થયુ હતું, એ તમામ બાબતોમાં અવરોધ કે ખરાબી આવી જાય.

તેમજ અગર યાદશક્તિ ન હોત તો કોઈ રસ્તે ઘણી વખત ચાલે તો પણ તે રસ્તો તેને યાદ રહેત નહીં, તેમજ ઇલ્મ શીખે તો આખી જિંદગી સુધી યાદ રહી શકે નહીં. તેમજ બીજા મઝહબની સામે પોતાની એઅતેકાદ જાહેર કરી શકે નહીં, થઈ ગએલી બાબતનું ધ્યાન ન રહેત, વાંચેલી અને સાંભળેલી બાબતોનું બયાન પણ કરી શકે નહીં.

તો અય મુફઝ્ઝલ, તમો વિચાર કરો કે આ શક્તિઓ ઇન્સાન માટે કેવી મોટી નેઅમત છે ? એ તમામ સિવાય ફક્ત એક જ જુઓ કે જે યાદશક્તિ વિશે મેં બયાન કર્યુ તો તેના કામમાં સેકડો ખરાબીઓ આવી જાય.

પછી આપે ફરમાવ્યું જે પ્રમાણે યાદશક્તિ મોટી નેઅમત છે તે જ પ્રમાણે બીજી નેઅમત ભૂલી જવાની પણ છે કે અગર ભૂલી જવાની શક્તિ ઇન્સાનમાં ન હોત તો કોઈ પણ મુસીબતમાં તેને દિલાસો ન મળત, તેમજ તેના દિલથી કીનો પણ ન જાત, લાંબી મુદ્દત થવાથી, ઇન્સાન મુસીબત, કીનો વિગેરે ભૂલી જાય છે, અગર તે મુસીબતો ભૂલી ન જાત તો કોઈ જાતની મજાનો સ્વાદ મેળવી ન શકત, શું તમો જોતા નથી કે ઇન્સાનમાં યાદ શક્તિ અને ભૂલી જવાની એકબીજાથી વિરૂધ્ધ શક્તિઓ કેવી પૈદા

કરવામાં આવી છે ? અને તે દરેક માટે જુદી જુદી ખાસ મસ્લેહત રાખવામાં આવી છે, તો શું એવી હિકમતની બાબતો કોઈ મહા હિકમતવાળા સિવાય આપોઆપ બની શકે ખરી ?

કેટલાંક ઇન્સાન એવા છે કે દુનિયાની એકબીજાથી વિરૂધ્ધ ચીજોના પૈદા કરનાર બે જણ ઠેરાવે છે, તેઓ કહે છે કે એક પૈદા કરનાર છે તે (બદી) ખરાબી પૈદા કરે છે, અને બીજો ખાલિક છે તે નેકી પૈદા કરે છે, તે સાથે તેઓનું માનવું એમ છે કે જે બદી અને ખરાબીનો પૈદા કરનાર છે તેનાથી બદી અને ખરાબી સિવાય બીજુ કાંઈ થઈ નથી શકતું, પણ અહીંયા તો યાદ શક્તિ અને ભૂલી જવાની બંને શક્તિનો પૈદા કરનાર એક જ છે, અને એક સારી તથા એક ખરાબ બાબત હોવા છતા એ માલિકે તે બંનેમાં ફાયદા રાખેલા છે. તો જો જુદા જુદા પૈદા કરનાર હોય

તો જે ખરાબ ચીજને પૈદા કરનાર હોય તે તેમાં સારો અસર ક્યાંથી આપી શકે ?

# પ્રકરણ - ૨૬
# શરમ, હયા અને વાચા વિશે

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, તમામ સૃષ્ટિમાંના જીવવાળા પ્રાણીઓમાં ઇન્સાનને શરમ અને હયા અતા કરવામાં આવેલ છે, અને એ ચીજ બીજા હૈવાનોને આપવામાં આવેલ નથી, તો એ એવી ચીજ છે કે તેથી ઘણા ફાયદા થાય છે, જો તે ન હોત તો કદી કોઈ મહેમાનની મહેમાનદારી ન કરત, કોઈ પોતાનો વાયદો પૂરો ન કરત, અને કોઈની હાજત કોઈ પૂરી ન કરત, કોઈ નેકી ન મેળવત, તેમજ બદીથી દૂર ન રહેત એટલે સુધી કે ઘણા વાજિબ કામ છે કે તે ઇન્સાન ફક્ત હયા અને શરમના કારણે જ કરે છે, કેમકે જ્યારે કોઈ શરમ અને હયા મૂકી આપે છે તે ન માં-બાપની તાબેદારી કરે છે, ન સગાવ્હાલાઓ સાથે સદવ્યવહાર કરે છે, ન કોઈની અમાનત પાછી આપે છે, તેમજ ન શરમ ઉપજાવે તેવા કામોથી બચે છે, તો જુઓ કે

ઇન્સાનમાં શરમ અને હયા કેવી ઉમદા બાબત રાખવામાં આવી કે તે થકી ઇન્સાન નેકી અને ભલાઈની વાતો બજાવી લાવે છે.

અય મુફઝ્ઝલ, ઇન્સાનને જે બોલવાની શક્તિ આપી છે તે નેઅમત વિશે વિચાર કરો કે તે કેટલી જરૂરી બાબત છે ? કે તે થકી પોતાના દિલની અંદર આવતી વાતો જાહેર કરી શકે છે, જો એ નેઅમત ન હોત તો પ્રાણીઓની માફક પોતાના દિલની વાત બીજાને સમજાવી ન શકત, તેમજ બીજાના દિલની વાત પોતે જાણી ન શકત.

એ જ પ્રમાણે લખવાની આવડત છે કે જે થકી ગુજરેલા જમાનાના અહેવાલ ચાલુ જમાનાવાળાઓ માટે, અને ચાલુ જમાનાના અહેવાલ આવનારા જમાનાવાળા માટે લખવામાં આવે છે કે તેથી તેઓ લાંબી લાંબી મુદ્દતના બની ગએલા બનાવથી વાકેફ

થાય છે. એટલું જ નહીં પણ તે થકી ઇલ્મ, આદાબ વિ.ની કિતાબો હંમેશા બાકી રહે છે, અને તે જ થકી એકબીજાએ કહેલી વાતો અને કરેલા સંમતિ / વાયદાઓ અને હિસાબ વિ. યાદ રહે છે, અગર એ સિફત ન હોત તો વીતી ગએલા યુગની બાબતો તે પછીના જમાનાવાળાને જાણવા ન મળત, એટલું જ નહીં પણ જેઓ પોતાના વતન મૂકી પરદેશ જાય છે તેઓની પણ ખબર ન પડત, અને જાત જાતના જ્ઞાન પણ બાકી અને અસ્તિત્વમાં અને ગતિમાં ન રહેત, અદબ આદાબ અને અખ્લાકની વાતો પણ નાબૂદ થઈ જાત, મતલબ એ કે લોકોના કામોમાં અને દીન દુનિયાની બાબતોમાં મોટી મુશ્કેલી થઈ પડત.

તમે એવું માનશો નહીં કે આ તમામ જરૂરી ચીજોને ઇન્સાને પોતાની અક્કલ અને તદબીરથી મેળવી છે તે કાંઈ ઇન્સાનની તબીયતમાં પહેલેથી પૈદા

થએલ નથી. તેમજ બોલવું, વાત કરવી વિ.ઇન્સાને બુધ્ધિપૂર્વક યોજેલ છે અને તેથી આપસમાં વાતચીત કરે છે અને એકબીજાનો મતલબ સમજે છે અને સમજાવે છે, એ જ કારણથી જુદી જુદી કૌમમાં જુદી જુદી ભાષાઓ છે, તે જ પ્રમાણે લખવાનું પણ જુદી જુદી ભાષામાં જેમકે અરબી, સુરયાની, ઇબરાની અને રૂમી વિ. દરેક ફિરકામાં જુદી જુદી જાતનું છે કે તે (લખાણ) પણ વાતચીતની જેમ બુધ્ધિપૂર્વક યોજનાથી બનાવેલ છે, તો તે વિશે કોઈ એવો એઅતેરાઝ કરે તેમાં ખુદાએ શું કર્યું ? તે તો ઇન્સાનોએ પોતે જ પોતાના પ્રયત્નો કે આવડતથી બનાવી લીધેલ છે, તો તેનો જવાબ એ છે કે અગરચે જુદી જુદી ભાષામાં બોલવાનું, તેમજ લખવા વાંચવાનું છે તે લખવા વાંચવા અને બોલવાના સાધનો ઇન્સાને શોધ્યા છે પણ તે માટેની શક્તિ, બળ અને બુધ્ધિ ઇન્સાનોએ બનાવેલ

નથી. તે ખુદાએ તઆલાની બક્ષિશ છે. કેમકે અક્કલ તેમજ જીભ થકી એ બાબતો બને છે, અગર જીભ આપવામાં આવી ન હોત અથવા જીભમાં બોલવાની શક્તિ તેમજ જોઈએ તેવા ઉચ્ચારો કાઢી શક્વાની તાક્ત આપી ન હોત તો કેવી રીતે બોલી શકત ? તેમજ અક્કલ અને સમજ આપી ન હોત તો એ તદબીરો ક્યાંથી શોધી કાઢત ? અને હથેળી અને આંગળીઓ આપી ન હોત તો કેવી રીતે લખી શકત ? તો એ વિશે હૈવાનોનો દાખલો લ્યો કે જેઓને ન બોલવાની શક્તિ છે, ન લખવાની તાક્ત છે, કેમકે તેઓને એવા શક્તિશાળી હથિયાર આપવામાં આવ્યા નથી, તો સાબિત થયું કે એ બાબતો પણ ખુદાએ તઆલા તરફથી હિકમત અને મસલેહતથી ભરેલી બક્ષિશ થએલી છે, તો જે કોઈ એ નેઅમતનો શુક્ર અદા કરશે તેને સવાબ મળશે, અને જે એ નેમઅતનો શુક્ર ન

કરતાં કુફ્રપણું કરશે તો ખુદાએ તઆલા એ બાબતથી બેપરવા છે કે તેને કોઈ શુક્ર કરે તેની જરૂર નથી.

# પ્રકરણ - ૨૭

# ઇલ્મ અને સમજણ

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, એ ચીજો વિશે વિચાર કરો કે જેનું ઇલ્મ ખુદાએ ઇન્સાનને આપેલ છે, અને જેનું ઇલ્મ આપેલ નથી, જે જે બાબતમાં દીન અને દુનિયાની ભલાઈ છે તેની સમજ તેને આપવામાં આવી છે, જેમકે તમામ લોકો સાથે ન્યાય પૂર્વકનો વ્યવહાર કરવો, માં-બાપની સાથે નેકી કરવી, અમાનત અદા કરવી, મોહતાજોની મદદ કરવી વિ. વિ. કે જે વાજિબ તેમજ ઉત્તમ કામો છે તેની સમજ દરેક ઇન્સાનને ખુદાએ આપી છે, તેમજ દુનિયાની ભલાઈના સાધનોની સમજ તેને આપવામાં આવી છે, જેમકે ખેતી વાડી કરવી, ઢોર ઢાંખર ભેગા કરવા, જડીબુટ્ટીને ઓળખવી કે જેથી બીમારીઓ દૂર થાય છે, ખાણમાંથી કિંમતી ચીજો હીરા વિ. કાઢવા, દરિયામાં

ડુબકી મારી મોતી વિ. કાઢવા વિ. વિ. તદબીરો અને વેપાર ધંધાની તેમજ કારીગરીની ખૂબીઓ શોધી કાઢવી એ તમામ અક્કલ તેણે આપેલી છે. તો મતલબ એ કે ઇન્સાનને તેના બંને જહાનની ભલાઈની બાબતોની સમજ આપવામાં આવી છે, એ સિવાય જે બાબતોનું જાણવું તેની સમજશક્તિથી બહાર છે. તેના માટે તેની જરૂરત નથી તેનું ઇલ્મ આપવામાં આવ્યું નથી, જેમકે ગૈબની વાત, તેમજ ભવિષ્યની વાત, તેમજ આગળ થઈ ગએલી બાબતો, જેમકે આસમાન ઉપર અને જમીનની નીચે શું થયું. તેમજ લોકોના દિલની વાત જાણવાનું ઇલ્મ ઇન્સાનને આપવામાં આવ્યું નથી. અને એમ હોવા છતાં જેઓએ એ બાબતો જાણવાનો દાવો કર્યો તેઓનો દાવો તેઓએ કહેલી બાબતોથી ખોટો જાહેર થવાથી દાવો બાતિલ થઈ ગયો.

અય મુફઝ્ઝલ, વિચારો કે ઇન્સાનને જરૂરી બાબતોનું ઇલ્મ આપેલું છે ? અને જે બાબતોની ઇન્સાનને જરૂરત નથી તેનું ઇલ્મ આપ્યું નથી, કે તેથી તેને પોતાની અશક્તિ અને અજ્ઞાનતાની જાણ થઈ જાય કે માણસ બધી વાતમાં લાચાર છે અને જો એમ ન કરતે અને સંપૂર્ણ ઇલ્મ તેને આપત તો અભિમાની અને અહંકારી થઈ જાત, તે પણ તે માલિકની ખાસ મસલેહત છે. જો ગૈબની વાતો જાણત તો ક્યાંનો ક્યાંય પહોંચવા માંગત અને મગરૂરીની હદ ન રહેત, આ નજીવા ઇલ્મથી જ ઇન્સાનની મગરૂરી બહુ જ વધી ગઈ છે. અને અયોગ્ય વાતો કરે છે તો જો ગૈબી ભેદ અને છુપી બાબતો જાણત તો પોતાને જ ખુદા કહેવરાવત, અને જ્યારે એવી રીતે અધુરો અને લાચાર છે ત્યારે તેને પૈદા કરનારને ઓળખવાનું સાધન રહે છે કે તે સમજે કે મને બનાવનાર અને મારી ઉપર (બીમારી મૌત વગેરે)નો કાબૂ ધરાવનાર કોણ છે.

પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, હવે એ બાબત જાણો કે ખુદાએ ઇન્સાનને તેની જિંદગીની ઉમર કેટલી નક્કી કરવામાં આવી છે તેનું ઇલ્મ શા માટે આપ્યું નથી ? તેની ઉમર કેટલી છે અને કેટલું જીવશે તે જાણવાથી વંચિત રાખ્યો છે. તેમાં પણ તે મા'બૂદની ભારે મસલેહત અને ભેદ એ છે કે ઇન્સાનને તેની જિંદગીની મુદ્દતની ખબર હોય અને જેની જિંદગી બહુ જ ટૂંકી હોય તેને એટલી મુદ્દત જીવવું ભારે થઈ પડે એ જિંદગી કડવી ઝેર થઈ જાય, કેમકે તે તો એ જ વિચાર અને ખ્યાલમાં રહ્યા કરે કે હવે આટલી મુદ્દત બાકી રહી, હવે થોડા દિવસ છે. એ જ હાય વોયમાં ગિરફતાર રહેત અને એવો બાવરો બની જાય કે જેમ કોઈનો માલ ચાલ્યો ગયો હોય મુફલિસ અને ગરીબ થઈ ગયો હોય અને તે ગએલા માલ માટે અફસોસ કરે

તેથી પણ વધારે આ ટૂંકી જિંદગી માટે અફસોસ અને બેચૈન રહ્યા કરત, કેમકે માલ દૌલત તો ફરીને મળવાની આશા પણ રહે છે, અને આમાં આશા તદ્દન તૂટી જાય છે, અને જો લાંબી જિંદગી હોય અને તેની ખબર પડે તો પણ તે એકદમ ખરાબ કૃત્ય અને ગુનાહના કામ કરવામાં વધારો કરી દેત અને કહેત કે હજુ ઘણી મુદ્દત બાકી છે. માટે હાલ તો મોજ મજા કરી લઈએ. જ્યારે મરવાના દિવસો નજીક આવશે ત્યારે તૌબા કરી લેશું. સારા કામ કરીશું. તો ખુદાએ તઆલાએ જિંદગીની મુદ્દતને છુપી રાખી કે તે હંમેશા મરવાને નજીક સમજી નેક કામ કર્યા કરે, આખેરતની તૈયારી કરે, અને મરવાની ચોક્કસ મુદ્દત ખબર ન હોવાથી જિંદગી કડવી પણ ન થઈ પડે, અને કોઈ એમ સવાલ કરે કે એવો પણ નિયમ છે કે કોઈ આખી ઉમર

ગુનાહ કરે અને પછી તૌબા કરે તો ખુદા માફ કરે છે. તો આમાં શું વાંધો હતો કે લાંબી જિંદગીની ખબર હોત તો પહેલાં ગુનાહ કરી લીએ અને મરવાને થોડી મુદ્દત બાકી રહે ત્યારે તૌબા કરે, તો જાણવું કે એ પ્રમાણે કરવાથી ખુદા રાજી નથી, કેમકે તે જાણી, વિચારી અને સમજીને ગુનાહ કર્યા કહેવાય, અને જો એ ખબર ન હોય તો તે ગફલતથી થયા ગણાય, ઉપરાંત બીજી બાબત એ છે કે તે છેલ્લા દિવસમાં તૌબા કરી શક્વાની ખાત્રી પણ નથી. કેમકે જ્યારે લાંબી મુદ્દતથી મોજ મજા કરતો હોય તેને ઓચીંતી છોડી દેવી બહુ જ ભારે થઈ પડે, અને પછી ઝઈફીમાં એવી શક્તિ અને કુવ્વત પણ ક્યાંથી હોય કે તૌબાની તકલીફ ઉપાડી શકે, ઇબાદતની મુશ્કેલીઓ સહન કરી શકે અને છોડી દીધેલી બાબત અદા કરવાની ફુરસત પણ ક્યાંથી મળે

? કોઈનું કરજ હોય અને માલ ચાલ્યો જાય પછી ક્યાંથી આપે ?

જો કોઈ એનો વિરોધ કરે કે મરવાની ખબર નથી છતાં કેટલાંક લોકો હરામ કામ કર્યા કરે છે. ગુનાહમાં ફસાય છે. તો તે ખબર પડવી ન પડવી તેમાં કાંઈ ફરક રહ્યો નહીં, તો તેનો જવાબ એ છે કે ખુદાએ હિકમત અને તદબીરથી ઇન્સાનના હકમાં જે વાત બહેતરમાં બહેતર હતી તે મુકર્રર કરી અને તેને તેના માટે શક્તિ આપી,પછી તે મુજબ ન ચાલે તો તેની જવાબદારી તેના ઉપર છે, જેમકે કોઈ ડોકટર બીમારને માટે દવા બતાવે, તેના માટે જે જે ચીજની પહરેઝ જરૂર હોય તે બતાવે છતાં તે બીમાર પરહેઝ રાખે નહીં, તો તેમાં હકીમનો વાંક નથી, પરંતુ તેમાં તે બીમારની ભલાઈ છે, અને બીમાર જાણી જોઈને ઊંધા માર્ગે ચાલીને હલાક્તમાં ફસાય છે તેથી હકીમ શું કરે ? સારાંશ એ કે ઇન્સાન માટે જિંદગીની મુદ્દતની ખબર

ન હોવી બહેતર અને પસંદ કરવા લાયક છે, જો કે કેટલાંક તેનો લાભ લઈ નેકી નથી કરતાં પણ બદી ક્યાઁ કરે છે, પણ કેટલાંક તો અચાનક મૌત આવશે તેવા ખ્યાલથી નેક કામ ક્યાઁ કરે છે અને ખરાબ કામોથી બચતા રહે છે, અને નિશ્ચિત મુદ્દતની ખબર હોવાથી જે નુકસાન ઉપર બયાન થયા તેથી બચે છે.

# પ્રકરણ - ૨૮
# સ્વપ્ના વિશે

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, સ્વપના વિશે વિચારો કેવી કેવી મસ્લેહત સમાએલી છે, સ્વપ્નામાં પણ બે પ્રકાર છે, ખોટા અને સાચા. અને એ બંનેને ભેળવી દીધા છે, જો તમામ સ્વપ્ના સાચા થાત તો તમામ લોકો નબી થઈ જાત અને ઇન્સાનને પરીક્ષા માટે પૈદા કરવામાં આવ્યો છે તે હેતુ પૂરો ન થાત અને તમામ સ્વપ્ના ખોટા હોત તો તેમાં કાંઈ પણ ફાયદો ન હતો. તદ્દન એ બાબત નક્કામી ગણાય, કેટલાંક સાચા પડવાનું કારણ એ છે કે તેના ઉપર કાંઈ આધાર રાખીને પોતાના ફાયદા અને નુકસાનની બાબતને જાણે, અને ખોટા એટલા માટે પડે છે કે ઇન્સાન તમામ સ્વપ્ના ઉપર ભરોસો અને તેના ઉપર પૂરો આધાર રાખે નહીં, અને મગરૂર ન થાય કે અમો સ્વપ્નમાં જોશુ તે જ થશે, અને એવું થાત તો પછી ખુદા પાસે દુઆ

માગવી વિ. થી બેપરવા થઈ જાત, તો આ તમામ ચીજોની ઇન્સાનને જરૂરત છે, તેથી ખુદાએ બનાવેલ છે.

# પ્રકરણ - ૨૯

## કોઈ વસ્તુ નકામી ન હોવા વિશે

અય મુફઝ્ઝલ, ખુદાએ કોઈ વસ્તુ નકામી પૈદા નથી કરી. દરેક ચીજને કોઈ હેતુસર બનાવેલ છે, માટીથી મકાન વિ. બને છે. લોખંડથી હથિયાર બને છે. લાકડાથી વહાણ બને છે. પથ્થરથી ઘંટી વિ. બને છે. તાંબુ વાસણ બનાવવા ઉપરાંત જરૂરી ચીજ વસ્તુઓના ઉપયોગમાં આવે છે, સોનું, રૂપું લેણદેણ કારોબાર ચલાવવા અને સ્ત્રીઓના ઘરેણા માટે છે. હીરા જવાહેરાત કિમતી માલ રાખવા માટે છે. ઢોર ઢાંખર, પંખીઓ, મેવા વિ. વિ. તમામ ચીજો છે કે જેની ગણતરી થઈ શકે તેમ નથી. તો કોઈ શખ્સ એક ઘરમાં જાય ત્યાં જુવે કે રાચ રચીલા વાસણો વિ. ઘરની તમામ કામની વસ્તુઓ તેમાં રાખેલી છે તો એ ચીજોને જોનાર શું એમ જ સમજશે કે આ વસ્તુઓ આપોઆપ આ ઠેકાણે ભેગી થઈ છે ? ના કદી નહીં, કોઈ

અક્કલમંદ એમ તો માનશે જ નહીં, પરંતુ કહેશે કે આ ઘરના માલિકે આ મકાનમાં જોઈતી તમામ ચીજો હિકમત અને મસ્લેહત મુજબ ભેગી કરી છે. જો આ ઘર અને તેની અંદરની તમામ જરૂરી ચીજો મસ્લેહત મુજબ ભેગી કરી છે. તો આ દુનિયા અને તેની અંદરની તમામ જરૂરી ચીજોને જોઈને શું એમ કહેશે કે આ તમામ આપોઆપ થઈ ગઈ છે ? ના એમ તો નહીં કહે, પરંતુ જરૂર કહેશે કે આને બનાવનાર સંપૂર્ણ કુદરતવાળો બુધ્ધિમાન છે.

અય મુફઝ્ઝલ, ઇન્સાન માટે અહીં એવી ચીજો બનાવી છે તે વિશે વિચારો અને નસીહત તથા શીખામણ લો તેમાં શું શું હિકમત છે તે વિશે ચિંતન કરો, ઇન્સાનને ખાવા માટે અનાજ બનાવ્યું, પણ તે પેટમાં નાખવા તેને દળવા, પકાવવાની તકલીફ આપી છે, પહેરવા ઊન અને રૂ પૈદા કર્યું પણ પહેરવા લાયક બનાવવા વણવાની તકલીફ આપી છે, ઝાડ મેવા

ઇન્સાન માટે પૈદા કર્યા, પણ વાવવા, પાણી પીવરાવવા વિ.ની તેને તકલીફ આપી છે. બીમારોના ઇલાજ માટે જડીબુટ્ટી  તેણે પૈદા કરી છે પણ તેને લાવવી, મેળવવી, કુટવી, અને વાટવાની તકલીફ આપેલી છે.

આ તમામ ચીજો ખુદાએ બહુ જ ઉપયોગી અને કિંમતી બનાવેલ છે અને તેને મામુલી વસ્તુ ન સમજે માટે ઇન્સાનને તકલીફ આપી. તેમાં પણ ખાસ મસ્લેહત છે, જે અલ્લાહે જમીનમાંથી અનાજ ઉગાડયું તો શું દળાએલું ઉગાડવાની શક્તિ ન હતી ? પણ જે બંદાથી થઈ જ ન શકે તે તો ખુદાએ કરી આપ્યું. હવે તેનાથી જે થઈ શકે અને જે કરવા માટે તેને અક્કલ અને કુવ્વત આપી તે કાર્ય એટલા માટે તેના ઉપર રાખ્યું કે જો એ કાર્યો ન કરે અને તમામ ચીજો કાંઈ પણ મહેનત કે તકલીફ વિના આપોઆપ થઈ જાત તો ઇન્સાનના અહંકાર અને ઘમંડનો પાર ન રહેત, અને એવી જરા પણ મહેનત કે તકલીફ પડયા વીનાની

વસ્તુમાં કાંઈ પણ મજા કે લઝઝત ન મળત, તેમ તેની કાંઈ કદર પણ ન થાત, અને તેથી ખુશી પણ ન થાત, ઇન્સાનને કાંઈપણ કામ હોય તો જ તેની તબીયત સારી રહે છે, અક્કલ યોગ્ય માર્ગે રહે છે અને તમામ બાબત વ્યવસ્થિત થાય છે. અગર કામ ધંધો ન હોત અને બેકાર હોત તો કાંઈનું કાંઈ ઊંધું ચીતુ કરત, કહેવત છે કે (નવરો નખોદ વાળે) મતલબ એ કે ઇન્સાન માટે જે જે બાબત યોગ્ય હતી તેને જ બનાવી.

# પ્રકરણ - 30
# ખાવા પીવા વિશે

અય મુફઝ્ઝલ, ઇન્સાનોની જિંદગીનો આધાર ખોરાક, હવા અને પાણી ઉપર છે, તેમાં ઘણી તદબીરો રાખેલી છે. ઇન્સાનને ખાવા કરતાં પાણી અને હવાની વધારે જરૂરત હોય છે. કેમકે ઇન્સાન તરસ કરતાં ભૂખને વધારે સહન કરી શકે છે, ખોરાક કરતાં પાણીનો વધારે મોહતાજ,અને પાણી કરતા હવાનો વધારે મોહતાજ છે, પીવા ઉપરાંત રાંધવા, નહાવા, ધોવા, વુઝુ કરવા પાણી જરૂરી છે, તેમજ ઢોર ઢાંખર અને ખેતીવાડી માટે પણ હવા અને પાણી જ જુવે છે, તેથી ખુદાએ બહુ જ જરૂરત વાળી ચીજને એકદમ મફત કરી આપી કે તેના માટે કાંઈ પણ દેવુ પડે નહીં, અને તે એટલા માટે કે વારંવાર એ ચીજને તે મેળવવા વધારે તકલીફમાં ન પડે અને તેમાં જ ગૂંથાએલો ન રહે તેથી એ મુજબ મસ્લેહત કરી કે એકદમ બોહળું અને પુષ્કળ

કરી આપ્યું. એને ખાણાની જરૂરત ખરી પણ પાણીથી બહુ જ ઓછી તેથી તેને મેળવવા મહેનત મુકર્રર કરી કે તે તદ્દન નકામો અને આળસુ ન થઈ જાય, અને સમાજમાં ખરાબી ન કરે, શું તમોને ખબર નથી કે નાના બચ્ચાને રખડવા ન દેતાં મોઅલ્લિમને ત્યાં મોકલે છે ? જો નવરો રહે તો ભાંગ તોડ અને તોફાન મસ્તી કર્યા કરે, તેમ ઇન્સાન જો બિલ્કુલ નવરો રહેત તો ઘણી ખરાબીમાં ગિરફતાર થઈ જાત.

# પ્રકરણ - ૩૧
# ઇન્સાન એક સરખા ચહેરાવાળા કેમ નથી હોતા ?

આપે ફરમાવ્યું કે એક શખ્સ બીજા શખ્સની જેમ એક જેવા ચહેરાવાળા કેમ જોવા મળતા નથી ? જેમકે આપણા જોવામાં હરણ વિ. એક્સરખા લાગે છે તેમ ઇન્સાન એક સરખા દેખાતા નથી. તેનું કારણ એ છે કે એક બીજા ઓળખાઈ ન શકે તેવા એક્સરખા ચહેરાવાળા હોય તો ઘણી મુશ્કેલી ઊભી થાય. બે જણના, એક જ સરખા બે છોકરા ભેગા થઈ જાય તો ખબર ન પડે કે કયો છોકરો કોનો છે ? તેમજ ઈનામ આપવાનું હોય કે સજા કરવાની હોય તો એકને બદલે બીજાને ઈનામ કે સજા અપાઈ જાય, તો એવી બારીકીથી એવી ખૂબીઓ કોણે ગોઠવી ? આવી બારીકી અને યુક્તિ વિશે દિલમાં પણ ખયાલ આવે નહીં,

ખરેખર આવી બારીકી તેણે જ બનાવી કે જેની રહેમત તમામ ઉપર ફેલાએલી છે, શું નેચર અને તબીયતમાં એવી સમજ અને શક્તિ છે ? કે એવી નાજુક બાબતને સમજે અને પછી તેને યોગ્ય રીતે ગોઠવે , એટલું જ નહીં, પણ કેવી બાબતની જરૂરત પડશે અને કેમ અને કેવી તરકીબ કરે તો બધું સહેલાઈથી થશે તેની તેને શું ખબર ? એવા ખયાલથી તૌબા કરો.

અય મુફઝ્ઝલ, જો તમે ભીંત ઉપર કોઈ ચિત્ર દોરેલું જુઓ અને કોઈ કહે કે આ ચિત્ર તેની મેળે આપોઆપ બની ગયું છે, તેને કોઈએ બનાવેલ નથી. તો તમે એ વાતને સાચી માનશો ? નહીં, ક્યારેય નહીં માનો. બલકે તમે તેની એ વાત સાંભળીને હસશો અને એમ કહેશો કે એવું કદી બને જ નહીં, અને તે શક્ય જ નથી. જ્યારે આપણે એક નિર્જીવ ચિત્રને તેની મેળે આપોઆપ (રંગ કે શાહી વગર) બની ગએલું માનતા

નથી તો પછી ઇન્સાન જે જીવતો જાગતો, બોલતો - ચાલતો (જાહેર અને આંતિરક અનેક અજબ - ગજબની શક્તિઓ ધરાવનારો) છે, તેને આપોઆપ બની ગએલો કઈ રીતે માનો છો ?

જાનદાર (ઇન્સાન, પ્રાણીઓ, પશુ - પંખીઓ) ખાઈ - પીવે છે, તેના શરીરના અવયવો વધતા જાય છે અને તે અમુક (નિશ્ચિત) પ્રમાણમાં વધ્યા પછી આગળ કેમ વધતા નથી જો કે તેને ખોરાક અને પાણી તો નિયમીત મળતું જ રહે છે. શું આમાં કોઈ હિકમત સમાએલી નથી ? અલબત્ત આમાં હિકમત સમાએલી છે. જો તેના શરીરના અવયવો હંમેશા વધતા જ રહે તો તેની લંબાઈ એટલી બધી વધારે વધી જાય કે જેના કારણે ઘણી ખરાબીઓ ઉત્પન્ન થાય. તે હિકમત વાળાએ દરેક બાબતો તેની મસ્લેહત અને હિકમતથી પૈદા કરી છે. તેણે ઇન્સાનને જેટલી જરૂરત હતી તેટલી જ તકલીફ આપી છે. જો તે જરા પણ તકલીફ ન

આપત, તો તેણે આપેલ નેઅમતની કોઈ કદ્ર ન થાત, તેમજ શરીરમાં દર્દ, બીમારી વગેરે ન આપત તો લોકો ખરાબ કામોથી ન બચત અને અલ્લાહ તઆલાની સામે ઝૂકત પણ નહીં લોકો સાથે મહેરબાની ભર્યું વર્તન પણ ન કરત. શું તમે એ નથી જોતા કે જ્યારે કોઈને ઈજાને કારણે દર્દ થાય છે ત્યારે તે ખુદા પાસે આજીઝી અને નમ્રતા સાથે દુઆ કરે છે અને સદકો ખયરાત પણ કરે છે.

ઇન્સાનના અંગને કાંઈ પણ લાગે તો તકલીફ અને ઈજા થાય છે, તેમાં પણ મસ્લેહત છે કે અગર કોઈ લુચ્ચો બદમાશ માણસ કાંઈ ગુનાહનું કામ કરે તો બાદશાહ તેને શિક્ષા કરી શકે, અને લાગતે નહીં તો ઈજા ન થાત તો કેવી રીતે સજા કરી શકત ? તેમજ નાના બચ્ચા ઇલ્મ અને હુન્નર કેવી રીતે શીખત ? આ ખિદમતગારો પોતાના માલિકનો હુકમ કેવી રીતે માનત ? જાનદારોમાં નર અને માદા બે પૈદા કર્યા છે,

જો ફક્ત નર અથવા માદા પૈદા થાત તો તેની વંશવૃધ્ધિ ન થાત અને ટૂંક મુદ્દતમાં નાશ થઈ જાત, તેથી નર અને માદા બંને પૈદા થાય છે, અને મર્દ અને ઔરત ઉમર લાયક થાય છે ત્યારે મર્દને દાઢી ઉગે છે અને ઔરતને ઉગતી નથી. તેનું શું કારણ છે ? અને તેમાં શું મસ્લેહત છે ? તો તે વિશે જાણવું કે પરવરદીગારે મરદને સત્તાધિશ અને ઔરતને તાબેદાર બનાવી છે, તેની જીવનસંગીની તરીકે છે તેથી મરદને દાઢી આપી કે તેનો રોઆબ અને પ્રભાવ રહે, અને ઔરતને ન આપી કે તેથી ચહેરો ખુબસૂરત અને પ્યારો રહે, (તેથી મર્દ તેણીને ચાહ્યા કરે, નફરત થાય નહીં) તો તે માલિકે બનાવેલી બાબત કેવી કેવી હિકમત ભરેલી છે ? તેમાં કોઈ પણ ખામી દેખાય છે ? નહીં બિલ્કુલ નહીં, જે ચીજની જેને જેટલી જરૂરત તેટલીજ બનાવી અને આપી છે અને જેની જરૂરત નથી તે ન આપી, જેમકે ઉપરની જ બાબત કે મરદ માટે દાઢીની

જરૂરત હતી તો આપી અને ઔરત માટે જરૂરત ન હતી તો ન આપી.

મુફઝ્ઝલ કહે છે કે અહીં સુધી વાત થઈ ત્યાં ઝોહરની નમાઝનો સમય થયો તેથી આકા નમાઝ પડવા માટે ઊભા થયા અને ફરમાવ્યું કે આવતી કાલે સવારે ઇન્શાઅલ્લાહ મારી પાસે આવજો. હું હઝરત પાસેથી એવી માઅરેફતની વાતો સાંભળીને બહુ જ ખુશ થતો થતો પાછો ગયો, અને મારા આકાએ એવી એવી નેઅમતો આપી તેથી આખી રાત બહુ જ ખુશીમાં પસાર થઈ.

# પ્રકરણ - ૩૨

# બીજી બેઠકમાં ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવેલી બાબતો

મુફઝ્ઝલ કહે છે કે જ્યારે સવાર થઈ ત્યારે હું મારા આકાની ખિદમતમાં ગયો. આપે ફરમાવ્યું તેના જ માટે તમામ વખાણ અને તારીફ છે કે જે ઝમાનાને ગતિમાં રાખનાર અને તેની તદબીર કરનાર છે, અને દુનિયાના ક્રમને એક દરજા પછી બીજા દરજામાં, અને એક દુનિયા પછી બીજી દુનિયા (આખેરત) ને બનાવનાર છે કે તેથી નેક લોકોને નેકીનો અને ખરાબ લોકોને તેમની બૂરાઈનો બદલો આપે. કેમકે તે આદિલ છે, તે ઇન્સાન ઉપર જરા પણ ઝુલ્મ કરતો નથી, પણ ઇન્સાન પોતે જ પોતાના નફસ ઉપર ઝુલ્મ કરે છે, અને તે વિશે ખુદાએ પોતે જ કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે હું કોઈ ઉપર રજકણ (ઝર્રા) બરાબર

ઝુલ્મ કરતો નથી, પણ ઇન્સાન પોતેજ પોતાના નફસ ઉપર ઝુલ્મ કરે છે, અને તે વિશે પણ ખુદા ફરમાવે છે કે જે કોઈ એક રજકણની બરાબર બદી કરશે તો તે તેનો બદલો પામશે. એ જ પ્રમાણે તેની કિતાબ (કુરઆને શરીફ)માં બીજી આયતો પણ છે કે જેમાં તમામ ચીજોની વિગત અને ખુલાસા આપવામાં આવેલ છે. તેની આગળ કે પાછળ જૂઠ આવી શકતું નથી તે હકીમ તારીફ થએલાએ મોકલેલી કિતાબ છે, અને તેથી જ સૈયદે આલમ મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું છે કે એ તમારા આ'માલ તમોને જ પાછા આપવામાં આવશે, (એટલે તમારા આ'માલથી ખુદાને કોઈ પણ ફાયદો નહીં મળે, તેનો નફો નુકસાન તમોને જ મળશે.)

પછી ઇમામ અલય્હિસ્સલામએ થોડીક વાર માથું નમાવીને ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, આ માનવજાત દુ:ખી અને માર્ગથી ભટકેલી છે, આંધળી છે,

દીવાની છે. પોતાના અવળા મતમાં ચાલે છે, પોતાના શૈતાન અને ભમાવનારાઓની પૈરવી કરે છે, તેઓ છતી આંખે આંધળા છે. કાંઈ જોઈ શકતા નથી. તેમજ છતી જીભે મૂંગા છે, કાંઈ સમજતા નથી, તેમજ છતાં કાને બહેરા છે, કાંઈ સાંભળતા નથી, પોતાની પડતીમાં જ ખુશ છે, તેઓ એમ માને છે કે અમો હિદાયત પામ્યા છીએ પણ તેઓ અક્કલવાળાઓના દરજાથી વિમુખ થએલા ગંદા અને નજિસ લોકોનો ચારો ચરે છે. (એટલે વાહિયાત માણસો જેમ ભમાવે તેમ ભમે છે અને કહે છે કે ખુદા તો છે જ નહીં, આલમની તમામ ચીજો આપોઆપ થઈ ગઈ છે.) જાણે તેઓ અચાનક મૌત આવવાથી નિર્ભય છે, અને બદલો મળવાનો જ નથી, અફસોસ કેટલા દરજે બદબખ્ત છે ? તેઓની મુસીબત કેટલી લાંબી અને તેઓ કેવી સખત બલા ભોગવશે ? જે દિવસે (કયામતમાં) કોઈ દોસ્ત કોઈ દોસ્તને કાંઈ ફાયદો પહોંચાડી નહીં શકે, તે દિવસે જેમના ઉપર

અલ્લાહ રહેમ કરે તે સિવાયના કોઈની મદદ કરવામાં નહીં આવે.

મુફઝ્ઝલ આ સાંભળી રડવા લાગ્યા. આપે ફરમાવ્યું : તું રડ નહીં, કેમકે તેં હકને સ્વીકારી લીધુ છે. તેથી (ગુમરાહ થવાથી) બચી ગયો અને નજાત પામ્યો કે તેં માઅરેફત (અલ્લાહની ઓળખ) હાસિલ કરી લીધી.

# પ્રકરણ - 33
# પ્રાણીઓ વિશે

આપે ફરમાવ્યું : કે હું તમોને હવે પ્રાણીઓ વિશેની વિગત જણાવું કે જેવી રીતે બીજાઓના હાલથી વાકેફ થયા તેવી જ રીતે તેઓના વિશે જણાવું.

પ્રાણીઓના સર્જન ઉપર વિચાર કરો કે તેઓને પથ્થર જેવા સખત એટલા માટે બનાવ્યા નથી કે તેઓનું અંગ વળી શકે, જો એમ ન હોત તો વળી ન શકત અને કામ કરી ન શકત, તેમજ એકદમ નરમ અને પોચા પણ બનાવ્યા નહીં, કેમકે જો પોચા હોત તો ઊભા રહી ન શકત તેમજ ભાર ઉપાડી ન શક્ત, તો એવા એવા કારણથી વચલા દરજાના બનાવ્યા, તેઓમાં માંસ રાખ્યું, તેને સખત હાડકાથી મજબૂત કર્યા, જાડા આવરણ રાખ્યા, એકબીજા સાંધા મેળવ્યા કે વળી શકે, ઉપર ચામડું પહેરાવ્યું કે તેમાં તમામ અંગ ઢંકાએલું રહે.

લોકો જ્યારે લાકડાના પૂતળા બનાવે છે, તેના ઉપર દોરા અને સોય થકી કપડું સીવે છે, પછી પૂતળું ઊભું કરીને તેના ઉપર રંગ કરી ખૂબસુરત કરે છે, તો કોઈ એને કહે કે આપોઆપ તૈયાર થયું છે.તો કોઈ કબૂલ નહીં કરે, એ છતાં કે તેમાં હાલવા, ચાલવા, ફરવા, બોલવાની કંઈ પણ શક્તિ નથી, તો નજીવી ચીજને તો કોઈએ બનાવ્યા વિના બની હોય તે સ્વીકારતા નથી. આ હાડકા, ચામડા અને માંસથી બનેલા હૈવાન કે જેમાં જીવ છે, શક્તિ છે, હરે ફરે છે, તેને કેમ કહો છો કે આપોઆપ બનેલા છે ? જ્યારે એ પૂતળા આપોઆપ બની શકે નહીં ત્યારે આ પ્રાણીઓ તો કોઈ રીતે આપોઆપ થઈ બનવાના જ નથી.

પ્રાણીઓને આંખ કાન વિ.એટલા માટે આપેલા છે કે ઇન્સાન તેઓથી પોતાની જરૂરીયાતો જેમકે મુસાફરીમાં, ખેતી કામમાં ઉપયોગ કરી શકે. તેઓ પણ પોતાના કામ કરી શકે, અગર આંખ કાન આપવામાં ન

આવત તો ઇન્સાન તેઓથી પોતાની ઇચ્છા પૂરી કરી ન શક્ત, ઇન્સાન જેવી ઊંડી સમજશક્તિ અને અક્કલ તેઓને આપવામાં આવી નથી. તેમાં પણ તે માલિકની ખાસ મસ્લેહત છે, અને તે એ કે જો ઇન્સાન જેવી તેને અક્કલ હોય તો તે ઇન્સાનની તાબેદારી કરે જ નહીં, ઇન્સાનને કામ આવે જ નહીં, જ્યારે અક્કલ નથી ત્યારે ઇન્સાનનો ભાર ઉપાડે અને તેઓને તાબે રહે છે.

જો આ બાબતમાં કોઈ એવો એઅતેરાઝ કરે કે ગુલામોને અક્કલ સમજ બધું જ છે છતાં તે બીજાઓની તાબેદારી કરે છે, કામ કરે છે, ભાર ઉપાડે છે તો જો હૈવાનોમાં પણ અક્કલ હોત તો તેઓ પણ ગુલામની જેમ કામ કરત, તો તેનો જવાબ એ છે કે ગુલામો ઘણે ભાગે કોઈ ખુશીથી કામ કર્યા કરતાં નથી, ઉપરાંત કોઈના ઉશ્કેરવાથી ઉશ્કેરાય છે અને કામ કરતાં નથી, તોફાન કરે છે, તો પ્રાણીઓને અક્કલ આપત તો તેઓ પણ એમ જ કરત, અને એક પ્રાણી જે કામ કરે છે તે

દસ માણસથી પણ વધારે કામ કરી આપે છે, અને તેથી ઇન્સાનને બીજા કામો કરવાની ફુરસત પણ રહે છે, અને તકલીફ પણ ઉપાડવી નથી પડતી, મતલબ એ કે પ્રાણીઓને અક્કલ અને સમજ વિનાના પૈદા કર્યાં કે તેથી તેઓ ઇન્સાનના મદદગાર થાય અને ભારે ભારે બોજ ઊંચક્વા વિ. ના કામ કરી આપે.

હવે પ્રાણીઓને એક જેવા જ જેમ ઇન્સાન છે તેમ ન કરતાં જુદી જુદી રીતના પૈદા કર્યાં છે. તેમાં પણ મસ્લેહત સમાએલી છે, ઇન્સાનને ચણવું, સીવવું, ઘડવું વિ. કામ કરવાની જરૂરત પડે તેથી તેઓ માટે પહોળી હથેળી બનાવીને આંગળીઓ સાંધા વાળી બનાવી કે તેનાથી હથિયાર પકડી શકે. માંસાહારી પ્રાણીનો ખોરાક માંસનો હોય તેથી તેઓની બનાવટ જુદી જ રીતની કરી, તેને દાંત સખત પંજા, પંજામાં લાંબા નખ, પહોળા મોઢા અને હથેળી વળી શકે તેવી બનાવી કે તેથી શિકારને પકડી શકે, પણ તેનાથી

વણવા ઘડવાનું કામ થઈ શકે નહીં અને તેને તેની જરૂરત જ ન હતી.

શાકાહરી, પાંદડા અને ઘાસ ખાનારા પ્રાણીઓને નખ અને પંજા આપ્યા નહીં, પરંતુ ખરી અને ડાબલા બનાવ્યા. કેમકે તેઓને શિકારની જરૂરત નથી, અને જમીન ઉપર ચાલવાથી ઈજા થાય નહીં, અને બરાબર ચાલી શકે, અને જે પંખીઓ શિકાર કરીને ખાય છે તેઓ માટે પણ નખવાળા પંજા બનાવ્યા, તો જે પ્રાણી ઘાસ વિ. ખાય છે તેઓને શિકારી પંજા અને નખ આપત તો નકામા હતા, અને માંસ ખાનારા હૈવાનોને ખરી આપી હોત તો તે નકામી થઈ જાત અને શિકાર કરી ન શક્ત, તો એ દરેક જાતના હૈવાનોને તેઓની જરૂરતવાળા હાથ પગ મળ્યા કે તેથી પોતાની જિંદગી આસાનીથી ભોગવે અને ગુજારો કરી શકે.

ઇન્સાનના બાળકો અને પ્રાણીઓના બચ્ચામાં એ તફાવત રાખ્યો કે પ્રાણીઓના બચ્ચા જન્મ પામતા

જ ચાલવા લાગે છે કે જો તેઓ ચાલત નહીં તો તેને કોણ ઉપાડત ? તેઓ પોત પોતાની માની પાછળ ચાલે છે, અગર એમ ન કરત તો પ્રાણીને એટલી સમજણ કે એવા અવયવ આપ્યા નથી કે બચ્ચાને ઉપાડીને તેડીને હરે ફરે, તે જ પ્રમાણે કેટલાંક પંખીના બચ્ચાઓ ઈંડામાંથી નીકળે કે ખાવા, ફરવા લાગે છે.

એ જ પ્રમાણે પંખીઓની વિગત છે કે કેટલાંક મજબૂત બાંધાના પંખીના બચ્ચા ઈંડામાંથી નીકળે કે તરત જ ખાવા હરવા ફરવા લાગે છે. કેટલાંક અશક્ત પંખીના બચ્ચાઓ તરત હરી ફરી શકતા નથી અને કુમળા હોય છે. તેથી માતાઓના દિલમાં એવી મોહબ્બત નાખી છે કે તે ખોરાક શોધી લાવીને તેના મોઢામાં નાખીને ખવરાવે છે.

કેટલાંક પંખીને ઘણા બચ્ચા હોય છે. જેમકે મરઘી, અને કેટલાંકને બે જ થાય છે. જેમકે કબૂતર, તો મરઘીને દાણા લાવીને ખવરાવવા પડતા નથી. એ તો

ઈંડામાંથી બચ્ચા નીકળે કે તરત ચાલવા, ફરવા અને ખાવા લાગે છે. તેથી તે ઘણા હોવાથી તકલીફ થતી નથી અને કબૂતરના બચ્ચાને અમુક મુદ્દત સુધી લાવીને ખવરાવવું પડે છે. તેથી બે જ બચ્ચા થાય છે, જો વધારે હોય તો તમામને ક્યાંથી ખવરાવી શકે ? તે હકીમ અને અલીમે સર્વેને તેની જરૂરત પ્રમાણે જ જરૂરી ચીજો આપી છે.

હૈવાનોના પગ ચાર બનાવ્યા, કેમકે જો બે હોય તો તેઓનું ચાલવું ભારે થઈ પડે, ચાલી શકે જ નહીં. ચાલતી વખતે એક તરફના બંને પગ ઉપાડતા નથી એક એક બાજુનો અવળો સવળો (ડાબો જમણો) પગ ઉપાડે છે. તેથી તે ચાલી શકે છે. જો એક તરફના બંને પગ ઉપાડે તો પડી જાય.

જેને જે જે કામ સોંપવામાં આવ્યું તે કર્યે જાય છે, ગધેડા ઉપર ભાર લાદવામાં આવે છે તે ઉપાડીને ચાલે છે, ઘોડા ઉપર સવારી કરવામાં આવે છે તે

સવારને લઈને ચાલે છે. ઊંટ એટલું કામ કરે છે કે ઘણા બધા માણસો ભેગા થઈને કરે તો જ થઈ શકે. જો ઊંટ ઇન્સાનના કબ્જામાં ન રહે તો તે કઈ રીતે શક્ય બનતે ? પણ તેનામાં એવી નમ્રતા છે કે એક બચ્ચાના હાથમાં મેહાર - દોરી આપો તો પણ ચાલે છે, તેની તાબેદારી કરે છે, બળદ કેવી રીતે પોતાના માલિકની તાબેદારી કરે છે ? કે જ્યારે તેના ગળા ઉપર જોતરૂ રાખે ત્યારે તે ખેતરમાં ચાલવા લાગે છે.

ઘેટાઓ પુષ્કળ હોવા છતા ચરાવનારને તાબે રહે છે, જો એકેક જુદા જુદા વિખેરાઈ જાય તો તે કેમ ચલાવી શકે ? એ જ પ્રમાણે તમામ પ્રાણીઓ ઇન્સાનની તાબેદારી કરે છે અને પોતપોતાની લાયકાત મુજબનું કામ કરી આપે છે તે કેમ ? એ એટલા જ માટે કે અક્કલ અને પૂરી સમજ નથી, જો ઇન્સાન જેવી અક્કલ હોત તો તેઓ કદી ઇન્સાનને

તાબે ન રહેત, અને તેઓના કામ કરી ન આપત, પકડવા જાત તો ભાગી જાત હઠ કરત વિ. વિ.

એ જ પ્રમાણે ફાડી ખાનાર હૈવાન જેમકે સિંહ, ચિત્તા, રીંછ વિ. ને અક્કલ હોતે તો ભેગા થઈને ઇન્સાન ઉપર ચડાઈ કરત અને તેમના શિકાર સુધી પહોંચવા ન દેત. અને ઇન્સાન તેમનો સામનો કરી ન શકત, પણ જુઓ તેઓ એવા શક્તિશાળી હોવા છતા તેઓમાં ઇન્સાનનો ડર છે કે જંગલોમાં છુપાતા ફરે છે, પોતાનો ખોરાક શોધવા દિવસે નીકળતા નથી, પણ રાતના નીકળે છે. જો આ પ્રમાણે તેઓને ડરપોક ન બનાવત તો તેઓ લોકોની વસ્તીમાં આવીને લોકોને બહુ જ ઈજા આપત, લોકોના ઘરોમાં ઘૂસી ઘૂસીને હેરાન પરેશાન કરત.

તમામ પ્રાણીઓમાં ખાસ કરીને કુતરામાં એક ખાસ વિશેષતા રાખવામાં આવી છે કે તે પોતાના માલિક ઉપર મહેરબાન રહે છે, તેની મદદ અને રક્ષણ

કરે છે. તેના ઘરના રક્ષણ માટે ઘરની ચારે બાજુ રાતના વખતે ફરે છે અને ચોકી કરે છે. ચોર આવે તો તેના ઉપર હુમલો કરે છે, પોતાના માલિકની જાન, માલ, બચ્ચાઓ માટે એટલી કાળજી અને કોશિશ કરે છે કે પોતાની જાન પણ ફિદા કરી નાખે છે, અને ઘણી જ મોહબ્બત રાખે છે તેની સાથે ભૂખ અને તરસ સહન કરે છે, તો કુતરામાં એવા ગુણ શા માટે આપ્યા ? તે એટલા જ માટે કે ઇન્સાનની હિફાઝત કરે, કુતરાના દાંત સખત, પંજા મજબૂત અને અવાજ બિહામણો એટલા માટે છે કે ચોર તેનાથી ડરે અને જે ચીજ ચોર લેવા ચાહે છે તે લઈ ન શકે.

ચાર પગવાળા પ્રાણીઓ વિશે વિચાર કરો કે તેઓના ચહેરા કેવા બનાવ્યા છે ? તેઓને આંખો સામે રાખેલી છે તેથી ચાલતા ચાલતા ભીંત વિ. ની સાથે ટકરાઈ ન જાય અથવા ખાડામાં પડી ન જાય. તેઓના મોઢા નીચેના ભાગમાં ચીરેલા છે તે એટલા માટે કે

જમીન ઉપરથી ચારો ઉપાડી શકે, જો ઇન્સાનની જેવા મોઢા બનાવત તો તેઓ કાંઈ ઉપાડી ન શકત, અને ઇન્સાનને હાથ છે તેથી તેના માટે મોઢા જુદી જાતના બનાવ્યા કે હાથે ઉપાડીને મોઢામાં રાખે, અને ઇન્સાનને માટે આ એક વિશેષતા આપી છે, અને પ્રાણીઓને લાંબા લાંબા હોઠ એટલા માટે આપ્યા કે દૂરની ચીજને લઈ શકે, તેઓને પૂછડી આપી તેમાં પણ કેટલીક મસ્લેહત અને ખૂબી સમાએલી છે, એક્તો એ કે પૂછડી થકી તેઓની શરમની બંને જગ્યાઓ ઢાંકેલી રહે, બીજી એ કે તેઓના અંગ ઉપર બેસતી માખી વિ.ને તે થકી ઊડાડવા થાય, ઉપરાંત બંને બાજુએ પૂછડી હલાવવાથી તેઓને એક જાતનો આરામ મળે છે. એ સિવાય બીજા પણ ફાયદા છે. જેમકે કોઈ વખતે કીચડમાં ફસાઈ જાય તો પૂંછ થકી બહાર કાઢવામાં આવે છે. એ હૈવાનોની પીઠ ગોળ એટલા માટે બનાવી કે તેઓની ઉપર ઇન્સાન બેસી શકે. તેમજ તેઓની

માદાની શરમની જગ્યા પાછળ બનાવી છે તેમાં પણ ખાસ મસ્લેહત છે. સમાગમની સુવિધાની બાબત જે થોડા વિચારમાં સમજાય એમ હોવાથી અમો તરજૂમો કરતાં નથી.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું, હાથીની સૂંઢ વિશે વિચાર કરો અને જુઓ કે તેમાં કેવી બારીક હિકમત રાખેલી છે  સૂંઢ દ્વારા ખોરાક પાણી લે છે. તે (સૂંઢ) થકી ઉપાડીને મોઢામાં મૂકે છે. અગર સૂંઢ ન હોત તો હાથી કોઈ ચીજ ભોંયથી ઉપાડી ન શકત, તો હાથીને બીજા હૈવાનોની જેમ લાંબી ગરદન નથી ત્યારે તેના બદલામા સૂંઢ કોણે આપી ? તેણે જ આપી કે જે પોતાની મખ્લૂક ઉપર બહુ જ મહેરબાન છે. તો એવા કામિલ હિકમતવાળાએ બનાવ્યા વિના એવી ચીજ કેવી રીતે બને ? આ ઝાલિમ નેચરી, દહરી (નાસ્તિકો) કહે છે કે આપોઆપ થઈ ગયું.

જો હાથી વિશે કોઈ એમ પૂછે કે બીજા હૈવાનોની જેમ તેની ગરદન લાંબી શા માટે કરી નહીં ? તો તેનો જવાબ એ છે કે તેનું માથુ ઘણુ જાડુ અને ભારે તેમજ કાન પણ મોટા ને ભારે તેની લાંબી ગરદન સાથે જોડત તો તેની ગરદનને બહુ જ ભાર સહેવો પડત અને તેને ઘણી તકલીફ થાત. તેથી ધડ સાથે માથુ અને કાન જોડીને લાંબી સૂંઢ બનાવી કે તમામ કામ આસાનીથી થાય, અને હાથણીની શરમની જગ્યા બીજા હૈવાનો કરતાં જુદી જ રીતે ગોઠવી છે અને તેમાં પણ ઘણી ખૂબી રાખી છે, કે જરૂરત વખતે ઉપર આવી શકે વિ.

ઝિરાફ એક વિચિત્ર બનાવટનું હૈવાન છે. તે વિશે આપ ફરમાવે છે વિચાર કરો કે કેવી રીતે જુદી જુદી જાતના તેના અવયવ બનાવ્યા છે ? માથુ ઘોડા જેવુ, ગરદન ઊંટ જેવી, ખરી ગાય જેવી, ચામડુ ચિત્તા જેવું, એવા જુદા જુદા હૈવાનો જેવા અવયવ વાળા

હૈવાનને પોતાની કામિલ કુદરતથી બનાવ્યું છે તે વિશે કેટલાંક નાદાન અને જાહિલો કે જેઓને ખુદાની માઅરેફત નથી, તેઓ એવુ અનુમાન કરે છે કે એક માદા સાથે જુદી જુદી જાતના નર મળવાથી એવુ બચ્ચું પૈદા થાય છે અને કહે છે કે જ્યારે જુદી જુદી જાતના હૈવાન ઘાટ ઉપર પાણી પીવા આવે છે ત્યારે જુદી જુદી જાતના નરો, જુદી જુદી જાતની માદા સાથે મળે છે, તેથી એમ થાય છે, પણ એ વાત તેઓની ગલત છે. તદ્દન જુદી જુદી જાતના નરો માદા આપસમાં મળતા જ નથી. જેમકે ઘોડો સાંઢણી સાથે, અને ઊંટ ગાય સાથે એમ થતું જ નથી. હા જે હૈવાન આપસમાં મળતા છે જેમકે ઘોડો ગધેડી સાથે મળે છે અને તેથી ખચ્ચર પૈદા થાય છે, ઇત્યાદી અને અગર એમ થયુ હોય તો પણ એમ બને નહીં કે ત્રણ ચાર જાતના હૈવાનોના અવયવ જેવા જુદા જુદા અવયવ પૈદા થાય કે ઘોડાનું માથું, ઊંટની ગરદન, ચીત્તાનું ચામડું, બલ્કે એ તો એ

બંનેને મળતું ત્રીજી જાતનું થાય. જેમકે ખચ્ચરના તમામ અવયવ ગધેડા અને ઘોડાને મળતા આવે છે, તેમજ એનો અવાજ પણ એ બંનેને મળતો છે, સારાંશ એ કે ઝિરાફને એ માલિક પોતાની કામિલ કુદરતથી જ એવી વિચિત્ર અને અજાએબ કારીગરીથી બનાવેલ છે, અને તેમાં પણ એ મસ્લેહત સમાએલી છે કે તેના બંદા જાણી લે કે તે ખુદા કોઈ રીતે અશક્ત નથી તે જેમ અને જેવુ ચાહે તેવુ પૈદા કરી શકે છે.

એ પણ ધ્યાનમાં રહે કે તે માલિક એવો કામિલ કુદરત અને હિકમતવાળો છે કે તે જે હૈવાનને ચાહે તેના એક જ જાતના અવયવ કરે અને જેના ચાહે તેના જુદી જુદી જાતના અવયવ બનાવે છે કે લોકો સમજે કે તે કોઈ ચીજ કે કારીગરીથી અશક્ત નથી. હવે એ ઝિરાફની બીજી બાબત કે તેની ગરદન વધારે લાંબી છે, તો તે એટલા માટે કે તેની પૈદાઈશની અને

ચરવાની જગ્યામાં ઝાડ, ઊંચા અને લાંબા લાંબા છે, તો ટૂંકી ગરદન હોત તો ચારો ચરી ન શકત.

હવે વાંદરા વિશે જાણો કે તેના અવયવ મોટા ભાગે ઇન્સાનને મળતા છે, તેનું માથુ ખભા છાતી તેમજ ખાનગી અવયવ ઇન્સાન જેવા છે. ઉપરાંત તેને કેટલીક સમજશક્તિ પણ આપી છે કે તેથી તે પોતાના પાળનારની વાતો સમજી શકે, અને ઇન્સાનના કામ જોઈને તે પણ તેવા કામ કરે છે, તો ઇન્સાનને તેથી નસીહત અને શીખામણ લેવાની એ બાબત છે કે તે (ઇન્સાન) પણ તેના જેવા છે જો ઇન્સાનને અક્કલ અને વાચા આપી ન હોત તો તે પણ એક હૈવાન જ હતો પણ અક્કલ સમજ વિ. આપીને ફઝીલત આપી. વાંદરાના અંગમાં કાંઈક વધારો કર્યો છે તેથી ઇન્સાનની જેવો તદ્દન દેખાય નહીં, જેમકે લાંબુ મોઢુ, પૂછડી અને અંગ ઉપર વાળને વસ્ત્ર તરીકે બનાવ્યા.

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, આ હૈવાનો ઉપર અલ્લાહ તઆલાની મહેરબાની જુઓ કે તેઓના અંગ ઉપર વસ્ત્ર તરીકે જુદી જુદી જાતના વાળ કેવા બનાવ્યા છે ? કે ઠંડી વિ.થી બચાવે. અને પગરખાને બદલે તેઓને ખરી આપી છે, તેમજ ઊંટ હાથીને ગાદી જેવી ચીજ આપી છે કે તેથી પગ ઘસાવાથી રક્ષણમાં રહે. ખુદાની કેવી હિકમત છે કે તેઓને હાથ વિ. નથી આપ્યા, તેમજ તેમને સમજ નથી કે કપડા જોડા વિ. બનાવીને પહેરે તેથી તેઓના અંગમાં જ કપડા જોડા વિ.ના બદલામાં ચાલે એવી ચીજો બનાવી આપી, અને તે વારંવાર બદલવા અને ઊતારવાની જરૂરત ન પડે તે માટે તેઓના અંગ સાથે મેળવી કે મરવા સુધી કાયમ રહે, અને ઇન્સાનને માટે એવી ચીજો ન બનાવી, પરંતુ વાવવી, વણવી, સીવવી, બદલવી વિ. વિ. મહેનત તેની પાછળ લગાડી તેમાં પણ ઘણી મસ્લેહત અને હિકમત છે કે ઇન્સાન નવરો ન રહે, અને એ

કામમાં મશગૂલ રહે, એ સિવાય તેના માટે એ આરામની બાબત પણ રાખી કે જુએ ત્યારે પહેરે અને જુએ ત્યારે ઊતારે, ઉપરાંત પોતાના દિલ પસંદ, ખુશનુમા મરજી મુજબના પોશાક બનાવે કે તેથી તેને લજ્જત મળે અને ખુશી પણ થાય, એટલું જ નહીં એ ચીજો બનાવવાના કારણે વેપાર અને ધંધો પણ ચાલે. અને જુદી જુદી જાતની કારીગરીથી બનાવે કે તેથી સારી રીતે વેચાણ થાય અને ઇન્સાન માટે ધંધો બનાવ્યો છે તેથી એ રીતે પોતાનું અને પોતાના બાળ બચ્ચાનું ગુજરાન ચલાવે.

અય મુફઝ્ઝલ, એ પ્રાણીઓમાં ખુદાએ એક એવી ખૂબી પણ રાખી છે કે તેઓ ઘણે ભાગે મરવાને વખતે પોતાને ખાડા વિ. માં છુપાવી દે છે અને એ જ જગ્યાએ જઈને મરે છે જો એમ ન હોત તો બેશુમાર જંગલી જાનવરો જેમકે હરણ, ગાય તેમજ ચિત્તા, તેમજ પંખીઓ, કાગડા વિ. જો તેઓ જ્યાં ત્યાં મરત તો મોટા

મોટા ઢગલા થઈ જતે અને દુર્ગંધ અને બદબૂ ચારે તરફ ફેલાઈ જવાના કારણે રોગચાળો ફાટી નીકળે અને ઇન્સાનો બીમાર થઈ જાત. કયારેક જ જંગલી પશુ કે પંખીનું મુરદુ દેખાતુ હશે કે જેને કોઈએ ફાડી ખાધુ હોય કે શિકાર થએલ હોય તેથી રખડતુ પડયુ હોય. બાકી દેખાતા નથી. દફન થવાનું ઇન્સાન પ્રાણી પાસેથી શીખ્યો છે. જેમકે તે વિશે ખુદાએ તઆલાએ કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે જ્યારે કાબિલે હાબિલને કત્લ કર્યો ત્યારે તેણે જોયું કે બે કાગડા લડતા લડતા આવ્યા. એકે બીજાને મારી નાખીને જમીનમાં ખાડો ખોદીને તે મુરદાને દાટી દીધું. એ જોઈને કાબિલે પણ ખાડો ખોદીને હાબિલને દફન કરી દીધો.

ખુદાએ હૈવાનોને એવી સમજ આપી છે કે જે બાબતથી તે બીમાર પડે અને તબીયત બગડી જાય એવી બાબતોથી તેણે હૈવાનોને પોતાની તબીયત સાચવવાની જે સમજશક્તિ આપી છે તે વિશે એક

દાખલો સાંભળો કે ગવઝન (બારાસીંગા) નામનું જાનવર સાંપને ખાઈ જાય છે અને તેથી તેને સખત તરસ લાગે છે તળાવ કે સરોવરના કિનારે આવીને ઉભુ રહે છે, સખત તરસ લાગવાથી ચીખતુ રહે છે, પાણીની નજીક હોવા છતા પણ પાણી નથી પીતું. જો તે પાણી પીએ તો તેના શરીરમાં ઝેર ફેલાઈ જાય, અને મરવાના ડરથી તે પાણી પીતું નથી કે જેથી તે મરી જવાથી બચે છે. તો જુઓ કે નુકસાનથી બચવા માટે અલ્લાહે તેને તરસ્યા રહેવા માટે કેવી સહનશક્તિ અને સમજશક્તિ આપી છે.શિયાળને જુઓ કે જ્યારે ખોરાક મળતો નથી ત્યારે પોતે મરી ગએલા જેવી હાલત બનાવે છે અને પેટ ફુલાવી દે છે, તેથી પંખીઓ તેનું માંસ ખાવા તેની ઉપર પડે છે તે વખતે ઝપટ મારી તેને (પંખીને) પકડીને ખાઈ જાય છે.

ડોલ્ફિન નામનું જાનવર દરિયામાં રહે છે. તેનો ખોરાક પંખી છે, તે તેઓની યુક્તિ કરે છે કે એક

માછલીને મારી નાખે છે, તેથી તે માછલી તરે છે અને પોતે તે માછલીની નીચે છુપાઈ રહે છે, અને પાણી ઉછાળ્યા કરે છે કે કોઈ પંખી તેને જોઈ ન શકે. જ્યારે કોઈ પંખી એ માછલીને પકડવા આવે ત્યારે પોતે એકદમ તે પંખીને પકડી લે છે, તો એવી એવી તદબીરો એ હૈવાનોને કોણે બતાવી ? તેણે જ કે જે તમામ મખ્લૂકની રોજીનો જામિન થયો છે. અને મજકૂર હૈવાનોને દોડીને શિકાર કરવાની શક્તિ નથી આપી તેથી તેઓને શિકાર કરવાની આવી તદબીર શિખવી.

અય મુફઝ્ઝલ, હૈવાનોમાં મૂકાએલી સમજ શક્તિમાં વિચાર કરો કે એ કામિલ હિકમતવાળાએ તેઓના સ્વભાવમાં જ ગોઠવી આપેલ છે, તેણે પોતાની મખ્લૂકને નેઅમતો અર્પણ કરી છે. કોઈને પોતાની નેઅમતોથી મહેરૂમ (વંચિત) રાખેલ નથી.

મુફઝઝલે અરજ કરી અઝદહાને વાદળુ શા માટે ઉપાડી લે છે ? આપે ફરમાવ્યું જો એમ ન હોય તો

અઝદહા ઇન્સાનોને બહુ જ ઈજા પહોંચાડે તેથી ખુદાએ વાદળને તેના ઉપર મવક્કલ કર્યું કે તેને જુએ કે તરત ખેંચી લે.

# પ્રકરણ - ૩૪
# કીડી, મકોડા અને પંખીઓ વિશે

પછી મુફઝઝલે અરજ કરી, યા મૌલા આપે હૈવાનોનો બહુ જ વિચિત્ર હાલ બયાન ફરમાવ્યો કે તે નસીહત લેવાવાળાઓ માટે નસીહત છે, હવે આપ કીડી, મકોડા અને પંખીઓનો હાલ બયાન ફરમાવો.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, આ નાની એવી કીડીઓને જુઓ કે તેમાં તેની ભલાઈ માટેની કોઈ ચીજની પણ ખામી નથી અને તેના માટે જે મુનાસિબ છે તે તેમાં મૌજૂદ છે, મોટા મોટા હૈવાનોમાં જે જે ચીજો છે તે તેમાં પણ છે, કીડીઓ પોતાની ખોરાકી ભેગી કરવા માટે ભેગી થઈ જાય છે, કેટલીક વખત એક દાણાને કેટલીક કીડીઓ ભેગી થઈને ઉપાડે છે અને દરમાં લઈ જાય છે, કીડીઓ એ વિશે એક બીજીની મદદ કરે છે અને દરમાં લઈ જવા પછી પાણી પહોંચવાથી તે દાણા ઉગી જાય તો

તેણીઓના ખાવા માટે કામ ન આવે, તેથી તે દાણાના કટકા કરીને રાખે છે કે તે ઉગવા પામે નહીં, અને જ્યારે એ કટકાને ભીનાશ પહોંચે છે ત્યારે ફેલાવીને સૂકવી નાખે છે, અને કીડીઓ પોતાના રહેઠાણ માટે ટેકરા અને ઊંચી જગ્યાઓ ઉપર દર કરે છે. પાણી તેની ઉપર પડવાથી ડુબાવી  ન નાખે, એ તમામ બાબત કીડીઓમાં ખુદાએ ભરી આપી છે કે પોતાના રક્ષણ માટે એમ કરે છે. બાકી ઇન્સાન જેવી અક્કલ નથી આપી. તો આવી નાની કીડીમાં એવી ખૂબીઓ અને કારીગરી શું આપોઆપ થઈ ગઈ ? નહીં તેના બનાવનાર સંપૂર્ણ કુદરતવાળાએ બનાવેલ છે.

મોટા કરોળિયાને જુઓ કે તેનો ખોરાક માખી છે, તે પોતાનો ખોરાક મેળવવા માટે કેવી યુક્તિ કરે છે કે તેને માખી આવવાની ખબર પડે કે તુરત જ પોતે મુરદા જેવો બની જાય છે. માખી પાસે આવે તો પણ તેને પકડવા ઊતાવળ કરતો નથી અને જાણે ખબર જ

નથી એમ શાંત બેસી રહે છે. જ્યારે માખી બરાબર શાંતિથી બેસે છે ત્યારે હળવે હળવે પોતે પકડી શકે એટલો નજીક જઈને કુદકો મારીને પકડી લે છે, અને પકડયા પછી તેની ઉપર પોતાનું આખુ અંગ ફેલાવી દે છે કે તે કોઈ રીતે છટકી ન જાય જ્યાં સુધી માખીના પગ ઢીલા થઈ ન જાય અને મુરદા જેવી બની ન જાય ત્યાં સુધી એમ જ પકડીને દાબી રાખે છે. પછી ધીમે ધીમે તેને ખાય છે. તો હવે બતાવો કે કરોળિયાને એવી યુક્તિ અને યોજના કેવી રીતે આવડી ? શું આપોઆપ તેને એવી યુક્તિ સૂઝી ? હરગિજ નહીં, પરંતુ મોટા કામિલ કુદરત (સંપૂર્ણ શક્તિશાળી) અને હિકમતવાળાએ તેમાં એ વાત મૂકી કે પોતાની રોજી એવી યુક્તિથી મેળવે, મોટા કરોળિયાની યુક્તિ એવી છે કે એ કરોળિયા જેવો જ હોય છે, બાકી જે જાળા કરનાર કરોળિયા છે તેઓ શિકાર માટે પહેલે જાળુ બનાવે છે અને પોતે છુપીને બેસે છે, જ્યારે જાળમાં માખી ફસાય

છે ત્યારે ઝટ તેને પકડી કરડે છે. તેથી તે મરી જાય છે. પછી તેને ખાય છે. ઇન્સાન અક્કલ અને સમજથી શિકાર પકડવા જાળ વિ.ની ગોઠવણ કરીને પકડે છે અને આ જીવડામાં અક્કલ નથી પણ તેઓની રોજી માટે એ ખાલિકે તેઓમાં એવી તદબીર પૈદા કરી આપી છે.

વિચાર કરો કે એ અશક્ત જીવડામાં કેવી યુક્તિ રાખવામાં આવી છે કે તેના જેવી તદબીર ઇન્સાન હથિયાર અને તરકીબ વિના કરી શકતો નથી. તમો આવા આવા કીડી વિ. અશક્ત નાના જીવડાઓને નકામા ન સમજો. તેના પૈદા કરનારે ઘણી હિકમત ભરી છે. બહુ જ કારીગરી ગોઠવી છે (તે ઇન્સાનને નસીહત અને બોધપાઠ લેવા લાયક છે) એવી ચીજોથી મોટા મોટા ઉમદા બોધપાઠ માટે દાખલા આપવા થાય છે અને એ હલકી ચીજથી મોટી ચીજ માટે દાખલો આપવાથી તે મોટી ચીજની કદર ઓછી નથી થતી.

જેમકે સોનું લોખંડથી તોળવામાં આવે છે, અને લોખંડથી તોળવાથી સોનાની કિંમત ઓછી નથી થતી.

# પ્રકરણ - ૩૫
# પંખીઓનો અહેવાલ

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, પંખીઓના અંગ તરફ અને તેની બનાવટ તરફ નજર કરો તેને જમીન અને આસમાન વચ્ચે હવામાં ઊડવાનું મુકર્રર કર્યું. તેથી તેઓના અંગ હળવા અને અવયવો જોડેલા બનાવ્યા, ચાર પગને બદલે બે પગ, અને પાંચ આંગળીઓને બદલે ચાર આંગળીઓ અને પેટ તથા કપાળના બે છીદ્રોને બદલે એક છીદ્ર બનાવ્યું કે તેથી બંને કામ ચાલે છે, તેઓની છાતી પાતળી અને ધારદાર અને તેજ બનાવી કે ઊડતી વખતે સામેની હવા આડી આવી અટકાવે નહીં, પરંતુ સહેલાઈથી પસાર થાય, કેમકે વહાણને એવી રીતે બનાવે છે કે આગળના ભાગ પાતળા હોવાથી પાણીને કાપી શકે, પંખીઓની બાજુ અને પૂછડી પાસે લાંબી લાંબી પાંખ અને મજબૂત પીછા એટલા માટે બનાવ્યા કે તે થકી

અંગને ઉપાડીને ઊડી શકે, અને આખા શરીરમાં પીછા બનાવ્યા કે તેમાં હવા ભરાઈ ઊડવામાં આસાની થાય. તેમનો ખોરાક માંસ અને દાણા કર્યા અને તે માટે દાંતની જરૂરત ન રહી. તેઓને દાંત ન આપ્યા. અને ખોરાક ઉપાડવા અને વીણવા માટે ચાંચ આપી અને માંસ વિ. ને કટકા કરીને ગળી શકે અને ચાંચને એવી સખત અને ધારદાર કરી કે તેથી કટકા કરીને ગળામાં ઊતારી શકે, અને ચાવ્યા વિના માસના કટકા ને આખા દાણા ગળી જાય તે હજમ થવા માટે. પેટમાં બહુ જ વધારે ગરમી રાખી કે તે ગળી જઈ હજમ થઈ જાય, જુઓ કે અંગૂર વિ.ના બી ઇન્સાનના પેટમાંથી આખા નીકળે છે અને પંખીઓના પેટમાં એટલા ગળી જાય છે કે તેનો પત્તો રહેતો નથી.

એ સિવાય પંખીઓને એવા બનાવ્યા કે તે ઈંડા આપે, અને તેઓને બીજા પશુઓની જેમ બચ્ચા થવાનું એટલા માટે કર્યું નહીં કે પેટમાં બચ્ચું રહે મોટુ થાય

તેથી ઊડવામાં મુશ્કેલી પડત, અને બચ્ચા થવા એ માટે એવુ ઠેરવ્યુ કે ઈંડા ભેગા થવાથી તે ઈંડાને સેવવા માટે એક, બે, ત્રણ અઠવાડિયા તેના ઉપર બેસે ગરમી પહોંચાડે ત્યારે તે ઈંડામાં બચ્ચું મોટુ થઈને બહાર નીકળે, અને બહાર નીકળે ત્યારે તેને ખોરાક માટે બહારથી ખાવાની ચીજ લાવીને તેઓને ધીમેથી ખવરાવે, તો એ પંખીઓને કાંઈ અક્કલ નથી તેમજ ઇન્સાનની જેમ બચ્ચાની જરૂરત નથી કે તેના થકી તેનો વંશ અને નામ બાકી રહે. તેમજ તે મોટા થયા પછી પોતાને સહાયરૂપ બનીને પોતાની પરવરીશ કરશે તેવી પણ તેને આશા નથી હોતી, પણ તે માલિક તેઓમાં એવી ખાસિયત મૂકી કે બચ્ચાઓ થવા અને પોતાની શક્તિથી ખોરાક મેળવતા શીખે ત્યાં સુધી તેઓ પરવરીશ કરે તો એ માલિકની કેવી મસ્લેહત અને કુદરતને તે બચ્ચા ઉપર કેવી મહેરબાની છે ?

મરઘીને જુઓ કે ઈંડા સેવવા અને બચ્ચા પૈદા કરવા કેટલી કાળજી અને ઉમંગ ધરાવે છે ? એ છતા તેના ઈંડા તેનાથી એક જગ્યા ભેગા નથી થતા, ન તેના માટે ખાનગી માળો હોય છે, પણ જ્યારે ઈંડા આપ્યા પછી ઈંડા સેવવાનો વખત થાય ત્યારે અંગ અને પાંખો ફુલાવે છે. ખાવાનું એકદમ ઓછું કરી નાખે છે. પોતાની રહેવાની જગ્યાએથી પોતાની મેળે હટતી નથી. બળજબરીથી ભગાડો તે છતાંય ફરી પાછી આવી જાય છે. કુક કુક કર્યા કરે છે, જ્યારે ઈંડા ભેગા રાખી તેને બતાવવામાં આવે છે ત્યારે તેના ઉપર સેવવા બેસી જાય છે અને બચ્ચા થાય ત્યાં સુધી ખાવુ પીવુ ઘણે ભાગે ત્યજીને ત્યાં જ વધારે વખત બેસી રહે છે. બહુ જરૂરત વિના ઉઠતી નથી, તો એટલી બધી લાગણી શા માટે ? તેને શું ? પણ તે એવા કામિલ હિકમતવાળાએ નસલ વધવા અને બાકી રહેવા માટે તેમાં એવી લાગણી અને કાળજી મૂકી છે, જો કુદરતી એવી જરૂરત

ન હોત તો કોણ એવી લાગણીઓ પૈદા કરાવી શકત ? અને ઈંડા સેવવા બેસારવાનો શોખ અપાવી શકત ?

ઈંડા વિશે જરા વિચાર કરો કે તે કેવી ખૂબી અને હિકમતથી બનાવવામાં આવેલ છે ? તેમાં જામેલી ઝરદી (પીળો ભાગ) અને પાતળી સફેદી હોય છે એક ભાગથી અવયવ અંગ વિ. બને છે અને બીજા ભાગથી તેનો ખોરાક થાય છે, ઝરદીથી બચ્ચું થાય છે, સફેદીનું પ્રવાહી તેમાં ભળી જઈ ખોરાક ગણાય તે બહાર નીકળવા જેવું થાય ત્યાં સુધી તેને મજબૂત છાલમાં રાખ્યું તેને બહારથી કોઈ ચીજ અંદર પહોંચી શકે તેમ ન હોવાથી અંદર જ ખોરાકનો બંદોબસ્ત કરી આપ્યો.

પંખીઓના પોટા અને સંગદાના (ખોરાક હજમ થવાની કોથળી) માં જે ખૂબી વાપરી છે તે વિશે વિચાર કરો કે સંગદાનામાં ખોરાક જવાનો રસ્તો સાંકડો છે, અને પંખીઓ ખોરાક મળેથી ઝટ ઝટ ઉપરા ઉપર ખાઈ જાય છે, એમ કરવાથી હજમ થઈ શકે નહીં. તેથી તે

દાણો વિ. ભેગો કરવા ગળા પાસે પોટો બનાવ્યો કે ખોરાક મળેથી તેમાં ભરી રાખે. પછી ધીમે ધીમે સંગદાનામાં પહોંચીને હજમ થઈ જાય, બીજી હિકમત પોટામાં એ રાખવામાં આવી છે કે કેટલાંક પંખીઓ ચરીને બચ્ચાઓ માટે ભેગુ કરીને લાવે છે તે પોટામાં ભેગું કરે છે અને બચ્ચા પાસે જઈ તે પોટામાંથી પાછુ કાઢીને તેઓને ખવરાવે છે, જો પોટો ન હોત તો પેટમાંથી પાછું આવવુ મુશ્કેલ હતું.

મુફઝઝલે અરજ કરી કે યા હઝરત મુલાહેદહ જેઓ એમ ગુમાન કરે છે. આ દુનિયા આપમેળે બની ગઈ છે. તેઓ કહે છે કે પંખીઓ જુદા જુદા રંગના થાય છે તે ખાસ કોઈએ પહેલેથી જાત જાતના રંગીન બનાવ્યા નથી. એ તો તેઓ જે જે ચીજથી બને છે તેનું પ્રમાણ ઓછું વધુ થવાથી રંગમાં ફેરફાર થાય છે.

ઇમામ અલયહિસ્સલામએ ફરમાવ્યું કે એમ નથી. કેમકે આ તો મોટા હિકમતવાળા કારીગરે

હિકમત અને તદબીર (યુક્તિ) થી જાત જાતના રંગ બનાવ્યા છે, જુઓ એક તરફની પાંખમાં જેવો રંગ જેટલું માપ જેવી ખૂબસુરતી અને બનાવટ છે તેવી જ રીતે બીજી પાંખમાં પણ છે (અને દરેક જાતના પંખીઓ મોટા ભાગે એક જાતના એક જ રંગ રૂપના હોય છે) તો શું આપોઆપ એમ બને ખરૂ ? તેને શું ખબર પડે કે આ તરફ જેવા રંગ અને માપ છે તેવી જ રીતે બીજી તરફ બનુ ?

પછી આપે ફરમાવ્યું કે પંખીઓના પીછા તરફ જુઓ કે કેવા ઝીણા સાફ અને એકની પાસે એક બરાબર સરખા બનેલા છે, જેમકે કપડુ બનાવે છે કે એક તારની જેમ સરખા અને પાસે પાસે હોય છે, બીજી ખૂબી તેમાં એ છે કે તે પાંખ ખોલવાના કારણે ફાટી જતી નથી, પરંતું ખોલવી હોય તેટલી ખુલી શકે છે અને તેમાં હવા ભરાઈને ઊડી શકે છે, પાંખના પીછાઓ વળી ન જાય તે માટે તેમાં વચમાં સખત સળી રાખી

છે કે તે બધી પાંખોને અકડ રાખે અને વળી જવા દેતી નથી. વળી તે સળી પોલી અને હલકી રાખી છે કે જેથી તેનો વજન વધી ન જાય.

કેટલાંક પંખી લાંબા પગ વાળા કર્યા છે. તેવા પંખીઓ ઘણે ભાગે થોડા ઊંડા પાણી પાસે રહે છે, અને તેના પગ લાંબા હોવાથી તે પાણીમાંની ચીજ જોઈ શકે છે, જ્યારે તે પોતાના ખોરાકની ચીજ નજરે પડે છે ત્યારે હળવે હળવે ત્યાં જઈને ઝટ પકડી લીએ છે, અગર તેના પગ ઊંચા ન હોત તો તે પાણીમાં જઈ ન શક્ત, તો એ કામિલ કુદરતવાળાએ તેના માટે એ લાંબા પગ બે સ્તંભ જેવા બનાવ્યા છે કે આસાનીથી પોતાનો ખોરાક મેળવી શકે.

પંખીઓની બનાવટમાં તે માલિકે ઘણી ખૂબી વાપરી છે, દરેકને પોતાની જરૂરત મુજબ દરેક ચીજ અતા કરી છે, જેને પગ લાંબા આપ્યા તેને ગરદન અથવા ચાંચ લાંબી આપી કે ખોરાકીની ચીજ નીચેથી

ઉપાડવામાં તકલીફ ન પડે અને સહેલાઈથી પોતાનો ખોરાક મેળવી શકે.

પછી હઝરતે ફરમાવ્યું કે શું તમો નથી જોતા કે મખ્લૂકાતમાંથી જેને જેને જુઓ તે યોગ્ય અને બરાબર હિકમતની સાથે બનાવવામાં આવેલ છે. મતલબ એ કે દુનિયામાં કોઈ એવી ચીજ જોવામાં નહીં આવે કે જેની અંદર જાત જાતની કારીગરી અને ખૂબી વાપરવામાં ન આવી હોય અને તેના માટે જરૂરી ન હોય.

એ જડીબુટ્ટીઓને જુઓ કે જેની એ પંખીઓ શોધ કરે છે અને તે તેઓને મળ્યા વિના રહેતી નથી, પણ એકદમ ઢગલાબંધ ન મળતા છુટી છવાઈ જુદી જુદી જગ્યાએથી મળે છે અને તે માટે દિવસના ભાગમાં જ્યાં ત્યાં તેઓ શોધખોળ કરીને મેળવે છે અને તેથી પોતાનું ગુજરાન ચલાવે છે અને એ જ પ્રમાણે તેની બીજી મખ્લૂકાતને પણ રોજી મળ્યા કરે છે, તેઓને

ખોરાકની ચીજો કોઈ રીતે મળી ન શકત તો તેઓનો નિભાવ ન થઈ શકત, અને અગર જ્યાં ત્યાંથી એકદમ વગર મહેનતે મળી જાત તો તેમાં કાંઈ પણ ભલાઈ ન હતી. અગર એક જ જગ્યાએ ખાવાની ચીજનો ઢગલો મળી જાત તો તેઓ ત્યાં ને ત્યાં જ પડયા રહેત અને હજમ ન થાત, તેથી મરી જાત. તે જ પ્રમાણે જે ઇન્સાનને બોહળી અને પુષ્કળ રોજી મળે છે તેઓમાંના કેટલાંકને અહંકાર અને ઘમંડ આવી જાય છે અને તેથી ઘણા ટંટા ફસાદ અને ગુનાહના કામ કરે છે. સારાંશ કે પ્રાણીઓની રોજી એક જ ઠેકાણે મુકર્રર ન થવાથી તેઓ જ્યાં ત્યાં હર્યા ફર્યા કરે છે તેથી તેઓનું અંગ સારૂ રહે છે.

આપે પૂછયું : અય મુફઝ્ઝલ, તમો એ પણ જાણો છો કે જે પંખીઓ ફક્ત રાત્રે જ બહાર નીકળે છે તેઓને રોજી કેવી રીતે મળે છે ? મુફઝ્ઝલે અરજ કરી મને ખબર નથી, આપે ફરમાવ્યું : તેઓની રોજી માટે

ખુદાએ તઆલાએ ઝીણા ઝીણા કીડા પૈદા કર્યા છે કે તેઓ જમીન અને આસમાનની વચ્ચે ફેલાએલા રહે છે. તેઓથી કોઈ જગ્યા ખાલી રહેતી નથી. અને તેની સાબિતી એ છે કે કોઈ છાપરા ઉપર અથવા આંગણામાં દીવો રાખે તો પતંગીયા વિ. ઘણી જાતના કીડા ભેગા થઈ જાય છે અને તેઓ બહુ જ જલ્દી ભેગા થઈ જાય છે, કેમકે દૂરના જંગલ અને મેદાનમાંથી આવતા હોય તો એટલા જલ્દી આવી ન શકે, ઉપરાંત વધારે દૂર હોય તો તેઓને દીવો એ જગ્યાએ રાખવામાં આવે છે તેની પણ ખબર ન પડે, તો એથી સાબિત થયુ કે એ તમામ કીડાઓ જમીન અને આસમાન વચ્ચે ફેલાએલા છે અને રાતના નીકળનારા પંખીઓ તેઓને પકડી પકડીને ખાઈ જાય છે, જુઓ ખુદાએ તઆલાએ તેઓની રોઝી એવી રીતે મુકર્રર કરી છે અને કોઈ એમ વિચારે કે પતંગીયા વિ. ઘણી જાતના કીડા ખુદાએ નકામા

પૈદા ક્યાં છે તો તે નકામા નથી, પરંતુ બીજાઓની ખોરાકી માટે પૈદા ક્યાં છે.

ખુફફાશ (ચામાચીડીયુ) નામના પંખીને એવી વિચિત્ર અને અજબ કારીગરીવાળુ પૈદા કર્યું છે કે તે પંખી અને પ્રાણીની વચ્ચેના આકારનું છે, ઉપરાંત તે પશુને વધારે મળતું છે, કેમકે તેના બંને કાન બહાર નીકળેલા છે. તેમજ દાંત અને ઝીણા વાળ છે અને પંખીની જેમ તે ઈંડા મુક્તુ નથી. પરંતુ બચ્ચા થાય છે અને તેને દૂધ પીવરાવે છે તેમજ પેશાબ અને ઝાડો પણ કરે છે. અને ચાલવુ હોય ત્યારે પગેથી ચાલે છે એ છતા તેને ઊડવા માટે પાંખ પણ છે અને તે રાતના જ વખતે મેદાનમાંથી નીકળે છે અને જમીન અને આસમાનની વચમાં ફેલાયેલા કીડાને ખાય છે અને તે ચીમગાડર (ચામાચીડીયુ) વિશે કેટલાંક કહે છે કે તે કાંઈ ખાતુ નથી, પરંતુ ફક્ત ઠંડી હવા તેની ખોરાકીનો સમાન છે પણ તે વાત ખોટી છે તેના બે કારણ છે એક

તો એ કે તે ઝાડો અને પેશાબ કરે છે, તો ખોરાક વિના ઝાડો અને પેશાબ થઈ નથી શકતા. બીજું એ કે તેને દાંત છે, તો જો કંઈ ખાતુ ન હોય તો દાંત નકામા થઈ પડે છે, અને કોઈને નકામુ અવયવ આપે નહીં, ચામાચીડીયાના ફાયદા તો મશહૂર છે, તેની ચરક કેટલીક દવામાં કામ આવે છે. ઉપરાંત તેને વિચિત્ર કારીગરીવાળુ પૈદા કર્યું છે. તેથી તેને બનાવનાર માલિકની સંપૂર્ણ કુદરત જાહેર થાય છે.

ખુદાએ ગોખરૂ (કાંટાવાળુ ફળ) પૈદા કર્યું છે તે શા માટે કર્યું છે તેની કોઈને ખબર નથી, પણ તેનો એક ફાયદો તો એ છે કે ઇબ્ને તમરા (પિયા) નામનું પંખી જ્યારે ઝાડ ઉપર પોતાનો માળો બનાવે તે સમયે ગોખરૂનો સંગ્રહ કરે છે અને તે માળા તરફ જ્યારે મોટો સાંપ આવે છે અને તેને ગળી જવા પોતાનું મોઢુ ઉઘાડે છે ત્યારે આ પંખી ગોખરૂને ચાંચમાં લઈ તે સાંપના મોઢામાં ઉપરથી નાખી દે છે અને તે તેના મોઢામાં

જતા જ સાંપ તરફડી તરફડી (તડપી તડપી) ને મરી જાય છે, જુઓ અગર આ વાત તમોને હું ન કહેત તો તમોને ક્યાંથી ખબર પડત ? માટે એવી વાતોથી નસીહત હાસિલ કરો અને એવી ઘણી ચીજો છે કે તેના ફાયદાની લોકોને ખબર નથી, પણ તે કયારેક જ કહેવા અને સાંભળવામાં આવે છે.

તમો મધમાખીને જુઓ તેમજ તે એકઠી થઈને મધ કેવી રીતે બનાવે છે  તેમજ મધપૂડામાં મધની જાળવણી માટે છ ખુણાવાળા ખાના એવી કારીગરી વાળા બનાવે છે કે જેમાં ઘણી બારીકીઓ છે અને જ્યારે તમો એ કારીગરીને ધ્યાનથી જોશો ત્યારે તેમાં ઘણી વિચિત્ર અને નાજુક ખૂબી જોવામાં આવશે. તે ફુલમાંથી અરક (રસ) ખેંચીને મીણ અને મધ બનાવે છે. તો એવી ખૂબી અને હિકમતવાળી ચીજ બનાવવાની ખુદાએ તેને સમજ આપી છે તે માલિકની ખૂબી જાહેર થાય છે અને મધ વિ. ઇન્સાનના ફાયદા

માટે બનાવવા તેને ખુદાએ મુકર્રર કરેલ છે. *[નોંધ :- મધના ફાયદાથી દુનિયાનો કોઈ માણસ અજાણ્યો નથી]*

તમે ટીડ (તીડ)ને જુઓ કે તે બહુ જ નિર્બળ પંખી છે, પણ જ્યારે તેઓ એકઠા થઈને કોઈ શહેર ઉપર આવીને પડે તો તેને હટાવવાની કોઈને શક્તિ નથી રહેતી. એટલું જ નહીં પણ દુનિયાના બાદશાહોમાંથી કોઈ બાદશાહ પોતાના લશ્કરને લઈને તેઓને દફે કરવા ચાહે તો પણ તે ન ફાવી શકે, તો શું આ બાબત ખુદાએ તઆલાની કામિલ કુદરત ઉપર દલીલ નથી કે પોતાની બહુ જ કમજોર મખ્લૂકને બહુ જ શક્તિશાળી મખ્લૂકાત ઉપર મોકલીને તેઓને લાચાર કરી નાખે છે  જ્યારે તીડના ટોળાઓ દરિયાની રેલ (નદીના પુર)ની જેમ આવે છે ત્યારે પહાડ, જંગલ, મેદાન અને શહેરને એવી રીતે ઘેરી લે છે કે સૂર્યના પ્રકાશને પણ છુપાવી દે છે. તો વિચારો કે એ ટીડડાઓ

(તીડો)ને અગર હાથ વડે બનાવવામાં આવત તો વર્ષોના વર્ષ બનાવવા માટે લાગત. પણ તેઓને બનાવવાથી ખુદાની બેશુમાર કુદરત સાબિત થાય છે કે તેની કુદરતને કોઈ ચીજ લાચાર કરી નથી શકતી. તેમજ તેની કુદરત સામે કોઈ ચીજ વધારે શક્તિશાળી જોવામાં નથી આવતી.

તમો માછલીને જુઓ કે તેને કેવી રીતે પૈદા કરેલી છે અને કેવી રીતે તેને રહેવા માટે જગ્યા મુકર્રર કરી છે  તેને પગ એટલા માટે આપવામાં આવ્યા નથી કે તેને ચાલવાની જરૂરત નથી અને રહેવા માટે પાણી મુકર્રર કર્યું છે તેને ફેફસા આપવામાં આવેલ નથી, કેમકે જો ફેફસા આપત તો શ્વાસ લેતે અને તેથી પેટમાં પાણી ભરાવાથી તરત મરી જાત. પગના બદલામાં તેને મજબૂત પાંખ આપવામાં આવી છે. જેમ નાવિક હલેસાથી પાણીને હટાવીને હોડી લઈ જાય છે તેમ તે પાંખ થકી પાણીમાં જ્યાં જવુ હોય ત્યાં જઈ શકે છે

તેના અંગમાં એકબીજાની ઉપરા ઉપર ભીંગડા બનાવ્યા કે તેથી ઢાલની જેમ કેટલીક આફતોથી બચી શકે. તેની આંખમાં રોશની ઓછી છે અને પાણી આડું આવે છે તેથી સુંઘવાની શક્તિ વધારે આપી છે કે દૂરથી ખાવાની ચીજની ગંધ આવવાથી તે મેળવવાની કોશિશ કરે છે અને મોઢાથી બંને કાન સુધી રસ્તો રાખવામાં આવેલો છે કે તે મોઢાથી પાણી પીતી જાય અને કાનના રસ્તા દ્વારા પાણી નીકળતું જાય, અને એમ કરવાથી પ્રાણીઓ જેમ ઠંડી હવાથી પોતાની રૂહને સારી હાલતમાં રાખે છે તેમ તે પણ રાખે છે. ખુદાએ તઆલાએ ઘણા હૈવાનોનો ખોરાક માછલી રાખ્યો છે. એટલે સુધી કે કેટલાંક ફાડી ખાનાર પ્રાણીઓ પણ પાણીના કિનારા પાસેની ઝાડીમાં છુપાઈને બેસે છે અને પાણીમાં માછલી નીકળતા જ ઝટ ઉપાડીને ખાઈ જાય છે. તેમજ પક્ષીઓ પણ માછલી ખાય છે અને ઇન્સાન પણ માછલીઓ ખાય છે. એટલું જ નહીં, પણ કેટલીક

(મોટી) માછલીઓ પણ (નાની) માછલીઓને ખાય છે, તો જ્યારે પશુ પંખી અને ઇન્સાન વિ. ઘણા હૈવાનો માછલીઓને ખાય છે ત્યારે ખુદાએ તઆલાએ માછલીઓને બેશુમાર પૈદા કરી છે અને તેથી જ એક માછલીમાંથી પુષ્કળ માછલીઓ પૈદા થાય છે. તમો એક માછલીના પેટમાં ઈંડા એટલા બધા જોશો કે તેને ગણી નહીં શકો.

એ સિવાય અગર તમો એ હિકમતવાળા ખાલિક અને આલિમની વિશાળ હિકમતની ચીજો જોવા માંગતા હો તો દરિયામાં જાત જાતની માછલીઓ અને બીજી ઘણી જાતના પ્રાણીઓ, છીપ વિ. એટલા બધા જોશો કે તેની ગણતરી થઈ નથી શકતી, તેમજ તેના ફાયદા પણ ખબર નથી પડતા, પણ જ્યારે જ્યારે જે જે ચીજ વપરાશમાં આવતી જાય છે ત્યારે ત્યારે તેના ફાયદા પણ જાણવા મળે છે. જેમકે કીરમિઝ (ઘેરો લાલ) રંગ એવી રીતે લોકોને મળ્યો કે દરિયાને કિનારે

એક કુતરી દોડતી હતી. રસ્તામાં હલઝુન નામનો કીડો (જ્યાં ઊંટોને ચરવાની જગ્યાની ખાસ જગ્યા હોય છે ત્યાં પૈદા થાય છે.) મળવાથી તે ખાઈ ગઈ. તેથી તેનું મોઢુ રંગીન થઈ ગયુ અને લોકોને એ રંગ સારો લાગવાથીએ કીડાનો એ રંગ બનાવવા લાગ્યા. એવી ઘણી ચીજો છે કે વખતો વખત લોકોને ખબર પડતી જાય છે.

મુફઝ્ઝલ કહે છે પછી ઝોહરનો વખત નજીક થવાથી મારા મૌલા, નમાઝ પડવા માટે ઊભા થયા અને મને ફરમાવ્યું આવતી કાલે ઇન્શાઅલ્લાહો તઆલા સવારના મારી પાસે આવજો. પછી હું ત્યાંથી ચાલતો થયો અને હઝરતે જે ઇલ્મ મને તઅલીમ કર્યા તેથી હું ખૂબજ ખુશીમાં હતો. અને આપની ઇનાયત અને મહેરબાનીથી ખુશ થઈ ખુદાનો શુક્ર કરતો હતો.

# ત્રીજી બેઠક

# પ્રકરણ - ૩૬

# હ. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ ત્રીજી બેઠકમાં ફરમાવેલી બાબતો

મુફઝ્ઝલ કહે છે કે જ્યારે ત્રીજો દિવસ થયો ત્યારે હું સવારના વહેલો પોતાના મૌલાની ખિદમતમાં હાજર થયો, આપે પોતાની પાસે બેસારીને ખુદાએ તઆલાની તારીફ વિ. કરીને ફરમાવ્યું. અય મુફઝ્ઝલ, મેં તમારી સામે ઇન્સાન અને પ્રાણીઓના સર્જનનું વિગતવાર વર્ણન કર્યું. અને તેમાં જે શીખામણો લેવાની છે તેનું વર્ણન કર્યું. હવે આ આસમાન, સૂર્ય, ચંદ્ર, તારા, રાત, દિવસ, ગરમી, ઠંડી, હવા, પાણી, માટી, આગ, વરસાદ, ગારો, નાના તથા મોટા પથ્થર, ધાતુ, વનસ્પતિ, ઝાડ વિ.ની વિગત બયાન કરૂં છું . અને તેમાં કેવી કેવી નસીહતો લેવાની છે તે બતાવુ છું.

આસમાનને જુઓ કે તેનો કેવો રંગ છે અને એ રંગમાં કેવી ખૂબી છે કે એ રંગ ઉપર નજર કરવાથી આંખના તેજમાં વધારો થાય છે, અને એ જ કારણ છે કે જેની આંખમાં કાંઈ બીમારી હોય તેને હકીમો લીલા ઘાસ તરફ જોવા માટે કહે છે અથવા જે ચીજ લીલા જેવી આસમાની રંગને મળતી હોય તેના તરફ જોયા કરવાનું કહે છે. તેમજ જે વાસણોનો લીલો રંગ હોય અને તેમાં પાણી ભર્યું હોય તે જોવાનું કહે છે, તો ખુદાએ તઆલાએ આસમાનનો એવો રંગ એટલા માટે બનાવ્યો કે લોકોની નજર વારંવાર તેના તરફ જાય છે. તો વધારે વાર જોવાથી કાંઈ ખરાબી ન થાય, તો જુઓ અલ્લાહ તઆલાએ નસીહતો લેવા માટે અને તેને ઓળખવા માટે કેવી ચીજ બનાવી છે પણ નાસ્તિકો એ નિશાનીથી ભાગતા ફરે છે, ખુદા તેમનો નાશ કરે.

રાત અને દિવસ થવામાં અને સૂર્યોદય અને સૂર્યાસ્ત થવામાં વિચાર કરો કે તેમાં કેટલી હિકમત

સમાએલી છે  અગર સૂર્ય ઉદય ન થાત તો તમામ લોકોના કામકાજ બરબાદ થઈ જાત, કેમકે લોકોની નજરોમાં અંધકાર દેખાવથી પોતાની રોજી મેળવવાના કાંઈપણ સાધન મેળવી ન શક્ત, તેમજ રોશનીની લઝ્ઝત અને રાહત ન મળવાથી તેઓની જિંદગી સારી રીતે પસાર ન થાત, સૂર્ય ઉદય થવાના કેટલાંક કારણ સ્પષ્ટ છે કે તે વિશે લંબાણ કરવાની જરૂરત નથી, પણ તેના અસ્ત થવામાં ફાયદા વિશે વિચાર કરો કે જો તે અસ્ત ન થાત તો ઇન્સાનને આરામ અને રાહત ન મળત. ઇન્સાનને આરામ અને રાહતની ઘણી જરૂરત છે કે તમામ ઇન્દ્રીયો ભેગી થાય અને ખાણુ હજમ થાય અને તમામ અવયવોમાં કુવ્વત પહોંચે અને સૂર્ય અસ્ત ન થાત તો ઇન્સાન કામ કરવામાં ઘણો હિર્સ અને લોભ કરત અને તેથી શરીરના અવયવોમાં ઘણી ખરાબી પૈદા થાત, કેમકે ઘણા માણસોને માલ અને ખજાનો ભેગો કરવાનો એટલો લોભ સમાએલો છે કે તેથી તેઓ

સતત કામ કર્યા જ કરત અને રાત ન હોય તો બિલ્કુલ આરામ ન કરત, અને સૂર્ય અસ્ત ન થાત તો જમીન હંમેશા ગરમ રહ્યા કરત અને તેથી પ્રાણીઓને નુકસાન થાત અને ઝાડ વિ. કરમાઈ જાત. તેથી ખુદાએ તઆલાએ પોતાની હિકમત અને તદબીરથી રાત અને દિવસ એવા બે ભાગ પાડયા કે એક વખત સૂર્ય અસ્ત થાય અને એક વખત ઉદય થાય, તો નૂર (પ્રકાશ) અને અંધકાર બંને આપસમાં એકબીજાથી વિરૂધ્ધ છે. છતા દુનિયાની સુવિધા અને ભલાઈ માટે બંને તાબેદાર રહે છે.

(ઇમામ અલય્હિસ્સલામના આ કલામ માનવીયાહ નામના ફિરકાનો અકીદો રદ કરે છે કે તેઓનું માનવું એમ છે કે અંધકાર ખરાબ છે, તેમાં કાંઈ પણ ભલાઈ અને ખૂબી નથી, પણ હકીકતમાં તેમાં પણ ઘણી ખૂબી અને ફાયદા છે. જેમકે ઉપર બયાન થયું.)

એ પછી વર્ષની ચાર ઋતુ ગરમી, ઠંડી વિ. તરફ ધ્યાન આપો કે તેમાં કેવી કેવી તદબીર અને મસ્લેહત સમાએલી છે, અને તે દરેક ઋતુમાં સૂર્યનું નીચે ઊંચે થવામાં પણ હિકમત ભરેલી છે કે જે તરફ સૂર્ય વધારે નમેલો હોય તે તરફ ગરમી થાય છે અને જે તરફથી દૂર હોય ત્યાં ઠંડી થાય છે. ઠંડીના દિવસોમાં ઝાડ અને વનસ્પતિમાં ગરમી આવી ફૂલ પૈદા થાય છે અને ઠંડીના જમાનામાં ઝાડમાં ગરમી આવે છે તેના દાખલા માટે જુઓ કે ઠંડીમાં કૂવાનું પાણી ગરમ રહે છે અને ગરમીના દિવસોમાં કૂવાનું પાણી ઠંડુ રહે છે તેનું કારણ એ છે કે ઠંડીના કારણે જમીનની અંદરના ઝીણા છીદ્રો બંધ થઈ જાય છે તેથી ગરમી બહાર નીકળી નથી શકતી અને અંદર રહેવાથી પાણી ગરમ થાય છે, અને ગરમીના દિવસોમાં ગરમી બહાર નીકળી આવે છે તેથી નીચેનું પાણી ઠંડું રહે છે.

ઠંડીની મોસમમાં ઝાડને ફુલ અને ફળ લાગે છે અને ગરમીની મોસમમાં ફળ પાકે છે.

એક વરસ એ વખતે પૂરૂ થાય છે કે જ્યારે સૂર્ય હમલ નામના બુરજમાં દાખલ થઈને બીજા અગિયાર બુરજ પસાર કરે અને પાછો હમલ નામના બુરજમાં દાખલ થવાનો વખત આવે, અને જ્યારથી ખુદાએ તઆલાએ દુનિયાને પૈદા કરી છે ત્યારથી જ ઉમર, કરજ, લેણ, દેણ વિ.નો હિસાબ રાખવા માટે વર્ષ (મહિના, અઠવાડિયા) વિ.ની ગણતરી રાખવામાં આવેલી છે, અગાઊના જમાનામાં તમામ લોકો એ જ પ્રમાણે હિસાબ રાખતા હતા, સૂર્ય એક વર્ષમાં બાર બુરજમાં ફરે છે અને સૂર્યના એ ચક્રાવામાં ચારે મોસમ આવી જાય છે અને તેથી દરેક મોસમનું અનાજ અને ફળ વિ. થાય છે અને તેથી ઇન્સાનનો હેતુ પૂરો થાય છે, અને જ્યારે વરસનો દોર પૂરો થાય ત્યારે પાછો

બીજો દોર ચાલું થાય છે અને એ જ પ્રમાણે ફળ અને મેવા પાછા લાગે છે.

સૂર્ય એક ઠેકાણે સ્થિર ન રહેતા જે ફરે છે તેમાં મજકુર હિકમત અને મસ્લેહત સમાએલી છે, જો સૂર્ય આસમાનમાં એક જ જગ્યાએ સ્થિર રહેત તો તેનો ફાયદો દુનિયાના તમામ ભાગમાં ન પહોંચત, કેમકે ઘણી જગ્યાએ પહાડ અને ભીંતો વિ. આડા આવવાથી તેના ફાયદાથી વંચિત રહે તેથી જ એવુ ગોઠવવામાં આવ્યું કે દિવસના પહેલાં ભાગમાં પૂર્વ તરફથી ઉદય થાય કે તેથી તેની સામેના પશ્ચિમ દિશા સુધી પહોંચી જાય કે તેથી પૂર્વ તરફના ભાગોમાં પણ પ્રકાશ પહોંચે, તો ઇન્સાન એવી એવી મોટી મોટી બાબતો ઉપર ધ્યાન નથી આપતો, શું આ તમામ ચીજો આપોઆપ કાયદા અને પધ્ધતિસર ગોઠવાઈ ગઈ અને આપોઆપ જરૂર પ્રમાણે ફરે છે અને સુસ્તી કરતા નથી ? શું સૂર્યને એટલી સમજશક્તિ છે કે પોતે એવી ગોઠવણ અને

સુવિધાપૂર્વક ફર્યા કરે છે ? શું સૂર્યને જમીનની ચીજો સાથે કાંઈ સગપણ છે ? કે ઇન્સાનો, હૈવાનો અને ઝાડ વિ.ને ફાયદો પહોંચાડવા પોતે ફર્યા કરે નહીં હરગિજ નહીં, પરંતુ તે માલિકે જમીનને પોતાની મસ્લેહત અને હિકમતથી પૈદા કરી છે અને સૂર્યને પણ તેણે જ મજકૂર ફાયદા માટે બનાવ્યો છે અને સૂર્ય ફરે છે તેનું એ જ કારણ છે કે જમીન ઉપરના ઇન્સાનો, તમામ પ્રાણીઓ અને વનસ્પતિ વિ.ને ફાયદો પહોંચાડે.

ખુદાએ તઆલાએ ચંદ્રને પણ એક માર્ગદર્શક (રસ્તો દેખાડનાર) તરીકે બનાવ્યો છે, કેટલાંક લોકો ચંદ્ર દ્વારા મહિનાનો હિસાબ રાખે છે, તેને કમરી વર્ષ કહેવામાં આવે છે. અને ચંદ્ર ચારે મોસમને પૂરી નથી કરતો તેથી મહિના ઋતુ પ્રમાણે નથી આવતા, રાતના વખતે ચંદ્ર દેખાવવાનું અને પ્રકાશ આપવાનું એ કારણે છે કે રાતને તમામ પ્રાણીઓ અને ઇન્સાનોને આરામ લેવા માટે અંધકારમય બનાવેલ છે. તેથી એકદમ

અંધારૂ રહેવુ યોગ્ય ન હતું. જો એકદમ અંધારૂ હોય અને લોકો ખેતીવાડીનું કોઈ કોઈ કામ રાતના વખતે કરવાની જરૂરત પડે તો કરી શકે. તેમજ જે વખતે રાતના ચાલવુ પડે ત્યારે અંધારામાં બહુ મુશ્કેલી થઈ પડે તેથી ચંદ્ર બનાવ્યો, પણ સૂરજ કરતાં તેની રોશની ઓછી રાખવામાં આવી કે તેથી માલ ભેગો કરવાની લાલચવાળા દિવસની જેમ કામ કરવામાં મશ્ગૂલ ન રહે અને એ જ કારણથી તેનો પ્રકાશ આખી રાત મુકર્રર કર્યો નહીં, અને ચંદ્રને વધવાનું અને ઘટવાનું બળ રાખવામાં આવ્યું છે. તેમાં પણ ઘણી મસ્લેહતો સમાએલી છે અને ખાસ કરીને તેમાં એ નસીહત છે કે કોઈ ભારે અને મોટી કુદરતવાળો તેને એ પ્રમાણે નાનો અને મોટો કરે છે તેની બધા લોકોને જાણકારી થાય.

અય મુફઝ્ઝલ, હવે તમો સિતારાઓ વિશે વિચાર અને ચિંતન કરો અને જાણો કે કેટલાંક સિતારા એવા છે કે તેઓ માટે આસમાનમાં જે જગ્યા મુકર્રર

કરી છે ત્યાંથી તેઓ આઘા પાછા થતા નથી અને અગર તેઓ ફરે તો તમામ સાથે ફરે છે અને કેટલાંક સિતારા એવા છે કે હરફર કર્યા કરે છે, પણ તેઓનું ચાલવુ એક રીતનું નથી, (તેઓમાં કોઈ બાર મહિનામાં કોઈ એક મહિનામાં કોઈ અઢાર મહિનામાં દોર પૂરો કરે છે ઇત્યાદી) અને એ સિતારાઓ માટે બે જાતનું ચાલવાનું છે, એક તો આસમાનની સાથે જ ફરે છે એટલે તેઓ આસમાનમાં એક જ જગ્યા રહે છે, અને બીજી જાતનું ફરવુ એ છે કે આસમાનની અંદર જે સિતારા ફર્યા કરે છે તે પોતે પણ ફરે છે અને આસમાનની સાથે પણ ફરે છે, જેમકે ઘંટીની ઉપર કીડી હોય અને ઘંટી ફરતી હોય અને તે ઘંટીની ઉપર કીડી પણ ફરતી હોય અને તેમાં એક જ વખતે બે જાતનું ફરવાનું એવી જ રીતે ગણાશે કે ઘંટી જમણી તરફ ફરતી હોય અને તે ઘંટી ઉપર કીડી ડાબી તરફ ફરતી હોય.

હવે એ લોકો જેઓ કહે છે કે આ સિતારા જે દેખાય છે તે જ પ્રમાણે આપોઆપ બનેલા છે, કોઈ હિકમતવાળા અને કારીગરે તેને બનાવેલ નથી. તેઓને પૂછો કે અગર એમજ હોય તો તમામ સિતારા શા માટે એક જ જગ્યાએ સ્થિર અથવા ગતિમાન ન થયા ? કેમકે જ્યારે આપોઆપ થાય ત્યારે એક જ સરખા થવા જોઈએ, પણ એ તો કાયદેસર મસ્લેહત અને હિકમત પ્રમાણે ગોઠવાએલા છે તેથી સાફ જાહેર થાય છે કે સિતારાઓનું એ મુજબ હોવું અને બરાબર હિકમત સાથે ઠહેરવુ અને ફરવું ખાસ કોઈ હિકમત અને તદબીર વાળાએ બનાવેલ છે, અને એ નાસ્તિકોના કહેવા પ્રમાણે આપોઆપ થએલ નથી. અગર કોઈ એમ પૂછે કે કેટલાંક સિતારાને એક જ જગ્યાએ સ્થિર રાખ્યા અને કેટલાંકને ગતિમાં રાખ્યા તેમાં શું ફાયદો છે ? તો તેનો જવાબ એ છે કે જો તમામ સિતારા એક જ જગ્યાએ સ્થિર રાખત તો જે સિતારાઓ ચાલીને એક

બુરજથી બીજા બુરજમાં જાય છે તેથી જે જે નિશાનીઓ વિ. જણાય છે તેની ખબર ન પડત. જેમકે દુનિયાના ઘણા બનાવ સૂર્ય અને સિતારાઓના પોત પોતાની જગ્યાએ જતા આવતા હોવાથી માલૂમ પડે છે, અગર ફરનારા સિતારા ન હોત તો એ બનાવ વિ. ની ખબર ન પડત અને કેટલા દૂર ગયા તેની ખબર ન પડત, પણ કેટલાંક સ્થિર સિતારા રાખેલા છે તે ઉપરથી ફરવાવાળા સિતારાના હિસાબની ખબર પડી શકે છે. તેમજ તમામ સિતારા એક જ રીતે ફર્યા કરત તો જે મતલબથી ફેરવવામાં આવે છે તે મતલબ જાણી ન શકત અને અગર એમ જ હોત તો કહેવાવાળાને બહાનુ મળત કે આનો કોઈ પૈદા કરનારો નથી, કેમકે એ તો આપોઆપ એક જ રીતે ફર્યા કરે છે, પણ જ્યારે ઉપર બયાન થયા પ્રમાણે તેઓ કેટલાંકના સ્થિર રહેવાના અને કેટલાંકના ગતિમાન થવાના કારણો બયાન થયા

તેથી સાફ જાહેર થાય છે કે ખાસ કોઈ તદબીર અને ઇરાદાથી કરેલ છે.

તેમજ એ સિતારાઓ તરફ ધ્યાન આપો કે જેઓ વર્ષના કોઈ મહિનામાં દેખાય છે અને કોઈ મહિનામાં છુપાઈ જાય છે. જેમકે સુરય્યા, જવઝા વિ. તો એ સિતારા એકીસાથે જાહેર થયા કરત તો લોકો તેને ન ઓળખત, અને તેથી જે જાણવાનું છે તે જાણત નહીં, જેમકે સૌર, જવઝા વિ. ઉદય અને અસ્ત થવાના કારણે ઘણા બનાવોની ખબર પડે છે. તેથી જે દરેકનું ઉદય અને અસ્ત થવું ખાસ ખાસ મૌકા ઉપર મુકર્રર કરવામાં આવેલ છે, તે જ પ્રમાણે બનાતુન્નાશ (ધ્રુવનો તારો) નામના સિતારા માટે એવી ગોઠવણ કરવામાં આવી છે કે હંમેશા જાહેર જ રહે, તે કદી અસ્ત થવા પામે જ નહીં અને તેનો એ ફાયદો છે કે લોકો જંગલો અને દરિયામાં તેનાથી રસ્તા શોધી કાઢે છે અને જ્યાં જવુ હોય ત્યાં તેને આધારે જાય છે.

સિતારાઓની મજકૂર ગોઠવણોમાં મજકૂર બાબતો ઉપરાંત ખેતીવાડી, દરિયાની મુસાફરી વિ. બાબતો જાણી શકાય છે. જેમકે વરસાદ વરસવો, હવાની ગતિ, ગરમી અને ઠંડીનું આવવું એ તમામની ખબર તેના થકી પડે છે, તેમજ કેટલાંક સિતારાઓનું આગળ જવું કેટલાંકનું પાછળ જવું, કોઈ વખતે પશ્ચિમ તરફ જવું, કોઈ વખતે પૂર્વ તરફ જવું તેમાં ઘણા બોધપાઠ લેવાના છે.

સૂર્ય અને ચંદ્ર બહુ જ ઊંચા હોવામાં એ ફાયદો સમાએલો છે કે જો તે નીચે હોત અને તેની ચાલવાની ઝડપ જેવી છે તેવી જ જોવામાં આવત અને તેઓની રૌશની જેવી છે તેવી જ નજીકથી દેખાતે તો ઇન્સાનની આંખો તેના તરફ સ્થિર થઈ ન શકત અને ખરાબ થઈ જાત. જેમકે કોઈ વખતે વીજળીના ચમકથી આંખો અંજાઈ જાય છે. અને એ પ્રમાણે હોત તો ઇન્સાન જમીન ઉપર (ઊંધે મોઢે) પડી જાત. તો જુઓ કે એ

તદબીર અને હિકમતવાળાએ પોતાના બંદાઓને મજકૂર આફતથી બચાવવા માટે સૂર્ય અને ચંદ્ર અને સિતારાઓને બહુ જ વધારે દૂરના અંતરે ગોઠવેલ છે. અને સિતારાઓમાં ચંદ્ર કરતાં ઓછી રોશની છે અને તેઓને રોશની એટલા માટે આપવામાં આવી છે કે સૂર્ય ન હોય ત્યારે લોકોને જરૂરતને વખતે બહાર જવામાં અડચણ ન આવે, તેમાં પણ ખાસ મસ્લેહત છે. મતલબ એ કે આસમાન, સૂર્ય, ચંદ્ર, સિતારા જાત જાતની હિકમત અને મસ્લેહતથી ગોઠવીને અને તેઓની જુદી જુદી ચાલ તેમજ સ્થિરપણું, વધારે ઓછી રોશની, વધારે ઓછી ચાલ અને ઝડપ તે માલિકે હૈવાનો અને ઇન્સાનોના બેશુમાર ફાયદા માટે કરેલ છે. તો શું કોઈ અક્કલવાળો એમ સમજી શકે ખરો કે એવા અંદાજા અને તદબીર અને હિકમત ભરેલા કામો જે થાય છે તે શું કોઈ મહાશક્તિ અને હિકમતવાળા સિવાય બની શકે ? અગર કોઈ એમ જ કહે કે એ તમામ કોઈએ બનાવેલ

નથી, એ તો યોગાનુયોગ આપોઆપ એમ જ થઈ ગએલ છે, તો તે એવી ભારે અને ન બનવા જેવી બાબતમાં આપોઆપ થવાનું કહેવામાં હિમ્મત કરે છે, પણ એક ચરખો (પાણીનો પંપ) કે જેનાથી બગીચા વિ.માં પાણી પીવરાવવામાં આવે છે. તે વિશે તો કહેતો નથી કે આ ચરખો આપોઆપ બની ગયો છે. અને આપોઆપ પાણી ખેંચાઈ બગીચામાં જાય છે અને એ ચરખાને આપોઆપ બનેલો એટલા માટે નથી કહેતો કે તે જુએ છે કે એ ચરખાના સાંધા અને ગોઠવણ બરાબર જરૂરત પ્રમાણે ગોઠવાયેલ છે અને જરૂરત પ્રમાણે પાણી ખેંચાઈ બગીચામાં જાય છે, તો એ આપોઆપ બનવાજોગ નથી અને જો એ ચરખાને આપોઆપ બની ગએલ કોઈ કહે તો તેને બીજા લોકો કહેશે કે તે બેવકૂફ અને મૂર્ખ, અક્કલ અને ભેજા વિનાનો છે કે આ ચરખો કે તેમાં કોઈ જાતની સમજશક્તિ નથી તે પોતાની મેળે આપોઆપ એવી ખૂબી અને કારીગરીથી ગોઠવાય નહીં,

તો જ્યારે લાકડાના એક જુજ નજીવી કારીગરીથી બનાવેલ ચરખાને કે જે એક નાના એવા બગીચાના ફાયદા માટે બનાવેલ છે તેને આપોઆપ થવાનું માની શકતા નથી તો આવડા મોટા આસમાનના ચરખાને કે જે એવી એવી મહાન હિકમતોથી બનેલ છે કે જેને સમજવાથી ઇન્સાનની અક્કલ અશક્ત છે. તેથી દુનિયાની તમામ ચીજોને અનહદ ફાયદો પહોંચે છે તેને કેવી રીતે કહી શકાય કે એ તો યોગાનુયોગ વાત છે અને આપોઆપ ગોઠવાઈ ગએલ છે ? તેને કોઈ હિકમતવાળા અને તદબીરવાળા એ બનાવેલ નથી અને જેમ લાકડાની બનાવેલ ચીજનો કોઈ સંચો બગડી જાય છે તો ઇન્સાન તેને બનાવી લે છે, પણ આસમાનનો કોઈ સંચો બગડી જાય તો કોઈની એવી શક્તિ છે કે તેને દુરસ્ત કરી શકે ?

પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, હવે તમો રાત અને દિવસ કે જેની હદ પંદર પંદર કલાક.

(હઝરતે જે પંદર કલાક સુધી દિવસ અને રાત લાંબી થાય છે ફરમાવ્યું તે ઇન્સાનોની આબાદીના ગામો વિશે ફરમાવેલ છે. બાકી કોઈ કોઈ જગ્યાએ કે જ્યાં આબાદી નથી ત્યાં છ છ મહિનાનો દિવસ અને રાત પણ થાય છે.) સુધી હોય છે તે મખ્લૂકાતના ફાયદાઓ માટે કેવી રીતે કાયમ કરેલ છે ? દિવસને સો બસો કલાકનો મોટો કરત તો તમામ જાનદાર મરી જાત. ઢોર એટલો લાંબો દિવસ હોવાથી રાહત અને આરામ લઈ ન શકત, અને ઇન્સાન લાંબો દિવસ હોવાથી કામ કર્યા કરત અને જંગલના ચરવાવાળા પ્રાણીઓ પણ ખાધા કરત અને એવા કારણોથી લાંબો વખત જીવી ન શકત. અને ઝાડ તથા વનસ્પતિઓ ઉપર એટલો લાંબો વખત ગરમી પડત તો તે બળીને સૂકાઈ જાત અને અગર રાતને પણ એટલી મોટી કરવામાં આવત તો પ્રાણીઓ પોતાની ખોરાકી મેળવી ન શક્વાથી મરી જાત અને વનસ્પતિઓમાં દુર્ગંધ થાત અને સડી જાત.

અને વરસની મોસમો બદલવામાં ઠંડી, ગરમી થવામાં ઇન્સાનના અંગને જોઈએ તેવો ફાયદો પહોંચે છે. અગર એકની બાદ બીજી મોસમ ન હોત અને એક જ જાતની મોસમ રહેત તો શરીર ખરાબ અને દૂબળા થઈ જાત અને એ ઠંડી અને ગરમી આવે જાય છે ત્યારે એકદમ બદલાઈ જતી નથી. પરંતુ ધીમે ધીમે બદલાઈ છે, જેમકે ઠંડી પછી ગરમી આવે ત્યારે ધીમે ધીમે ઠંડી ઓછી થતી જાય છે અને થોડી થોડી ગરમી વધતી જાય છે. તેમજ ગરમી પછી ઠંડી પણ એ જ રીતે આવે છે અને દરેક પોત પોતાની હદ સુધી પહોંચીને ઠહેરી જાય છે. અને અગર એકદમ ઠંડીમાંથી ગરમી થઈ જાત અથવા ગરમીમાંથી ઠંડી થઈ જાત તો ઇન્સાનના શરીરને બહુ જ સખ્ત નુકસાન થાત અને બીમાર થઈ જાત. જેમકે કોઈ માણસ અગર ગરમ હમ્મામ (પાણીના ટબ) માંથી એકદમ ઠંડીમાં ચાલ્યો જાય તો તેને સખત નુકસાન પહોંચે છે.

જો કોઈ એમ કહે કે ઠંડીમાંથી ગરમી અને ગરમીમાંથી ઠંડી ધીમે ધીમે થાય છે તે સૂરજની ગતિ ઉપરથી છે કે સૂર્ય નીચે અને ઊંચે થાય છે તેના પ્રમાણમાં વધારે ઘટાડે અને ધીમે ધીમે નીચે ઊંચે થાય છે તેનું શું કારણ છે ? તો તે કહેશે કે પૂર્વ અને પશ્ચિમના અંતરના કારણે છે, તો તે વખતે તેને પૂછવામાં આવે કે એ પ્રમાણે શા માટે છે ? તો તે તેનો બીજો જવાબ આપવો પડશે અને એમજ આમ સવાલ જવાબ થતા થતા છેવટે તેને કહેવુ પડશે કે અલબત્ત કોઈ હિકમત અને તદબીરવાળાએ એ પ્રમાણે ગોઠવણ કરી છે.

જુઓ એ ગરમી ન હોત તો સખત અને કડવાં ખાટા ફળ ન પાકત, તેમજ નરમ અને મીઠા પણ ન થાત. અને જો ઠંડી ન હોત તો ખેતરમાં એટલું અનાજ ન થાત. ગરમી અને ઠંડી બંનેમાં ઘણા ફાયદા સમાએલા છે. અને ગરમી તથા ઠંડીથી શરીરને

તકલીફ પણ થાય છે. તો તેની સાથે તેમાં ફાયદા પણ રહેલા છે. અને એ બાબતોમાં વિચારનારાઓ માટે ઘણી નસીહત લેવાની છે.

હવાને ખુદાએ પૈદા કરી છે તેમાં પણ ઘણી હિકમતો ભરેલી છે. જ્યારે હવા સ્થિર થઈ જાય છે ત્યારે ઇન્સાન મૂંઝાઈ જાય છે, તંદુરસ્ત માણસ બીમાર થઈ જાય છે, ફળ ફુલને દુર્ગંધવાળા કરી નાખે છે, તેમજ બીજા ઘણા નુકસાન થાય છે. તો એથી સાબિત થાય છે કે હવામાં ઘણા ફાયદા છે અને તે ઘણી મોટી હિકમત અને તદબીરવાળાએ બનાવેલી છે. હવાની બીજી એક ખાસિયત એ છે કે તે અમુક ભાગ હવાની સાથે અથડાવવાથી અવાજ પૈદા થાય છે અને એ અવાજને હવા કાન સુધી લઈ જાય છે. ઇન્સાન આખો દિવસ અને રાતનો અમુક ભાગ પોતાના કામકાજ માટે જે વાતચીત કરે છે તે હવા થકી કાન સુધી પહોંચીને તેનો નાશ થઈ જાય છે. જો એ અવાજની અસર નાબૂદ

ન થાત અને કાગળ ઉપર લખાણ બાકી રહે છે એમ એ વાતચીતના અવાજનો ગણગણાટ વાતાવરણમાં બાકી રહેતે તો તેથી તમામ દુનિયા ભરાઈ જાત અને લોકો તેથી બહુ જ બેચેન થઈ જાત અને નવી જૂની વાતમાં તફાવત ન રહેત. કાગળ ઉપરના લખાણ કરતાં હવામાં ભરાએલી અવાજો નાબૂદ થવાની ખૂબ જ જરૂરત હતી. તો એ મહા હિકમતવાળા પાક પરવરદિગારે એ અવાજ ઉપાડનાર હવાને એટલી નાજુક બનાવી કે એકના મોઢામાંથી નીકળી બીજાના કાનમાં પહોંચે ત્યાં સુધી તેને બાકી રાખે છે તે પછી તેનો નાશ કરી નાખે છે.

આ હવાની અંદર ઘણી મસ્લેહતો સમાએલી છે અને તે નસીહત લેવા માટે પૂરતી છે. એ હવા શરીરને તંદુરસ્ત રાખે છે અને જિંદગી બાકી રાખે છે. જ્યારે બહારથી હવા ખેંચીએ છીએ ત્યારે અંદર જઈને રૂહની સાથે મળે છે અને તેની ઇન્સાન જીવી શકે છે. એ જ

હવા અવાજને દૂર દૂર પહોંચાડી દે છે તેમજ ખુશ્બુને ઊડાડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે. એટલું જ નહીં પણ ઠંડી અને ગરમી જે એક પછી એક દુનિયાના ફાયદા માટે આવે જાય છે તેને પણ એ જ હવા ઉપાડે છે. હવા ઇન્સાનના શરીરમાંથી ખરાબીઓને દૂર કરે છે તેમજ વાદળાને ઉપાડીને ફેરવે છે કે તેથી જ્યાં જોઈએ ત્યાં વરસાદ વરસાવે છે. પછી એ વાદળાને વિખેરીને હલકા ફુલકા કરી નાખે છે. હવાથી ફળ અને ફૂલ પૈદા થાય છે, પાણીને ઠંડુ કરે છે. ખાણાને નરમ અને સ્વાદિષ્ટ કરે છે, લીલી ચીજને સુકાવી નાખે છે અને વહાણને દરિયામાં ચલાવે છે. ખુલાસો એ કે જમીનની તમામ ચીજોને કાયમ અને જીવતી રાખે છે. જો એ હવા ન હોત તો ફળ ફળાદી સુકાઈ જાત અને પ્રાણીઓ મરી જાત. ઇન્સાનો જીવી ન શકત.

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, ખુદાએ તઆલાએ જે ચાર અનાસીર (એ ચાર મુખ્ય પદાર્થો હવા, પાણી, આગ અને માટી કે જેના થકી કોઈ વસ્તુ બને) પૈદા કરેલ છે તે તરફ ધ્યાન આપો કે તે થકી જે જરૂરતો છે તે પૂરી થાય છે. એ ચાર જવાહેરમાંનું એક જમીન અને એ જમીન એટલી પહોળી છે કે લોકો તેમાં ખેતીવાડી કરે છે અને ઘરબાર બનાવે છે. જો જમીન એટલી પહોળી ન હોત તો લોકોને મકાનો બનાવવા, ખેતી કરવા, ઢોરને ચરાવા જંગલ તેમજ ઝાડ, વનસ્પતિ વિ. માટે બહુ જ મુશ્કેલી થાત તેમજ ખાણમાંની ભારે ભારે કિંમતવાળી ચીજો કાઢવા માટે અડચણ પડત, જો કોઈ બે સમજ એવો સવાલ કરે કે મોટા મોટા બિહામણા જંગલ અને રણ નકામા બનાવ્યા છે, તો તેનો જવાબ એ છે કે એ જંગલી જાનવરોને રહેવા તેમજ ચરવા માટે બનાવેલ છે અને ઇન્સાન માટે એટલી પહોળી જગ્યાની જરૂરત છે, તેમજ જેમ

જેમ વસ્તી વધતી જાય છે તેમ લોકો છેટે છેટે આબાદી કરતાં જાય છે. તેઓ માટે પણ પહોળી જમીનની જરૂરત છે. જુઓ કે ઘણા રણ વિસ્તારને લોકોએ આબાદ કર્યાં અને ત્યાં બાગ બગીચા અને ખેતીવાડીઓ થઈ. જો જમીન એટલી પહોળી ન હોત તો ઇન્સાનને બહુ જ મુશ્કેલી ભોગવવી પડત. અને અગર કોઈ તેઓ ઉપર સખ્તાઈ વાપરી બીજી જગ્યાએ ચાલ્યા જવાની ફરજ પાડત તો કોઈ રીતે બીજી જગ્યાએ જઈ ન શક્ત.

આપે ફરમાવ્યું : આ જમીનની સ્થિતિ જુઓ કે કેવી રીતે સ્થિર અને કાયમ કરવામાં આવી છે કે તમામને માટે રહેવાની સગવડ થએલી છે અને તેથી જ ઇન્સાન પોતાની જરૂરતો માટે તેના ઉપર ચાલે અને હરે ફરે છે. તેમજ ખેતીવાડી અને મકાનો બનાવતા તેઓને સારી રીતે કામ આવે છે, જો જમીન સ્થિર ન હોત અને હલતી રહેત અથવા નીચે ઊંચી થયા કરત તો લોકો મજબૂત ઇમારતો બનાવી ન શક્ત, અને

ઇન્સાન પોતાના કામ સારી રીતે ન કરતાં બહુ જ મુસીબતોમાં ફસાએલો રહ્યા કરત, તે વિશે ધરતીકંપ તરફ ધ્યાન આપો કે જે બહુ જ થોડી વાર માટે થાય છે તે વખતે જેઓ જાગૃત હોય છે તેઓના એવા હાલ થઈ જાય છે કે તે ઘર મૂકીને બહાર ભાગી જાય છે.

જો કોઈ એઅતેરાઝ કરે કે ધરતીકંપ શા માટે છે ? તો તેનો જવાબ એ છે કે ધરતીકંપ તેમજ બીજી એવી ચીજો (જેમકે આંધી સખત હવા, ગ્રહણ થવું, સિતારાઓનું તૂટવું, આસમાનમાં ભયાનક લાલાશ દેખાવી વિ. વિ.) એક જાતની નસીહત અને ખૌફ થવા માટે છે કે તેના ખૌફથી લોકો ગુનાહ કરતાં અટકે, તેમજ જે આફતો અને બલાઓ ઇન્સાનના અંગ અને માલમાં આવે છે તેમાં પણ એ જ હિકમત ભરેલી છે કે એવી બાબતોથી નસીહત લઈને નેકબખ્ત બની જાય કે તેથી આખેરતનો સવાબ મળે અને ત્યાં તેનો બદલો એટલો મળે કે તેની બરાબર દુનિયાની કોઈ ચીજ ન

હોય, અને કોઈ વખતે ખુદાની મસ્લેહત હોય તો દુનિયામાં પણ નેક અમલનો બદલો આપી દે છે.

આ જમીન પોતે ઠંડી અને સૂકી છે. તેમજ તેની ઉપરના પથ્થર પણ ઠંડા અને સૂકા છે, પણ જમીન કરતાં પથ્થરમાં ખુશ્કી વધારે છે, હવે એ જમીનની ખુશ્કી વધારેની પથ્થર જેવી કરી નાખત તો તેમાં ખેતીવાડી ન થઈ શક્ત અને કાંઈપણ ન ઉગત અને તેથી ઇન્સાનો અને પ્રાણીઓની જિંદગી બહુ જ ભારે થઈ પડત અને મકાનો પણ તેની ઉપર બનાવવા મુશ્કેલ થઈ પડત, જમીનની પૈદાશમાં એ કામિલ કુદરતવાળાએ એક એ પણ હિકમત રાખેલી છે કે દક્ષિણના ભાગ કરતાં ઉત્તરનો ભાગ ઊંચો રાખવામાં આવ્યો છે તેનું એ કારણ છે કે તમામ દુનિયામાં પાણી પહોંચાડયા પછી છેવટે પાણી વહીને દરિયામાં ચાલ્યું જાય. જેમકે મકાનનું છાપરૂ કે તેનો પાણી ઊતરવાનો ભાગ નીચો રાખવામાં આવે છે, તો એ જ પ્રમાણે

જમીનની ઉત્તર તરફનો ભાગ ઊંચો રાખવામાં આવ્યો છે અને એ પ્રમાણે ત્યાં ગોઠવણ કરવામાં આવી ન હોત તો પાણી જ્યાં ત્યાં ભર્યું રહેત અને તેનો નિકાલ ન થાત, અને લોકોના રસ્તા બંધ રહેત.

(જાણવું જોઈએ કે જમીન ગોળ છે તો પણ તેનો ભાગ પાણીની નીચે રાખવામાં આવ્યો છે અને અસલમાં પાણી જમીનની ઉપર છે. પણ ખુદાએ તઆલાને વસ્તી વસાવવી હતી તેથી પોતાની કુદરતથી ઉત્તર તરફનો અર્ધો ભાગ પાણી કરતાં ઊંચો કરી આપ્યો કે તેથી લોકો આબાદ થઈ શકે, તેમજ કેટલાંક બેટ (દીપ - ટાપુઓ) પણ પાણી કરતાં એટલા ઊંચા રાખવામાં આવ્યા છે કે તેના ઉપર પણ વસ્તી આબાદ થઈ શકે, નહીં તો નિયમ પ્રમાણે દરેક જગ્યાએ પાણી જ ઉપર હોવું જોઈએ.)

પીઠ ઉપર માલ ભરીને લઈ જવો મુશ્કેલ થઈ પડત અને માલની કિંમત બહુ જ વધારે થઈ જાત

અને તેથી લોકો એક બીજા શહેરમાં માલ લઈ જવા અને લાવવાનું ન કરત તેથી બે પ્રકારના નુકસાન થાત, એક તો એ કે જ્યાં જ્યાં જે જે ચીજો મળતી નથી તે તે ચીજો મળે છે ત્યાં લાવી ન શકત અને બીજું એ કે લોકોને વેપાર કરીને ગુજરાનનું સાધન ન રહેત.

તેમજ હવામાં પણ ઘણા ફાયદા સમાએલા છે. જેમકે તે વિશે આગળ બયાન થએલ છે, અગર એટલી વધારે હવા ન થાત તો ઇન્સાનનો શ્વાસ વધારે પડતા ધુમાડા અને હવાના પ્રદુષણ વિ.થી મૂંઝાઈ જાત, પણ હવાના કારણે એ ધુમાડો વિ. પ્રમાણમાં ધીમે ધીમે વાદળુ થઈ જાય છે.

# પ્રકરણ - ૩૭

## આગના ફાયદા

આગને પણ ખુદાએ તઆલાએ ફાયદા માટે જ બનાવી છે, પણ તેને હવા અને પાણીની જેમ વધારે બનાવી નથી, જો તેનું પ્રમાણ વધારે હોત તો તમામ ચીજોને બાળી નાખત, પણ તેને છુપાવીને રાખવામાં આવી છે કે જ્યારે જરૂરત પડે ત્યારે તેને કાઢવામાં આવે છે, અને ખાસ કરીને આગ તમામ સજીવોમાં ફક્ત ઇન્સાનના જ ઉપયોગ માટે બનાવવામાં આવી છે, કેમકે આગથી ઇન્સાન ફાયદો ઉઠાવી શકે છે કે તેથી ખેતવાડી, મકાનો, કારખાના વિ. માટે લોખંડના ઓજારો બનાવવામાં આવે છે. જો આગ ન હોત તો ઇન્સાન બહુ જ મુસીબતમાં આવી પડત. આગથી ચૂનો, ઈંટ તેમજ ઠામ, દાગીના વિ. બનાવવામાં આવે છે, અને ખાસ કરીને ખોરાક વિ. પકાવવા માટે તેની બહુ જ જરૂરત રહે છે, અને તે માલિકે એ આગ હૈવાનો માટે એટલા

માટે નથી બનાવી કે તેઓને તેની કાંઈપણ જરૂરત નથી પડતી, અને તેથી જ આગને વાપરવા માટે હાથ અને આંગળીઓની જરૂરત પડે છે તે ઇન્સાનોને આપવામાં આવેલ છે.

આગનો બીજો એક ફાયદો કે જે બહુ જ વખાણવા લાયક છે તે દીવો છે, કે ઇન્સાનને રાતના વખતે તેની બહુ જરૂરત પડે છે, અગર એ સિફત આગમાં ન હોત તો ઇન્સાન રાતના વખતે એવી રીતે મૂંઝાત કે જેવી રીતે જીવતો માણસ દફન થઈને મૂંઝાઈ છે, અને જો દીવાનું સાધન ન હોત તો લખવું, સીવવું, વણવું, વિ. કામ ન થઈ શક્ત, એ સિવાય બીમારી વિ.માં પણ તેની ઘણી જરૂરત પડે છે, તેમજ અંગને ગરમી પહોંચાડવા, ભીની વસ્તુઓ સુકવવા અને સખત ચીજોને ગાળવાની તેમાં ખાસિયત રાખવામાં આવી છે. (તે માલિકે એક જ ચીજમાં બે જુદી જુદી ખાસિયત મૂકી છે કે સખતને નરમ કરે છે અને નરમને સખત કરે છે.)

# પ્રકરણ - ૩૮
# વરસાદના ફાયદા

આપે ફરમાવ્યું અય મુફઝ્ઝલ, વાદળા ચાલ્યા જવા પછી આસમાન સાફ દેખાવામાં અને વરસાદના વરસવામાં વિચાર કરો કે જરૂરત વખતે વાદળા થઈ વરસાદ વરસે છે અને વરસાદ વરસી રહ્યા પછી વાદળા ચાલ્યા જાય છે અને આસમાન સાફ દેખાય છે, અને એમ વારાફરતી થવામાં જ ઇન્સાન માટે ફાયદા અને ભલાઈ છે. જો હંમેશા વાદળા રહેત અથવા હંમેશા આસમાન ખુલ્લુ રહેત તો ઇન્સાન માટે ઘણુંજ નુકસાન થાત, જ્યારે એકદમ વાદળા ઘેરાઈને સતત વરસ્યા જ કરે છે ત્યારે લીલોતરીમાં દુર્ગંધ થઈ જાય છે. અને પ્રાણીઓમાં ખરાબી થાય છે અને તેના પ્રદુષણથી જાત જાતની બીમારીઓ પૈદા થાય છે, રસ્તામાં ખાડા પડી જાય છે તેમજ લાંબી મુદ્દત સુધી વરસાદ ન પડતાં અને વાદળા ન થતા આસમાન સાફ રહે તો જમીન

સૂકાઈ જાય છે, ખેતીવાડી બળી જાય છે. ઝરણા અને નદીઓના પાણી સૂકાઈને ઓછા થઈ જાય છે અને ઇન્સાનોને નુકસાન પહોંચે છે અને હવા સૂકી બની જાય છે અને તેથી જાત જાતનો રોગચાળો ફેલાય છે, પણ જ્યારે વારાફરતી એ બંને બાબત થયા કરે છે ત્યારે એક બીજાના નુકસાન દૂર કરે છે અને તમામને ફાયદા અને ફાયદા જ થયા કરે છે. જો કોઈ એવો વાંધો ઉઠાવે કે જ્યારે કોઈ કોઈ બાબતથી નુકસાન થાય છે તો શા માટે પહેલેથી જ નુકસાન ન થાય એવી ગોઠવણ ન કરી ? કે તે નુકસાન દૂર કરવાની બીજી ચીજની જરૂરત ન પડે તો તેનો જવાબ એ છે કે એ પ્રમાણે એટલા માટે ગોઠવણ કરવામાં આવી છે કે ઇન્સાનને કોઈ કોઈ વખતે તકલીફ પહોંચતી રહે અને તેથી તે ગુનાહ કરવાથી અટકે, કેમકે જ્યારે ઇન્સાન બીમાર થઈ જાય છે ત્યારે તેને કડવી અને અણગમો ઉપજાવનારી દવા પીવાની જરૂરત પડે છે અને તેથી

તેની તબીયત સારી થઈ જાય છે. મતલબ એ કે જ્યારે ઇન્સાન અતિરેક કરે છે અને ગર્વ કરે છે ત્યારે તેના માટે એવી તકલીફો પહોંચાડવાની જરૂરત પડે છે કે તેથી એ પોતાના અભિમાન કરવાથી અટકે, અને પોતા માટે ફાયદા વાળી બાબત ઇખ્તિયાર કરે, તથા ખરાબ કામ અને ગુનાહથી પરહેઝ કરે, જો કોઈ બાદશાહ પોતાની જનતાને હજારો લાખો રૂપિયા વહેંચી દે તો જનતાના દિલમાં બાદશાહની કેટલી મોહબ્બત વધી જશે ? અને તેને કેવી કદર થશે ? અને તેની સખાવતની કેવી ખ્યાતિ થશે ? અને વરસાદની બક્ષિશ તો એ કરતાં ઘણે દરજ્જે વધેલી છે કે તેથી દેશ આબાદ થાય છે, અને તમામ લોકોના ખાવા માટે તેના કારણે જ અનાજ ફળો વિ. ઉગે છે અને પ્રાણીઓ માટે ઘાસચારો વિગેરે ઉગે છે.

તમો જોતા નથી ? કે એ વરસાદની કેવી અને કેટલી કિંમત છે ? એ કેટલી મોટી નેઅમત છે ? પણ

લોકો એ અજોડ નેઅમતથી ગાફિલ છે કે કોઈનું નજીવુ કામ વરસાદના સબબથી અટકી પડે તો શિકાયત કરે છે અને નારાજ થાય છે, પણ સમજતો નથી કે એ તેનું નજીવુ નુકસાન થાય છે પણ સામાન્ય લોકો માટે કેટલો ફાયદો થાય છે ? અને એ મુજબ થવાનું એ જ કારણ છે કે તેને એ નેઅમતની કદર અને ફાયદા જાણતો નથી.

હવે તમો વરસાદને ઊંચાણમાંથી જમીન ઉપર વરસવાની હિકમત તરફ નજર કરો કે ઊંચી તેમજ સખત જમીન ઉપર પડે અને તેથી તે સારી રીતે તૃપ્ત થાય, જો કોઈ ખુણામાંથી અથવા નીચાણથી વરસતે તો ઊંચી ઊંચી જગ્યા ઉપર વરસાદ ન થાત અને તે જગ્યા સૂકી જ રહેત, અને તેથી એવી જગ્યાએ ખેતી ન થઈ શકત અથવા જે જમીનોમાં પાણી પીવરાવીને ખેતી કરવામાં આવે છે તે ઘણી થોડી છે, જો તમામ જગ્યા ઉપર પાણી પીવરાવીને ખેતી કરવાનું હોત તો

પાણી લાવવા ખેંચવા પીવરાવવાની બહુ જ તકલીફ પડત. એટલું જ નહીં પણ લોકો તે માટે આપસમાં લડતે ઝઘડત અને એક બીજા ઉપર ઝુલ્મ કરત, માથાભારે માણસ બળજબરીથી પાણી લઈ લેત, અને કમઝોર માણસ એ પાણી લેવાથી મહેરૂમ રેહેત, પણ ઉપરથી વરસવાના કારણે એ તમામ ઝઘડા અને ફસાદ ઊભા થતા અટકી ગયા.

પાણી ઉપરથી વરસવા ઉપરાંત તેમાં એવી ખૂબી રાખવામાં આવી છે કે પાણીના છંટકાવની જેમ ટીપા ટીપા થઈને જમીન ઉપર પડે કે તેથી જમીનમાં પાણી ઊતરી જાય અને જમીન તૃપ્ત થાય, અગર ધોધમાર પાણી પડત તો જમીન ઉપર એકદમ વહી જાત અને જમીનની અંદર બરાબર ઊતરતે નહીં અને ઉગેલા ઝાડો ભાંગી જાત. તેથી એવું કર્યું કે ધીમે ધીમે વરસે કે તેથી જમીન પલળતી જાય, અનાજ ઉગતુ

જાય અને ઉગેલુ અનાજ પડી જઈ ખરાબ ન થઈ જાય.

એ ઉપરાંત વરસાદના બીજા પણ ઘણા ફાયદા છે, જેમકે ભીની માટીની ખુશ્બૂથી ઇન્સાનની તબીયતને રાહત પહોંચે છે, હવામાં રહેલુ પ્રદુષણ દૂર થાય છે, તેમજ ખેતી અને ઝાડમાં ‘ચરકાન’ નામની બીમારી થાય છે તે પણ દૂર થઈ જાય છે.

જો કોઈ કહે કે કોઈ વખતે કરા પડે છે અને સખત ધોધમાર વરસાદ વરસે છે તેથી ફાયદાને બદલે ખેતી વિ.ને ઘણું નુકસાન થાય છે અને હવા પ્રદુષણથી ખરાબ થાય છે ત્યારે બીમારી ઉત્પન્ન થાય છે, તેમાં શું ફાયદો ? તો તેનો જવાબ એ છે કે ઇન્સાનોની હાલત વ્યવસ્થિત કરવા અને ગુનાહોના કામમાંથી દૂર રાખવા તેમ કરવામાં આવે છે, અને તેમાં લોકો માટે આખેરતનો (પરલોકનો) ઘણો ફાયદો છે, તો એ આખેરતના મોટા ફાયદા સામે દુનિયાનું થોડુ નુકસાન

કાઈ ગણતરીમાં નથી, અને નાસ્તિકને એટલી તો ચેતવણી મળે કે કોઈ એવો જબરદસ્ત ખાલિક છે કે તે આ પ્રમાણે કરે છે, અને જેઓ ગુનાહની તાસીરથી એવા નુકસાન થાય છે એમ સમજીને ગુનાહ તજી દે તો તેઓ માટે આખેરતનો બેશુમાર ફાયદો થયો ગણાય.

# પ્રકરણ - ૩૯

# પહાડનું વર્ણન

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, તમે આ પહાડોને જુઓ કે જે માટી અને પથ્થરથી બનાવવામાં આવેલ છે, જે લોકો ગફલતમાં પડેલા છે તેઓ એમ સમજે છે કે એ પહાડો નકામા બનાવવામાં આવ્યા છે, પણ તેઓ જાણતા નથી કે તેમાં ઘણા ફાયદા રહેલા છે, જેમકે પહાડો ઉપર બરફ પડે છે અને એ બરફ પહાડોની ટોચ ઉપર જામેલો રહે છે તે ઓગળીને પાણીના ઝરણા, નદીઓ વિગેરેના સ્વરૂપમાં વહે છે અને મોટી મોટી નહેરો ચારે તરફ જાય છે, અને જેઓને બરફની જરૂરત હોય તે ત્યાં જઈને બરફ પણ લઈ આવે છે, તેમજ પહાડો ઉપર એવી એવી જડી બુટ્ટીઓ થાય છે કે તેવી સપાટ જમીન ઉપર નથી થતી, અને

જંગલી વિક્રાળ પ્રાણીઓ માટે તેમાં ગુફાઓ બનેલી છે, દુશ્મનોથી બચવા માટે પહાડોમાં મોટા કિલ્લા પણ બનાવવામાં આવે છે અને પથ્થર કાપીને ઘંટી વિ.ની ઉપયોગી ચીજો બનાવવામાં આવે છે, એટલું જ નહીં પણ તેમાં જાત જાતના કિંમતી જવાહેરોની ખાણ પણ છે, એ સિવાય બીજા અનેક ફાયદા છે કે જે તેને બનાવનાર સારી રીતે જાણે છે, તેણે પહેલેથી જ તેમાં અનેક ફાયદા નક્કી કરીને એ પ્રમાણે ગોઠવેલ છે.

એ પહાડોમાંથી ઘણી ચીજો જેમકે ચૂનો, પારો, હડતાલ, જસત, તાંબુ, કલઈ, સોનુ, રૂપુ, જવાહેરાત અને જાત જાતના ઉચ્ચ પ્રકારના પથ્થરો, ગંધક વિ. વિ. નીકળે છે એ તમામ ઇન્સાનના કામમાં આવે છે, અને તેમાંથી કાઢીને તે ચીજો ભેગી કરે છે, વેપાર કરે છે અને પોતાની જરૂરતના વખતે વાપરે પણ છે, તો એ

વિશે વિચાર અને ચિંતન કરો કે એવા મહા કારીગરે બનાવ્યા વિના, એવા અનેક ફાયદા વાળા પહાડ પોતાની મેળે બને ખરા ?

લોકોએ વધારે પ્રમાણમાં લોભ કરીને ઇચ્છયું કે સોનુ અને રૂપુ પોતાની મેળે બનાવી લે, પણ તેઓ ઘણી કોશિશ કરવા છતા બનાવી શક્યા નહીં, અને જો તેઓ પોતાની મરજી પ્રમાણે બનાવી શકત તો સોનુ ચાંદી બહુ જ બનાવત એટલે સુધી કે તેની કદર અને કિંમત બાકી ન રહેત અને છેવટે તેને વેચવા અને ખરીદવામાં જે નફો સમાએલો છે તે ન થાત અને દુનિયાનો વ્યવહાર અટકી પડત, એ છતા પણ ઇન્સાનને એટલી શક્તિ આપી કે તાંબામાં જસત મેળવીને પીતળ બનાવે છે, રેતીમાંથી સીસુ બનાવે છે, અને કલઈમાંથી ચાંદી બનાવે છે અને ચાંદીમાંથી સોનુ બનાવે છે, પણ એ બનાવનાર બહુ ઓછા છે, તેથી વ્યવહારમાં કાંઈ નુકસાન નથી થતું. સારાંશ કે સોના

ચાંદીને ખુદાએ તઆલાએ બહુ જ થોડું મેળવી શકે એવી હિકમત ગોઠવી તેથી જ દુનિયાના એકબીજાના કારોબાર ચાલે છે. જેમાં આપસના કારોબાર અટકી જાય અને દુનિયાનો વ્યવહાર આ પ્રમાણે ન ચાલે તે બનાવવાનું સામાન્ય રીતે સહેલુ નથી રાખ્યું, જો કે ખુદાએ તઆલાએ સોનુ અને ચાંદી કાંઈ બહુ જ થોડુ પૈદા નથી કર્યું, ખાણની અંદર ચાંદીના મોટા મોટા પહાડ બનાવેલા છે. છતા તે બંદાઓની મસ્લેહત થોડા પ્રમાણમાં બહાર લાવે છે. અને ચાંદીના પહાડો એટલા માટે બનાવ્યા છે કે તેના બંદા સમજે કે તેના માલિક પાસે કોઈ જાતની કમી નથી, પણ ઉપર બયાન થએલા ફાયદા માટે એ પ્રમાણે કરવામાં આવેલ છે, તેનો બીજો દાખલો એ છે કે જ્યારે કોઈ નવી ચીજ બનાવવામાં આવે છે ત્યારે તેની બહુ જ કદર થાય છે પણ જ્યારે બહુ જ વધારે ઉત્પાદન થાય ત્યારે તેની કદ્ર અને કિંમત નથી રહેતી, તો જો સોના રૂપાનો બહુ જ વધારો કરતે તો તેની પણ ન કદર રહેત.

# પ્રકરણ - ૪૦
# ઝાડ ખેતી વિ.નું વર્ણન

પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, આ જાતજાતના ઝાડ તરફ નજર કરો કે તેના ફળ ખાવામાં કામ આવે છે, અને તેનું ઘાસ ઢોરની ખોરાકી બને છે, લાકડા બાળવામાં કામ આવે છે, પાટીઆ અને તખ્તી ઇમારત વિ.માં કામ આવે છે, છાલ અને પાંદડા ઝીણા અને જાડા મૂળ તેમજ તેમાંથી નીકળતો ગુંદર વિ. તમામ ચીજો કામમાં આવે છે.

તમો જુઓ કે આપણે ખોરાક તરીકે જે ફળ ખાઈએ છીએ તે હાલની હિકમત ભરેલી રૂઢી પ્રમાણે ઝાડ ઉગીને તેમાં પૈદા ન થાત અને એક જ જગ્યાએ મોટો જથ્થો પડેલો મળી જાત તો બીજી ચીજો લાકડા છાલ વિ. ક્યાંથી મળત ? પણ તેણે પોતાની મસ્લેહતથી એક ઝાડમાં ઘણા ફાયદાઓનો સમાવેશ કર્યો, ઉપરાંત જમીન ઉપર ઝાડ ઉગવાથી જોવામાં બહુ

જ સુંદર લાગે છે, અને આંખોમાં ઠંડક પૈદા થાય છે, દિલમાં ખુશી હાસિલ થાય છે, દિલનો ગમ દૂર થાય છે.

આપે ફરમાવ્યું : તમો ખેતી તરફ નજર કરો કે એક દાણામાંથી અસંખ્ય દાણા પૈદા થાય છે, અક્કલ તો એમ જ કહે છે કે એક જ દાણો થવો જોઈએ. છતાં એક દાણામાંથી અનેક દાણા ઉગે છે તેમાં એ ભેદ સમાએલો છે કે એ વાવનારને ફાયદો પહોંચે, તેમજ ખજૂર, મેવાના ઝાડમાં પણ એ જ પ્રમાણે બરક્ત આપી છે કે એક દાણામાંથી અસંખ્ય ઘણા દાણા નીકળે છે અને એક ડાળમાંથી ઘણી ડાળો ઉગે છે. તેથી ઇન્સાનને ખાવાના તથા તેના દાણાને વાવવા માટે કામ આવે, જો એકમાંથી વધારે ન થાત તો તેમાં ઘણી અડચણો આવત, અને એક જ ઝાડ અને એક જ મેવો ઉગત અને તે બરબાદ થઈ જાત તો એવા બીજા ઝાડ ક્યાંથી વાવી શકત ?

અય મુફઝ્ઝલ, મસુર વિ. તરફ જુઓ કે તે એક શીંગની અંદર થાય છે, અને તે શીંગમાં એટલા માટે થાય છે, કે તે પાકીને મજબૂત થવા સુધી આફતોથી સલામત રહે, પણ ઘઉં અને જવ વિગેરે શીંગમાં ન થતા ફોતરાની અંદર થાય છે, અને તેને રક્ષણમાં રાખવા માટે તેની ઉપર કાંટાની જેમ રૂછડા ન હોત તો પંખીઓ દાણાને બરબાદ કરત.

જો કોઈ એમ પ્રશ્ન કરે કે પંખીઓ ઘઉં વિ.ને ખાય છે તે કેમ ? તો તેનો જવાબ એ છે કે તમામ ઘઉં ખાઈ નથી શકતા, સહેજ સાજ ખાઈ શકે છે, અને તે પણ એટલા માટે કે ખુદાએ તઆલાએ એ દાણામાં પંખીઓનો પણ અમુક હિસ્સો મુકર્રર કર્યો છે. તેથી એકદમ કબ્જો કરી લેવામાં આવ્યો નથી. મતલબ એ કે જો કાંઈપણ કબ્જો રાખ્યો ન હોય તો તમામ દાણા પંખીઓ ખાઈ જાય અને જો પૂરો કબ્જો કર્યો હોય તો તેઓ મહેરૂમ (વંચિત) રહે તેથી એ પ્રમાણે હિકમતથી

આયોજન કરવામાં આવ્યું છે, અને બહુ જ વધારે દાણા પંખીઓને મળત તો બદહજમી થઈ તેઓ હલાક થઈ જાત, અને ખેડૂત બીચારા તદ્દન વંચિત રહી જાત અને તેમાં વધારે અને મોટો હક તો ખેડૂતનો છે.

દરેક જાતના ઝાડને પ્રાણીઓની જેમ ખોરાકીની જરૂરત રહે છે, પણ પ્રાણીઓની જેમ ઝાડને મોઢા નથી હોતા, તેમજ ખોરાક મેળવવા માટે ચાલવાની શક્તિ નથી હોતી. તેથી ઝાડને માટે જમીનમાં મૂળ બનાવ્યા કે એ મૂળ થકી જમીનમાંથી પોતાનો ખોરાક ખેંચીને થડ, ડાળો, પાંદડા અને ફુલ સુધી પહોંચાડે છે, તો ઝાડના મૂળ તેના મોઢા સમાન છે કે જેમ હૈવાનના બચ્ચા દૂધ પી ને ખોરાક મેળવે છે તેમ ઝાડના મૂળ જમીનમાંથી ભીનાશ ખેંચીને ખોરાક મેળવે છે, ઉપરાંત જે પ્રમાણે તંબુને ચારે તરફ દોરી બાંધીને જકડવામાં આવે છે તે પ્રમાણે જડમૂળ થકી જકડાઈને ઉભુ રહે છે, જો એમ ન હોત તો એવા એવા

લાંબા ખજૂરના ઝાડ આંધી અને તોફાની હવાના કારણે ઉખડી જાત, ખુદાએ તઆલાએ પહેલેથી જ દરેક માટે જે જે જરૂરત જોઈ તે પ્રમાણે તેને પૈદા કરેલ છે.

અય મુફઝ્ઝલ, ઝાડના પાંદડાની ઉત્પત્તિ માં જરા વિચાર અને નજર કરો કે પાંદડામાં ઝીણી ઝીણી નસો ફેલાએલી હોય છે અને તેમાં પણ પાતળી અને જાડી હોય છે. જો હાથ વડે એ પ્રમાણે બનાવવામાં આવત તો એક ઝાડના પાંદડા શાયદ એક વરસમાં પણ ઇન્સાન બનાવી ન શકત. ઉપરાંત એ બનાવવા માટે એવી જ જાતના હથિયારોની જરૂરત ઊભી થાત, પણ જ્યારે ઝાડ અને વનસ્પતિ ઉગવાની મોસમ આવે છે ત્યારે ટૂંક મુદ્દતમાં કાંઈપણ હરકત કે ગડબડ થયા વિના તમામ જગ્યાએ ઝાડને પાંદડા પૈદા થઈ જાય છે. હવે એ પાંદડામાં ઝીણી ઝીણી નસો બનાવવામાં આવી છે તેનું કારણ પણ સમજી લ્યો કે એ એટલા માટે બનાવવામાં આવે છે કે તે દ્વારા પાંદડામાં ચારે તરફ

પાણી પહોંચે અને તેમાંથી જાડી નસોની એક બીજી એ પણ હિકમત છે કે તે પાંદડાને ફાટવાથી રક્ષણમાં રાખે.

# પ્રકરણ - ૪૧

## ફળ, બી અને ઠળિયાનું વર્ણન

ફળમાં રહેલા બી અને ઠળિયામાં સમાએલી હિકમત જુઓ કે તેને ફળની અંદરના ભાગમાં રાખવામાં આવેલ છે, અને તેનું એ કારણ છે કે અંદર હોવાથી એકદમ ખરાબ થઈ શકે નહીં અને તેનું રક્ષણ થઈ શકે, જેમકે કોઈ ઉમદા અને સારી ચીજને અંદરના ભાગમાં છુપાવીને રાખે છે કે તેથી તે રક્ષણમાં રહે, તેમજ એક ફળમાં નહીં, પરંતુ દરેક ફળમાં બી રાખેલ છે કે જો અમુક બી ખરાબ થઈ જાય તો બીજા બી કામ આવે, અને બીજી હિકમત એ છે કે પોતે સખત હોવાના કારણે ફળને નરમ થઈ ખરાબ થવાથી અટકાવે, જો બી અંદરના ભાગમાં ન હોત તો એ ફળ સડી જાત અને ખરાબ થઈ જાત.

કેટલાંક બી એવા છે કે તે પણ ખાવાના કામમાં આવે છે અને તેમાંથી તેલ પણ નીકળે છે, અને તે તેલ

ઘણા કામમાં આવે છે, અને કેટલાંક બી એક બીજાની વિરૂધ્ધના છે, જેમકે ખજૂરનો ઠળિયો અંદર હોય છે અને તેની ઉપર ખજૂર હોય છે, અને અંગૂરમાં એમ હોતું નથી, એ બધુ ઇન્સાનને લજ્જત અને ફાયદો મળવા માટે હોય છે.

ઝાડ વિશે બીજી કેટલીક હિકમતો સાંભળો કે દર વરસે એક વખત એવી મોસમ આવે છે કે તેના બધા પાંદડા ખરી જાય છે અને તેની ડાળોમાં એક જાતની ગરમી પૈદા થાય છે અને તેથી અંદરથી ફળ પૈદા થાય છે, અને પછી બીજી મોસમમાં પાંદડા પાછા નીકળી આવે છે, તો જુઓ કે તેમાં જાત જાતના કેવા કેવા ફળ લાગે છે  અને એ ડાળો જાણે પોતાના હાથ વડે ઇન્સાનને ફળ આપતી હોય એ પ્રમાણે તેનો દેખાવ હોય છે, તે જ પ્રમાણે ફુલ તરફ નજર કરો કે તે પણ ડાળોમાં લાગીને ઇન્સાનની સામે રજૂ થાય છે, તો એવી રીતે તેની કારીગરી અને ખૂબી કોણે ગોઠવી ?

ખરેખર એ મહા મોટા હકીમ અને દાનાએ પૂરી હિકમતથી એ ગોઠવણ કરી છે અને એ પ્રમાણે ગોઠવણ કરવાનું એ જ કારણ છે કે ઇન્સાન ફળ અને ફુલ જોઈને તે માલિકની મહાન કારીગરીઓ વિશે વિચાર કરે, તો બહુ જ અજબ થાય છે એ લોકોથી કે તે નેઅમતનો શુક્ર કરવાને બદલે તે નેઅમતો આપનારનો જ ઇન્કાર કરે છે.

હવે તમે દાડમ ઉપર નજર કરો અને જુઓ કે તેમાં કેવી ઉમદા યુક્તિ અને હિકમત સમાએલી છે તેની ઉપરની છાલ ભીંતની જેમ બનેલી હોય છે અને અંદરના ભાગમાં ઝીણા ઝીણા પરદાઓ વચ્ચે દાણા ગોઠવેલા છે, જાણે કોઈએ હાથ વડે એ પ્રમાણે ગોઠવેલ ન હોય  અને તે દરેક દાણા ઉપર પણ ઝીણી છાલ વીંટળાએલી રહે છે, આ હિકમતમાં એવી ગોઠવણ રાખવામાં આવી છે કે એ દાણાઓ ઉપર જે ઝીણા ઝીણા પડ રાખવામાં આવ્યા છે તે એ દાણાના ખોરાક

સમાન છે કે તેના થકી એ દાણા મોટા થાય. એટલું જ નહીં પણ તેનાથી દાણા જુદા અને મજબૂત રહે, તેના ઉપર જાડી છાલ એટલા માટે રાખી છે કે તમામ નુક્સાનીથી હિફાઝત અને રક્ષણમાં રહે, તે સિવાય દાડમમાં બીજી ઘણી ખૂબીઓ સમાએલી છે તેમાંની કેટલીક બયાન કરી છે, તે છતા જેટલી મેં વર્ણવી તે શિખામણ અને નસીહત લેવા માટે પૂરતી છે.

પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, દરેક વેલા વાળા ઝાડ તરફ નજર કરો કે તે બહુ જ કમજોર અને નબળ હોવા છતા તેમાં મોટા મોટા ફળ જેમકે દૂધી, કાકડી વિ. આવે છે. તેમાં કેવી ખૂબીઓ ગોઠવવામાં આવી છે તો જ્યારે એવા કમજોર અને ઝીણા ઝાડમાં મોટા મોટા ફળ લગાડવા ત્યારે તે ઝાડને જમીન ઉપર પાથરી આપ્યું કે તેથી એ ફળ બરાબર પાકે ત્યાં સુધી રક્ષણમાં રહે, જો બીજા ઝાડની જેમ ઉભુ અને સીધુ ઝાડ હોત તો એ ફળ વધારે મોટા થવા અને

પાકવાની પહેલાં ભોંય ઉપર પડી જાત. તેથી એ ઝાડ જમીન ઉપર પથરાઈ જાય છે કે તે ફળનો બોજો જમીન ઊંચકી રાખે, તમો જુઓ કે દૂધી અને તરબૂચ વિ.ના વેલા પણ જમીન ઉપર ફેલાએલા રહે છે. જેવી રીતે કે બીલાડી જમીન ઉપર સૂવે છે અને તેના બચ્ચા આજુ બાજુથી દૂધ પીવે છે.

એ વેલા વાળા ઝાડ માટે જુદી જુદી મોસમો મુકર્રર કરવામાં આવી છે, અને તે એટલા માટે કે ઇન્સાનને એ મોસમમાં એ ફળ પ્રિય લાગે છે અને શોખથી તેને ખાય છે. જે ફળ ગરમીના દિવસોમાં થાય છે અને ઇન્સાન તેને બહુ જ શોખ અને ચાહનાથી ફળ ખાય છે. તે જો ઠંડી મોસમમાં થાત તો ઇન્સાનોને તેનાથી નફરત થાત અને તેને જોતા જ તે તરફથી દિલ ખાટું થઈ જાત અને અગર ખાત તો તેથી બીમારીઓ પૈદા થાત. કોઈ વખતે ઠંડીમાં કાકડી તૈયાર

થઈ જાય છે તો ઘણે ભાગે લોકો તેને ખાતા નથી, અને કેટલાંક લાલચવાળા ખાય છે તો નુકસાન પામે છે.

અય મુફઝ્ઝલ, તમો ખજૂરના ઝાડને જુઓ કે તેમાં બીજા ઝાડો કરતાં જુદી જ જાતની હિકમત ગોઠવેલી છે. એટલે તેમાં નર અને માદાની જરૂરત પડે છે અને તેથી જ તેમાં કેટલાંક ઝાડ નર તરીકે છે અને કેટલાંક ઝાડ માદા તરીકે છે, જેઓ નર છે તેમાં ફળ લાગતા નથી અને માદામાં ફળ લાગે છે, અને તેથી જ જે ઝાડ નર છે તેના ફુલ માદાઓ ઉપર નાખવામાં આવતા નથી ત્યાં સુધી સારી રીતે ફળ થતાં નથી.

ખજૂરના ઝાડના થડને એવી રીતે બનાવવામાં આવેલ છે કે જેવી રીતે કપડું વણીને બનાવે છે, તે પ્રમાણે બનેલ છે, અને તે એટલા માટે છે કે તે વધારે સખત અને મજબૂત રહે, અને ખજૂરના ભારે ઝુમખાના જથ્થાને ઉપાડી શકે, અને હવાના તોફાનથી ભાંગી ન જાય અને નકામા થઈ ગયા પછી મકાન વિ.માં પાછા

કામ આવી શકે, જો તેમાં પથરા જેવી સખ્તી રાખવામાં આવત તો તે લાકડાની જેમ ઘડવા અને વાપરવામાં કામ ન આવત.

લાકડામાં પણ ઘણી મસ્લેહત સમાએલી છે, મોટામાં મોટી મસ્લેહત તો એ છે કે તે પાણી ઉપર તરે છે અને તેથી જ તેની કિશ્તીઓ અને વહાણ બનાવવામાં આવે છે, અને તેમાં પહાડોના વજન જેટલો બોજો ભરીને લઈ જવામાં આવે છે, તેમજ ઇન્સાનને એક શહેરથી બીજે શહેર જવા માટે ઘણી આસાની થાય છે, અને જીવન જરૂરી ચીજવસ્તુઓ જે શહેરમાં ન હોય અથવા ઓછી હોય ત્યાં એ ચીજો વહાણ દ્વારા લઈ જવામાં આવે છે.

# પ્રકરણ - ૪૨
# જડીબુટ્ટી વગેરેનું વર્ણન

હવે જડી બુટ્ટીઓ વિશે ઊંડો વિચાર કરો કે તે દરેકમાં જુદી જુદી ખાસિયતો અને વિશેષતા રાખવામાં આવી છે, અને તેમાં એ તાસીર છે કે અંગમાં સાંધા વિ.માં ઊતરીને ખરાબ થએલ બગાડને દૂર કરી નાખે છે અને બીમારીને દૂર કરે છે, કેટલીક ચીજ વાને દૂર કરે છે કેટલીક સોજાને મટાડે છે વિ. વિ. ઘણા દરદોને દૂર કરે છે, તો તે જડીબુટ્ટીઓમાં એવા એવા ફાયદા અને તાસીર કોણે મુકર્રર કરેલ છે ? ખરેખર તેણે જ મુકર્રર કરેલ છે કે જેણે તેને પૈદા કરેલ છે, અને તેણે જ ઇન્સાનને તેની ખાસિયત અને ફાયદા બતાવેલ છે, શું પોતાની મેળે જ જડીબુટ્ટીમાં એવી ખાસિયત પૈદા થઈ શકે ? ના કદી નહીં, એમ સમજો કે જો ઇન્સાને આ ચીજ પોતાની અક્કલ અને હોંશિયારીથી અજમાયેશ કરી કરીને શોધી કાઢી છે, તો ભલા પ્રાણીઓને તેની

ખાસિયતની કેવી રીતે ખબર પડી હશે ? કેમકે કેટલાંક ફાડી ખાનાર જાનવરો એવા છે કે તેઓ ઝખ્મી થાય છે ત્યારે પોતાનો ઇલાજ જડીબુટ્ટી થકી કરીને તંદુરસ્ત થઈ જાય છે અને કેટલાંક પંખીઓને કબજીયાતની બીમારી થઈ જાય છે ત્યારે દરિયાના ખારાપાણીની પીચકારી લઈને સારા થઈ જાય છે. બીજી ઘણી બાબતો છે, તે જંગલો અને મેદાનોમાં ઉગે છે અને તે ઇન્સાનના કામમાં આવતી નથી, તો એ ચીજો નકામી ઠરે છે એવો શક થતો હોય તો જાણવુ જોઈએ કે તે જંગલી જનાવરના ખોરાક માટે છે અને તેના લાકડા બાળવા વગેરેના કામમાં આવે છે, ઉપરાંત એ ઝાડની છાલથી રંગવાનું કામ થાય છે વિગેરે તેમાં ઘણા ફાયદા સમાએલા છે.

કેટલીક જડીબુટ્ટી બહુ જ હલકી અને દેખાવમાં નકામી લાગતી હોય છે, તેમાં પણ ઘણા ફાયદા સમાએલા છે. તેમાંથી કેટલીક ચીજના કાગળ, ચટાઈ

અને ઢાકણા બને છે, અને કાચના શીશા વિ.ની હિફાઝત માટે પેટીમાં ભરવામાં આવે છે વિ. ઘણા ફાયદા છે.

અય મુફઝ્ઝલ, એ જડીબુટ્ટીઓ વિ.ના જાત જાતના ફાયદાથી નસીહત હાસિલ કરો. કેટલાંક મોટા અને કેટલાક નાના ઝાડ છે તેમાં પણ કેટલાક કિંમત અને કદર વિનાના છે. નકામી ચીજો છાણ અને ચરક વિ. છે કે જેમાં મળ અને નજાસત ભરેલી છે. છતા પણ એવી તુચ્છ અને હલકી ચીજોમાં કેવા કેવા ફાયદા છે તે વિચારો કે તેનું ખાતર ખેતર અને વાડીમાં નાખવાથી ખેતીવાડી બહુ જ સારી થાય છે, અને એ ફાયદો એટલો બધો છે કે સર્વે કરતાં તેનો ફાયદો વધી જાય છે. એટલું જ નહીં પણ જ્યાં સુધી આ ખાતર નાખે નહીં ત્યાં સુધી શાકભાજી સારી અને ઉમદા નથી થતી, જે ચીજને દુર્ગંધવાળી અને ખરાબ સમજે છે અને તેનાથી ઇન્સાન નફરત કરે છે તેમાં આવા આવા ગુણ રહેલા છે.

એ પણ ધ્યાનમાં રાખો કે કેટલીક ચીજ એવી છે કે તેની કિંમતથી કદર થાય તેમ નથી, પરંતુ તેની કદર અને કિંમત જુદી રીતે થઈ શકે છે. જેમકે કોઈ ચીજ એવી છે કે ધંધા રોજગારના બજારમાં તેને રાખે તો તેની કદર કાંઈ પણ થતી નથી અને ઇલ્મના બજારમાં રાખે તો બહુ જ ઉમદા ગણાય છે. (ઇલ્મ વિશેનું પુસ્તક સુતારને દેખાડે તો તે તેની કિંમત પણ કરી શકશે નહીં, પણ જો આલિમને બતાવે તો તેની કિંમત તમામ દુનિયા કરતાં તેની પાસે વધારે થશે.) મતલબ એ કે તમો કોઈ ચીજને કિંમત વિનાની સમજીને તેને કદર વિનાની ન સમજો, જેમકે જો કિમીયાવાળાઓને એ બાબતની ખબર પડે કે ઇન્સાનના ઝાડામાં કેવી ખાસિયત સમાએલી છે તો તેને બહુ જ ઊંચી કિંમત આપીને ખરીદી લે.

મુફઝ્ઝલ કહે છે કે અહીં સુધી વાત થઈ ત્યારે ઝોહરનો સમય થઈ ગયો, અને મારા મૌલા નમાઝ

માટે ઉઠયા, અને મને ફરમાવ્યું ઇન્શાઅલ્લાહ આવતીકાલે સવારમાં મારી પાસે આવજો, તેથી હું બહુ જ ખુશ થતો થતો મારા ઘરે ગયો અને હઝરતે ઉમદા ઉમદા બાબતો બતાવી તેથી મેં ખુદાએ તઆલાનો શુક્ર અદા કર્યો અને તે રાત બહુ જ ખુશીમાં પસાર થઈ.

# ચોથી બેઠક

# પ્રકરણ - ૪૩

# ચોથી બેઠકમાં ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવેલી બાબતો

મુફઝ્ઝલ વાયદા પ્રમાણે હઝરતની ખિદમતમાં હાજર થયા, હઝરતે પહેલે ખુદાએ તઆલાની બહુ જ લંબાણથી તારીફ બયાન કરી, પછી ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, મેં તમોને સૃષ્ટિની ઉત્પત્તિની અને તેમાંની ચીજો બરાબર હિકમતથી ગોઠવાએલી હોવા વિશેની બાબતો બયાન કરી અને એ પણ સાબિત કર્યું કે એ ચીજો કોઈ રીતે આપોઆપ થઈ શકે તેમ નથી. મોટી હિકમત અને મસ્લેહતવાળાએ બહુ જ ઉમદા કારીગરીથી જરૂરત પ્રમાણે આયોજન પૂર્વક બનાવીને ગોઠવવામાં આવી, અને ઇન્સાન, પ્રાણીઓ, જડીબુટ્ટીઓ વિ.ની બનાવટ અને તેમાં

સમાએલી બારીકીઓ અને હિકમતો બયાન કરી કે તે નસીહત લેવાવાળાઓ માટે નસીહતને પાત્ર છે.

હવે હું તમારા પાસે એ આફતો ને બનાવોનો ઉલ્લેખ કરૂં છું કે જે કોઈ કોઈ વખતે બની જાય છે, અને તે વિશે અજ્ઞાની લોકો ઇન્કાર કરીને કહે છે કે તે કોઈના કાબૂમાં નથી, તે તો આપોઆપ થાય છે. (એટલે જો એ થતાં બનાવો કોઈ પૈદા કરનાર તરફથી થતાં હોય તો શા માટે થવા દે છે અને પોતાની પૈદા કરેલી મખ્લૂકને મુસીબતો કેમ પહોંચવા દે છે ? તો એ મુસીબતો અને બલાઓને મુલાહેદહ અને માની ફિરકાવાળા કોઈ સર્વશક્તિમાન દ્વારા થતાં હોવાનું સ્વીકારતા નથી, અને મૌતને તેઓ ખરાબ ગણે છે તેમજ ભૌતિકવાદીઓ કહે છે કે આ તમામ ચીજો અચાનક બનવાકાળ આપોઆપ બની ગઈ છે. તો એ બધી વાતોને રદીયો આપુ છું અને તેની વિગત હું બયાન કરીને સમજાવી આપુ છું. સાંભળો કે જો કોઈ

પૈદા કરવાવાળો ન હોય, કોઈ દુનિયાને આયોજન પૂર્વક બનાવનાર ન હોય અને એ આફતો અને બલાઓ આપોઆપ આવતી હોય તો તે થોડા પ્રમાણમાં અને નજીવી કેમ આવે છે ? એકદમ મોટી આફત કેમ નથી આવતી ? જેમકે આસમાન જમીન ઉપર કેમ નથી પડતું ? તમામ જમીન અંદર કેમ ઉતરી નથી જતી ? સૂર્ય કોઈ વખતે ઉદય થયા વિના કેમ નથી રહેતો ? પાણીની નહેરો તદ્દન એટલે દરજ્જે કેમ સૂકાઈ નથી જતી કે હોઠ ભીનો કરવા પણ પાણી બાકી ન રહે ? હવા એકદમ શા માટે બંધ નથી થતી કે તેથી તમામ ચીજો નાશ થઈને બગડી જાય ? દરિયાનું પાણી શા માટે જમીન ઉપર ફેલાઈને જમીનને ડુબાડી દેતું નથી ? તો એવો કોઈ છે કે આવી આવી મોટી આફતો અને બલાઓને અટકાવે છે અને તદબીરથી કામ લે છે ? અને થોડી થોડી નજીવી બાબતો આવવાથી તો એમ કહે છે કે એ તમામ ચીજો ઉપર ઇખ્તિયાર અને સત્તા

ધરાવનાર કોઈ નથી, પણ મોટી બલા અને આફતોને અટકાવનાર કોઈક છે એમ શા માટે કહેતા નથી ? એ છતાં કે એ ખુલ્લી બાબત છે કે આ જગતરૂપી મોટા કારખાનાને રીતસર ચલાવનાર કોઈપણ હોવો જ જોઈએ અને તેથી જ ભારે બલાઓ આવવા નથી દેતો. જો એ બલાઓ આવત તો દુનિયા ફના થઈ જત, અને જે બલાઓ અને આફતો આવે છે તે ઇન્સાનોને ડરાવવા માટે છે કે તેથી ખરાબ કૃત્યો કરતાં અટકે અને મોટી બલાઓના આવવાનાં ખૌફથી ગુનાહના કામ નહી કરે.

હવે પૂછું છું કે કોલેરા અને તીડની બલા હંમેશા શા માટે નથી રહેતી અને કેમ કોઈ કોઈ વખતે આવીને તુરત જ નાબૂદ થઈ જાય છે ? તો તે એટલા માટે છે કે જો હંમેશા એ પ્રમાણે ચાલ્યા કરે તો દુનિયા ફના થઈ જાય અને કોઈ કોઈ વખત આવે છે તે નસીહત અને ડરાવવા માટે આવે છે, જ્યારે કોઈ શક્તિશાળી અને

તમામ ઉપર સત્તા ધરાવનારો છે એ પ્રમાણે થાય છે, તેમજ મોટી મોટી બલાઓથી કેવી રીતે અટકાવવામાં આવે છે, (જેમકે આસમાનને તે તૂટીને જમીન પર પડતા અટકાવે છે, જમીનને ધસી જવાથી અટકાવે છે, દરિયાને ઉભરાઈને ચારે તરફ ફેલાઈ જવાથી અટકાવે છે. વિ વિ.) તો જો એ બાબતોમાંથી એક બાબત પણ થાય તો દુનિયા નિસ્ત અને નાબૂદ થઈ જાય અને જો કદી આફતોમાંથી જરાપણ આફત ન આવે તો ઇન્સાન ઘમંડી થઈ જાય. તેઓને નસીહત કરવા અને તેમની હાલત સુધારવા એ પ્રમાણે કોઈ વખત નજીવી આફત આવે છે અને તરત ચાલી જાય છે, અને જ્યારે બલાઓથી ગભરાઈ નજાત મળવાથી ના ઉમેદ થઈ જાય છે ત્યારે એ બલાઓ દૂર થઈ જાય છે તો એ બલાઓનું આવવું નસીહત માટે છે અને તેનું દૂર થવું રહેમત માટે છે.

જે પ્રમાણે માનીયા ફિરકાવાળા મજકૂર બલાઓને ખરાબ સમજે છે તે જ પ્રમાણે મુલાહેદહ પણ એ બલાને નકામી સમજે છે, અને એ બલાઓ અને મુસીબતની હકીકત અને તેના રહસ્યને સમજતા નથી, અને તેઓ એમજ કહે છે કે જો આ દુનિયાનો કોઈ ખાલિક રહીમ અને મહેરબાન હોત તો દુનિયામાં આવી અણગમાની દુ:ખદાયક બાબતો ન બનત, એવા અભિપ્રાય ધરાવનારાનો આશય એ છે કે આ દુનિયામાં કોઈ જાતની બલા અને મુસીબત ન હોવી જોઈએ, પણ તેઓ જાણતા નથી કે જો તેઓના મત પ્રમાણે કરવામાં આવત, તો ઇન્સાનની હાલત એકદમ ખરાબ થઈ જત, સ્વાર્થી અને અભિમાની બની જાત, પોતાની દીન અને દુનિયા બંને બગાડી નાખત, જેમકે તમોએ ઘણા એવા ઐશ આરામમાં ઉછરેલા લોકોને જુઓ છો કે તેઓની કેવી ખરાબ હાલત થઈ જાય છે કે કેટલાંક તો એવા મગરૂર અને મસ્ત બની જાય છે કે પોતે ઇન્સાન છે તે

ભૂલી જાય છે, તેમજ કોઈએ તેઓને પૈદા કરીને પોષણ આપેલ છે તે પણ ધ્યાન રાખતા નથી કેટલાંક અભિમાની શ્રીમંતો અને અમીરો એટલા ઘમંડી બની જાય છે અને એમ સમજે છે કે બીજાઓએ તેમને માન આપવું વાજિબ છે, અને કોઈ કોઈ તો પોતાને જ ખુદા કહેવરાવે છે, શું એ વિશેના દાખલા તમોને યાદ નથી ? અને એ મગરૂર લોકો ભવિષ્યની બાબત ભૂલી જાય છે અને ધ્યાન રાખતા નથી કે તેઓને કાંઈ મુસીબત અને દુ:ખ આવશે કે નહીં અથવા કોઈ બલા નાઝિલ થશે કે નહીં, તેમજ એ પણ ધ્યાન રાખતા નથી કે અશક્ત અને ગરીબની ખબર લેવી કે નહીં, તેઓ ઉપર રહેમ કરવો જરૂરી છે કે નહીં, તેઓ તો કોઈ વૃધ્ધ અને અશક્ત ઉપર મહેરબાની કરતાં નથી, કોઈ મુસીબતમાં ફસાએલા ઉપર રહેમ ખાતા નથી, પણ જ્યારે એવા લોકો ઉપર મુસીબત અને તકલીફ આવી પડે છે ત્યારે તેઓને શીખામણ મળે છે અને પછી

મુસીબતવાળાઓનો હાલ ધ્યાનમાં રહે છે અને એ બલા આવવાના કારણે મુસીબત વાળાઓની મદદ કરે છે. તેઓ ઉપર મુસીબતો નાખવામાં ન આવત તો તેઓ અભિમાની રહેત અને ખુદા કહેરાવત, કોઈ ઉપર રહેમ ન કરત, કોઈ ઉપર દયા ન કરત, અને તેઓની એવી હાલતથી તેઓની દુનિયા અને આખેરત કેવી ખરાબ થાત લોકો તેઓથી નફરત કરત એટલું જ નહીં પણ તેઓને નુકસાન પહોંચાડવા તૈયાર થાત, અને એવા સ્વાર્થી અને અભિમાની લોકોના કારણે વેપાર ધંધો બરાબર ન ચાલત અને દુનિયાની વ્યવસ્થામાં મોટી ખરાબી થાત.

આપે ફરમાવ્યું : જેઓ આફતો અને મુસીબતોના ફાયદાનો ઇન્કાર કરે છે અને નકામા ગણાવે છે તેઓ એવા બાળક સમાન છે કે જેઓ કડવી દવાઓને ખરાબ કહે છે. અને બીમારીમાં સારા ખોરાકથી તેઓને અટકાવવામાં આવે છે. તેથી ગુસ્સો

કરે છે. તેમજ સભ્યતા અને કામ કરવાને પસંદ કરતાં નથી, અને મોજશોખ કરવા અને રમવાને પસંદ કરે છે, સારૂં સારૂં ખાવા પીવાનું ચાહે છે, પણ તેઓ સમજતા નથી કે આવી વર્તણુંકથી ઘણી ખરાબીઓ પૈદા થાય છે અને એ ઉમદા ઉમદા ખાણા વધારે ખાવાથી બીમારીઓ પૈદા થાય છે. તેઓ ઇલ્મ શીખવાના ફાયદા અને કડવી દવાઓના ગુણ સમજતા નથી.

જો નાસ્તિકો કહે કે ઇન્સાનને ગુનાહોથી મુક્ત શા માટે રાખવામાં આવ્યો નહીં ? જો ગુનાહ કરવાની શક્તિ તેઓમાં ન રાખત તો તેઓને ડરાવવા અને નસીહત માટે એવી એવી બલાઓ મૂકવી ન પડત. તો એ વાતનો જવાબ એ છે કે જ્યારે ઇન્સાનને સ્વતંત્ર રાખવામાં આવે નહીં અને મજબૂર અને લાચાર કરી નાખે તો પછી તે સારા કામ કરે તેથી તે વખાણ તેમજ સવાબને લાયક ન થાત. (કેમકે જ્યારે તે સ્વતંત્ર હોય અને ગુનાહ કરવાની તેને શક્તિ પણ હોય અને ગુનાહ

કરવાનો સામાન પણ મૌજૂદ હોય છતાં ખુદાની રઝા અને ખુશી માટે ગુનાહ ન કરે તો તે તારીફને લાયક છે, પણ જ્યારે ગુનાહ કરવાની તેમાં શક્તિ ન હોય અને ગુનાહ ન કરે તો તેમાં તારીફની કોઈ પણ બાબત રહેતી નથી.)

જો એ લોકો કહે કે જો કાંઈ પણ મહેનત વિના લોકોને વધુમાં વધુ રાહત પહોંચે તેમાં નુકસાન શું હતું ? નેકી કરીને તારીફને લાયક ન થાય તો શું થયું ? તો તેનો જવાબ એ છે કે કોઈ સંપૂર્ણ અક્કલ અને તંદુરસ્તીવાળાને આ વાત કરી જુઓ કે તે આરામથી નકામો બેસી રહે અને જરા પણ કોશિશ ર્ક્યા વિના તેમજ કાંઈ પણ હક ધરાવતો હોવા ન છતાં તેને તમામ જરૂરી બાબતો મળતી રહે તો શું તેનું દિલ કબૂલ કરશે ? તેને એ ઘણી ચીજો હક વિના મળે તે કરતાં પોતાની મહેનતથી થોડી ચીજો મળશે તેમાં વધારે ખુશી થશે, તે જ પ્રમાણે આખેરતની નેઅમતો

પણ અહીંની થોડી મહેનત કર્યા પછી મળશે તેમાં જ એવા લોકો ખુશી થશે.

ઇન્સાનને બે જાતની નેઅમતો આપવામાં આવી છે, ૧. દુનિયામાં તેણે કોશિશ કરી હોય તેના માટે ઘણો સવાબ નક્કી કરવામાં આવ્યો છે, ૨. જેને એવો રસ્તો બતાવવામાં આવ્યો છે કે તે કોશિશ અને મહેનત કરી હકદાર થઈને મેળવે કે તેથી મહેનત કરવાથી જે બદલો મળશે તેથી તેને પૂરે પૂરી ખુશી મળશે.(એ તો કુદરતી વાત છે કે ઇન્સાનને જ્યારે મહેનત અને હકદાર વિના મફત કોઈ ચીજ મળે છે તો તેની કદર નથી કરતો, પણ મહેનત અને કોશિશ કરીને હકદાર થઈને જે ચીજ મેળવે છે તેની ઘણી કદર કરે છે) ગુનાહના કામ ન કરવા તથા ઇબાદત કરવાની તકલીફ ઉપાડવા પછી નેઅમતના હકદાર થઈને જે નેઅમતો મળે તેની કદર ઘણી થવાની, પણ કોઈ જાતની મનાઈ કર્યા વગર અને તેનો નફસ નાજાએઝ

વસ્તુની ઇચ્છા ન કરત અને તેને કાંઈ તકલીફ ન આપત અને એમ જ તેને આખેરતમાં નેઅમતો ન આપત તો તે તેની કાંઈપણ કદર ન કરત.

પછી આપે ફરમાવ્યું કે જો એ લોકો એમ કહે કે કેટલાંક માણસો એવા છે કે તેઓને કાંઈપણ હક વિના કોઈ સારી વસ્તુ મળે તો તેઓ ખુશી થાય છે, તો તે જ પ્રમાણે આખેરતની નેઅમત તદ્દન મફત મળવાથી શું લોકોને ખુશી થાય નહીં ? તો તેનો જવાબ એ છે કે જ્યારે ઇન્સાનને યકીન થઈ જાય કે અમોને કાંઈ તકલીફ અને મહેનત ઉપાડયા વિના આખેરતની નેઅમતો મળશે, તો તે વખતે તેઓને કોઈનો ખૌફ ન રહેત હરામ કામો તેમ જ ખરાબ કૃત્યો કરવામાં મશગૂલ થાત અને દુનિયામાં બહુ જ ખરાબી થઈ જાત, એક બીજાને પોતાના જાન-માલ, બાલ-બચ્ચા વિશે ભરોસો ન રહે, કેમકે જ્યારે સજા કે ઇનામ મળવાની બાબત રહે નહીં ત્યારે તે તેને કોઈ જાતનો

ખૌફ કે લોભ ન રહે અને લોકો બહુ જ તકલીફમાં પડી જાય અને અદલ અને ઇન્સાફ કરવાની વાત ન રહે, હિકમત અને કાયદાની વિરૂધ્ધના બધા કામ થવાથી લોકો ધિક્કારવા લાગે. એ લોકો (નાસ્તિકો) એવો પણ એઅતેરાઝ કરે છે કે દુનિયામાં બલાઓ અને મુસીબતો કેટલીક વખત સામાન્ય રીતે બધા લોકો, નેક તથા ખરાબ બંને પ્રકારના લોકો તેમાં સપડાઈ જાય છે. એટલું જ નહીં પણ એવું પણ બને છે કે નેક માણસ એ બલાના પંજામાં આવી જાય છે અને ખરાબ માણસો બચી જાય છે, તો એ કામ હિકમત અને તદબીર ભરેલું ન ગણાય, ( કેમકે જ્યારે એમ કહેવામાં આવે છે કે આ દુનિયાને મોટા હિકમત અને તદબીરવાળાએ બરાબર ગોઠવેલ છે, તો આમાં ઇન્સાફ અને હિકમત ક્યાં રહી ?)

તો તેનો જવાબ એ છે કે એ બલા અને મુસીબતો નેક તેમજ ખરાબ બંને પ્રકારના લોકો ઉપર

આવવામાં તે ખરા મઅબૂદ અને હકીમે એ બંને જાતના લોકોની ભલાઈને ધ્યાનમાં રાખેલ છે, નેક લોકોને તકલીફો અને મુસીબતો પડે છે. તેનો ઘણો જ મોટો અને સારો બદલો આપવામાં આવે છે, અને કેટલીક વખત તેઓની ગએલી નેઅમતો પણ પાછી આપવામાં આવે છે કે તેથી તેઓ સબ્ર અને શુક્ર કરે અને ખરાબ લોકોને મુસીબતો અને બલાઓ આવવાથી તેઓનો અહંકાર ઓછો થઈ જાય છે અને બદ અને ખરાબ કાર્યો કરવાથી પોતાને અટકાવે છે, અને એ જ પ્રમાણે જેઓ બલા અને મુસીબતથી બચી જાય છે તે પણ તેઓની બહેતરી માટે છે. જેમકે નેક લોકો બલા અને મુસીબતથી બચી જાય તો તેઓ ખુશ થઈને ખુદાનો શુક્ર વધારે કરે છે અને તેઓના ઈમાનમાં વધારો થાય છે, અને ખરાબ લોકો બલાથી બચી જાય છે. તો તેઓને એ નસીહત લેવાનું માધ્યમ થાય છે કે પોતે ખરાબ હોવા છતાં તે માલિકે એ બલામાંથી બચાવ્યો

તેથી તે પછી ગુનાહના કામ છોડી દે અને જેમ પોતે ખરાબ હોવા છતાં તે માલિકે મહેરબાની કરી તે જ પ્રમાણે તેઓની કોઈએ ભૂલ કરી હોય તો પોતે માફ કરી આપવા માટે તૈયાર થાય છે.

કદાચ કોઈ એઅતેરાઝ કરનાર એમ પણ કહે કે એ બલાઓ તો માફી વિશેની બયાન થઈ, પણ કેટલીક વખત અંગ ઉપર બલા અને મુસીબત આવે છે અને તેમાં જ હલાક થઈ જાય છે, જેમકે બળી જાય છે, ડૂબી જાય છે, જમીનમાં દટાઈ જાય છે વિ. તો એવી બાબતોમાં મજકૂર મસ્લેહતે શીખામણ વિ. લેવાની ક્યાં રહે છે ? તો તેનો જવાબ એ છે કે તેમાં પણ બંને પ્રકારના લોકો માટે ભલાઈ અને ફાયદો છે, જેમકે નેક લોકો એવી બલામાં સપડાઈને દુનિયાથી ચાલ્યા જાય તો તેઓ માટે એ ફાયદો થયો કે આ દુનિયાની તમામ તકલીફોથી છુટીને નજાત પામ્યો (અને હંમેશા મોજ મજા કરવાની જગ્યાએ પહોંચ્યો) અને ખરાબ લોકો

માટે એ ફાયદો છે કે વધારે ગુનાહ કરીને વધારે અઝાબને પાત્ર થવાથી બચી ગયો.મતલબ એ કે તે હિકમવાળાએ જે કાંઈ ગોઠવેલ છે તે બધુ બંદાઓના ભલા અને ફક્ત ભલા માટે જ છે. જેમકે જ્યારે હવાથી કોઈ મોટું ઝાડ પડી જાય છે ત્યારે કોઈ કારીગર તેમાંથી ઘણી જાતના ફાયદા મેળવે છે, તો એ જ પ્રમાણે લોકોના જાનોમાલ ઉપર મુસીબતો અને આફતો આવવાથી બીજા ઘણા ફાયદા થાય છે.

જો કોઈ એમ કહે કે ખાસ કરીને ઇન્સાનો ઉપર જ બલાઓ શા માટે આવે છે તો તેનો જવાબ એ છે કે ઇન્સાન લાંબી મુદ્દત સુધી મુસીબત અને બલા વિના સલામત રહ્યા કરે તો ગુનાહના કામ તરફ દોરવાઈ જાય, ખરાબ લોકો ગુનાહના કામ વધારે કરે, અને નેક લોકો નેક કામમાં આળસ કરે, તેથી જ ઇન્સાન અમન ચમનમાં હોય ત્યારે જ એવી બલાઓ આવી જાય છે કે તેથી ચોંકી પડે અને મજકૂર બાબતોમાં ફસાવાથી બચે

મતલબ એ કે જો કોઈ જાતની તકલીફ આપવામાં ન આવે તો હદથી વધારે નાફરમાની કરવામાં મશગૂલ થાય, જેમકે આગળના જમાનાના લોકોએ કર્યું એટલે સુધી કે તેઓને હલાક કરી અને તેઓથી દુનિયાને પાક અને સાફ કરવાની જરૂર પડી.

અને મુન્કિરોના દિલમાં એક એવી વાત બેસી ગઈ છે કે તેઓનો મત એવો છે કે મૌત અને ફના જોઈએ જ નહીં, પરંતુ બધા લોકો હંમેશા માટે જીવતા રહેવા જોઈતા હતા અને તે સાથે કોઈપણ આફત અને બલા ન આવવી જોઈએ, અને એવું એ વખતે થાત કે જો તેઓને કોઈ પૈદા કરનાર ન હોત (પણ જ્યારે એમ નથી તેથી જ ઇન્સાન મરે છે.) તો એનો જવાબ એ છે કે જો તમામ ઇન્સાનો હંમેશા માટે જીવતા રહેત અને તેમાંથી કોઈપણ ન મરત તો દુનિયાની જગ્યા લોકો માટે બહુ જ સાંકડી થઈ જાત એટલે સુધી કે મકાન બનાવવા અને ખેતીવાડી કરવા માટે પણ જગ્યા ન

રહેત. હાલમાં એટલી પહોળી જમીન અને તેમાં પુષ્કળ જગ્યા હોવા છતાં અને લોકો મરવા અને ફના થવા છતાં પણ ખેતીવાડી અને જગ્યા માટે આપસમાં તકરાર અને ઝઘડા કરે છે. એટલું જ નહીં પણ આપસમાં ખુનરેજીઓ થાય છે, તો જો ઇન્સાન મરત નહીં અને એમ જ વધ્યા કરત તો તે વખતે તેઓનો કેવો હાલ થાત ? અને તેઓ ક્યાં મકાન અને ખેતીવાડી બનાવત ? એવા વખતમાં તેઓની લાલચને હિરસ (અતિશય લોભ) અને દિલનું સખ્ત પણું બહુ જ વધી જાત (એક તો મરવાનો ખૌફ નહીં અને બીજુ જગ્યા તંગ થઈ જાય ત્યાર પછી શું બાકી રહે ?)

જ્યારે લોકોને જો એવી ખાતરી થઈ જાત કે અમારે મરવાનું તો નથી, તો કોઈ માણસ થોડી ચીજ મળવા ઉપર સંતોષ ન કરત અને કોઈ માંગવાવાળાને કાંઈપણ આપવું પસંદ ન કરત, અને જો કોઈ બલા કે મુસીબત આવત તો ધીરજ ન રહેત, મતલબ એ કે

એવી હંમેશની જિંદગીથી ઘણા ખરાબ પરિણામ આવત અને લાંબી આયુષ્યથી તંગ થઈ જાત અને છેવટે મરવાની ઇચ્છા કરત.

જો તેઓ (નાસ્તિકો) કહે કે એ લોકોને અણગમાની કોઈ બાબત ન થાત, અને બીમાર ન પડત તો તેઓ મૌત ન માંગત. ફક્ત ઘડપણ અને બીમારીના કારણે મરવાનું ચાહે છે. તો તેનો જવાબ એ જ છે કે જે ઉપર ખુલાસાથી જવાબ આવી ગયો કે તેઓ સખ્ત અભિમાની બની જાત અને એવા ખરાબ કૃત્યો કરત, દીન અને દુનિયા બંનેની ખરાબી કરત.

અને જો તેઓ કહે કે જો એમ થાત કે તેઓની અવલાદનો વધારો જ ન થાત તો જમીન તેઓ માટે તંગ ન થાત. તો તેનો જવાબ એ છે કે તો બહુ જ થોડા માણસ હોવાથી ઘણા માણસો ખુદાએ તઆલાની નેઅમતો અને બક્ષિસોથી બંને જહાનમાં મહેરૂમ રહેત, તેમજ તે માલિક એક જ વખત અમુક લોકોને પૈદા કરે

અને તે પછી તેમાં વધારો ન કરે. તે તેના કમાલ અને તેની હિકમતથી ઉલ્ટુ છે. ફિલસુફીની બાબતમાં દુનિયાની શરૂઆત વિશે જુઓ કે એની ચર્ચા ઘણી ઊંડી અને એ મુદ્દો ઘણો નાજુક છે.

જો તેઓ એમ કહે કે જો તમામ ખલક્ત કે જેટલી તે પૈદા કરનારો છે અને પૈદા કરી ચૂક્યો છે તે સર્વેને એક જ જમાનામાં પૈદા કરે તો મજકૂર ખરાબી ન થાત (એટલે મોટી મખ્લૂકાત તેની નેઅમતથી મહેરૂમ રહેત નહીં)

તેનો જવાબ એ છે કે જો એમ કરત તો એ પહેલેથી જ બાબત આવીને ઉભી રહેત કે તેઓને મકાનો અને ખેતીવાડી માટે જગ્યા તંગ થઈ જાત અને જે એકબીજાના વંશમાં પૈદા થયા છે તેમ પૈદા ન કરતાં તમામ જણને એકીસાથે પૈદા કરવામાં આવત તો એકબીજામાં સગપણ અને તેના કારણથી એકબીજા સાથે મોહબ્બત અને એકબીજાની હમદર્દી ક્યાંથી રહેત

? અને મુસીબતોમાં એકબીજાની કોણ મદદ કરત ? બાળકોના ઉછેરમાં લઝઝત અને મઝા મળે છે તે ક્યાંથી મળત ? સારાંશ એ કે તમામ બાબતો (સવાલ જવાબ)થી જાહેર થયું અને જાણવા મળ્યું કે તે માલિકે પોતાની હિકમત અને કામિલ કુદરતથી જે જે બાબત ગોઠવી છે તેની વિરૂધ્ધ ગમે તે પ્રકારના ખ્યાલો અને વિચારો દોડાવવામાં આવે તે તમામ નકામા બેવકૂફી ભરેલા અને ગલત છે.( કોઈ બાબત કોઈ રીતે તેની ગોઠવણીથી જુદી રીતે ગોઠવવાનું વિચારવું એ ક્યારે બંધ બેસતું નથી.)

જો કોઈ એઅતેરાઝ કરનાર એવો એઅતેરાઝ કરે કે કેમ ખબર પડે કે આએ દુનિયાનો કોઈ બનાવનાર અને ચલાવનાર છે ? કેમકે અમો જોઈએ છીએ કે જે બળવાન હોય તે ફાવી જાય છે, સત્તાવાન હોય તે ઝુલ્મ કરી બીજાનું છીનવી લે છે. અશક્ત હોય તે મઝલૂમ અને વંચિત રહે છે. જે પ્રમાણિક્તાથી ચાલે

છે તે બલામાં ફસાય છે. અને જે કોઈ જાતની પરવા રાખતો નથી તે મજા કરે છે, અને જે ઝુલ્મ અને બદીના કામો કરે છે તેને તરત સજા મળતી નથી, એવી બાબતોથી જોવા મળે છે કે જો કોઈ આ દુનિયાને ચલાવનાર હોત તો આ પ્રમાણે ન થાત, જે પ્રમાણિકતાથી ચાલત અને નેક કામ કરત તેને રોઝી આપત અને ખરાબ કૃત્યો કરનારને રોઝીથી વંચિત રાખત અને અશકતો ઉપર ઝુલ્મ થતા રોકત અને હરામ કામ કરનારાઓને જલ્દી સજા આપત.

તો તેનો જવાબ એ છે કે જો એ પ્રમાણે (બહુ જ સખ્તી) કરવામાં આવત તો નેક લોકોની કદર ન રહેત, અને એ ફઝીલત ખાસ ઇન્સાનને જ આપવામાં આવી છે કે તે પોતાના ખરા મા'બૂદને ઓળખી સવાબનો ઉમેદવાર રહી પોતાને ખરાબ કૃત્યોથી બચાવે છે, પણ લાચાર કરીને બળજબરીપૂર્વક ખરાબ કૃત્યોથી અટકાવવામાં આવે તો એ ફઝીલત બાકી ન

રહેત, અને એ સંજોગોમાં ઇન્સાન અને હૈવાનમાં કોઈ તફાવત ન ગણાત, હૈવાનોને અંકુશમાં રાખવા માટે ખોરાકી વિ. ની લાલચ અને માર વિ.ની ધમકી આપવામાં આવે છે. તેથી તેઓ તાબેદારી કરે છે. (તો તે જ પ્રમાણે ઇન્સાન માટે ખુદાએ તઆલા મુકર્રર કરત તો કોઈ હૈવાન કરતાં તેઓ શ્રેષ્ઠ ન ગણાત અને સવાબ તથા અઝાબ રાખવાની જરૂરત ન પડત મતલબ એ કે ઇન્સાનને પૈદા કરવા નકામા ઠરત) અને એવી હાલતમાં કોઈ શખ્સ સવાબ અને અઝાબને લક્ષમાં રાખી કોઈ અમલ ન કરત અને હૈવાન જેવા હૈવાન બની જાત અને ખુદાની આખેરતની નેઅમતોને ઓળખત નહીં, ફક્ત ડર અને બીકથી તમામ કામ કરત અને તેથી સવાબનો રસ્તો બંધ થઈ જાત અને એટલા માટે નેકી કરત કે તેનો બદલો અહીંયા જ તરત જ મળશે, અને ઝાલિમ ઝુલ્મ એટલા માટે ન કરત કે હમણા જ તેની સજા મળશે, અને જ્યારે એવું થાત

ત્યારે આખેરતની નેઅમતોનો કોઈ પણ હકદાર થાત જ નહીં.

જો એઅતેરાઝ કરનારના કહેવા મુજબ કોઈ નેકી અને બદીનો બદલો નથી જ રાખ્યો એમ નથી. પરંતુ ખાસ ખાસ વખતે અને મસ્લેહતને સમયે નેકી બદીનો બદલો દુનિયામાં પણ થોડો આપવામાં આવે છે, નેકી કરવાવાળાઓને કેટલીક વખત (ઉત્તેજન માટે) નેકીનો બદલો આપવામાં આવે છે તેમજ બદકાર અને ઝાલિમને પણ (ડરાવવા માટે) ઝુલ્મની સઝા આપવામાં આવે છે, જેમકે ફિરઔનને ડુબાડી નાખવામાં આવ્યો, બખ્તુસરને સરગરદાન કરી હલાક કરી નાખ્યો વિ.

કેટલાંક દુષ્ટ અને ઝાલિમોને કોઈ ખાસ મસ્લેહતના કારણથી સઝા આપવામાં ઢીલ થાય છે તેમજ કેટલાંક નેક માણસોને નેકીનો બદલો દુનિયામાં આપવામાં આવતો નથી, તો એ બાબતોથી એમ

સાબિત થતું નથી કે દુનિયાનો પૈદા કરનાર કોઈ માલિક ન હોય, એવા દાખલા તો દુનિયામાં પણ બને છે (કે બાદશાહો ગુનેહગારને સઝા આપવામાં ઢીલ કરે છે અને કેટલાંક સારા કામ કરનારને ઇનામ આપવામાં પણ મોડુ કરે છે.) તો જ્યારે દુનિયાદારો નેકી અને બદીનો બદલો આપવામાં મસ્લેહતથી ઊતાવળ અથવા ઢીલ કરે છે, અને તે વિશે કહેવામાં આવે છે કે ખાસ કારણોસર યોગ્ય કરે છે, ત્યારે આ દુનિયાનો બાદશાહ સઝા અને જઝામાં ઢીલ અથવા ઊતાવળ કરે તો શા માટે તે વિશે કહેવામાં ન આવે ? કે તે મસ્લેહત માટે કરે છે  જ્યારે મોટી મોટી બાબતો સાક્ષી આપી રહી છે અને અક્કલ પણ કબૂલ કરે છે કે આ દુનિયાને પૈદા કરનાર કોઈ પણ હોવો જોઈએ, તો તે પોતાની મખ્લૂક સાથે મસ્લેહત મુજબ વ્યવહાર કરે, તેની તદબીરથી કોઈ રોકનાર કે અટકાવનાર નથી, અને અક્કલ પણ એમ કહી શકે કે જે કારીગર કોઈ ચીજ

બનાવે તે નકામી રહેવા દેતો નથી, હા જે અશક્ત અથવા જાહિલ વગેરે હોય તે છોડી દે છે, પણ એ માલિક માટે એવી કોઈ બાબત છે જ નહીં કે તેથી તે અશક્ત અને લાચાર હોય તેમજ તે તોફાની અને ખરાબ નથી કે કોઈને નાહક હેરાન કરે, કેમકે જે અશક્ત હોય તેનાથી તો આવી વિચિત્ર અને મહાભારે બાબતો બની ન શકે, આવી મોટી દુનિયાનું સર્જન કરી ન શકે, અને જે જાહિલ હોય તેને હિકમતના ખરા રસ્તા મળી ન શકે, તો જ્યારે સાબિત થયુ કે આ મખ્લૂકાતનો પૈદા કરનાર શ્રેષ્ઠ અને હિકમતવાળો છે, તો તે જે કાંઈ કરે છે તે હિકમત અને મસ્લેહતથી જ કરે છે. ભલે તેની હિકમત અને મસ્લેહત લોકો સમજી ન શકે. જુઓ કે બાદશાહની ઘણી તદબીરો વિ.ને સામાન્ય લોકો સમજી શકતા નથી કે તે ફલાણુ કામ શા માટે કરે છે, પણ જ્યારે તેની મસ્લેહત અને તદબીરની ખબર પડે છે ત્યારે જાણે છે કે તે બરાબર અને સારી હતી, જેમકે

ઇમ્તેહાન, કે ઇમ્તેહાન લીધા પછી તમામ બાબત જાહેર થઈ જાય છે.

જો તમોને કોઈ દવા અથવા ખોરાકની ચીજમાં કાંઈ શક હોય અને બે - ત્રણ રીતથી સાબિત થઈ જાય કે તેની તાસીર ગરમ છે અથવા ઠંડી છે, તો તમોને તેનો શક દૂર થઈ જઈ તેની વિશેષતાની સંપૂર્ણ ખાતરી થઈ જશે, તે જ પ્રમાણે ખુદાએ તઆલાના કામોની ઇન્સાનને ખાતરી થઈ જાય છે કે હિકમત અને મસ્લેહતથી ભરપૂર છે, તો જ્યારે ખુદા હોવાની અને તેના કામો મસ્લેહત મુજબ હોવાની એટલી બધી ગવાહીઓ છે કે જેની ગણતરી પણ થઈ શકતી નથી છતા એ જાહિલો (નાસ્તિકો) શા માટે એ તદબીરવાળા ખુદા હોવાનો સ્વીકાર કરતાં નથી  જો અરધી દુનિયા તેમજ તેની અંદરની ચીજોથી એવું જાહેર થાત કે એ ચીજો બરાબર અને પધ્ધતિસર નથી તો પણ અક્કલ અને ઇલ્મ એમ કહી ન શકે કે આ દુનિયાનો

બનાવનાર કોઈ નથી, કેમકે દુનિયાનો બીજો અરધો ભાગ ગવાહી આપશે કે તેનો પૈદા કરનાર કોઈ કામિલ કુદરતવાળો છે. જો કે હકીકતમાં એવુ નથી. પરંતુ દુનિયાની તમામ ચીજો હિકમત અને તદબીરથી ભરેલી છે, દરેક ચીજથી જાહેર થાય છે કે આ દુનિયાનો કોઈ માલિક અને ખાલિક છે, અને દુનિયાનો કોઈ ખાલિક નથી એમ કહેવાથી એ ચીજો અટકાવે છે, તો જ્યારે વિચાર અને ચિંતન કરતાં જોવામાં આવે છે કે તમામ ચીજો બહુ જ ખૂબી અને કારીગરીથી ગોઠવેલી છે એટલે સુધી કે કોઈપણ એવી ચીજ નથી કે જે વિશે ખ્યાલ કરતાં તેમાં ખામી જોવામાં આવે.

અય મુફઝ્ઝલ, તમે જાણો કે યુનાની ભાષામાં આ દુનિયાનું મશહૂર અને મઅરૂફ નામ “કુસમુસ” છે. જેનો અર્થ ઝીનત (શોભાયમાન) છે. તે જ પ્રમાણે ફિલોસોફર અને ઇલ્મ અને હિકમતનો દાવો કરનારાઓએ પણ એ જ નામ રાખેલ છે, તો જ્યારે એ

તમામ ચીજો હિકમત અને તદબીરથી શ્રેષ્ઠ રીતે ગોઠવેલી છે ત્યારે જ એવા નામ રાખવામાં આવેલ છે.

મને એવા લોકોથી બહુ જ આશ્ચર્ય થાય છે કે તિબ્બ (વૈદક)ના હુન્નરને સ્વીકારે છે અને તેમાં ભૂલ કાઢતા નથી એ છતા કે તેમાં ભૂલો જુએ છે. અને દુનિયાની ચીજોને કહે છે કે તે એમ જ થઈ ગઈ અને નકામી છે. ઉપરાંત જેઓ હિકમત ધરાવવાનો દાવો કરે છે તેઓથી વધારે અચંબો થાય છે કે ખલ્કતની હિકમતને તો જાણતા નથી અને ખાલિકની મઝિમ્મત કરે છે. એટલું જ નહીં પણ તેથી વધારે એ લોકોથી અજબ થાઉં છું કે જેઓ ઇલ્મના ભેદથી વાકિફ હોવાનો દાવો કરે છે અને કહે છે કે આ સર્જનમાં કેટલીક ભૂલો અને ખામીઓ છે, અને એમ કહીને એવા મહાન ઇઝ્ઝત અને શાનવાળાને જાહિલ (અજ્ઞાની) ઠરાવે છે. એ તમામ કરતાં વધારે અજબ એ લોકોથી થાઉં છું કે જેઓ ખુદાને અક્કલથી પણ ઓળખી શકતા નથી. છતા

તેને નજરે જોવાનું ઇચ્છે છે, અને જ્યારે નજરે દેખાતો નથી ત્યારે એમ કહે છે કે ખુદા છે જ નહીં અને કહ્યા કરે છે કે અમારી સમજમાં કેમ આવતુ નથી ? અમારી અક્કલ એ વાત કેમ કબૂલ કરતી નથી ? પણ તેઓ જાણતા નથી કે અક્કલમાં આવે એ કરતાં પણ શ્રેષ્ઠ છે. જેમ આંખ પોતાની તાક્ત ઉપરાંતની ચીજને જોઈ શકતી નથી. આથી હઝરતનો મતલબ એ છે કે ખુદા શું છે તે સમજવા માટે એ લોકો ચાહે છે, પણ કોઈ રીતે સમજી શકતા નથી, પણ ખુદા શું છે એ તેની ઝાતની હકીકત ઇન્સાનના ખ્યાલમાં આવી શકે તેમ નથી. તો જે ચીજ તેની મર્યાદાની બહાર હોય તે તેનાથી કેમ બની શકે ? પણ દરેક અક્કલવાળાની અક્કલને એટલી શક્તિ તો જરૂર આપી છે કે અટલી અટલી અજાએબાત જોવાથી અક્કલ કબૂલ કરે છે કે ખરેખર કોઈ મહા શક્તિવાળો અને કામિલ કુદરતવાળો તેનો પૈદા કરનાર હોવો જોઈએ.

પછી આપે ફરમાવ્યું : તમે કોઈ પથ્થરને હવામાં અધવચ્ચે જુઓ તો જરૂર સમજશો કે એ પથ્થરને કોઈ ફેંકનારે ફેંક્યો છે. તો આંખથી તો તમોને એટલી જ ખબર પડી કે એ પથ્થર અધ્ધર છે, પણ તેનો ફેંકનારને આંખે જોયો નથી તેથી આંખ તે વિશે વધારે જાણી શકશે નહીં. પણ તે સાથે અક્કલ પથ્થરને જોઈ કહેશે કે પથ્થર ભારે હોવાથી કોઈએ ફેંક્યા વિના અધ્ધર થઈ શકતો નથી. તો અલબત્ત તેનો ફેંકનાર કોઈ હોવો જોઈએ, તો તે પ્રમાણે અક્કલ પણ એ ખાલિક અને માલિકની માઅરેફતમાં પોતાની હદ સુધી પહોંચીને સ્થિર થઈ જાય છે અને આગળ વધી શકતી નથી, અક્કલ કહે છે કે અંગમાં નફસ (રૂહ અને જીવ) છે, પણ એ નફસને આંખે જોએલ નથી. તેમજ બીજી કોઈ ચીજથી નફસનું અસ્તિત્વ જાણી શકાયુ નથી. પણ અક્કલ કહે છે કે શરીરમાં નફસ છે, તો તે જ અક્કલ પણ આંખે જોયા વિના દુનિયાના પૈદા કરનારને

ઓળખી અને જાણી શકે છે. અને કહી શકે છે કે કોઈપણ ખાલિક છે.

જો એઅતેરાઝ કરનારા કહે કે નિર્બળ બંદાને તેણે શા માટે એવી તકલીફ આપી ? કે અક્કલની બારીકીથી તેની માઅરેફત સાથે તેને ઓળખે એ છતા કે બંદો તેને સંપૂર્ણ રીતે ઓળખી શકતો નથી, તો તેનો જવાબ એ છે કે બંદાને તેને ઓળખવાની એટલી જ તકલીફ આપી છે કે જેટલી તેનામાં શક્તિ છે કે જ્યાં સુધી તેની અક્કલ પહોંચી શકે છે અને તે એ છે કે તેની કુદરતની નિશાનીઓ જોઈ વિચારીને તે યકીન કરે, પછી તેના હુકમો અને સૂચના મુજબ અમલ કરે, કાંઈ એવી તકલીફ આપવામાં આવી નથી કે તેની ઝાતને સંપૂર્ણ રીતે સમજે ને ઓળખે. કોઈ બાદશાહ પોતાની પ્રજાને એવી તકલીફ આપતો નથી કે તે બાદશાહ લાંબો છે કે ટૂંકો છે કે ગોરા રંગનો છે કે ઘઉં વર્ણો છે તે જુએ અને જાણે, બલ્કે એ એટલી જ તકલીફ

આપે છે કે તેને પોતાનો બાદશાહ અને હાકિમ સમજે અને તેના હુકમ ઉપર અમલ કરે. કોઈ શખ્સ બાદશાહના દરવાજા ઉપર આવીને કહે કે તુ બહાર આવ તો હું તને જોઈ લઉં અને સારી રીતે જોઈ ઓળખી લઉં પછી તારા હુકમની તાબેદારી કરીશ. તો આમ કરવાથી તે સજાને પાત્ર થશે, તો એ જ હાલત એવા માણસની છે કે જે એમ કહે કે હું તો જ્યાં સુધી ખુદાને નજરે નહીં જોઉં ત્યાં સુધી તે છે એવો સ્વીકાર કરીશ નહીં.

જો એવો એઅતેરાઝ કરે કે તમે અલ્લાહની સિફાતો બયાન કરો છો કે તે કરીમ છે, રહીમ છે, સખી છે વિ. તે કેવી રીતે ? તો તેનો જવાબ એ છે કે અમો કાંઈ તેની સિફતોને ઘેરી લેતા નથી, પરંતુ ફક્ત સ્વીકાર કરીએ છીએ અને તે પણ એ કારણે કે અમોને ખાતરી છે કે તે હકીમ છે, પણ કેવી રીતે હકીમ છે તે સંપૂર્ણ રીતે સમજી શકતા નથી. તેમજ જાણીએ છીએ કે

તે સખી અને કુદરતવાળો છે વિ. જેમકે આપણે આસમાનને જોઈએ છીએ, પણ એ ખબર નથી કે એ કઈ ચીજનું બનેલુ છે, તેમજ દરિયાને જોઈએ છીએ પણ તેના અંતની ખબર નથી, અને ખુદાએ તઆલા તો એવા દાખલાથી પણ બેશુમાર દરજા બુલંદ અને શ્રેષ્ઠ છે, કોઈ એવો દાખલો નથી કે તેના માટે સંપૂર્ણ રીતે આપી શકાય, ફક્ત દાખલાઓ અક્કલને તેની માઅરેફત તરફ દોરે છે.

જો તેઓ એમ કહે કે જ્યારે અક્કલ તેની માઅરેફત તરફ દોરે છે ત્યારે તેના વિશે આપસમાં મતભેદ શા માટે છે ? તો તેનો જવાબ એ છે કે ઇન્સાન પોતાની અક્કલની હદ સુધી વિચારતો નથી અને હદથી વધી જાય છે. તેથી તેની અઝમત અને બુઝુર્ગીને જાણી શકતો નથી, તે તેની બુઝુર્ગી કરતાં ઓછે દરજે પણ સમજવામાં અશક્ત છે. છતા તેની પૂરી હકીકત મેળવવા ચાહે છે.

આ બારામાં સૂર્યનો દાખલો જુઓ કે જેને તમો જુઓ છો કે તમામ દુનિયા ઉપર પોતાની રોશની નાખે છે, પણ સૂર્ય શું છે તેની હકીકત કોઈ જાણતુ નથી. (તો જ્યારે એ માલિકની પૈદા કરેલ ચીજ કે જે દેખાય પણ છે તેની ખરી માઅરેફત અને સાચી હકીકતથી લોકો વાકેફ નથી અને સમજી શકતા નથી, તો તેના પૈદા કરનારની હકીકત કોણ જાણી શકે ? ) તો એ જ કારણથી સૂર્યની હકીકત જાણવામાં ઘણો મતભેદ છે, અને ફિલસુફોએ તેની હકીકત કેટલીક રીતથી બયાન કરેલ છે, કોઈ તો એમ કહે છે કે તે એક પોલુ આસમાની જિસ્મ છે અને તેની અંદર આગ ભરેલી છે અને તેમાં એક મોઢુ રાખવામાં આવેલું છે. તેમાંથી કિરણો બહાર નીકળીને ચારે તરફ રોશની અને પ્રકાશ ફેલાવે છે, કોઈ એમ કહે છે કે તે વાદળું છે, કેટલાંક કહે છે કે કાંચનો એક ગોળો છે અને તેની અંદર આગ ખેંચાય છે અને તેમાંથી આગની ગરમી અને પ્રકાશ

દુનિયા ઉપર પડે છે. કેટલાંક કહે છે કે તે પાણી જામીને બહુ જ સાફ અને લતીફ બનેલ છે,

કેટલાંકનું કહેવું એમ છે કે આગના કેટલાંક ભાગ એક જગ્યાએ ભેગા થઈ ગયા છે, કેટલાંક કહે છે કે જેમ મુખ્ય ચાર વસ્તુઓ છે, આગ, પાણી, માટી અને હવા તે પ્રમાણે એ આ પણ પાંચમી ચીજ છે, અને તેની શકલ વિ.માં પણ તેઓમાં મતભેદ છે, કેટલાંક કહે છે કે એક પહોળા પતરાની જેમ છે, અને કેટલાક કહે છે કે તે એક ગોળાની સમાન છે, તેમજ તેના માપ વિશે પણ મતભેદ છે. જેટલી પૃથ્વી મોટી છે તેટલો જ સૂર્ય મોટો છે, કેટલાંક કહે છે કે પૃથ્વી કરતાં નાનો છે, કેટલાંક કહે છે કે જમીન કરતાં મોટો છે, અને એવી જાતની ગણતરી અને ઇલ્મ ધરાવનાર કહે છે કે જમીન કરતાં સૂર્ય એકસો સિત્તેર ગણો મોટો છે.

તે લોકોમાં સૂર્ય વિશે ઘણો મતભેદ છે, અને તેના હાલથી બરાબર વાકેફ થયા નથી, તો જ્યારે આ

નજરે દેખાતા સૂર્યની ખરી હકીકત જાણી શકતા નથી, અને અક્કલો તેની હકીક્તે પહોંચવાથી અશક્ત અને લાચાર છે. તો સર્વનો માલિક  કે જોવામાં આવતો નથી. એટલું જ નહીં પણ વિચાર અને ખ્યાલથી પણ વધારે છુપો છે, તો તેની હકીકત કેવી રીતે જાણી શકે ? જો કોઈ એમ કહે કે તે શા માટે છુપો છે ? તો તેનો જવાબ એ છે કે તે કોઈ તદબીર અને હીલાથી છુપો નથી. તેમજ કોઈ વસ્તુ દરવાજા અને પરદાની અંદર છુપી રહે છે કે લોકો જોઈ ન શકે તે રીતે છુપાયેલ નથી. પણ અમો જે કહીએ છીએ તે આંખોથી અદ્રશ્ય છે તેનો અર્થ એ છે કે તેના સુધી વહેમ વિચાર અને ખ્યાલ પહોંચી શકતો નથી, કેમકે મજકૂર બાબતોથી પણ તે વધારે લતીફ છે, જેવી રીતે તે નફસ (રૂહ) પણ એવો લતીફ છે કે તે પણ જોવામાં આવતો નથી એ છતાં કે તે ખુદાની પૈદા કરેલી મખ્લૂકાતમાંથી એક મખ્લૂક છે.

જો કોઈ એમ પૂછે કે તે લતીફ શા માટે છે ? તો એ સવાલ ખોટો અને પાયા વગરનો છે, કેમકે તે સર્વેનો પૈદા કરનાર હોય તે સર્વેથી વેગળો અને જુદો જ હોવો જોઈએ અને સર્વેથી શ્રેષ્ઠ હોવો જોઈએ. અને જો તેઓ કહે કે સર્વે કરતાં વેગળો, જુદો અને શ્રેષ્ઠ છે તેની કેમ ખબર પડી ? તો તેનો જવાબ એ છે કે કોઈ ચીજ જાણવા માટે ચાર રીતે છે, ૧ - જોવાથી, ૨ - તે ચીજ અસલમાં શું છે તે જાણવાથી, ૩ - એ ચીજ કેવી રીતે છે ને તેની સિફત શું છે, ૪ - એ જાણવામાં આવે કે તે શા માટે અને શા કારણથી છે, તો આ ચારે બાબતોમાં કોઈ બાબત એવી નથી કે ઇન્સાન તે થકી પોતાના ખાલિકને સંપૂર્ણ રીતે જાણી શકે, પણ એટલું સમજી શકે છે કે તે મૌજૂદ છે (એ કરતાં વધારે હકીકત કોઈ જાણી શક્વાની શક્તિ રાખતો નથી કે તે શું ચીજ છે, અને એટલું જ જાણવુ બસ છે) અને એ કેવી રીતે છે અને શું ચીજ છે એ બાબતો સંપૂર્ણ રીતે જાણવી અશક્ય છે

અને બનવાજોગ નથી, અને જો એમ કહેવામાં આવે કે તે કેમ અને શા માટે છે, તો એવા સવાલ તદ્દન ખોટો છે, દરેક ચીજ તેના કારણે છે પણ તે કોઈ ચીજના સબબથી નથી.

જ્યારે ઇન્સાન એટલું સમજી લે કે આએ સૃષ્ટિ પૈદા કરનાર ખુદા છે, તો એટલું જાણવું બસ છે, પણ એટલું જાણવાથી એમ જરૂરી નથી કે તે શું ચીજ છે અને શા માટે છે, જેમકે ઇન્સાન ના નફસ વિશે એટલું જ જાણવામાં આવે છે કે તે છે, પણ તેની સાથે એ જાણવું જરૂરી નથી કે તે કોણ છે અને શું છે (દરેક શખ્સ જાણે છે કે મારામાં રૂહ મૌજૂદ છે, પણ હજુ સુધી કોઇને ખબર પડી નથી કે તે શું ચીજ છે અને કેવી છે અને તેની શું હકીકત છે). એજ પ્રમાણે બીજી રૂહાની લતીફ ચીજો છે કે તે મૌજૂદ હોવાથી બધાને ખાતરી છે કે તેની હકીકતથી વાકેફ નથી. (તો જે પ્રમાણે કેટલીક લતીફ અને રૂહાની ચીજોને ઇન્સાન જોઇ શકતો નથી

તેમજ તેની હકીકતની ખબર નથી છતાં તેની નીશાનીઓથી યકીન કરે છે કે તે ચીજો છે, તો તેજ પ્રમાણે પરવરદિગારે આલમ મૌજૂદ છે અને તે સર્વે જાણે છે, પણ તેની હકીકતની ખબર પડી શકતી નથી કે તે શું અને કેવો છે.)

જો કોઇ એમ કહે કે તમે તેની માઅરેફત રાખતા નથી તેથી એ પ્રમાણે બયાન કરો છો. અને કહો છો કે તે એવી ચીજ છે કે તેને જાણી શકતા નથી, તો તેનો જવાબ એ છે કે એક રીતે તો એમજ છે કે ઇન્સાન તેની હકીકતની માઅરેફત ધરાવતો નથી, પણ બીજી રીતે તે એવો છે કે દરેક નજીકની ચીજથી વધારે નજીક છે, એ ક્યારે કે જ્યારે તે સાફ દીમાગથી તેના હોવા વિશે જોવા તપાસવામાં આવે (તો જ્યારે એ પ્રમાણે દલીલોથી તેના વિશે વિચારે તો ધ્યાનમાં આવશે કે તે જાણે પોતાની સામે મૌજૂદ છે, અને હકીકતમાં એમજ છે.) તો એક રીતે તે કોઇ ઉપર છુપો

નથી અને બધા ઉપર જાહેર છે, અને બીજી રીતે તે એવો છુપો છે કે જાણે તેને કોઇ જાણી શકતું નથી, મતલબ એ કે અક્કલથી તે મૌજૂદ હોવાનું સ્પષ્ટ થાય છે અને તેની જાતની કુનેહ તપાસવાથી છુપી છે.

જે લોકો પ્રકૃતિને સ્વીકારે છે (એટલે નેચરીઓ) તેઓ કહે છે કે પ્રકૃતિ એવા કામ કરતી નથી કે જે નકામા અને કાંઇ મતલબ વિનાના હોય તેમજ જે બાબતથી જે ચીજ પોતાની હદ સુધી સંપૂર્ણ થનાર હોય તેને અધૂરી રહેવા દેતી નથી અને તેઓનો તે વિશે એવો ખ્યાલ છે કે એ વિશેની અજમાઇશ કરવામાં આવેલ છે. તેથી એમ સાબિત થાય છે, તો તેઓને જવાબ આપવામાં આવશે કે તેઓ પ્રકૃતિ ને જ્યારે એવી ગણે છે ત્યારે તેને એવી હિકમત અને તમામ ચીજોની સંપૂર્ણ થવાની હદ કોણે બતાવી? કેમકે કેટલીક બાબતો એવી છે કે ઘણી વખત ચકાસણી કરવા છતાં પણ અક્કલ તેને સંપૂર્ણ રીતે સ્વીકારતી

નથી, તો જ્યારે અક્કલ જેવી ચીજ દરેક બાબતોની મર્યાદા જાણી શકતી નથી ત્યારે પ્રકૃતિ કે જેની અંદર કાંઇ પણ સમજ શક્તિ નથી તે કેવી રીતે પરિક્ષા અને ચકાસણી વગર એવી મજબૂત તદબીરો અને કામિલ ચીજો કરી શકે ? જો તેઓ એમ કહે કે પ્રકૃતિ છે તેજ હકીમ છે અને એવી બાબતો કરવા માટે શક્તિમાન છે અને કુદરત ધરાવે છે, તો તે વખતે એવું નક્કી થશે કે જે બાબતનો તેઓ ઇન્કાર કરે છે તે બાબત કબૂલ કરી લીધી, અને જેને પ્રકૃતિ કહે છે તે પ્રકૃતિ નહીં પણ એવા ગુણ અને સિફાતવાળો ખુદા છે, તો આ સૃષ્ટિ જેની અંદર જાતજાતની હિકમતો ભરવામાં આવી છે તે પુકારી પુકારીને કહી રહી છે કે આ બનાવટ અને કારીગરી બેશક કોઇ એવા ખાલિક અને માલિકની કરેલી છે કે તે બહુજ મોટો હિકમતવાળો છે.

અગાઉના ઝમાનામાં પણ કેટલાંક એવા હતા કે તેઓ સર્જકનો ઇન્કાર કરતાં હતા અને કહેતા હતા કે

આ દુનિયાની ચીજો કોઇએ બનાવ્યા વિના તેમજ તે વિશે વિચાર કર્યા વિના યોગાનુયોગ આપોઆપ બની ગઇ છે. જેમકે કોઇ કારણ વગર ઝમીન ખોદતો હોય અને આપોઆપ ખજાનો મળી આવે પણ તેનો ઇરાદો ખઝાનો મેળવવાનો ન હતો. એ લોકોની દલીલ એ હતી કે જ્યારે બાળકો પૈદા થાય છે ત્યારે કાંઇ એકસરખા પૈદા થતા નથી, જેમકે કોઇને એક આંગળી વધારે હોય છે, કોઇની સૂરત ખરાબ હોય છે. તો એમ એટલા માટે થાય છે કે તે આપોઆપ બને છે જેમકે જે તદબીર કરીને ખાસ ઇરાદાથી કાંઇ બનાવે તો તેમાં કાંઇ ખામી હોવી ન જોઇએ કે કોઇમાં પાંચ આંગળીના બદલે છ આંગળી કરે, એક માથાને બદલે બે માથા કરે, બે હાથ ને બદલે એક હાથ કરે (અથવા બે હાથને બદલે ચાર હાથ કરે.) તો આવી બાબતોથી તેઓ એમજ માનતા હતા કે ચીજો આપોઆપ બની ગઇ છે, પણ તેઓના ઝમાનામાં એરિસ્ટોટલે (એક મોટા હકીમે)

તેઓના કલામને રદ કર્યો હતો અને જવાબ આપ્યો હતો કે કોઇ કોઇ ચીજ માં ફેરફાર થઇ જાય છે તે ખાસ ખાસ કારણથી તબીયતના ફેરફારથી બની જાય છે (જેમકે ગર્ભ રહેવાની ગર્ભસ્થાનની જગ્યામાં કમઝોરી આવી જવાથી કામિલ સૂરત પૈદા થતી નથી તેમજ વધારે ગરમી અને ગભરાટના કારણે એક ચીજને બદલે બે ચીજ થઇ જાય છે વિ.)

તો અય મુફઝ્ઝલ, કોઇ એકાદ વખતે નિયમથી ઉલ્ટું થવાથી એમ નક્કી કરી શકાતું નથી કે આપોઆપ થઇ જાય છે, તમો જાતજાતના હૈવાનોને જૂઓ છો કે તેઓ એકજ કાનૂન અને ધારા પ્રમાણે પૈદા થયા કરે છે, જેમકે ઇન્સાન જ્યારે પૈદા થાય છે ત્યારે બે હાથ, બે પગ અને પાંચ આંગળીવાળો પૈદા થાય છે અને મોટો ભાગ બલ્કે લગભગ બધાજ તમામ એકજ રીતના પૈદા થાય છે, પણ કોઇ કોઇની બનાવટમાં સહેજ ફેરફાર પડી જાય છે તે ગર્ભસ્થાનની ખરાબી

વિ.ના કારણથી થાય છે, જેમકે કારીગર કોઇ ચીજ બનાવવા બેસે છે તો તે તમામ એક સરખીજ બનાવે છે, પણ કોઇ વખતે તેના હથિયારમાં કાંઇ ખામી આવી જાય છે. તો તે કારણથી તે ચીજમાં પણ ખામી આવી જાય છે અને ઇન્સાનના બાળકોમાં જેમ કોઇ કોઇ વખતે ખામી થાય છે તેમ પશુપંખીઓના બચ્ચાઓમાં પણ કોઇ કોઇ વખતે ખામી થાય છે, બાકી તમામ ઘણે ભાગે એકજ રીતભાતના બને છે.

તો જ્યારે બધી ચીજો એકજ સરખી કોઇ બનાવતો હોય અને એકાદમાં ખામી આવી જાય તેથી એમ માની શકાતું નથી કે તમામ ચીજો આપોઆપ પૈદા થઇ જાય છે તો સાબિત થયું કે તે એકાદ એવી નજીવી ખામીને દલીલ બનાવીને એમ કહેવું કે તમામ ચીજોને કોઈ બનાવનાર નથી, પરંતુ તે આપોઆપ થઈ જાય છે તે મહા ભૂલ અને ખોટો ખ્યાલ છે (બલ્કે એવી ખામી ન આવત તો એ લોકોને કહેવાનું મળત કે એ

તો આપોઆપ બને છે તેથી એકજ સરખું જ બને છે, જો કોઇ બનાવનાર હોત તો ફેરફાર કરી શકત.)

જો તેઓ એમ કહે કે ભલે ચીજોનો કોઇ બનાવનાર છે અને શક્તિમાન છે, તો શા માટે તેમાં ખામી આવે છે ? તો તેનો જવાબ એ છે કે લોકોને ખબર પડે કે એ ચીજો આપોઆપ બનતી નથી, પરંતુ તેનો કોઇ બનાવનાર છે કે તેમાં ફેરફાર પણ કરી શકે છે, અને એ પૈદા થવાની ચીજોમાં ખામી કરી આપે છે અને તેના ઉપર સત્તા ધરાવનાર છે કે જે ચાહે તેમ કરવાને શક્તિમાન છે, અય મુફઝ્ઝલ, મેં તમોને જે જે બાબતો તાલિમ કરી તેને યાદ કરો અને તમારા પરવરદિગારનો શુક્ર કરો અને તેનો હક અદા કરો અને તેના અવલીયાઓની તાબેદારી કરો, મેં તમોને આ દુનિયાનો પૈદા કરનાર હોવાની દલીલો ઘણામાંથી થોડી અને તેની તદબીર અને ઇરાદાની સાબિતીઓમાંથી નિશાનીઓમાંની થોડી નિશાનીઓ

બતાવી, તો તેમાં વિચાર કરો અને તે ઉપરથી નસીહત હાંસિલ કરો.

મુફઝ્ઝલ કહે છે કે મેં અરજ કરી ઇન્શાઅલ્લાહો તઆલા હું આપની મદદથી મારા હેતુ પૂર્ણ કરી શકીશ.

પછી આપે પોતાનો હાથ મારી છાતી ઉપર રાખીને ફરમાવ્યું ખુદાની મશીય્યતથી હિફઝ અને યાદ કર અને ઇન્શાઅલ્લાહ ભૂલીશ નહીં તે વખતે હું બેહોશ થઇને પડી ગયો, જ્યારે હું હોશમાં આવ્યો ત્યારે આપે ફરમાવ્યું: અય મુફઝ્ઝલ, હવે તમો પોતાને કેવી હાલતમાં જૂઓ છો? મેં અરજ કરી મારા મૌલાની મદદથી જે વાતો મેં લખી રાખી છે તેથી બેપરવા થઇ ગયો અને મને એવી રીતે યાદ થઇ ગઇ કે જાણે હું પોતાની હથેળીઓ ઉપર લખેલું હોય અને વાંચી રહ્યો છું. તો અય મારા મૌલા હું એ ખુદાએ તઆલાનો શુક્ર અને હમ્દ કરૂં છું કે તે તેનો હકદાર છે.

પછી આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, તમારા દિલને શાંત અને સ્થિર કરો અને તમારા દિમાગ અને સ્વસ્થતાને સરખા રાખો તો હું ઇન્શાઅલ્લાહ તમોને આસમાન અને જમીનના મલકૂત અને જે કાંઇ તેઓમાં ખુદાએ તઆલાએ અજાએબ મખલૂકાત અને જાતજાતના ફરિશ્તાઓ પૈદા કર્યા છે એટલે સુધી કે સિદરતુલ મુન્તહા સુધીની તેમની જગ્યા અને મરતબા મુકર્રર ફરમાવ્યા છે તે અને જિન્નાત તથા ઇન્સાનથી લઇને જમીન ના સાતમા તબક્કા સુધી. એટલુંજ નહીં પણ તેની નીચેની બાબતો વિશે બયાન કરીશ કે તે વખતે તમો જાણશો કે તમોએ જે કાંઇ આ વખતે યાદ કર્યું છે તે ઘણામાંથી બહુજ થોડું છે, ખૈર હવે મરજી પડે ત્યારે જાઓ ખુદા તમારો હાફિઝ અને મદદગાર છે, અમારી પાસે તમારો મોટો મરતબો છે, જેમ તરસ્યાને પાણીની કદર હોય તેમ તમારી કદર મોઅમિનોના દિલમાં છે, અને મેં તમોને જે બાબતોનો વાયદો કર્યો

છે તે વિશે તમારે મારી પાસે દરખાસ્ત કરવી નહીં, બયાન કરવું હશે ત્યારે હું પોતેજ બયાન કરીશ, મુફઝ્ઝલ કહે છે કે હું હઝરત પાસેથી એવી ચીજ લઇને પાછો ફર્યો કે કોઇપણ તેવી ચીજ લઇને પાછો ફર્યો હશે નહીં.

અલ્હમ્દો લિલ્લાહ આ બયાન પૂરૂં થયું હવે “હદીસે અહલીલજ” બયાન કરવામાં આવે છે કે જે બહુજ ઉમદા છે.

# પ્રકરણ - ૪૪
# હદીસે હલીલજ અથવા
# નાસ્તિક્વાદનું ખંડન

બેહારૂલ અનવારની કિતાબુત્તવહીદને આધારે ‘તવહીદુલ્અઇમ્મા’માં લખેલું છે કે મુફઝ્ઝલ બિન ઉમર જોઅફીએ હઝરતે ઇમામ જાઅફરે સાદિક અલય્હિસ્સલામ ને પત્ર લખ્યો કે આપણા ધર્મમાં કેટલાંક લોકો એવા પૈદા થયા છે તેઓ ખુદાના વજૂદનો ઇન્કાર કરે છે. અર્થાત તેઓ નાસ્તિક્વાદ ધરાવે છે અને તેના સંબંધમાં તકરારો કરે છે. જેવી રીતે આપે બીજાઓની દલીલોનું ઘણીવાર ખંડન કર્યું છે તેવી રીતે આ નાસ્તિક લોકોની દલીલોનું ખંડન પણ કરશો, એ પત્રના જવાબમાં આપે નીચે મુજબ જવાબ લખી મોકલ્યો.

બિસ્મિલ્લાહિર રહ્મા નિર રહીમ - અમ્માબાઅદ – મા’બૂદે બરહક-પરવરદિગાર અમને

અને તમને તેમની તાબેદારી અને બંદગીની તેના હુકમોને માનવાની તૌફીક (સદબુધ્ધિ) આપે. અને તે વડે પોતાની ખુશી અને કૃપાથી આરામમાં પસાર કરો તમારો પત્ર પહોંચ્યો. તમે લખો છો કે ખુદાના વજૂદનો ઇન્કાર કરનારાઓના કારણથી તેમની સંખ્યા વધી પડી છે (અટલે નાસ્તિકો વધી પડયા છે) અને તેમની તકરારો અને ઝઘડાઓ ઘણા સખત હોય છે. હું તેમના જેવા બીજાઓની દલીલોનું ખંડન કરૂં અથવા તે સબંધમાં કોઇ કિતાબ-પુસ્તક લખું, એવી તમારી એ પત્રમાં દરખાસ્ત પણ છે.

અમો અલ્લાહની સંપૂર્ણ નેઅમતો-બક્ષિશો માટે તેની સંપૂર્ણ હદ સુધી પહોંચેલી 'હુજ્જતો' (દલીલો અથવા પ્રમાણો) માટે તેના વખાણ અને પ્રશંસાપાત્ર પરીક્ષાઓ માટે કે જે વડે તે પોતાના ખાસ (માનીતા) અને આમ (સામાન્ય) સેવકોને ચકાસે છે તેનો શુક્ર (પાડ) માનીએ છીએ. તેની અનેક મહાન નેઅમતો

અને બક્ષિશો જે તેણે આપેલ છે તેમાંની એ છે કે તેણે ખાસ અને આમ સર્વના અંત : કરણોમાં પોતાના વજૂદની એટલે પોતાના અસ્તિત્વની સાબિતી રાખી દીધી છે. (એટલે માણસ ગમે તેવો સખત નાસ્તિક હોય પણ તેનું મન ઊંડાણમાંથી એટલું તો જરૂર કહે છે કે આ જગતનો કોઇને કોઇ પૈદા કરનાર હોવો જ જોઇએ. આવી રીતે તેણે પોતાના અસ્તિત્વને દરેકના મનમાં મૂકી દીધું છે) અને (એવી સ્થાપના વડે) તેણે સર્વ પાસેથી પોતાની માઅરેફત એટલે પોતાની ઓળખાણનું વચન લઇ લીધું છે. તેણે સર્વ ઉપર એક એવી કિતાબ *[આ વાક્ય ઘણા ઊંડા તત્વસાર અને ફિલસુફીથી ભરપૂર છે. પ્રશ્ન કરનારો નાસ્તિકના ખંડનમાં કિતાબ માંગે છે. હઝરત આકાશી ઉપદેશ કરનારી કિતાબનો હવાલો આપે છે. કિતાબનું કામ ઉપદેશ કરી મનાવવું હોય છે. હઝરત ફરમાવે છે કે સર્વના મનમાં ખુદા પોતાના અસ્તિત્વની જે કુદરતી સાબિતી આપી છે તે*

*પૈકીની કુદરતી સાબિતી એમાં એક અમૂલ્ય કિતાબ એવી છે કે જો બુધ્ધિ હોય તો સર્વ શંકાઓ અને વહેમની બીમારીઓનો નાશ થાય અને વધારે સાબિતીઓની જરૂર ન રહે. - વલી મોહમ્મદ સી. મોમિન.]* ઊતારેલ છે કે જેમાં અંત : કરણોના રોગોનો (મનની શંકાઓ અને વહેમોના) ચોક્કસ નિકાલ કરી દેનારો ઉપાય છે, તેણે ખાસ અને આમને (માનવંતા અને સામાન્ય બંદાઓ) તેમજ બીજી કોઇ પણ વસ્તુને પોતાની જાત સિવાય બીજા કોઇની મોહતાજ બનાવેલી નથી. *[બધી જ વસ્તુઓ મોહતાજ છે. અને જ્યારે તેના મોહતાજ છે ત્યારે તેણે પોતાના વજૂદનું જ્ઞાન આપવુ જોઈએ, તે મુજબ તેણે આકાશી કિતાબો મોકલી અને બધાના મનમાં પોતાના વજૂદની કુદરતી છાપ મૂકી તે જ્ઞાન આપ્યું છે, કોઈ જાણી જોઈ અવળો ચાલે તો તેનો પોતાનો કસૂર છે. વલી મોહમ્મદ સી. મોમિન]* પરંતુ તે પોતે સર્વથી તદ્દન સ્વતંત્ર અને બેપરવા છે અને

ખરેખર ખુદા ગની (તવંગર) બેપરવા અને મહમૂદ (વખાણાએલો) છે.... હું મારા પ્રાણની પ્રતિજ્ઞ લઇ કહું છું કે એ જાહિલો-અને મૂર્ખાઓ, ખુદા ન હોવાની સ્પષ્ટ દલીલો, તેના જાહેર ચિહ્નો જે સૃષ્ટિમાં તેઓ જુવે છે, અને આકાશ, તથા પૃથ્વીમાંથી અદભૂત કારીગરીઓને જુવે છે જે એમ સિધ્ધ કરે છે આ સૃષ્ટિનો કોઈ સર્જનારો છે અને તેને નિહાળે છે છતાં તેઓ પરવરદિગારનો ઇન્કાર કરે છે અને કહે છે આ જગતનો કોઇ કર્તા નથી તેમને જ ઘણું નુકસાન છે. તેઓ એ લોકો છે કે જેઓએ પોતાની સન્મુખ પાપાચાર (ગુનાહો) ના દ્વાર ઉઘાડયા છે અને પોતાના મનોવિકાર અને નીચ ઇચ્છાઓના રસ્તા મોકળા કર્યાં છે. અને તેથીજ તેમના મનોવિકાર અને તેઓ નફસની ખ્વાહીશોના પ્રભાવમાં આવી ગયા છે. અને (ખુદાના હોવાનો ઇનકાર કરી) પોતાની ઝાત પર ઝુલ્મ કરવાથી શૈતાને તેમના ઉપર કાબૂ મેળવ્યો છે. અને

એવીજ રીતે ખુદાએ તઆલા, જાણી જોઇને અવળા ચાલનારાઓના અને જોતા હોય છતાં અમે નથી જોતાં એવું કહેનારા-સરકશોના અંત:કરણો ઉપર મોહર મારી દે છે. (તેઓના દિલોને બીડી લે છે).

(અહલીલજ તથા હલીલા હઈડા (હરડે)ના ફળને કહે છે, અને આ બયાનનું નામ હદીસે અહલીલજ એટલા માટે રાખવામાં આવ્યું છે કે એક નાસ્તિક હકીમથી હઝરત ઇમામે જા'ફર સાદિક અલય્હિસ્સલામને ખુદાના વજૂદ વિશે બહુ જ લંબાણથી વાદ વિવાદ થયો અને તે વખતે તેની પાસે હઈડા (હરડે) હતી, તો હઝરતે તેને હઈડા (હરડે) ઉપરથી જ કાયલ કર્યો અને છેવટે ઘણી દલીલોથી સાબિત થવા બાદ તેણે ખુદાનો ઇકરાર કર્યો તેથી એ બયાનનું હદીસે અહલીલજ નામ રાખવામાં આવ્યું, નાજી)

જે સર્જવામાં આવેલો માણસ, પોતાના શરીરની રચનાઓની કારીગરીને જુવે છે કે શરીર આવી રીતે

બનાવવામાં આવેલું છે કે જેથી અક્કલ હૈરાન છે, તે માણસ એવો દાવો કરે છે કે આ જગતના કર્તાનું અસ્તિત્વ (હોવું) હજુ સાબિત થયું નથી. એ ઘણી નવાઇની વાત છે, કારણકે તેના પોતાના શરીરમાં પૈદાઇશના ચિહ્ન હોવા એજ તેના એવા દાવાને રદ કરે છે. (એટલે માણસના સ્થૂળ અને સૂક્ષ્મ શરીરની રચના અને તેની ખૂબી એજ તેના પૈદા કરનારની સાબિતી છે.) મારા પ્રાણના સોગંદ  જો એ લોકો આ મોટી મોટી વાતોમાં જરાક વિચાર કરત તો સૃષ્ટિમાં સ્પષ્ટ તરકીબ(યોજના) નિર્વિવાદ ખૂબી અને તદબીર (યુક્તિ) ને નજરો નજર જોઇ લે. (એટલે જો તેઓ વિચાર કરત તો તેમને જણાત કે આ વસ્તુઓ પ્રથમ ન હતી અને પછી થએલી છે માટે તેને બનાવનારો, આયોજન કરનારો કોઇને કોઇ હોવો જોઇએ.)

વળી એ વસ્તુઓનું એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં અને એક રચનામાંથી બીજી રચનામાં

પરિવર્તન થવું કોઇ કર્તા અથવા બનાવનારને દર્શાવે છે. કેમકે સૃષ્ટિમાંની કોઇ એક પણ વસ્તુ તરકીબ (યોજના) અથવા તદબીર (યુક્તિ)ના ચિહ્ન વિનાની નથી. એવી કોઇ વસ્તુ નથી કે જે કર્તાને દર્શાવતી ન હોય. એવી કોઇ વસ્તુ નથી જેમાં હિકમત (વિવેકબુધ્ધિ)ની સાથે તરકીબ(યોજના) ન હોય અને તે એક હકીમ (વિવેકી અને મહા બુધ્ધિમાન) કર્તાને સૂચવતી ન હોય.

તમારો પત્ર મળ્યો મેં તમારા માટે એક વિષય લખ્યો છે, નાસ્તિકોમાંના એકની સાથે મારો વિવાદ થયો હતો તે એ વિષય છે અને તે આ છે-એક હિન્દુસ્તાની વૈદ મારી પાસે આવતો જતો હતો. તે હંમેશા પોતાની ગુમરાહીના વિચારો અને પોતાના અધર્મી પણાના મતો સંબંધમાં મારી સાથે વિવાદ કરતો રહેતો. એક દિવસ તે દવામાં મિશ્રણ કરવા માટે જેની મને જરૂર હતી હલીલા(હઇડા, હરડેનું ફળ)

વાટતો હતો. વાટતા વાટતા તે એક એવી વાત બોલી ઉઠયો કે જેના સંબંધમાં મારી સાથે વિવાદ કરતો હતો તેનો મત એવો હતો કે દુનિયા હંમેશાથી છે અને હંમેશા રહેશે. એક ઝાડ ઉગે છે અને બીજું નાશ પામે છે. એક જીવ પેદા થાય અને બીજો મરણને શરણ થાય છે. (આવી રીતે જગતનો અનંત ક્રમ ફરતો રહે છે અને ફરતો રહેશે.) અને તેનું એ પણ કહેવું હતું કે “હું જે ખુદા તઆલાને ઓળખવાનો દાવો કરૂં છું તે દલીલ વિનાનો છે. મારી પાસે તેની કોઇ સાબિતી નથી.” (તે કહેતો કે) એ એક એવી વાત છે કે જેને પાછળ આવનારાઓએ આગળ જઇ ચૂકેલાઓ પાસેથી જાણી લીધી છે. અને નાનાઓએ મોટાઓ પાસેથી જાણી લીધી છે. (ખુદા છે એવું સાંભળતા આવ્યા છીએ એટલુંજ છે બાકી ખુદા બુદા કોઇ નથી) તેની એ પણ માન્યતા હતી કે જુદા જુદા પદાર્થો અથવા વસ્તુઓ જો તે દેખાતી હોય કે અદ્રશ્ય હોય માત્ર પાંચ ઇન્દ્રીયો

(હવાસે ખમસા) થી જ ઓળખાય છે. (સર્વ વસ્તુઓ) આંખ વડે જોવાથી, કાન વડે સાંભળવાથી, નાક વડે સુંઘવાથી, મોં અથવા જીભ વડે ચાખવાથી, અને હાથ પગ વડે અડક્વાથી જ ઓળખાય છે. (અને જ્યારે ખુદાએ તઆલા આ પાંચ ઇન્દ્રીયો વડે ઓળખાતો નથી એટલે તે નથી, કેમકે જે ઇન્દ્રીયો વડે ઓળખાય નહીં તેનું અસ્તિત્વ જ ન હોય.)

આવી રીતે પોતાના મન ઘડત વિચારો ઉપર વિવાદ ઉભો કરીને તેણે મને કહ્યું કે મેં ખુદાને કોઇપણ ઇન્દ્રીયો દ્વારા જાણ્યો નથી. એટલે હું તેના હોવાને માની શકતો નથી, તેણે મને કહ્યું કે "જો કે મન (દિલ) એજ વસ્તુઓને જાણી અથવા ઓળખી શકે છે કે જે ઇંન્દ્રીયો દ્વારા તેના સુધી પહોંચે છે. જેમકે હું કહી ચૂક્યો છું, તો પણ જે દલીલો વડે તમે ખુદાને ઓળખવાનો દાવો કરો છો અને જે દલીલોના આધારે તમે તેની કુદરતને અને

તેની પાલન કરવાની શક્તિને વર્ણવો છો તે મને કહી સંભળાવો."

મેં કહ્યું- (એટલે ઇમામે જા'ફર સાદિક અલય્હિસ્સલામએ કહ્યું): જે બુધ્ધિ મારા મનમાં રહેલી છે તે બુધ્ધિ વડે હું ખુદાના હોવાને સાબિત કરૂં છું. અને તેનાજ વડે તેની ઓળખાણની સાબિતી આપું છું.

તેણે કહ્યું- (એટલે હિન્દુસ્તાની વૈદે કહ્યું) : એ તમે કેવી રીતે કહી શકો છો? તમો જાણો છો કે મન કોઇપણ વસ્તુને ઇન્દ્રીયોની સહાય વિના ઓળખી શકતું નથી. શું તમો તમારા કર્તાને આંખ વડે જોયો છે ? શું તેનો અવાજ કાન વડે સાંભળ્યો છે? શું તમે તેને સુંઘ્યો છે ? શું તમે તેને જીભ વડે ચાખ્યો છે ? અથવા શું હાથ વડે અડકી જોયો છે? તેની ઓળખાણ તમારા મનમાં ક્યાંથી આવી ?

મેં કહ્યું- તમે તમારી ઇંદ્રીયો વડે, જે વસ્તુઓને ઓળખવાનું સાધન છે તેને જાણ્યો નથી, એટલા માટે

તેના અસ્તિત્વને માનતા નથી. અને હું તેના અસ્તિત્વને માનું છું. તો શું એથી એમ સાબિત થતું નથી કે આપણા બંનેમાંનો એક સાચો હોય અને એક ખોટો?

તેણે કહ્યું: હા, શા માટે નહીં?

મેં કહ્યું : તો, જો તમે સાચા હો, તો હું તમને જે ખુદાના અઝાબ (શિક્ષા)થી ડરાવું છુ, એમાં મને કશી ધાસ્તી જેવુ છે ?

તેણે કહ્યું : નહીં, (માત્ર તમારૂં ડરાવવું નકામું જશે)

મેં કહ્યું : અને કદાચ હું સાચો હોઉં તો શું તમે એના અસ્તિત્વને નહીં માનવાના કારણથી શિક્ષાને પાત્ર નહીં થાવ ? અને જેનાથી તમને ડરાવ્યા કરૂં છું તેથી સહી સલામત નહીં રહો.

તેણે કહ્યું : સત્ય છે.

મેં કહ્યું : ત્યારે આપણા બંનેમાંથી વધારે બુધ્ધિવાન અને નજાત (મુક્તિ) ની પાસે કોણ ? (હું કે તમે ?)

તેણે કહ્યું : તમે,...... પરંતુ તમે જે કહો છો તે માત્ર એક વહેમ જેવી વાત છે અને હું જે કાંઈ કહું છું તે ખાત્રીપૂર્વકની વાત છે, કેમકે મેં મારી કોઈ પણ ઇંદ્રીય વડે મેં ખુદાને જાણ્યો જોયો નથી. અને એ વસ્તુ ઇંદ્રીય વડે ઓળખાતી નથી તેનું અસ્તિત્વ હોતુ નથી.

મેં કહ્યું : જ્યારે તમારી ઇંદ્રીયો ખુદાને જોઈ જાણી શકી નહીં, ત્યારે તમો તેના અસ્તિત્વ (હોવા) ને માન્યુ નહીં. અને જ્યારે મારી ઇંદ્રીયો તેને જોઈ જાણી શકી નહીં ત્યારે મેં તેના અસ્તિત્વને માન્યુ. (જે આધારે તમે અલ્લાહના અસ્તિત્વમાં માનતા નથી, એ જ આધારે હું અલ્લાહના અસ્તિત્વમાં માનવાની પ્રેરણા મેળવું છું.) જે કારણ તમને નહીં માનવા તરફ દોરે છે, તે જ કારણ મને માનવા પ્રત્યે દોરે છે.

તેણે કહ્યું : એ કેવી રીતે ?

મેં કહ્યું : જે વસ્તુમાં યોજનાની નિશાની છે (અથવા જે વસ્તુ મોરક્કબ - એટલે મિશ્ર કરવામાં આવેલી અથવા યોજનાપૂર્વક ગોઠવાએલી છે.) એ વસ્તુ ખરેખર ભૌતિક છે. અથવા જે વસ્તુ ઉપર દ્રષ્ટિ પડે છે જે દ્રષ્ટિમાં સમાઈને જોવાય છે. તે ખરેખર રંગ છે. માટે જે વસ્તુ આંખ વડે જોઈ શકાય અથવા બીજી કોઈ ઇંદ્રીય વડે જાણી શકાય તે ખુદા હોય નહીં, પણ તે ખુદા સિવાય બીજી વસ્તુ હોય, કેમકે તે બનાવવામાં કે પૈદા કરવામાં આવેલી વસ્તુ જેવો નથી, તેમજ કોઈ વસ્તુ તેના જેવી નથી. જો તે દેખાય, અથવા ઈંદ્રીય વડે જાણી શકાય તો તે રંગ અથવા અંગ ગણાય અને જ્યારે તે રંગ અથવા અંગ હોય ત્યારે તે મોરક્કબ ગણાય. કેમકે દુનિયાની સર્વ વસ્તુઓ મોરક્કબ હોય છે. અને મોરક્કબ વસ્તુઓ કોઈ વડે મોરક્કબ (મિશ્ર) કરવામાં આવેલી હોય છે. અને જે વસ્તુ છે તેને ખુદા

મોરક્કબ કરનાર કર્તા છે. ત્યારે તે કેવી રીતે દેખાય અથવા ઇંદ્રીય વડે માલૂમ પડે ?) વળી ઉત્પન્ન કરવામાં આવેલ વસ્તુ વધ-ઘટ અને નાશને આધિન હોય છે, અને જે વધ - ઘટ અને નાશને આધિન વસ્તુના જેવો હોય, તે પણ વધ - ઘટ અને નાશને આધિન હોય છે. (માટે ખુદાએ તઆલા એવી ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુઓ જેવો નથી. અને જ્યારે તે ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુઓ જેવો નથી ત્યારે તે ન તો અંગ છે ન રંગ છે અને જ્યારે અંગ નથી અને રંગ નથી ત્યારે ઇંદ્રીયો વડે ક્યાંથી જાણી કે જોઈ શકાય ?) યાદ રાખો કે ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુ, પૈદા કરનાર જેવી અને સૃષ્ટિ સર્જનહાર જેવી હોઈ શકે નહીં. (માટે તે ઇંદ્રીયો વડે દેખાવો જોઈએ નહીં, હવે કહો, ઇંદ્રીયો વડે તેનું નહીં ઓળખાવું, તેના સમૂળગા નહીં જ હોવાની દલીલ કેવી રીતે હોઈ શકે ?)

તેણે કહ્યું : એ તો એક વાત છે. જે વસ્તુ મારી ઇંદ્રીય વડે જાણી શકાય નહીં તેને હું માની શકું નહીં.

જ્યારે તેણે એ વાત કહી, અને હઠ પકડી બેઠો ત્યારે મેં તેને કહ્યું કે જ્યારે તમે મૂર્ખાઇ માટે તૈયાર થયા છો અને ઝઘડવાને (વિવાદ માટે) દલીલ બનાવો છો ત્યારે જે તોહમત તમે મારા ઉપર મુક્તા હતા તેજ તોહમત તમારી ઉપર આવ્યું. જે વાતને તમે નાપસંદ કરતાં હતા તે જ વાત તમેજ કરી. તમે કહો છો કે જે વસ્તુ ઇન્દ્રીયો વડે જણાય નહીં તેનું અસ્તિત્વ હોતું નથી. (પછી તેની દલીલ તમારી પાસે હોય કે ન હોય)

તેણે કહ્યું: એ કેવી રીતે? (હું તમને જે તોહમત લગાડતો હતો તે તોહમત મને કેવી રીતે લાગ્યું)

મેં કહ્યું: તમે કહ્યું હતું કે તમે ખુદાને માનવાનો દાવોજ દાવો કરો છો. તમારી કોઇ દલીલ નથી. હવે તમે શું કહો છો? તમે જે વસ્તુને પૂર્ણ રીતે જાણી નથી તે વસ્તુના સંબંધમાં કાંઇ પણ વિચાર્યા વગર અને

વિના દલીલે કહો છો કે જે વસ્તુ મારી ઇન્દ્રીયો વડે ઓળખી શકાય નહીં તેને હું માની શકું નહીં. ખુદાના અસ્તિત્વને નહીં માનવા ખાતર તમે કેવો મોટો દલીલ વગરનો દાવો કર્યો? અને નબુવ્વતના ચિહ્નો અને સ્પષ્ટ હુજ્જતને કેવી રીતે ન ગણકારી (ચાલો હશે.) ...... હવે કહો તમે દુનિયાની સર્વ દિશામાં ફરી આવ્યા છો?

તેણે કહ્યું: નહીં.

મેં કહ્યું: તમે આ જે આકાશને જુઓ છો તે આકાશ ઉપર ચઢયા છો? અથવા પૃથ્વીના છેડા સુધી ગયા છો? તેની આસપાસ પરિક્રમા કરી છે ? સમુદ્રોમાં ડુબકી મારી આવ્યા છો? આકાશની ઉપરના ભાગમાં અથવા પૃથ્વીના પેટાળમાં તેના છેડા સુધી. અવકાશમાં અથવા તેની આસપાસ જઇ આવ્યા છો? અને જોઇ આવ્યા છો કે એ જગ્યાઓમાંની કોઇ પણ જગ્યાએ કોઇ મોદબ્બિર (યોજક) હકીમ (વિવેક બુધ્ધિવાન) કર્તા રહેતો નથી?

તેણે કહ્યું : હું તો એમાંની કોઇ જગ્યાએ ગયો નથી.

મેં કહ્યું: ત્યારે તમને શી ખબર? જેના હોવાને તમે માનતા નથી તે કદાચ એ જગ્યાઓમાંની કોઇ જગ્યાએ, જ્યાં તમારી ઇન્દ્રીયોમાંની કોઇ ઇન્દ્રીય પહોંચી શકતી નથી, ત્યાં રહેતો હોય તો?)

તેણે કહ્યું : હું જાણતો નથી. જે જગ્યાઓના નામ તમે લીધા તેમાંની કોઇ જગ્યામાં કદાચ તે રહેતો હોય અને કદાચ ન પણ રહેતો હોય. હું કશું કહી ન શકું.

મેં કહ્યું: જ્યારે તમે તદ્દન ઇન્કાર કરવાની હદથી નીકળી શંકાની હદ સુધી પહોંચ્યા છો ત્યારે મને આશા છે કે તમે તેને ઓળખવાની (માઅરેફતની) હદ સુધી પણ પહોંચશો.

તેણે કહ્યું: જે જગ્યાઓએ હું ગયો નથી એ જગ્યાઓના નામ તમે લીધા. તેથી હું શંકામાં પડયો.

પરંતુ જે વસ્તુને મારી ઇંન્દ્રીયો જાણી ને જોઇ નથી તે વસ્તુના હોવાને હું કેવી રીતે માની શકું?

મેં કહ્યું: આએ હલીલા (હઇડા, હરડે) વડે,

તેણે કહ્યું : એ તો ઘણું સારૂં કારણકે તે એ વૈદિક વિદ્યાને લગતું છે કે જેમાં હું પ્રવિણ છું.

મેં કહ્યું: ખુદા તઆલાના હોવાની સાબિતી તમને આ હલીલા (હરડે) વડે જ આપીશ. કેમકે તે તમારી પાસે પડેલ છે. જો એના કરતાં બીજી કોઇ વસ્તુ તમારી વધારે નજીક હોય તો તે વસ્તુ વડે ખુદા તઆલાના અસ્તિત્વને પૂરવાર કરી આપત, કેમકે દરેક વસ્તુમાં યોજના અને વિવેક રહેલો છે, અને તે યોજના અને વિવેકના કારણે દરેક વસ્તુ પોતાનું અસ્તિત્વ સિધ્ધ કરવા સાથે પોતાનો કોઇ બનાવનાર છે એમ સાબિત કરી દે છે, જ્યારે તે(વસ્તુ) ન હતી. ત્યારે તેણે તેને પૈદા કરી અને એવી રીતે તેનો નાશ પણ કરી નાખશે-એવો નાશ કે તે કાંઇ રહેશે નહીં.

ત્યારે ઠીક, તમે કહો જોઇએ. શું તમે આ હલીલાને જુવો છો?

તેણે કહ્યું: હા, જોઉં છું.

મેં કહ્યું: જે કાંઇ તે હલીલાની અંદર છે તેને પણ જુવો છો?

તેણે કહ્યું: નહીં.

મેં કહ્યું: શું તમે કહી શકો છો કે આ હલીલાની અંદર એક એવું બીજ છે કે જેને તમે જોઇ શકતા નથી.

તેણે કહ્યું: એ હું ન કહી શકું. કેમકે કદાચ તેની અંદર કાંઇ પણ ન હોય.

મેં કહ્યું: તમે જાણો છો કે આ હલીલાની છાલ નીચે માવો છે. જેને તમે જોઇ શકતા નથી? અથવા બીજી કોઇ રંગવાની વસ્તુ છે?

તેણે કહ્યું: હું કહી શકતો નથી. કદાચ તેની નીચે કોઇ રંગીન વસ્તુ અથવા બી કાંઇપણ ન હોય.

મેં કહ્યું: આ હલીલા જેને બધા જાણે છે તે હિન્દુસ્તાનમાં મળી શકે છે એનો તમે એકરાર કરો છો? કેમકે ઘણા જુદાજુદા મતના લોકોએ તેનું વર્ણન કરેલું છે.

તેણે કહ્યું: હું જાણતો નથી, એ બધા લોકો જે વાત ઉપર એકમત થયા હોય તે વાત જૂઠી હોય એ શક્ય છે.

મેં કહ્યું: હલીલા કોઇપણ જમીન ઉપર થાય છે એટલું તો તમે માનશો?

તેણે કહ્યું: આ અને તે જમીન એકજ છે. પણ હા, તે જ્યાં ઉગે છે ત્યાં મેં તેને જોએલા છે.

મેં કહ્યું: આ હલીલાની મૌજૂદગી (અસ્તિત્વ) ઉપરથી બીજા તેવા જ હલીલા જેને તમે જોઇ શકતા નથી, (દુનિયામાં) હશે એટલું તો માનશો

તેણે કહ્યું: હું જાણતો નથી. કદાચ આ હલીલા સિવાય બીજા કોઇ સ્થળે હલીલા હોય જ નહીં.

જ્યારે તેણે આવી રીતે અજ્ઞાનતા અને હઠાગ્રહ કરવા માંડી ત્યારે મેં પૂછયું : વારૂ આ હલીલા કોઇ ઝાડમાંથી પૈદા થએલ છે એમ તો સ્વીકારો છો કે નહીં ? કે તે પોતાની મેળે પૈદા થએલ છે એમ કહો છો ?

તેણે કહ્યું: હું એમ કહેવા માંગતો નથી કે તે પોતાની મેળે પૈદા થએલ છે. પરંતુ કહું છું કે તે ઝાડમાંથી પૈદા થએલ છે.

મેં કહ્યું: લ્યો તમે જે ઝાડને તમારી ઇન્દ્રીયો પૈકીની એકે ઇન્દ્રીય વડે જાણેલ નથી તે ઝાડ હોવાનો હવે સ્વીકાર કરો છો.

તેણે કહ્યું: એ સત્ય છે. પણ મારૂં કહેવું તો એવું છે કે હલીલા હોય કે બીજી ગમે તે વસ્તુ હોય અનાદી કાળથી એમજ ચાલતી આવી છે અને એમજ ચાલતી જશે. શું તમે મારી એ માન્યતાને ખોટી પાડી શકો છો?

મેં કહ્યું: હા, શામાટે નહીં? અને આ હલીલાના સંબંધમાં કહો વારૂ કે તમે તેના પૈદા થવા પહેલાં તેના ઝાડને જોયેલ છે? શું તેને ઓળખો છો?

તેણે કહ્યું: હા.

મેં કહ્યું: તમે આ હલીલાને આ ઝાડમાં (તેના પૈદા થવા પહેલાં) જોતા હતા?

તેણે કહ્યું: નહીં.

મેં કહ્યું: એક વખત એવો હતો કે તમે જોયું હતું કે હલીલાનું ઝાડ છે પણ તેમાં હલીલા નથી. બીજી વખત જઇને જોયું તો તેમાં હલીલા હતા. તો શું તમે એ ઉપરથી એટલું સમજી શકતા નથી કે પહેલાં હલીલાનું અસ્તિત્વ ન હતું અને પછી પૈદા થયા ?

તેણે કહ્યું: હું એનો ઇન્કાર નથી કરી શકતો. (હું માનું છું કે હલીલા પ્રથમ ન હતાં અને પછી થયા) પણ મારૂં કહેવું એવું છે કે આ હલીલાનું પ્રમાણ-અંશ-ભાગ તેના ઝાડમાં વિખરાએલા ફેલાએલા હતા. (જ્યારે તે

સર્વ ભાગો એક સ્થળે ભેગા થયા ત્યારે ઠ્લીલા ફળ થયું.)

મેં કહ્યું: જે ઠ્લીલામાંથી આ ઝાડ ઉગ્યું છે તે ઠ્લીલાને તમે રોપવાની પહેલાં જોયું હતું ?

તેણે કહ્યું: હા જોયું હતું.

મેં કહ્યું: તો શું જે ઝાડના મૂળ, ડાળો, છાલ અને સઘળાં ફળ જે તેમાંથી તોડવામાં આવે છે, અને પાંદડાઓ જે તેમાંથી ખરે છે તે સર્વે હજારો શેરના વજન ની વસ્તુઓ એક (નાનકડા) ઠ્લીલાની અંદર છુંપાએલી હતી એ વાત તમારી બુધ્ધિમાં આવે છે

તેણે કહ્યું: એ વાત બુધ્ધિમાં તો નથી આવતી તેમજ તેને અંતઃકરણ પણ કબૂલ નથી કરતું.

મેં કહ્યું: ત્યારે હવે એ બધી વસ્તુઓ પ્રથમ ન હતી અને પછી બની શૂન્યમાંથી અસ્તિત્વમાં આવી એ તમે માની લીધું ?

તેણે કહ્યું: હા, એતો માન્યું. પણ તે વસ્તુઓને કોઇએ બનાવી છે એ હું નથી માનતો. શું તમે, એ વસ્તુઓ કોઇની બનાવેલી છે એમ સિધ્ધ કરી શકો છો?

મેં કહ્યું: જો હું તમને કોઇ યોજના (તદબીર) દેખાંડું તો તેનો કોઇ યોજક છે એમ માનશો? અથવા જો કોઇ ચિત્ર દેખાડું તો તેનો કોઇ ચિત્રકાર છે એ કબૂલ કરશો?

તેણે કહ્યું: હા, ચોક્કસ માનીશ.

મેં કહ્યું: ત્યારે જુવો, શું આ હલીલો માંસના લોચા જેવો નથી? કે જેને હાડકા ઉપર બેસાડવામાં આવેલ છે. અને તે હાડકું(બીજ) એવી પોલમાં છે કે જે ડાળીથી જોડાએલી છે, અને તે ડાળ થડની સાથે જોડાએલ છે અને થડ મૂળ ઉપર કાયમ છે, અને મૂળ પોતાની નીચેના બારીક મૂળીયાને આધારે કાયમ છે(અને તેના કારણે જ તેમાં ઉભા રહેવાની શક્તિ છે.) ?

તેણે કહ્યું: હું, એ બધું જાણું છું.

મેં કહ્યું: આ હલીલાની આકૃતિ રૂપ એક ખાસ અંદાજા પ્રમાણે અને યોજનાથી બનાવવામાં આવેલી છે એ તમે નથી જોતા ? તેનો એક ભાગ બીજા ભાગમાં દાખલ છે. તેમાં થર ઉપર થર, અંગ ઉપર અંગ અને રંગ ઉપર રંગ છે. પીળા રંગ ઉપર એક સફેદ રંગ છે, અને સખત વસ્તુ ઉપર એક નરમ વસ્તુ છે (તેનું બીજ સખત છે અને માવો નરમ છે) જુદા જુદા સ્વભાવને જુદી જુદી રીતો ને એક કરી મિશ્ર કરી તેની યોજના કરવામાં આવેલી છે. તેની સાથે છાલ છે જે તેને જાળવે છે અને તેમાં મૂળીયાં અને નસો છે, જેમાંથી પાણી પહોંચે છે. તેને તડકો બાળી ન નાખે, ઠંડી નાશ ન કરે અને પવન તેને પાતળું ન બનાવી દે એટલા માટે પાંદડા પણ આપવામાં આવ્યા છે.

તેણે કહ્યું: જો તેના ઉપર પાંદડા ઢંકાએલા રહેતા હોત તો મારા ધારવા પ્રમાણે વધારે સારૂં થાત.

મેં કહ્યું: અલ્લાહ સર્વ શક્તિમાન મોકદ્દર છે તમે જેમ કહો છો તેમ જો હોત તો તેમાં તાજગી પૈદા કરનાર પવન તેને ન લાગત. તેમાં મજબૂતી પૈદા કરનાર ઠંડી તેને ન પોંહચત. અને જ્યારે તેમાં તાજગી ન રહેત ત્યારે તેમાં દુર્ગંધ પૈદા થાત-તે હલીલા સડી જાત. જેમકે આપણે સેંકડો ફળ ફુલોને જોઇએ છીએ કે જ્યારે તેના પર પાંદડા ઢંકાઈ જાય છે ત્યારે તે સડી અને કોહવાઇ જાય છે. અને જો તેને તડકો ન લાગત તો ન પાક્ત. માટે તે મહાન સર્જનહારે તેને એવું બનાવેલ છે કે કયારેક તેને પકવનાર તાપ લાગે, તાજગી લાવનાર પવન લાગે અને કયારેક મજબૂતી આપનાર ઠંડી લાગે. કેવી રીતે મા'બૂદે બરહકે, પોતાની હિકમતે કામેલા (સંપૂર્ણ હિકમત) થી તે હલીલાની સ્થિતિ સુધરે એવા પ્રમાણથી તેના માટે સર્વ વસ્તુઓ યોજી રાખેલી છે. હલીલા બધીજ રીતે સુરક્ષિત અને તાજું રહે તેવું આયોજન કરેલ છે.

તેણે કહ્યું: હું તે હલીલાના રૂપ-શકલ સંબંધે તો પૂર્ણ રીતે સમજયો, પરંતુ તેની યોજના સંબંધે સ્પષ્ટ વર્ણન કરો તો ઠીક,(તેમાં મને એવી યોજના બતાવો કે જેથી તેનો યોજક હોવો સ્પષ્ટ રીતે સિધ્ધ થાય.)

મેં કહ્યું: તમે આ હલીલાને બનવાં પહેલાં, જ્યારે તે પોતાના સ્થાનમાં પાણી જ પાણી હતું-ન તેમાં બીજ હતું, ન માવો હતો, ન છાલ હતી, ન રંગ હતો, ન સ્વાદ હતો, અને ન સખતાઇ હતી ત્યારે તમે તેને જોયું છે?

તેણે કહ્યું: હા

મેં કહ્યું: જો સર્જનહાર આ નિર્બળ પાણીને, જે તેના નજીવા પણામાં એક રાઇના દાણા જેટલું છે, પોતાની અપાર શક્તિ વડે મજબૂત ન બનાવત, તેમાં પોતાની હિકમત (ચતુરાઇ-ડાહપણ) વડે (હલીલા)ની આકૃતિ રૂપ ઉત્પન્ન ન કરત, તેમાં સર્વ અંશોની પ્રમાણસર યોજના ન કરત, તો શું આ પાણી પોતાની

મેળે પોતાના પડમાં કોઇપણ જુદા અંશો અને અંગોની મિશ્રણ થયા વગર વધી શક્ત ખરૂં? અને જો વધત તો પાણી ઉપર પાણી વધત. તેમાં ફલીલાનું રૂપ ન હોત. તેમાં ધોરિયો ન હોત તેના ભાગો ન વધત. તેમાં કશી યોજના ન હોત તેમજ તેમાં તેની દરેક અનુપમ તરતીબ અને તરકીબ (યોજના) ન હોત. (પણ તમે જુવો છો કે તેમાં દરેક પ્રકારની યોજના પ્રમાણસર છે. રંગ, સ્વાદ અને ફાયદા વગેરે બધું જોવા મળે છે. તે શું એ સર્વ યોજકની યોજના વિના થયું? જો યોજક ન હોય તો આ યોજના આવી ક્યાંથી?)

તેણે કહ્યું: આપે આ ઝાડના રૂપનું, તેની બનાવટનું, તેની યોજનાનું, તેના વધવા અને ફળ વગેરે લાગવાનું સ્પષ્ટ વર્ણન કરી તેના યોજકને બનાવનાર ને સિધ્ધ કરી દેખાડયો અને હવે હું માનું છું કે સધળી વસ્તુઓ કોઇની પણ બનાવેલી છે. પણ

કદાચ આ હલીલાએ અથવા જગતની બધી વસ્તુઓએ પોતાની મેળે પોતાને બનાવેલી હોય તો ?

મેં કહ્યું: (મેં ઉપર જે કાંઇ વર્ણન કર્યું તે ઉપરથી) જેણે હલીલા અને જગતની બીજી સઘળી વસ્તુઓ અતિ ઉત્તમ યોજના અને પ્રમાણસર રચેલ છે. તે મહાબુધ્ધિશાળી (હકીમ) અને જ્ઞાની (આલિમ) હોવો જોઇએ એમ તમને લાગતું નથી? કારણ કે જેમાં જ્ઞાન અને બુધ્ધિ ન હોય તે એવી ઉત્તમ યોજના એવા અનુપમ વિવેકથી કરી શકે ?)

તેણે કહ્યું: અનુપમ યોજના, અને સર્વોત્તમ વિવેક જે તેણે રચનામાં વાપર્યો છે તેનું બુધ્ધિશાળી અને જ્ઞાની હોવું સિધ્ધ કરે છે.

મેં કહ્યું: તો શું? જે એવો હોય તે નાશવંત-અને હાદિસ હોય ખરો? (એટલે નીસ્તીમાંથી હસ્તીમાં આવ્યો હોય અને હસ્તીમાંથી નીસ્તીમાં જાય એવો હોય ખરો?)

તેણે કહ્યું: એવો તો ન હોય.

મેં કહ્યું: શું તમે નથી જોયું કે જ્યારે આ હલીલા પોતાના ઝાડમાં ઉગ્યું ત્યારે તે પહેલાં ન હતું અને પછી થયું? અને થઇને એવું નાશ પામ્યું કે જાણે હતું જ નહી?

તેણે કહ્યું: હા શા માટે નહીં પણ મેં તો આપને એટલું જ કહ્યું છે કે હલીલા એક હાદિસ(નેસ્તીમાંથી હસ્તીમાં આવેલી) વસ્તુ છે. એમ કહ્યું નથી કે બનાવનારો હાદિસ હોઇ શકતો નથી અને તે પોતાને પોતાની મેળે બનાવી શકતો નથી. (હલીલાને જેણે બનાવ્યું તે હાદિસ હોય એટલે તો નીસ્તીમાંથી હસ્તીમાં આવેલો હોય એમ માનવામાં મને કશો વાંધો લાગતો નથી.)

મેં કહ્યું : તમે હમણા કહ્યું હતું કે બનાવનારો ખાલિક હાદિસ હોઈ શકતો નથી અને તમે હલીલાને હાદિસ માની ચૂકયા છો. (તો પછી હલીલા પોતે પોતાનો બનાવનારો કેવી રીતે હોઈ શકે) અને જ્યારે

હલીલા પોતાનો બનાવનાર નથી ત્યારે તેનો બનાવનાર એ જ અમારો તમારો બધાનો સર્જનહાર પરવરદિગાર ખુદા છે.

અને જો તમે હજુ પણ એમ જ કહો કે નહીં હલીલાએ પોતે પોતાને બનાવેલ છે, પોતાની સર્જનની યોજના પોતે કરી છે તો તમો જે બાબતને માનતા ન હતા તે બાબતને હવે માનો છો એ કરતાં કાંઈ વધુ કરતાં નથી. તમારો ઇન્સાફ તમારી જીભે જ થયો. તમે એક મહાન યોજક સર્જનહારને માની લીધો. તમે તેનો ગુણ વર્ણવ્યો પણ તેને ઓળખતાં નથી. એટલે તેનું નામ જુદુ લીધુ.

તેણે કહ્યું : એ કેવી રીતે ?

મે કહ્યું : (જ્યારે તમે એમ કહ્યું કે હલીલા પોતે પોતાનો બનાવનાર છે) ત્યારે તમે એક મહા બુધ્ધિશાળી (હકીમ) જ્ઞાની અને યોજકના અસ્તિત્વને સ્વીકારી લીધું પણ જ્યારે મેં તમને પૂછયું કે તે કોણ છે

? ત્યારે તમે કહ્યું એક હલીલા છે. ભલે તે હલીલા હોય. તમે એક બુધ્ધિશાળી અને જ્ઞાની બનાવનાર વજૂદનો સ્વીકાર કરી લીધો. માત્ર તેનું નામ અલ્લાહ કહેવાને બદલે હલીલા કીધુ. (હવે નામનો ફેર નાબૂદ થતાં વાર લાગશે નહીં, કારણ કે હલીલાને તમે બુધ્ધિશાળી અને જ્ઞાની કહી શકશો નહીં.) જો તમે થોડો વધારે વિચાર કરશો તો તમને જણાઈ આવશે કે આ હલીલામાં પોતાને પૈદા કરવાની જરા પણ શક્તિ નથી. કેમકે ન તેમાં ડહાપણ છે ન સમજ છે.

તેણે કહ્યું : એ સિવાયની કોઈ બીજી દલીલ આપની પાસે છે ?

મેં કહ્યું : શા માટે નહીં, ઘણી જોઈએ તેટલી છે, તમે કહો જોઈએ કે આ હલીલો કે જે એક નાની નજીવી વસ્તુ છે, તેમાં તાક્ત નથી, તે પોતાને તોડી નાખવા, નીચોવી નાખવા અને ખાઈ જવાથી બચાવી શકતો

નથી., જે પોતે અદના , કડવો, કદરૂપો છે, અને શક્તિ વગરનો છે તે પોતે પોતાને કેવી રીતે બનાવી શક્યો ?

તેણે કહ્યું : કેવી રીતે તેણે પોતાને બનાવ્યો ? તેમાં પોતાને બનાવવા જેટલી શક્તિ છે. અથવા તે પોતાને એટલો જ બનાવે છે કે જેટલો ચાહે છે.

મેં કહ્યું : જો તમારી મરજી એક નકામી વાતની જીદ કરવાની હોય તો મને કહો જોઈએ કે હલીલાએ પોતે પોતાને ક્યારે બનાવ્યો પોતાના પૈદા થવાની પહેલાં કે પોતાના પૈદા થવા પછી ? જો તમે એમ કહો કે તેણે પોતાને પોતાના પૈદા થવા પછી પૈદા કર્યો તો તે એક નરી મૂર્ખાઈ છે. કેમકે એક ચીજ બનેલી મૌજૂદ હોય તે પાછી પોતાને બનાવે એ અર્થ વગરની વાત છે. અને એ બને જ કેમ ? તમારા કહેવાનો ભાવાર્થ એવો થયો કે હલીલા બે વાર બન્યો. એક વખત પોતે પોતાની મેળે બન્યો અને બીજી વખતે પોતે પોતાને બનાવ્યો. જે અસંભવ છે. એ તો પ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ

કહેવાય અને પ્રાપ્ત હોય તેવી વસ્તુની પ્રાપ્તિ અશક્ય છે.

અથવા જો તમે એમ કહો કે તેણે પોતાને પોતાના પૈદા થવા પહેલાં પૈદા કર્યો તો તે પણ મોટી મૂર્ખાઈ અને જૂઠ છે. કેમકે તે પોતે પોતાના પૈદા થવા પહેલા કાંઈ હતો જ નહીં. તો જે વસ્તુ પોતે અસ્તિત્વમાં હોય નહીં તે બીજી કોઈ વસ્તુને પૈદા કરી શકે ? હસ્તીમાં હોય તે વસ્તુ, જે વસ્તુ હસ્તીમાં ન હોય તેને પૈદા કરી શકે છે. એવા મારા કહેવાને તમે જૂઠું માનો છો. પણ તમે પોતાના આ કહેવાને કે જે વસ્તુ હસ્તીમાં ન હોય તે ક્યારની હસ્તીમાં આવી ચૂકેલ વસ્તુને પૈદા કરે છે. હસ્તીમાં લાવે છે, તેને જૂઠું નથી ગણતા. તમે વિચારો તમારૂં કહેવુ ન્યાય અને તર્ક સંગત છે કે મારૂં ?

તેણે કહ્યું : સાહેબ આપનું કહેવું સત્ય છે.

મેં કહ્યું : જ્યારે મારૂ કહેવું સત્ય છે, ત્યારે તમે માનતા શા માટે નથી ?

તેણે કહ્યું : મેં માની લીધું કે જુદી જુદી વસ્તુઓએ પોતાને, અને હલીલાએ પોતે પોતાને પૈદા કરેલ નથી. તેમજ તેઓ પોતાની સંભાળ કરી શકતી નથી. પણ મારા મનમાં એમ આવે છે કે કદાચ તેના ઝાડે આ હલીલાને પૈદા કર્યુ હશે. કેમકે હલીલા ઝાડમાંથી નીકળેલું છે.

મેં કહ્યું : ઠીક ત્યારે તે ઝાડને કોણે બનાવ્યું ?

તેણે કહ્યું : બીજા હલીલાએ.

મેં કહ્યું : વિવાદની એક હદ નક્કી કરો. (કેમકે હવે તો એમજ કહેશો કે ઝાડે હલીલાને, અને હલીલાએ ઝાડને પૈદા કરેલ છે.) કાં તો એમ માનો કે જ્યાં આ વિવાદનો અંત આવે તે અલ્લાહ છે અથવા હલીલા છે. જો તમે હલીલાને કહેશો તો હું પૂછીશ.

તેણે કહ્યું : હા પૂછો.

મેં કહ્યું : ઠ્લીલાથી ઝાડ ક્યારે પૈદા થાય છે ? જ્યારે ઠ્લીલા પોતે નાબૂદ થઈ જાય છે ત્યારે જ ને ?

તેણે કહ્યું : હા

મેં કહ્યું : ઝાડ તો ઠ્લીલાના નાશ પામવા અને નાબૂદ થઈ જવા પછી સો વર્ષ જીવે છે, તમે ઠ્લીલાને પૈદા કરનાર અને સંભાળનાર કહો છો તો કહો કે ઝાડની સંભાળ કોણ લે છે ? ઠ્લીલા તો છે જ નહીં. કોણ ઝાડને બચાવે છે ? કોણ તેને વૃધ્ધિ આપે છે ? કોણ તેની સ્થિતિ મુજબ તેને સુધારે છે કોણ તેનું પાલન પોષણ કરે છે ? કોણ તેમાં પાંદડા ઉગાડે છે ?

તમારે અહીં કહેવુ જ પડશે કે એ જ તેનું જતન કરે છે કે જે તેનો પૈદા કરનાર છે, અને જો એમ જ કહો કે તે ઠ્લીલા છે કે તેણે પોતાના નાશ અને નાબૂદ થવા પહેલાં તેને પૈદા કરેલું હતું અને હવે નાશ પામવા બાદ તેનું જતન કરે છે. તો તે એક વિચિત્ર અને હાસ્યાપદ વાત ગણાશે. કેમકે બનાવનાર અને જતન સંભાળ

કરનાર જે એક જ વસ્તુ છે તે પોતાની હસ્તી (અસ્તિત્વ) વખતે બનાવનાર હોય અને નીસ્તીમાં (નાશ વખતે) સંભાળનાર હોય એ કેવી રીતે બને ?

તેણે કહ્યું : એમ તો હું કહેતો નથી.

મેં કહ્યું : ત્યારે માનો કે તેને પૈદા કરનાર એ કે જેને અમે અલ્લાહ તઆલા કહીએ છીએ. અને જો હજુ કાંઈ શંકા બાકી રહી હોય તો કહી દેજો.

તેણે કહ્યું : હજુ મારા મનમાં બેસે એવી એકે વાત નથી થઈ.

મેં કહ્યું : જો હજુ તમે જહાલતને વળગી રહેવા માંગો છો તો હું કહું છું કે તમારૂ એમ કહેવુ કે જગતની વસ્તુઓ ઇંદ્રીયો વડે ઓળખાય છે તે તદ્દન ખોટુ છે. દિલ (મન) વિના ઇંદ્રીયો નકામી છે. માત્ર દિલ ઇંદ્રીયોને દોરે છે. દિલ જ ઇંદ્રીયોને વસ્તુઓનો પરિચય કરાવે છે. તમારૂ કહેવુ કે દિલ ઇંદ્રીયોની મદદ વિના જાણી શક્તુ નથી. ખોટુ છે. (જો માણસનું દિલ હોંશિયાર

ન હોય તો ઇંદ્રીયો કાંઈ જણાવી બતાવી નથી શકતી) જુઓ જ્યારે દિલમાં રૂહ રહેતી નથી ત્યારે ઇંદ્રીયો માણસને કાંઈ સમજાવી નથી શકતી. માણસ મરી જાય છે ત્યારે ઇંદ્રીયો જેવીને તેવી હોય છે પણ તેમનાથી કશુ કામ નથી થતું. દિલ કામ કરતુ ન રહ્યું એટલે ઇંદ્રીયો નકામી થઈ ગઈ.

તો આ ઉપરથી સિધ્ધ થાય છે કે જ્યાં સુધી દિલ ઇંદ્રીયોને માર્ગદર્શન ન આપે, દોરે નહીં ત્યાં સુધી ઇંદ્રીયોને કાંઈ ખબર નથી પડતી. મૂળ જાણનાર જોનાર દિલ છે ઇંદ્રીયો તો તેના સાધન રૂપ છે.)

તેણે કહ્યું : જ્યારે આપ એમ કહો છો ત્યારે હું તેને સંપૂર્ણ દલીલો વિના માનનાર નથી.

મેં કહ્યું : ત્યારે હું પ્રથમ શરૂ કરૂં છું કે તમે જાણો છો કે ઘણી વખત એવુ બને છે કે ઘણી ખરી ઇંદ્રીયો બહેર મારી જાય છે. નકામી થઈ જાય છે. (જેમકે કાન બહેરા થઈ જાય છે, આંખો આંધળી થઈ

જાય છે, સુંઘવાની શક્તિ બગડી જાય છે.) ત્યારે દિલ બધી જ વસ્તુઓ ઉપર હુકૂમત કરે છે. જેમાં નુકસાન કે ફાયદો હોય છે તે સૂચવે છે. જોઈએ તો તે વસ્તુઓ જાહેર હોય કે છુપી હોય, અને તેનું સૂચવવું ખરૂં હોય છે.

તેણે કહ્યું : આપ એવી વાતો કરો છો કે જે વાતો પોતે દલીલ લાગે છે. તો પણ હું બીજી કોઈ રીતે સ્પષ્ટ સમજવા માંગુ છું.

મેં કહ્યું : ઇંદ્રીયો નકામી થઈ જવા બાદ પણ દિલ કાયમ રહે છે એ તમે શું જાણતા નથી ?

તેણે કહ્યું : દિલ કાયમ રહે છે એ વાત ખરી પણ તે કોઈ વસ્તુને (ઇંદ્રીયોના બતાવ્યા વિના) બતાવી નથી શક્તુ. (જેમકે કાન સાંભળી શકે છે. પણ કાન બહેરા હોય તો દિલ સાંભળી નથી શક્તુ.)

મેં કહ્યું : જ્યારે માતા બાળકને જન્મ આપે છે ત્યારે બાળક એક માંસનો લોચો હોય છે એ શું તમે

નથી જાણતા ? સાંભળવા, જોવા, ચાખવા, અડક્વા અને સુંધવાની ક્રિયાઓમાંની કોઈ વસ્તુને તેની ઇંદ્રીયો બતાવી નથી શકતી કેમકે તે વખતે તેની ઇંદ્રીયોમાં એ શક્તિ નથી હોતી.

તેણે કહ્યું : સત્ય છે.

મેં કહ્યું : ત્યારે તેને કઈ ઇંદ્રીયે બતાવ્યુ કે જ્યારે તે ભૂખ્યું હોય ત્યારે દૂધ માંગે અને જ્યારે દૂધ પીને તૃપ્ત થાય ત્યારે રડતુ બંધ થઈ હસવા માંડે ? અને શિકારી તેમજ દાણા ચરી ખાનાર પક્ષીઓને કઈ ઇંદ્રીયે દર્શાવ્યુ કે પોતાના બચ્ચાઓ આગળ ગોશ્ત - માંસ અને દાણો નાખે કે જેથી શિકારી પક્ષીઓ ગોશ્ત ઉપર પડે અને દાણા ચરનાર દાણા ઉપર પડે.

અને મને પાણીમાં રહેનાર પંખીઓ સંબંધે કહો. શું તમે જાણતા નથી કે જ્યારે તેમને પાણીમાં નાખવામાં આવે છે ત્યારે તરવા માંડે છે. (દાખલા તરીકે બતક અને જળ કૂકડીના બચ્ચા) અને જો

જમીન ઉપર રહેનાર પક્ષીઓના બચ્ચા પાણીમાં નાખવામાં આવે છે તો તેઓ ડૂબી જાય છે. જોકે ઇંન્દ્રીયો બંનેને એક સરખી જ છે. ત્યારે પાણીના પંખીઓ પોતાની ઇંદ્રીયો વડે કેવી રીતે લાભ ઉઠાવી શકે છે અને જમીનના પંખીઓ એમ લાભ ઉઠાવી નથી શકતા. આ ઉપરાંત જો જમીનના પંખીઓને થોડીવાર પાણીમાં દબાવી રાખવામાં આવે તો તેઓ મરીજાય છે અને પાણીના પંખીઓને જો થોડીવાર પાણીની બહાર રાખવામાં આવે તો મરી જાય છે. (તેનું શું કારણ છે ?) આ ઉપરથી એમ જ સાબિત થાય છે કે ઇંદ્રીયો વડે જ બધુ થાય છે. એવો તમારો દાવો વ્યાજબી નથી. (વિચાર કરવાથી) એમ જ લાગે છે કે કોઈ મહા મોટા બુધ્ધિશાળી એ અનુપમ આયોજક અને સર્જનહાર વગર કે જેણે પાણીના પંખી જુદા બનાવ્યા છે અને જમીનના જુદા બનાવ્યા છે. આ પ્રમાણે થવું અશક્ય છે. (એટલે આ બાબતથી એમ સિધ્ધ થાય છે કે કોઈ

સર્વશક્તિમાન હકીમે (બુધ્ધિશાળીએ) ઇરાદાપૂર્વક પાણીના પંખીઓને જુદા બનાવ્યા છે અને જમીનના પંખીઓને જુદા બનાવ્યા છે. અને તેમની સ્થિતિ અનુસાર તેમને તેવા અવયવો અને સાધનો આપેલા છે. નહીં તો બંનેથી એક જ પ્રકારના કામ થવા જોઈતા હતા.) અથવા મને કહો કે એક કીડી કે જેણે કદી પાણી જોયું ન હોય તેણે પાણીમાં નાખવામાં આવે છે તો તરવા માંડે છે અને ૫૦ વરસના બુધ્ધિમાન, અનુભવી, મજબૂત માણસને પાણીમાં નાખવામાં આવે તો ડૂબી જાય છે. તેનું શું કારણ છે ? જો ઇંદ્રીયો વડે જ સર્વ કામ (તમારા કહેવા મુજબ) થતા હોય તો પછી બુધ્ધિમાન માણસના અનુભવે, તેની બુધ્ધિએ પણ ઇંદ્રીયો તેને ડૂબવાથી કેમ બચાવ્યો નહીં અને કીડી જે અશક્ત છે તેને કેમ તરવુ તેની કેમ ખબર પડી ?

શું તમે જાણતા નથી કે દિલ કે જે બુધ્ધિની ખાણ છે તે જે માણસનું વર્ણન કર્યું તે માણસના બાળક

પાસે છે તેમજ હૈવાનાત પ્રાણીઓના બચ્ચાઓ પાસે પણ છે ? એ જ દિલ બાળકની પાસે દૂધ મંગાવે છે અને દાણા ખાનાર પક્ષીને ખાવાનું અને માંસાહારી પ્રાણીઓને માંસ ખાવાનું શીખવે છે.

તેણે કહ્યું : કે હું તો એટલું જ જાણું છું કે દિલ ઇંદ્રીયો વડે જ જાણી શકે છે. (આ તેની ચોખ્ખી હઠધર્મી હતી.)

મેં કહ્યું : તમે એ તો માની લીધુ હતું કે જ્યાં સુધી દિલ કહે નહીં, દર્શાવે કે સૂચવે નહીં ત્યાં સુધી ઇંદ્રીયોથી કશુ થઈ શક્તુ નથી. તો પણ, હજુ તમે તમારા ઇંદ્રીયોના સંબંધના દાવાને છોડતા નથી.

ત્યારે હું તમને સિધ્ધ કરી દેખાડુ છું કે ઇંદ્રીયો માત્ર જાહેર અને દેખાતી વસ્તુઓને જ ઓળખી શકે છે. ઇંદ્રીયો પરવરદીગારને ઓળખી શકતી નથી. કેમકે તે અદ્રશ્ય અને છુપો છે. (ઇંદ્રીઓમાંની કોઈ ઇંદ્રીય ભલે પછી તે જોવાની હોય કે સુંઘવાની રૂહને - આત્માને

જોઈ કે ઓળખી શકતી નથી ત્યારે પરવરદિગારને ક્યાંથી ઓળખી શકે ) અને તે હું એવી રીતે સિધ્ધ કરૂં છું કે ઇંદ્રીયોના બનાવનારે ઇંદ્રીયો માટે એક દિલ બનાવેલુ છે. અને તે દિલની બક્ષિશ વડે તેણે પોતાની હુજ્જત (દલીલ) સ્થાપી છે, જાહેર વસ્તુઓની ઓળખાણ માટે તેણે ઇંદ્રીયો બનાવી છે, અને તે વડે પણ પોતે 'સર્જનહાર' હોવાની દલીલ સ્થાપી છે. દ્રષ્ટિ જાહેર વસ્તુને કે જે નિશ્ચિત છે જુએ છે અને જોએલી વસ્તુ દિલને દેખાડે છે. દ્રષ્ટિએ આંખે આસમાની સલ્તનતની ચારે દિશાઓ જોઈ કે આસમાન કે આકાશ કોઈ પણ પ્રકારના જાહેર થાંભલાઓ વિના કાયમ છે. તે પોતાની ગતિમાં ન કદી પાછળ રહે છે ન આગળ વધે છે. કે ન ટૂટી ફૂટી જાય છે. ન ઊંચે ચડી જાય છે કે આપણાથી ઘણુ દૂર ચાલ્યું જાય, ન નીચે ઉતરી પડે છે કે આપણી પાસે આવી જાય. બલ્કે હંમેશા એક જ નિયમે એક જ સ્થિતિએ રહે છે. દિર્ઘકાળ લાંબો સમય

થવાથી તેની સ્થિતિમાં કશો ફેર પડતો નથી. રાત દિવસના ફેરથી તે જૂનુ થતું નથી. તેનો કોઈ ખૂણો ખરી પડતો નથી. તેમાંથી કોઈ કરચલી પડતી નથી. વળી તેની સાથે સાત સિતારાઓને જોયા કે તે પણ આકાશની ગતિ સાથે ફરે છે. એક બુરજમાંથી બીજા બુરજમાં દરરોજ દર માસે અને દર વરસે ફર્યા કરે છે. જેમાંના કેટલાંકની ચાલ ગતિ મધ્યમ છે. કેટલાંક એક રસ્તે જાય છે ત્યાંથી પાછા ફરે છે. અને મજબૂત ગતિમાં રહે છે. કદી ઉત્તર તરફ જાય છે કદી દક્ષિણ તરફ, સૂર્યના પ્રકાશ સમયે તેઓ અદ્રશ્ય થઈ જાય છે. સૂર્યાસ્ત થતાં વળી દેખાય છે. સૂર્ય અને ચંદ્ર નિયમિત પણે એક બુરજમાંથી બીજા બુરજમાં મુસાફરી કરે છે અને તેમની ગતિમાં કશો ફેર પડતો નથી. અને આ બાબત એ જ લોકો જાણી શકે છે કે જેઓ સમજે છે કે એક ચોક્કસ હિસાબ અને કોઈ જાણવામાં આવેલ ભાવાર્થ (અમરે મઅલૂમ) અર્થે આ વસ્તુઓ એક

હિકમત (અતિ ડહાપણ) સાથે રચવામાં આવેલ છે. બુધ્ધિમાન પુરૂષો જાણે છે કે એ વસ્તુઓ કોઈ માણસની હિકમતે બનાવેલી નથી. ન કોઈ અજોડ કલ્પના શક્તિએ તેમને યોજેલ છે. જ્યારે આ બધી બાબતો નરી આંખોએ જોઈ ત્યારે તે દિલની સમક્ષ રજૂ કરી. દિલ સમજી ગયું કે આ વસ્તુઓનો કોઈ બનાવનારો છે કે જે અધ્ધર કાયમ રહેલા આકાશોને નીચે પડતા રોકી રાખે છે, વળી તેણે એ પણ જાણી લીધુ કે સૂર્ય, ચંદ્ર અને તારાઓને આકાશમાં રચ્યા છે તે આકાશનો પણ બનાવનારો છે, પછી આંખે જોયું કે પૃથ્વી ઉભી રહેલી છે ત્યારે તેણે દિલને એ બાબતની ખબર આપી, દિલ સમજી ગયુ કે આ પથરાએલી પૃથ્વીને નીચે પડવાથી અથવા ઉપર ચઢી જવાથી રોકનારો એ જ છે કે જે આકાશને ઊંચે સ્થિર રાખનારો છે. અને તેણે એ પણ જાણ્યુ કે જો એ વસ્તુઓને રોકનારો કોઈ ન હોત તો પૃથ્વી પોતાની ઉપર રહેલા પર્વતો, ઝાડ, સમુદ્રો અને

રણના ભારથી ધસી પડત, તો દિલે આંખના બતાવવાથી જાણ્યુ કે પૃથ્વીનો સર્જક અને બનાવનાર એ જ છે કે જે આકાશોનો યોજક અને બનાવનાર છે, પછી કાનોએ સખતમાં સખત વંટોળીઆ અને નરમ અને મંદ વાયુના અવાજ સાંભળ્યા અને આંખોએ જોયું કે તે મોટા મોટા ઝાડોને ઉખેડીને ફેંકી દે છે. મજબૂત મહેલો અને સંગીન ઇમારતોને પાડી નાખે છે. રેતીના મોટા મોટા ઢગલા ઊડાડી દે છે. એક તરફથી તેને ખાલી કરી નાખે છે. અને બીજી તરફ તેને લાવી એકઠી કરી દે છે. અને આ બધુ એવી સ્થિતિમાં થાય છે તેને ઉપાડી લઈ જનાર કોઈ દેખાતો નથી. સંભળાતો નથી, તેમજ ઇંદ્રીયોમાંની કોઈ ઈંદ્રીયથી જાણવામાં આવતો નથી. વાયુ - પવન પોતે એવી વસ્તુ છે કે તેને અડકી શકાતુ નથી. તેમ જ લામહદુદ (અમર્યાદિત) હોવાથી જોઈ શકાતી નથી. *(હદમાં રહેલ જે વસ્તુની હદ હોય છે - સીમા હોય છે તે જ વસ્તુ દ્રષ્ટિ વડે જોઈ શકાય*

*છે. જે વસ્તુની હદ હોતી નથી તે દ્રષ્ટિ વડે દેખાઈ શકતી નથી. - મોમિન)* જ્યારે આ બધા ગતિમાન કાર્યો આંખે જોયા અને કાને સાંભળ્યા અને ઇંદ્રીએ જાણ્યા ત્યારે તેઓએ એકઠા મળી દિલને આ સર્વ વસ્તુઓનો કોઈ કર્તા છે એમ દર્શાવ્યા કરતાં કાંઈ વધુ કર્યું નહીં.

એવી રીતે કે દિલ તેના અંદર જે બુધ્ધિ-અક્કલ મૂકવામાં આવી છે તે બુધ્ધિ વડે વિચાર કરે છે કે જો વાયુને ફૂંકનારો પવનને ચલાવનારો કોઈ હોય નહીં તો તે પોતાની મેળે ફૂંકાઈ ન શકે. તેમજ ચાલી ન શકે. નિશંક તેને ચલાવનારો કોઈ છે જ. જો કદાચ વાયુ પોતાની મેળે ફૂંકાતો હોય, કોઈના ફૂંકાવાથી કે ચલાવવાથી નહીં પણ પોતાની મેળે પોતાના સ્વભાવથી પોતાના નેચરથી ફૂંકાતો ચાલતો હોય, તો તે કોઈ વખત ફૂંકાવા અથવા ચાલતા રહેવાથી અટક્વો ન જોઈએ.

(આ ઘણો બારીક મુદ્દો છે. અને તેને નેચરલ ફિલોસોફી અથવા વિજ્ઞાન જાણનારાઓ સારી રીતે સમજી શકે છે. દરેક વસ્તુમાં એકને એક તેનો સ્વભાવ નેચરલ રહેલો છે. અને તે વસ્તુ પોતાના સ્વભાવ અનુસાર (અજાણપણે) કામ કરે જાય છે. જ્યાં સુધી કોઈ વધારે મજબૂત કારણ તેના સ્વભાવિક કૃત્યને રોકે નહીં ત્યાં સુધી તેનું સ્વભાવિક કામ અટક્તુ નથી. દાખલા તરીકે અગ્નિમાં બાળવાનો સ્વભાવ રહેલો છે, જોકે અગ્નિ પોતાના આ સ્વભાવથી અજાણી છે. તો પણ જે વસ્તુ તેની સંબંધમાં (નજીકમાં) આવશે તેને તે બાળ્યા વગર મૂકશે નહીં અગ્નિ પોતાનું સ્વભાવિક કામ કરતીજ રહેશે. જ્યાં અગ્નિ હશે ત્યાં તેની ગરમીનો ગુણ કાયમ જ રહેશે, પણ જ્યારે અગ્નિ સાથે પાણીનો સંબંધ થશે ત્યારે તેનું સ્વભાવિક કામ (બાળવાનું) અટકી જશે. ભાવાર્થ એવો છે કે જ્યાં સુધી કોઇ બીજું કારણ રોકનાર અથવા અટકાવનાર રહેશે નહીં ત્યાં સુધી તે પોતાનો

સ્વભાવ તજી નહીં શકે. હઝરત ઇમામ અલય્હિસ્સલામ અહીં એવી દલીલ કરે છે કે જો પવન પોતાની મેળે ફૂંકાતો હોય તો, હંમેશા ફૂંકાયા કરવું અને ગતિમાં રહેવું એ પવન નો સ્વભાવ થયો અને જ્યારે તેનો સ્વભાવ થયો ત્યારે ફૂંકાતો પવન અટકવો જોઇએ નહીં. અને જો તેનો સ્વભાવ ફૂંકાવા કે વાવાનો ન ગણતા સ્થિર રહેવાનો ગણો તો તે તદ્દન વાવો કે ફૂંકાવો ન જોઇએ. હંમેશા સ્થિર જ રહેવો જોઇએ. પણ આપણે જોઇએ છીએ કે કદી તો તે વાય છે, અને કદી વાતો નથી ત્યારે એમ જ સિધ્ધ થાય છે કે તેને ફૂંકનાર - ચલાવનાર અને રોકનાર તેનો સ્વભાવ મૂકનાર કોઇ મહાન કારણ છે. અને તે કારણ બીજું કોઇ નહીં પણ ખુદા છે જે તેને પોતાની મરજી મુજબ ચલાવે છે અને અટકાવે છે. અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.-મોમિન)

તે એકને તો પાડી નાખે છે અને એકને સલામત મૂકી દે છે. એક ઝાડને ઉખેડી ફેંકી દીયે છે.

અને બીજાને જેવુંને તેવું સલામત રાખે છે. એક સરઝમીન (પ્રદેશ) ઉપર ફૂંકાય છે અને બીજી ઉપર તદ્દન ફૂંકાતો નથી. જ્યારે દિલ પવન-વાયુના સંબંધમાં વિચાર કર્યો ત્યારે તેને જણાયું કે તેને ફૂંકનારો, ચલાવનારો અને ગતિમાં મૂકનારો કોઇને કોઇ છે જે તેને પોતાની મરજી મુજબ ચલાવે છે અને પોતાની મરજી મુજબ અટકાવે છે. જેના ઉપર ચાહે છે તેના ઉપર નાખે છે અને જ્યાં નથી ચાહતો ત્યાંથી ખેંચી લે છે.

વળી દિલે વિચાર કર્યો કે પવન નો સંબંધ આકાશ અને પૃથ્વીની સાથે રહેલો છે માટે જે આકાશો અને પૃથ્વીનો બનાવનાર તેને કાયમ રાખનારો છે તેજ પવન ને બનાવનારો પોતાની મરજી મુજબ ચલાવનારો અને મરજી મુજબ રોકનારો અને મોકલનારો છે.

એવી રીતે આંખોએ અને કાનોએ દિલને ધરતીકંપની ખબર આપી અને દિલે બીજી ઇન્દ્રીયોથી પણ જાણ્યું.

જ્યારે ઇન્દ્રીયોએ આવડી મોટી લાંબી પહોળી પૃથ્વીને તેના ઝાડ, પર્વત, સમુદ્ર અને તે ઉપર વસ્તી, વસ્તીઓના બોજ સહીત ધ્રુજતા બતાવી અને બતાવ્યું કે પૃથ્વીનો ગોળો એકજ છે તેમાં કોઇ જગ્યાએ જોડ કે સાંધા નથી તેમજ તેના ભાગો એકબીજાથી જુદા નથી. છતાં તેનો એક ભાગ હાલે છે અને બીજો સ્થિર રહે છે. એક તરફ મકાનો ને પાડી નાખે છે, જમીન ને ધસાવી દે છે અને બીજી તરફ તદ્દન સલામત મૂકી દે છે, ત્યારે દિલે જાણ્યું કે જેટલી જમીન હલી-ધ્રુજી-તેનો હલાવનારો અને જેટલી સ્થિર રહી તેનો સ્થિર રાખનારો એજ છે કે જે હવાને ચલાવનારો અને સ્થિર રાખનારો છે અને તેજ આકાશો અને પૃથ્વીનો અને જે કાંઇ આકાશો અને પૃથ્વીમાં છે તેનો બનાવનારો અને યોજક છે.

તેણે એ પણ વિચાર કર્યો કે જો પૃથ્વી પોતાની મેળે પોતાને હલાવતી હોય તો તે પોતાને હલાવત નહીં. કેમકે તેનો સ્વભાવ સ્થિર રહેવાનો છે અને જો એમ કહો કે તેનો સ્વભાવ સ્થિર રહેવાનો નથી. પરંતું ધ્રુજવાનો, કંપવાનો અને હલવાનો છે તો તે પોતાના સ્વભાવ અનુસાર ધ્રુજતી, કંપતી અને હલતી રહેત. જેમ આપણે ધ્રુજવા વગરની જોઇએ છીએ તેમ દેખાત નહીં. બલ્કે હંમેશા ધરતીકંપ રહેત. કેમકે કોઇપણ વસ્તુના સ્વભાવમાં (સબળ કારણ વિના) ફેર પડતો નથી. (પરંતુ જ્યારે આપણે સ્વભાવ બદલાતો જોઈએ છીએ ત્યારે આપણે કારણને માનવું પડે છે. અને એ કારણ પોતે ખુદા છે.... મોમિન) આ વિચારથી તેણે જાણ્યુ કે જેણે પૃથવીને બનાવી છે તે જ તેનો હલાવનારો છે તે જે ભાગને ચાહે છે તેને હલાવે છે અને જેને ચાહે છે તેને સ્થિર રાખે છે.

પછી આંખે એ મહા મોટા (ખુદાઈના) ચિહ્નને જોયું, એટલે તેણે વાદળને જોયું કે જે આકાશ અને પૃથ્વીની વચ્ચે ઇલાહી આજ્ઞાને આધિન ધુમાડાની જેવુ રહે છે. તેણે જોયું કે તેનું શરીર પૃથ્વી અને પર્વતોની સાથે અથડાય એવુ નથી, તે ઝાડોની વચ્ચેથી પસાર થાય છે, પણ ન તો તે ઝાડને હલાવે છે, ન તેની કોઈ ડાળીને તોડે કે નુકસાન પહોંચાડે છે. તેમજ ન તે ઝાડના કોઈ ભાગને વળગી પડે છે, પોતાની ધુમાડા સમ સ્થૂળતા સહીત કાફલાબંધ મુસાફરોની જેમ આવે છે અને પસાર થઈ જાય છે. એવુ તો તે હલકું અને સૂક્ષ્મ છે. છતા એટલા બધા પાણીનો બોજ ઉપાડે છે કે જેનું વર્ણન થઈ શક્તુ નથી. વળી તે પોતાની અંદર એટલી તો વસ્તુઓ જેવી કે કટકે કટકા કરી નાખનાર વીજળી, ગર્જના, બરફના ઓલા (કરા) અને બંધાએલી ઝાકળ ધરાવે છે કે જેની કલ્પના પણ થઈ નથી શકતી. તેમજ અંત:કરણ તેની અજાયબીઓના ભેદને

સમજી નથી શક્તુ. આકાશમાં ઊંચે ચઢે છે. જુદા જુદા રહે છે. પાછા ભેગા થઈ જાય છે. એક વાદળ પોતે વિખેરાઈ જાય છે અને પાછું બીજાઓની સાથે જઈને ભળી જાય છે. ખુદાના હુકમથી ચાલતી હવા જ્યાં ચાહે છે ત્યાં લઈ જાય છે અને ફેલાવી દે છે. હવાના કારણે કદી નીચે ઊતરી આવે છે અને કદી ઊંચુ ચડી જાય છે. પણ પોતાની અંદરના પાણીને પડવા નથી દેતુ અને જ્યારે તેને વરસાવે છે ત્યારે દરિયા વહેવરાવી દે છે. ઘણી જગ્યાઓ અને ઘણા શહેરો ઉપરથી પસાર થાય છે. પણ તેમાંથી જરા પણ ઓછું નથી થતું. જ્યારે તે અસંખ્ય માઈલોના ફેલાવામાં પ્રસરી જાય છે ત્યારે તે પોતાની અંદરના પાણીને ટીપે ટીપે અને મુશળધાર અનુક્રમે વરસાવે છે એટલે સુધી કે હોજ અને તળાવોને છલકાવી દે છે. રસ્તાઓમાં પાણીની રેલમછેલ કરી મૂકે છે, નહેરો અને નદીઓને એવી તો ભરપૂર કરે છે કે જાણે પાણીના પર્વતો ઊભા કર્યાં ન હોય અને તેના

વહેવાના એટલા મોટા અવાજ થાય છે કે જેનાથી કાન બહેરા થઈ જાય

પછી તે વરસાદ વડે સૂકાયેલી ભૂમીને સજીવન કરે છે. લીલોતરીથી તેનો માટી જેવો રંગ લીલોછમ થઈ જાય છે. ઘાસ ઉગી નીકળે છે. જો કે પહેલાં તે સૂકાએલી હોય છે. પણ (વરસાદ) પછી જાત જાતની વનસ્પતિઓ તાજો લીલોછમ પોશાક પહેરી લે છે જે ચોપગા જાનવરોનો ચારો બને છે. વાદળા અંદરના પાણીને વરસાવી વિખેરાઈ જાય છે. અને એવી જગ્યાએ ચાલ્યા જાય છે કે દેખાતાં નથી અને ક્યાં ગુમ થઈ ગયાં તેની ખબર પડતી નથી.જ્યારે આંખે આ બાબતો જોઇને દિલની આગળ રજૂ કરી ત્યારે દિલે વિચાર કર્યો કે જે આ સઘળું પોતાની મેળે થતું હોય એટલે વાદળ પોતે કરતું હોત તો તે પોતાના બોજમાંનો અરધો બોજ પણ ઉપાડી ન શક્ત, જો વાદળાંજ વરસાદ વરસાવતા હોત તો હજારો માઇલ

સુધી અથવા તેથી વધારે દૂર પાણીને ઉપાડી ન જઇ શક્ત. પણ ક્યાંય પાસેજ વરસાવી દેત અને ટીપું ટીપું કરી યોજના પૂર્વક ન વરસાવત. પણ એકદમ વરસાવી દેત (કેમકે વાદળામાં કેમ વરસાવવું તેની સમજ તો નથી.) અને જો તે એક સાથે બધું પાણી વરસાવત તો સઘળી ઇમારતો પડી જાત. વનસ્પતીઓનો નાશ થઇ જાત. જો તે પોતાની મેળે એ કામ કરતું હોત તો તે એક શહેરમાં તો જાત બીજામાં તદ્દન જાત નહીં.

આ બધી સ્પષ્ટ અને ચોખ્ખી દલીલોથી દિલે જાણ્યું કે આ સર્વ બાબતોનો યોજક અને રચનાર એકજ છે. જો તેમ ન હોત એટલે બે હોત તો આટલા લાંબા કાળથી જે એક નિયમ ચાલ્યો આવે છે તે એક નિયમમાં કોઇને કાંઇ ભંગ પડયા વિના ન રહેત. કોઇ હમણાં થવી જોઇતી બાબત પાછળ થાત અને અને પાછળ થવી જોઇતી બાબત હમણા થાત. જે નીચે છે

તે ઊંચે ચઢી જાત અને ઊંચે છે તે નીચે ઊતરી આવત. અસ્ત થનાર ઉગી આવત અને ઉગનાર અસ્ત થઇ જાત (સર્વ બાબત-નિયમ અને ધોરણ વિરૂધ્ધ થાત) નિયમિત રીતે જે બધા કામ થાય છે તેમાં ફેર પડી જાત. આ ઉપરથી દિલે જાણ્યું કે સઘળી જાહેર અને છુપી વસ્તુઓનો યોજનાર એજ મા'બૂદે બરહક છે કે જે સર્વથી પહેલો છે, આકાશનો પૈદા કરનાર અને તેને કાયમ રાખનારો છે. તેજ પૃથ્વીને પૈદા કરનાર અને પાથરનાર છે. અને એ સઘળી ચીજો કે જે મેં બયાન કરી છે તેનો રચનાર અને ચલાવનાર છે અને તે ઉપરાંત બીજી બધી વસ્તુઓનો રચનાર અને ચલાવનાર તેજ છે. એવી રીતે જ્યારે આંખે જોયું કે રાતદિવસ જે દરરોજ અનુક્રમે આવે જાય છે, દરરોજના આવવા જવાથી જૂના નથી થતા તેમજ તેમની સ્થિતિમાં લાંબો સમય વીતી જવાના કારણે ફેરફાર નથી થતો તથા એકબીજાની વિરૂધ્ધ હોવાથી કશો ફેર

નથી પડતો. તેમજ તેમની સ્થિતિ કાંઇ ઘટતી નથી. દિવસ એક્સરખી રીતે પોતાના પ્રકાશ સહીત અને રાત એકજ સરખી રીતે પોતાના અંધકાર સહિત એકબીજામાં દાખલ થતા જાય છે. એટલે સુધી કે તેમાંથી દરેક પોતાની લંબાઇ અને ટૂંકાઈની મુકર્રર કરેલ હદ મુજબ એક્સરખા અંદાજે અને એકજ હિસાબે પહોંચી જાય છે, અને એમ છતા જે રાતે સ્થિર રહે છે તે સ્થિર રહે છે અને જે જે દિવસે વ્યાકુળ રહે છે તે રાતે વ્યાકુળ રહે છે. અને જે રાતે અંધારી રહે છે તે રાતે અંધારી રહે છે અને જે દિવસે સ્થિર રહે છે તે સ્થિર રહે છે. તેમની (તારાઓ વિ.ની) સ્થિરતા કે ગતિની રાત અને દિવસ ઉપર ફેર થતો નથી. રાત અને દિવસ પોતાના નક્કી કરેલા કામ કરે જ છે, વળી ઠંડી અને ગરમીને જોઇ કે તે એક પછી એક નિયમસર આવે છે જાય છે. અને દિલને દેખાડયું ત્યારે દિલે જાણ્યું કે જેણે આ બધી વસ્તુઓ એક નિયમે રચી છે તે ખરેખર એક,

સર્વસત્તાધિશ અને મહાન બુધ્ધિવાન હોવો જોઇએ. જે હંમેશાથી છે અને હંમેશા રહેશે, અને જો પૃથ્વી અને આકાશના રચનાર એક કરતાં વધું હોત તો દરેક રચનાર પોતાની રચેલી વસ્તુનું ધ્યાન રાખત અને એકબીજા ઉપર સરસાઇ અને ચઢીયાતાપણું મેળવવા પ્રયત્નો કરત અને તેથી તેઓમાં વિખવાદ પડત અને તેઓમાં વિખવાદ પડત તો રચનામાં પણ વિખવાદ પડત. જુદા જુદા નિયમો નીકળત અને જુદીજુદી વ્યવસ્થાઓ ચાલત અને આખરે સર્વે રચનાઓનો નાશ થાત. પણ જોઇએ છીએ તો માલૂમ પડે છે ન તો જુદા જુદા નિયમો છે ન જુદા કાનૂન છે. સર્વ એકજ નિયમે અને એકજ કાનૂને અને એકજ ધોરણે અને એકજ વ્યવસ્થાએ હંમેશાથી થતું જાય છે ત્યારે તેનો રચનાર એકજ હોવો જોઇએ અને છે.

એવીજ રીતે તે રચનાર તે ખાલિકે તે માલિકે, જે કાંઇ દિલે પોતાની બુધ્ધિથી જાણ્યું સમજયું હતું તેના

સમર્થનમાં જે કિતાબો (શાસ્ત્રો) મોકલી તે કાનોએ સાંભળી. વળી જે લોકોએ શીખવ્યું હતું કે તે માલિકને ન જોરૂ છે ન છોરૂ છે, ન તેનો કોઇ ભાગિયો છે તે લોકોની એટલે પૈગમ્બરોની વાતોને સાંભળી અને સાંભળીને દિલની આગળ રજૂ કરી અને દિલે તે વાતોને માની લીધી.

તેણે કહ્યું: આજ સુધી કોઇએ મારી પાસે વર્ણવી ન હતી તેવી વાતો આપે મારી પાસે વર્ણવી છે. પણ જ્યાં સુધી આપ આપની વાતોની પૃષ્ટિમાં મજબૂત દલીલ રજૂ નહીં કરો, ત્યાં સુધી હું માનીશ નહીં.

મેં કહ્યું: ઘણું સારૂ. જ્યારે તમે જવાબ આપી નથી શકતા. અને તમારી પહેલાંની અને હમણાંની વાતોમાં ફેર પડયો ત્યારે હમણાંજ તમારૂ મન તમારૂં દિલ તમને એવી વાતો બતાવશે કે જેથી તમને ખાતરી થઇ જશે કે ઇન્દ્રીયો દિલ વિના કોઇ વસ્તુને જાણી નથી શકતી.

વારૂ તમે કદી સ્વપ્નમાં જોયું છે કે તમે કાંઇ ખાઓ છો અને તેનો સ્વાદ અને લિઝઝત તમારા મન-દિલ સુધી પહોંચે છે?

તેણે કહ્યું: હા.

મેં પૂછયું તમે કદી જોયું છે કે તમો સ્વપ્નમાં રડો છો? હસો છો? એવા એવા શહેરોમાં મુસાફરી કરો છો કે જે તમે કદી જોયા ન હતાં? અથવા જોયા હતા? અને જાગ્યા પછી સ્વપ્નમાં જોએલાં શહેરોની નિશાનીઓને સમજી લીધી હોય એમ બનેલ છે?

તેણે કહ્યું: એવાં તો મેં ઘણાં સ્વપ્ના જોયાં છે.

મેં પૂછયું: તમારા સગાવ્હાલાઓમાંથી કોઇ સગાને, ભાઇને કે બાપને મરણ પામેલ હોય તેને સ્વપ્નમાં જોએલ છે? અને જેવી રીતે તમે તેના મરણ પામવા પહેલાં ઓળખાતાં હતા તેવી રીતે તેને સ્વપ્નામાં પણ ઓળખી લીધા હોય એમ બનેલ છે?

તેણે કહ્યું: ઘણીવાર એવું બનેલ છે

મેં કહ્યું: ત્યારે કહો સ્વપ્નામાં તમારી ઇન્દ્રીયોમાંની કઇ ઇન્દ્રીયો કઇ વસ્તુઓને જોઇને, તેમની વાતોને સાંભળીને, ખાવાનો સ્વાદ લઇને શહેરોમાં મુસાફરી કરવાને, હસવાને, રડવાને જાણીને તે વાતો દિલ સુધી પહોંચાડી કે દિલને એ સર્વ બાબતો પૂર્ણ રીતે માલૂમ પડી?

તેણે કહ્યું: મારી ઇન્દ્રીયોમાંની કઇ ઇન્દ્રીયે એ સર્વ વાતોને અથવા તેમાંની કેટલીકને જાણી એ હું કહી નથી શકતો, અને ઊંઘમાતો માણસ મુરદા સમાન લેખાય છે. તેવી સ્થિતિમાં ઇન્દ્રીયો જાણી કેવી રીતે શકે? કેમકે ન કાન સાંભળી શકે છે ન આંખ જોઇ શકે છે

મેં પૂછયું: મને કહો જોઇએ કે જ્યારે તમે સ્વપ્નમાંથી ચમકીને ઉઠયા ત્યારે તમે જે કાંઇ સ્વપ્નામાં જોયું હતું તે તમને યાદ રહ્યું કે નહીં? અને

યાદ રહ્યું હતું તો તમે જેવું જોયું હતું તેવું પૂરેપૂરૂં પોતાના ભાઇ કે મિત્રને કહ્યું હતું કે નહીં?

તેણે કહ્યું: હા, ઘણીવાર એ મુજબ થએલ છે, બલ્કે ઘણીવાર એમ પણ બનેલ છે કે મેં સ્વપ્નમાં એક વસ્તુ જોઈ. પછી સમી સાંજ પહેલાં જાગૃત સ્થિતિમાં, તે વસ્તુને જેવી સ્વપ્નમાં જોઇ હતી તેવી જ વળી પાછી જોઇ.

મેં પૂછયું: ત્યારે કહો તમારી કઇ ઇન્દ્રીયે એ જાણવું અથવા એ સ્મરણ અથવા એ અનુભવ તમારા મન (દિલ)માં સ્થાપ્યો? કે તમે જાગૃત થયા પછી પણ તમે ભૂલ્યા નહીં? અને જેવું જોયું હતું તેવું જ યાદ રાખી શક્યા ?

તેણે કહ્યું: આમા ઇન્દ્રીયોનો કશો સબંધ નથી.

મેં કહ્યું: જ્યારે તેમાં ઇન્દ્રીયોનો કશો સબંધ નથી અને એ વખતે ઇન્દ્રીયો નકામી હતી-ત્યારે સ્વપ્નમાં જે વસ્તુઓ જેણે જોઇ અનુભવી અને યાદ

રાખી તે જોનાર અનુભવનાર અને યાદ રાખનાર બીજું કોઇ નહીં પણ તમારૂં જ મન-દિલ હતું એમ હવે સમજી શકતા નથી? મન-દિલમાં બુધ્ધિ છે. અને તે વડે ખુદાએ તઆલા પોતાની હુજ્જત (દલીલ) પોતાના સેવકો ઉપર અમલમાં મૂકે છે.

તેણે કહ્યું: મેં જે કાંઇ સ્વપ્નામાં જોયું તેનું ખરૂ વજૂદ ન હતું. સ્વપ્નમાં જોએલ વસ્તુઓ મૃગજળ (ઝાંઝવાના જળ) સમાન છે, કે જેને જોઇને માણસ સમજે છે અને ખાત્રીથી માને છે કે ત્યાં પાણી છે. પણ જ્યારે તે તરફ અને તેની પાસે જાય છે ત્યારે ત્યાં પાણી તો શું પાણીના નિશાન ને પણ જોતો નથી. તો સ્વપ્નું એ મુગજળ સમાન એક પ્રકારની ભ્રાંતિ (ભાસ) છે.

મેં કહ્યું : તમે મૃગજળને અને પોતાને સ્વપ્નામાં ખાતાં પીતાં ખાટું મીઠું ખાતાં પીતાં જોવાને

અને ખુશી તથા ગમી અનુભવવાને કેવી રીતે સરખાવો છો ?

તેણે કહ્યું : જ્યારે હું મૃગજળની જગ્યાએ પાણી જોઈ સમજી ગયો ત્યારે મને માલૂમ પડ્યું કે ત્યાં કાંઈ જ નથી. એવી જ રીતે જ્યારે હું સ્વપ્નુ જોઈને જાગૃત થયો ત્યારે મેં જે કાંઈ જોયું હતું તેમાંનું કશું ત્યાં ન હતું.

મેં કહ્યું : જો હું તમારી સન્મુખ કોઈ એવો દાખલો આપું કે જેનો સ્વાદ તમે સ્વપ્નામાં લીધો હોય અને તમારૂ મન આકુળ વ્યાકુળ થયુ હોય તો પછી તમને મારા કહેવાથી ખાત્રી થશે કે નહીં ?

તેણે કહ્યું : જરૂર થશે.

મેં કહ્યું : શું તમને કદી સ્વપ્નામાં એહતેલામ (વીર્યપાત) થયું છે ? અથવા તમે તમારી ઓળખીતી અથવા કોઈ અજાણી સ્ત્રી સાથે ઇચ્છા પૂરી કરી છે ?

તેણે કહ્યું : હા, ઘણીવાર એમ થયું છે.

મેં કહ્યું : તો શું (એ બાબતોમાં) જાગૃત સ્થિતિમાં જેટલી લઝ્ઝત આવે છે તેટલી લઝ્ઝત સ્વપ્નામાં નથી મળેલ ? આ બાબત તમારા મૃગજળના દાખલને રદ કરે છે. (કેમકે મૃગજળની તો કાંઈ અસર હોતી નથી. જ્યારે પાસે જઈને જુઓ ત્યારે રેતી જ દેખાય છે અને પાણીનું નામ હોતું નથી. અને અહીં અસર જાહેર છે.)

તેણે કહ્યું : એહતેલામ થયુ હોય વિ. જાગૃત સ્થિતિમાં તેની ઇન્દ્રીયો તેને બતાવેલી બાબતોને જુવે છે. (એહતેલામ થનાર માણસો સ્વપ્નમાં ફક્ત એ જ જુએ છે કે જેને તેની ઇંદ્રીયોએ જાગૃત અવસ્થામાં બતાવ્યું હતું.)

મેં કહ્યું : તમારા આ જવાબથી મારી વાતને સમર્થન મળે છે, અને એ વાત નક્કી થઈ કે ઇંદ્રીયો નકામી થઈ જવા છતા દિલ બધી બાબતોને સમજે છે, અને ઓળખે છે. તો તમોએ શા આધારે કહ્યું હતું કે

જાગૃત હાલતમાં તમામ અવયવ સારી હાલતમાં એકઠાં હોવા છતા પણ દિલ તમામ ચીજોને સમજી નથી શકતું, પણ ફક્ત ઇંદ્રીયો થકી જ જાણી શકે છે, તો જે વાતનો તો સ્વીકાર કરી ચૂક્યા કે ઇંદ્રીયો (ઊંઘના કારણે) ગફલતમાં નકામી હોવા છતા પણ દિલ સમજી શકે છે. દિલને કોણ સમજાવે છે ? શા આધારે દિલને ખબર પડે છે ? તે તો ન સાંભળી શકે છે કે ન જોઈ શકે છે ? તો તમોએ જે ઇન્કાર કર્યો તે ઇન્કાર કરવો નહતો અને કબૂલ રાખવું હતું કે દિલને ઇંદ્રીયો થકી તમામ બાબતોની ખબર પડે છે. બલ્કે દિલ તમામ ઇંદ્રીયોનો બાદશાહ છે, તમામ યુક્તિઓ દિલ થકી જ થાય છે. તે હાકિમ છે, ઇંદ્રીયો તેની તાબેદાર છે. એ વાતનો કોઈ જાહિલ પણ ઇન્કાર નથી કરી શકતો, હાથને એવી સમજ કે સત્તા નથી કે પોતાની મેળે કોઈને મારે, તેમજ બીજા કોઈ અવયવને પણ સમજ અને ઇખ્તિયાર નથી કે કાંઈ પણ આપોઆપ કરી શકે. પણ જ્યારે દિલ

હાથને હુકમ કરે ફલાણાને માર તો જ હાથ ઉપડશે. દિલના કહ્યા સિવાય અને યુક્તિ બતાવ્યા સિવાય કોઈ ઇંદ્રીય કે અવયવ કાંઈ પણ નથી કરી શકતું, કેમકે ખુદાએ તઆલાએ દિલને અંગ માટે તદબીર કરનાર બનાવેલ છે, દિલ થકી જ સાંભળે છે અને જુવે છે, દિલ અંગ માટે હાકિમ અને અમીર છે, અગર દિલ પાછળ હટવા ચાહે તો અંગ આગળ નથી વધી શક્તુ, તેમજ દિલ આગળ વધવા ચાહે તો અંગ પાછળ નથી હઠી શક્તુ. તમામ ઇંદ્રીયો અને અવયવો દિલનો હુકમ માને છે, જે ચીજનો હુકમ કરે તે કરે છે, જેની મનાઈ કરે તે કરતાં નથી, ખુશી અને ગમ દિલને જ થાય છે. તકલીફ અને ઇજા દિલને જ પહોંચે છે. જો કોઈ અવયવ ખરાબ થઈ જાય તો દિલને વાંધો નથી આવતો. પણ દિલ ખરાબ થઈ જાય તો તમામ અવયવો નકામા થઈ પડે છે, જોવુ સાંભળવુ કાંઈ કામનું નથી રહેતું.

તેણે કહ્યું : હું સમજતો હતો કે આપ આ મસઅલામાં ગૂંચવાઈ જશો, પણ આપે તો એવી એવી બાબતો બયાન કરી કે હું તેનો રદ કરવાથી અશક્ત થઈ ગયો.

મેં કહ્યું : હવે તમોને અહીંયા બેઠા બેઠા જ તમામ બાબતોની સાબિતી કરી આપુ છું, અને જે કાંઈ તમોએ સ્વપ્નમાં જોયું તે પણ બયાન કરૂં છું.

તેણે કહ્યું : ભલે આપ એમ કરો, હું આ બાબતમાં હેરાન છું.

મેં કહ્યું : તમો કોઈ વખત પોતાના દિલમાં કોઈ ધંધાનો કોઈ વેપારનો અથવા કોઈ મકાન બનાવવાનો તેમજ કોઈ ચીજ બનાવવાનો ખયાલ કરીને તેનો અંદાજ ધ્યાનમાં લાવીને પછી એ કામ ચાલુ કરવાનો હુકમ આપો છો કે નહીં ?

તેણે કહ્યું : જે કામ કરવું હોય તે વિશે એ મુજબ જ કરૂં છું.

મેં કહ્યું : જ્યારે દિલમાં એવો ખયાલ કરો છો ત્યારે કોઈ અવયવને તેમાં શરીક કરો છો ?

તેણે કહ્યું : નહીં, એમ કરતો નથી.

મેં કહ્યું : તમો એમ તો માનો છો ને ? કે તમારૂ દિલ જે કાંઈ કહે છે તે સાચું છે ?

તેણે કહ્યું : દિલ જે કાંઈ કહે તેના ઉપર ખાત્રી તો હોય જ છે. પણ આપ કોઈ એવી બાબત કહો કે તેથી મારા દિલનો શક દૂર થઈ જાય.

મેં કહ્યું : તમારા મુલક (દેશ) માં જયોતિષનો ઇલ્મ જાણનાર છે ?

તેણે કહ્યું : શું આપને ખબર નથી કે અમારા મુલકમાં નજુમનું ઇલ્મ જાણનાર એવા પડયા છે કે તેઓથી વધારે જાણનાર બીજી જગ્યાએ નહીં હોય.

મેં કહ્યું : તેઓ નજુમનું ઇલ્મ કેવી રીતે જાણે છે ? કેમકે નજુમનું ઇલ્મ કોઈ અવયવથી જાહેર થતું નથી તેમજ વિચાર અને અભ્યાસથી નથી મળતું.

તેણે કહ્યું : હકીમોએ એક હિસાબ ગોઠવ્યો છે કે તે પ્રમાણે હિસાબ કરવાથી ખબર પડી જાય છે, અને તે મુજબ બીજાઓ શીખીને જે જોવું હોય તે બતાવે છે, તેઓ એ હિસાબની રૂએ સૂર્ય અને ચંદ્ર ક્યા ગ્રહમાં છે, ફલાણાના નસીબનો કયો સિતારો ખરાબ છે. નેક સિતારો ક્યાં છુપાએલો છે એ મુજબ તપાસીને કહી આપે છે, જેમકે કોઈ માણસ એક છોકરાને નજુમી પાસે લઈ જાય, તો તે એ હિસાબથી જોઈને કહી આપે છે કે આ છોકરાના મરવા સુધી એવા એવા બનાવ તેના માટે બનશે અને એમજ થાય છે, અને એવા લાયકાત ધરાવનાર હોય છે કે તેઓની બતાવેલી બાબતોમાં ફરક નથી થતો !

મેં કહ્યું : નજુમના ઇલ્મને છોકરાથી શું સંબંધ છે ?

તેણે કહ્યું : તમામ ઇન્સાનની પેદાશમાં સિતારાઓનો સંબંધ હોય છે, તેથી જ સિતારાઓ થકી

ઈન્સાન માટે બનનાર બનાવોની ખબર પડે છે અને તેથી જ સિતારાઓનો સંબંધ ન હોત તો કેવી રીતે સિતારાથી ઇન્સાનના ભવિષ્યની ખબર પડે  અને એ જ કારણથી જે વરસમાં જે મહિનામાં જે ઘડીમાં ઇન્સાનનો જન્મ થયો હોય તે યાદ રાખી તે મુજબ હિસાબ કરે તો હિસાબમાં ભૂલ પડતી નથી.

હું : તમોએ બયાન કર્યું તે મુજબ અગર એ નજુમનું ઇલ્મ ખરૂ હોય તો એ ઇલ્મ બહુ જ અજબ અને આશ્ચર્યકારક છે. અને તેથી બારીક અને બુઝુર્ગીવાળુ કોઈ ઇલ્મ હોવું ન જોઈએ, કેમકે તેનાથી ઇન્સાનનો તમામ હાલ માલૂમ પડે છે. તો એ હિસાબ તમો ઇન્સાનો જન્મ પામ્યા ત્યારથી જ જાણો છો કે નહીં ?

તેણે કહ્યું : આ ઇલ્મ કોઈ પણ શીખ્યા વિના જાણતું હોય એમ નથી.

મેં કહ્યું : હવે આપણે વિચારીએ કે આ ઇલ્મ લોકો કેવી રીતે શીખ્યા ? અને બધાને એ ઇલ્મ શા

માટે નથી ? તેમજ એ પણ જાણવું જોઈએ કે એ સિતારાનું નેક પણું કેવી રીતે જાણ્યું, તેની બારીકીઓની કેવી રીતે ખબર પડી ? તેઓની ચાલ તેજ તેમજ ધીમી છે તેની શા આધારે ખબર પડી ? તેના સ્થાન આસમાન ઉપર તેમજ જમીન ઉપર છે તેની કેમ ખબર પડી ? કેમકે જમીન ગોળ હોવાથી છ બુરજ ઉપર છે અને છ નીચે છે, તેમજ બધા સિતારાનો હાલ છે કે કેટલાંક ઉપર અને કેટલાંક નીચે છે. મારી અક્કલતો કબૂલ નથી કરતી કે સિતારાના તમામ જાહેર તેમજ છુંપા અહેવાલને ઇન્સાન જાણી શકતો હોય.

તેણે કહ્યું : હું તો એમ સમજુ છું કે ઇન્સાન જાણવા માંગે તો જાણી શકે છે.

મેં કહ્યું : જ્યારે તમારૂં માનવું એમ છે કે તમામ ઇન્સાન સિતારાની ગણતરી મુજબ પૈદા થાય છે તો જે હિકમતવાળાએ આ હિસાબ બનાવ્યો છે તે પણ આ દુનિયાવાળાઓમાંથી કોઈ હશે ? અને તે પણ

બીજાઓની જેમ સિતારાઓ સાથે સંબંધ રાખીને પૈદા થયો હશે ?

તેણે કહ્યું : તે હિકમતવાળો ઈન્સાન જ છે. તો તે પણ સિતારાના હિસાબે પૈદા થએલ જરૂર હોવો જોઈએ.

મેં કહ્યું : શું તમો એમ નથી માની શકતા ? કે આ સિતારા એ હિકમતવાળાની પહેલે પૈદા થયા હશે, કે જે વિશે તમો કહો છો કે તેણે આ હિસાબ શોધી કાઢીને બનાવ્યો છે, અને તમારો મત એમ પણ છે કે એ સિતારાનો સંબંધ ગોઠવીને તેના આધારે તે પણ પૈદા થયો છે.

તેણે કહ્યું : બેશક આ સિતારા તે હિકમતવાળાની પહેલાંના છે.

મેં કહ્યું : જ્યારે એ વાત કબૂલ કરો છો કે હિકમતવાળાની પહેલાં સિતારા થએલા છે તો તેને એ સિતારાના હાલની કેવી રીતે ખબર પડી ? અને તે

ઉપરથી નજુમનું ઇલ્મ તે કઈ રીતે કાઢી શક્યો ? અને જ્યાં સુધી એ સિતારાની અગાઉ કોઈ ન હોય અને તે તેઓના હાલની ખબર ન આપે ત્યાં સુધી કેવી રીતે ખબર પડે ? આ હિસાબતો એ જ બતાવે છે કે તેઓની અને તે હિકમવતળાની પહેલાંથી હોય, કેમકે દરેક પૈદા થએલાનું જે મૂળ હોય જે કારણ હોય તે જ તેનો હાલ કહી શકે છે, અને જે હિકમતવાળાઓએ હિસાબ શોધી કાઢયો તેણે જરૂર એવા પાસેથી તાલીમ લીધી હશે કે જે તેનાથી અને સિતારાઓથી પણ પહેલે હશે. કેમકે આ હિકમતવાળાનો પણ કોઈ સિતારાની સાથે સંબંધ રાખીને પૈદા કર્યો હશે કે તેનો હાલ નજુમથી જોઈ શકાય, તો એ જરૂરી બાબત છે કે સિતારાની સાથે સંબંધ રાખીને ઇન્સાનને પૈદા કરે તે ઇન્સાન અને સિતારાઓની પહેલેથી જ હોય, એ વિના કેવી રીતે બની શકે ? અને સિતારાની સાથે ઇન્સાનનો સંબંધ કોણ જોડે કે તેથી તેની સ્થિતિ અને ભવિષ્ય સિતારાના

હિસાબથી માલૂમ પડી શકે, અને અગર એમ માનો કે આ હિકમતવાળો નજુમનું ઇલ્મ શોધી કાઢનાર આ દુનિયાથી પહેલાં પૈદા થયો હોય, દુનિયા કરતાં તેના દસ ગણી મોટી ઉમર હોય તો પણ તેણે આ સિતારાઓને તો એ જ મુજબ અધ્ધર જોયા હશે ? કે જે મુજબ હાલતમાં જુઓ છો, (તો તેનામાં અને તમારામાં શું ફરક છે ?) શા માટે તે હિસાબ તે જાણે અને તમે નથી જાણી શકતા ? શું તેને એવી શક્તિ હતી કે સિતારાઓની પાસે જઈને તેઓની હકીકતથી માહિતગાર થયા, અને તેઓની ચાલ, નેક-બદ વિ. ને જાણે, અને એ જાણી શકે છે કે ક્યા સિતારાના કારણે સૂર્યને ગ્રહણ લાગે છે ક્યા સિતારાઓને લીધે બાળકો પૈદા થાય છે, કયો નેક છે, કયો ખરાબ છે, અને કયો તેજ છે, કયો ધીમો છે કે તે જાણ્યા પછી દિવસોની સારી નરસી ઘડીઓને ધ્યાનમાં લીએ, અને એ પણ જાણે કે દરેક સિતારો જમીનની નીચે કેટલો વખત રહે

છે અને ઉપર કેટલો વખત રહે છે, કઈ વખતે ઉદય થાય છે, કઈ ઘડીએ અસ્ત થાય છે, તેમજ કેટલો વખત ઉગેલો રહે છે, કેટલો વખત અસ્ત થએલો રહે છે, તો સિતારાઓની પાસે ગયા વગર આ તમામ અહેવાલ અને બાબતની ખબર કેવી રીતે પડે ? અને આસમાનની બાબત અહીં જમીન ઉપર બેઠા બેઠા કેમ જાણી શકે ? કેમકે તેનું ઇલ્મ અહીંથી મળી શકે તેમ નથી. વિચાર કરવાથી જાણી શકાય તેમ નથી, સૂર્ય વિશે જ્ઞાન શી રીતે મેળવી શકે ? સૂર્ય ક્યા ગ્રહમાં છે, ચંદ્ર કઈ મંઝિલમાં છે તેની ખબર શી રીતે પડે ? એ સાત સિતારા કે જે સારા અને ખરાબ છે તે આસમાનના ક્યા ભાગમાં છે, (તેમાં સારો કયો ખરાબ કયો તેની ખબર કેમ પડે ?) તો અહીં બેઠા બેઠા આસમાની બાબતોનું જ્ઞાન મેળવવું શક્ય નથી, પણ એ જ વખતે કે ત્યાં જાય, આ વિશે મારૂં દિલ ગવાહી આપે છે કે આ હકીમની એવી શક્તિ નથી કે આપોઆપ એ

વિશે શોધ કરીને એ અહેવાલ જાણી શક્યો હોય, પણ તે એવાના કહેવાથી કે જે આસમાન ઉપર હોય અને ત્યાંના હાલથી વાકેફ હોય તેના શીખવવાના કારણે શીખ્યો હોય.

તેણે કહ્યું : એવું તો મારા જાણવામાં છે જ નહીં કે કોઈપણ આસમાન ઉપર ગયું હોય.

મેં કહ્યું : કદાચને તે હકીમ આસમાન ઉપર ગયો હોય અને તમોને ખબર ન હોય ?

તેણે કહ્યું : અગર મને કોઈ ખબર આપે કે તે આસમાન ઉપર ગયો હતો તો પણ હું કબૂલ ન જ કરૂં.

મેં કહ્યું : હું પણ એમ જ માનુ છું કે તે આસમાન ઉપર ગયો નથી. પણ ધારો કે તે આસમાન ઉપર ગયો હોય તો શું એ શક્ય છે કે દરેક બુર્જ (ગ્રહ) ની અને દરેક સિતારાની સાથે ફર્યો હોય ? અને દરેક સિતારાનો ઉદય થાય ત્યારથી અસ્ત થાય ત્યાં સુધી તેની સાથે જ હોય ? અને સિતારાની ચાલ તો સરખી

નથી. કોઈ સિતારો એવો છે કે તે ત્રીસ વરસે એક ફેરો ફરી રહે છે, અને કેટલાંક તેથી ઓછી મુદ્દતમાં, તો એ બનવાજોગ નથી કે એવી રીતે સર્વેની ચાલ તપાસી જોઈને નેક બદ જાણીને હિસાબ બનાવ્યો હોય.

જો કદાચ આપણે માનીએ કે તે આકાશ ઉપર ચઢી ગયો અને દરેક તારા અને ગ્રહની સાથે ફરી શક્યો અને બધા આકાશી ગ્રહ તારાને તપાસી હિસાબ બનાવી શક્યો તો પણ જ્યાં સુધી તે પૃથ્વીની નીચેના સિતારાઓને તપાસી ન શક્યો ત્યાં સુધી તેનો હિસાબ સંપૂર્ણ અને સાચો ન ગણી શકાય. અને તેમ કરતાં તેને જેટલો વખત આકાશી ગ્રહ તારાઓના અભ્યાસમાં લાગ્યો હતો તેટલો વખત આ તપાસમાં પણ લાગેલો હોવો જોઈએ. કારણ કે ગ્રહોની ગતિ પૃથ્વી નીચે તેમજ પૃથ્વી ઉપર જુદી જુદી રીતે હોય છે, જે ગ્રહ તારાઓ પૃથ્વી ઉપર છે તેમની હકીકતને તે નજુમી (જયોતિષ) જાણે નહીં ત્યાં સુધી પૃથ્વી નીચેના ગ્રહ તારાઓની

હકીકતને જાણી શકતો નથી. કારણ કે રાત્રે કયો તારો અસ્ત થાય છે, કયો ઉદય થાય છે, કેટલી વાર પૃથ્વી તળે ઉદય અસ્તની સ્થિતિ રહે છે, દિવસે કયો તારો અસ્ત થાય છે એ જાણવું તેના માટે અગત્યનું છે. આવા આવા કારણોથી તે હકીમનું જેટલા દિવસ તે આકાશ ઉપર રહી તારાઓ અને ગ્રહોમાં રહી તેમની સાથે સાથે ફર્યો હોય તેટલા દિવસ પૃથ્વી નીચે પણ તારાઓ અને ગ્રહોની સાથે ફરવું જરૂરી છે.

*[હાલના સમયને સાયન્સ શાસ્ત્રનો અભ્યાસી અથવા સાંપ્રત સમયની એસ્ટ્રોનોમીનો અભ્યાસી, હઝરતની જયોતિષશાસ્ત્ર સંબંધી ઉપલી બાબતો વાંચી અચંબામાં પડશે. કેમકે તારાઓ અને ગ્રહો, આકાશ અને પૃથ્વી વિશે પુરાતન વખતમાં જે જે માન્યતાઓ હતી તે તે માન્યતાઓ આ વખતમાં જ્ઞાન પ્રકાશની વૃધ્ધિ સાથે ખોટી સાબિત થઈ છે, વીસમી સદી પહેલાંના ફિલસુફીઓ પૃથ્વીને સપાટ માનતા હતા હાલ*

તે ગોળ મનાય છે, આકાશને ફરતું માનતા, હાલ આકાશ કાંઈ નહીં પણ દ્રષ્ટિ મર્યાદાની હદ ગણાય છે.

(નાજી) કહે છે કે વીસમી સદી પહેલાંના ફિલસુફીઓ પૃથ્વી આકાશ વિ. વિશે જે માનતા હતા અને તેઓએ જે નક્કી કર્યુ હતું તેનાથી વિરૂધ્ધ કહેનારને ખોટો જાણતા હતા, પણ તે પછી હાલના ફિલસુફોએ વધારે શોધખોળ કરીને તે તમામ વાતને ખોટી ઠરાવીને આકાશનો ઇન્કાર કરી તે દ્રષ્ટિ મર્યાદાની હદ ઠેરાવી છે. પણ બનવાજોગ છે કે આગળ જતા બીજા ફિલસુફો આથી પણ વધારે શોધ-ખોળ કરીને આથી પણ બીજી નવીન બાબત ગોઠવે અને ઠેરાવે અથવા પેહલાઓની માન્યતા કબૂલ રાખે, માટે ફિલસુફોએ જે કાંઈ માની લીધું તેના ઉપર કાંઈપણ આધાર રાખી ન શકાય.

વળી આ હિસાબનો બનાવનારો - ઘડનારો એક જ હોવો જોઈએ. કેમકે જો એકથી વધુ હોય તો હિસાબમાં ફેર પડે.અને એવા તબક્કે તે હિસાબનો

બનાવનારો પૃથ્વીના અંધકારમાં, સમુદ્રોમાં, આકાશમાં, સિતારાઓ અને ગ્રહોમાં જ્યાં સુધી તે ફરતા રહ્યા ત્યાં સુધી રહી આવ્યો અને તેમની હકીકતને જાણી આવ્યો એટલું જ નહીં પણ જેટલો વખત તે પૃથ્વીના ઉપરના સિતારાઓ અને ગ્રહોમાં રહ્યો તેટલો વખત પૃથ્વીની નીચેના સિતારાઓ અને ગ્રહોમાં રહ્યો એવુ તમારા વિના બીજો કોઈ કહી ન શકશે.

હઝરતે પુરાતન જયોતિષ શાસ્ત્ર મુજબ દલીલો રજૂ કરી છે. આગળ વૈધક શાસ્ત્રનું વર્ણન આવશે ત્યાં પણ હઝરત પુરાતન વિચારો, મુજબ દલીલો કરતાં જાશે, આ પ્રસંગે ઘણાઓને એવી શંકા થવી આવશ્યક છે કે હઝરતે ઇમામ જા'ફરે સાદિક અલય્હિસ્સલામ શું પૃથ્વી ગોળ છે, ફરે છે, આકાશ એ એક નામ છે ઇત્યાદી બાબતો જે હાલની શોધોથી સિધ્ધ થઈ છે તે નહીં જાણતા હોય કે જે બાબતો હાલની સાયન્સથી ખોટી ઠરી છે તે બાબતોના આધારે દલીલો કરે છે ? હાલના

ફિલસુફોની વાત હઝરત ખરી માનતા તે કાંઈ સાબિત નથી. – નાજી) આ પ્રશ્ન ઘણો ગહન છે. તે વિશેના ઉત્તરમાં ઊતરવું નકામું છે. કારણ કે આ વડે હાલના પ્રસંગમાં કાંઈ હેતુ સધાતો નથી. મારી માન્યતા એવી છે કે હાલના સાયન્સે જે કાંઈ શોધો કરી છે તે ખરી હોય અને પુરાતન કાળની ખોટી હોય તો અઇમ્મા અલય્હેમુસ્સલામના જ્ઞાન બહાર એ બાબતો ન હતી. પરંતુ અઇમ્મા અલય્હેમુસ્સલામનું કાર્ય આ જગતમાં સાયન્સ શીખવાડવાનું ન હતું. તેમનું કાર્ય તો એક જ ખુદાને મનાવવાનું, ધર્મ પંથ દેખાડવા સૂઝાડવાનું હતું. આ ઉચ્ચ કાર્ય કરતી વખતે લોકોને ખુદાની એક જ હસ્તી તરફ દોરતી વખતે, જે વિદ્યાઓ તે સમયમાં પ્રચલિત હતી અને જેવા વિચારો તે વખતમાં સામાન્ય રીતે ચાલતા હતા તે વિદ્યા અને તેવા વિચારોના આધારે તેઓ લોકોને ખુદાની હસ્તી સાબિત કરી દેખાડતા હતાં. ને ધર્મબોધ આપતા હતા. અઇમ્મા

અલરૂહેમુસ્સલામના સમયમાં સાયન્સે આજે જે કાંઈ શોધ કરી છે તેનો આખા જગતમાં એક પણ માણસને ખયાલ અને શક પણ ન હતો. આખા જગતની માન્યતા જરા પણ અપવાદ વિના હાલની શોધો વિરૂધ્ધની જ હતી. સર્વ વ્યવહાર એ જ માન્યતાઓના આધારે થતો હતો. તેઓ આકાશ, પૃથ્વી, ગ્રહ, તારા, વૈદક ઇત્યાદી વિશે જે કાંઈ જાણતા હતાં તેમાં તેમને લેશ માત્ર શંકા ન હતી. જ્યારે આખા જગતની આવી માન્યતા હતી ત્યારે જો અઇમ્મા અલરૂહેમુસ્સલામ ખુદાને મનાવવામાં બોધ કરતી વખતે હાલના જમાનાની શોધો મુજબ દલીલો કરે જેમકે કહે કે જુઓ ભાઈઓ આ પૃથ્વી ગોળ છે અને તે ફરે છે, જુઓ આકાશ કાંઈ વસ્તુ નથી. (ઇમામ એમ ફરમાવે જ નહીં, આકાશ છે અને તેની જાડાઈ વિ. હદીસોથી સાબિત છે. - નાજી) ત્યારે ખરેખર તે વખતના લોકો તેમને (મઆઝઅલ્લાહ) દીવાના ગણી કાઢે અને તેમની ખુદા

સંબંધી વાતને ન સાંભળે. અને તેમનું ખુદાની હસ્તી પૂરવાર કરવાની દલીલો કરવાનું કાર્ય બદલાઈને પૃથ્વી ગોળ છે તે ફરે છે, સપાટ અને સ્થિર નથી, આકાશ ફરતું નથી તે કાંઈ વસ્તુ નથી એ આખા જગતની સામે સાબિત કરી દેખાડવાનું કાર્ય થઈ પડે, જ્યાં તેમને ખુદાની હસ્તી સાબિત કરતાં, અસંખ્ય નાસ્તિકો અને લા મઝહબોની સાથે ઝઘડા કરવા પડતા હતા ત્યાં તેમને પૃથ્વી, આકાશ અને તારાઓ, ગ્રહો જેવા નિરર્થક વસ્તુઓ અર્થે ઝઘડા કરવા પડત, અને તેમ કરતાં ખુદાની હસ્તી સાબિત કરવાનું કામ રહી જાત અને દુનિયા પૃથ્વી ઇતયાદી સબંધીની નવી વાતોને ન માનત, કારણ કે તે વખતના લોકો બિન જરૂરી નવા વિચારો ગ્રહણ કરી શક્વાને લાયક ન હતા. પૃથ્વી ગોળ છે એ વિચાર પહેલાં જે માણસે રજૂ કર્યો તે માણસ ઉપર કેટલી વિટંબણા પડેલી છે એ ઇતિહાસ વાંચનારા જાણે છે. એ ખયાલને પૂરવાર કરવામાં તેની

જિંદગી ગઈ. લોકોએ તેને એટલા માટે મારી નાખ્યો. તેના પ્રાણનો ભોગ અપાયો તો પણ તે વખતના લોકોએ એ વિચાર સ્વીકારર્યો નહીં. એ તો જેમ જેમ સમય પસાર થતો ગયો શોધખોળ વધતી ગઈ તેમ તેમ એ ખ્યાલ મજબૂત થતો ગયો, જો અઇમ્મા અલય્હેમુસ્સલામ પોતાના અથાગ અને ઇલાહી જ્ઞાન વડે સૃષ્ટિની રચના સંબંધી જે કાંઈ જાણતા હતા અને લોકો જાણતા ન હતા તે આધારે દલીલ કરત તો તેમને બિન જરૂરી વસ્તુઓ માટે લોકો તરફથી સહન કરવું પડત અને ખુદાને મનાવવાનું કાર્ય બાકી રહેત. સર્વ માણસો કાંઈ સરખી અક્કલ કે બુધ્ધિના નથી હોતા એ બોધ કર્તાએ ધ્યાનમાં રાખી તેની અક્કલ અને બુધ્ધિ અનુસાર બોધ કરવો જોઈએ. એ નિયમ અઇમ્મા અલય્હેમુસ્સલામનો હતો. તેઓ સામેવાળાની માન્યતા વડે જ પોતાની વાત સાબિત કરી દેખાડતા હતા. એવી તેમના ઇલ્મમાં શક્તિ હતી. પછી તેઓ શા માટે બીજા

*સવાલો ઊતપન્ન કરી નાહક વખતનો વ્યર્થ કરે. હા, જો સામાવાળો માણસ તેમની એ દલીલોને કબૂલ કરતો ન હોય તો જુદી વાત હતી. પણ અહીંયા એવું નથી. માટે શંકા કરવાનું કારણ રહેતું નથી. કારણ કે હઝરતની એ દલીલો સર્વોત્તમ, ચાતુર્ય અને ડહાપણના આધારે હતી. વળી દરેક વસ્તુની હકીકત જુદી હોય છે. અને તે દેખાય છે જુદા રૂપે. તો દેખાતું રૂપ વર્ણન કરવું અને હકીકત વર્ણન ન કરવી તે ખોટું નથી. પૃથ્વી ફરે છે પણ દેખાય છે સ્થિર તો દેખાતારૂપે પૃથ્વીને સ્થિર કહેવી વ્યાજબી છે.......મોમિન]*

તેણે કહ્યું : કોઈ માણસ આકાશ ઉપર ચડી શકે છે એ મેં ક્યારે કહ્યું છે  તે પૃથ્વી અને સમુદ્રોના અંધકારમાં દાખલ થયો હતો એ પણ મેં કહ્યું નથી.

મેં કહ્યું : ત્યારે એ હિસાબ બનાવનારા હકીમે એ વિદ્યા કે જે વિદ્યા અનુસાર તમારા કહેવા મુજબ બધા જન્મ પામે છે કેવી રીતે શોધી કાઢી ? સિતારાઓ

ગ્રહો અને આકાશી વસ્તુઓની વિદ્યા તો એ હકીમ કરતાં અગાઉની છે.

તેણે કહ્યું : એ સિતારાઓ, ગ્રહો, અને આકાશી વસ્તુઓની વિદ્યા પૃથ્વી વાસીઓએ શોધી છે એમ કહેવુ હવે મને વ્યાજબી લાગતું નથી.

મેં કહ્યું : તમારે એમ કહેવુ જોઈએ કે એ વિદ્યાનો બનાવનારો એવો હકીમ હોવો જોઈએ કે જે આકાશ અને પૃથ્વીની હકીકતથી સંપૂર્ણ જાણકાર (આલિમ) અને સર્જનહાર છે.

તેણે કહ્યું : જો હું એમ કહુ તો તો મેં આ સૃષ્ટિના સર્જનહાર મા'બૂદનો સ્વીકાર કરી લીધો. (અને માની લીધુ કે આ સૃષ્ટિનો બનાવનારો છે) કે જેના સંબંધમાં તમારી માન્યતા એવી છે કે તે આકાશ અને પૃથ્વી બનાવનાર ચલાવનાર છે.

મેં કહ્યું : શું તમે મને કહ્યું ન હતું કે નજુમના કાયદા ખરા છે અને તે જ કાયદા અનુસાર સર્વ જન્મ પામે છે ?

તેણે કહ્યું : એમાં શંકા ક્યાં છે ? શંકા તો એ વાતમાં છે કે તે વસ્તુઓનો કોઈ પૈદા કરનાર છે કે નહીં.

મેં કહ્યું : તમે મને કહી ચૂકયા છો કે તારાઓ અને ગ્રહોની ગતિ જાણવા અર્થે કોઈ માણસ સિતારાઓ અને ચંદ્ર સૂર્યની સાથે સાથે ઉદય અને અસ્ત થતો રહ્યો એવુ બનવુ અશક્ય છે.

તેણે કહ્યું : ત્યારે તમારે માનવું જ જોઈએ કે આ વિદ્યાનો શીખવાડનારો કોઈ આકાશી શિક્ષક છે.

મેં કહ્યું : જો હું એમ કહું કે આ વિદ્યાનો શિક્ષક કોઈ છે જ નહીં તો તે અસત્ય છે. અને જો એમ કહું કે પૃથ્વી ઉપર રહેનારાઓમાંના કોઈએ આકાશ અને પૃથ્વીની વસ્તુઓની વિદ્યા શોધી કાઢી તો તે

અસંભવિત છે. કારણ કે પૃથ્વીના લોકોમાંનો કોઈ આંખથી જોઈને અને એ સિતારાઓ અને ગ્રહોની પાસે જઈને તેમની હકીકતથી વાકેફ નથી થઈ શકતો. પૃથ્વી વાસીઓ કોઈપણ રીતે પોતાની મેળે વિદ્યા પ્રાપ્ત નથી કરી શકતા. કેમકે અમારી માન્યતા મુજબ કોઈ વિદ્યા કે જ્ઞાન ઇન્દ્રીયોની સહાયતા વિના પ્રાપ્ત નથી થઈ શકતું. અને આ ગ્રહો અને તારાઓ સુધી ઇંદ્રીયો નથી પહોંચી શક્તાં. કેમકે તે અધ્ધર લટકે છે - ફરે છે. ઇંદ્રીયો તો માત્ર તેમના ઉદય અસ્તને જોઈ શકે છે. પરંતુ તેમની ગતિના હિસાબના ભેદને, તેમના શુભ અશુભ હોવાને, તેમના અદ્રશ્ય થવાને, વળી પાછા ફરી આવવાને નથી જાણી શકતી.જ્યારે આ બાબતોને ઇંદ્રીયો નથી જાણી શકતી ત્યારે આ અનુમાનથી જાણી જ કેવી રીતે શકાય ?

તેણે કહ્યું : જો કદાચ તમે એ વિદ્યાને શીખવા માંગો તો તમે કોની પાસેથી શીખવી પસંદ કરશો ? પૃથ્વી વાસી પાસેથી કે આકાશ વાસી પાસેથી ?

મેં કહ્યું : આકાશવાસી પાસેથી શીખવી પસંદ કરીશ.

તેણે કહ્યું : ત્યારે વિચારો અને સમજો, મનને સાફ કરો, જ્યારે બધા લોકોએ સિતારાઓ અને ગ્રહોની શુભ અશુભતા અનુસાર જન્મ પામે છે ત્યારે એ સિતારાઓ અને ગ્રહો સર્વ માણસોની પહેલાંના હોવા જોઈએ એમ તમે નથી માની શકતા ?

મેં કહ્યું : શા માટે નથી માંની શકતો ?

તેણે કહ્યું : ત્યારે તમારી પહેલી માન્યતા કે લોકો હમેશા અનાદીકાળથી છે. અને અંત કાળ સુધી રહેશે ખોટી સાબિત થઈ. જ્યારે સિતારાઓ અને ગ્રહો માણસની પહેલાંના છે ત્યારે માણસની ઉત્પત્તિ સિતારાઓ અને ગ્રહોની પછી થએલી છે. અને જ્યારે સિતારાઓ અને ગ્રહોનું અસ્તિત્વ છે ત્યારે પૃથ્વીનું અસ્તિત્વ પણ માણસોની અગાઉનું હોવું જોઈએ.

મેં કહ્યું : કાં ? તમે એટલું નથી સમજી શકતા કે જો પૃથ્વી, કે જેને ખુદાએ પોતાની મખ્લૂકાત (સૃષ્ટિ) માટે પાથરણા જેવી બનાવી છે, માણસની હસ્તી અગાઉની ન હોત તો માણસો અને બીજા સર્વ જડ ચૈતન્ય પદાર્થો કાયમ ન રહી શક્ત. (તેઓ ક્યાં રહેત ?) જો કહો કે પવન અને વાતાવરણમાં રહેત તો એ અશક્ય છે. કેમકે એ સ્થિતિમાં પાંખોની જરૂરત રહેલી છે. અને માણસોને તથા બીજા ઘણા ખરા પ્રાણીઓને અને પદાર્થોને પાંખો નથી.

તેણે કહ્યું : અરે એ સ્થિતિમાં એકલી પાંખોથી શું વળત ? જિંદગીના નિર્વાહ અર્થે અસંખ્ય વસ્તુઓની જરૂરત રહેલી છે.

મેં કહ્યું : ત્યારે હજુ શું તારાઓ ગ્રહો અને પૃથ્વીની ઉત્પત્તિ પછી માણસ ઉત્પન્ન થએલો છે એ સંબંધમાં શંકા રહે છે ?

તેણે કહ્યું : કાંઈ શંકા નથી રહેતી. પરંતુ મને એની ખાત્રી છે.

મેં કહ્યું : હજુ હું તમને એવી એવી દલીલો સંભળાવીશ કે જેથી તમારા જ્ઞાનમાં વધારો થશે અને તમને વધુ ખાતરી થશે.

તેણે કહ્યું : આટલી જ દલીલોથી મારા મનનું સમાધાન થઈ ગયુ.

મેં પૂછયું : જ્યાં સૂર્ય ચંદ્ર તારાઓ અને બીજા ગ્રહો હરે છે ફરે છે તે આકાશ છે એ તમે નથી જાણતા ?

તેણે કહ્યું : શા માટે નહીં, અવશ્ય જાણું છું.

મેં કહ્યું : ત્યારે શું એ (આકાશ) એ સિતારાઓ અને ગ્રહોની અસલ જડ (બુનિયાદ) નથી ? (એટલે તેમનો આધાર આકાશ ઉપર નથી ?)

તેણે કહ્યું : ખરેખર છે.

મેં કહ્યું : તો હું એમ સમજુ છું કે આ સિતારાઓ અને ગ્રહો કે જેની ગતિ અનુસાર તમારા કહેવા મુજબ માણસો જન્મ પામે છે તે એ આકાશની ઉત્પત્તિ પછી

ઉત્પન્ન થએલા હોવા જોઈએ. કેમકે ગ્રહો આકાશમાં જ ફરે છે. કદી નીચે ચાલ્યા જાય છે કદી ઉપર આવે છે.

તેણે કહ્યું : આપની દલીલ એવી સ્પષ્ટ અને ચોખ્ખી છે કે તેનો ઇન્કાર નથી કરી શકાતો. ખરૂ છે જે આકાશમાં એ સિતારાઓ અને ગ્રહો ફરે છે તે આકાશ તેમનું જડ હોવું જોઈએ આકાશ એ સિતારાઓ અને ગ્રહો માટે જ બનાવવામાં આવેલું સાબિત થાય છે. કેમકે જો આકાશ ન હોત તો સિતારાઓ અને ગ્રહો ક્યાં ફરત ?

મેં કહ્યું : ત્યારે હવે તમે માની લીધુ કે એ સિતારાઓ ગ્રહો કે જેની શુભ અશુભતા અનુસાર (પૃથ્વી ઉપર રહેનાર) માણસ જન્મ પામે છે તે સિતારાઓ અને ગ્રહોનો ઉત્પન્ન કર્તા (ખાલિક) એ જ છે કે જેણે પૃથ્વીને પૈદા કરી છે. કેમકે જો તે પૃથ્વીને ઉત્પન્ન ન કરત તો કોઈ જાતની સૃષ્ટિ ઉત્પન્ન થઈ ન હોત.

તેણે કહ્યું : મને એ વાત માન્યા વિના છુટકો નથી.

મેં કહ્યું : તો શું તમારી બુધ્ધિ એમ સૂચવતી નથી કે આકાશ ઉત્પન્ન કરવાની શક્તિ એમાં જ હોવી જોઈએ કે જે પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તારાઓ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે. વળી આકાશમાં જે કાંઈ છે તે બધુ ન હોત તો પૃથ્વી અને પૃથ્વીમાંની સર્વ સૃષ્ટિ નાશ પામત. (કેમકે આકાશી વસ્તુઓ અને પૃથ્વીની વસ્તુઓ વચ્ચે નિકટનો સંબંધ છે. દાખલા તરીકે એક સૂર્યને જ લ્યો. જો તે ન હોત તો પૃથ્વી ઉપરના ફળોમાંનુ કોઈ ફળ ન પાક્ત. વાયુમાંનું ઝેર દૂર ન થાત, વિગેરે વિગેરે)

તેણે કહ્યું : હવે હું સાક્ષી આપુ છું કે ખરેખર (આ સર્વ વસ્તુઓનો) પૈદા કરનાર સર્જનહાર એક જ છે. કારણ કે મારી સમજમાં આવે એવી દલીલો આપે આપી છે. અને એ દલીલોએ મારી દલીલોને તોડી

પાડી છે. સિતારાઓ અને ગ્રહો આકાશમાં છે એટલે તે સંબંધની વિદ્યાનો શિક્ષક પૃથ્વી વાસીઓમાંનો કોઈ હોય એ પણ હવે હું ન માની શકું. વળી પૃથ્વી નીચેની હકીકત પણ એ જ માણસ જાણી શકે જે આકાશમાંની હકીકતને જાણનાર છે. પરંતુ પૃથ્વી વાસીઓએ એ જ્ઞાન કેવી રીતે સંપાદન કર્યું એ મારી સમજણમાં નથી આવતું. એટલે સુધી કે સર્વ માણસોના હિસાબ, સર્વની શોધો, બારીકી અને સત્યતા ? હું એ સંબંધમાં જે કાંઈ જાણું છું તે ન જાણતો હોત તો એમ જ કહી દેત કે એ બધુ ખોટુ અને જૂઠું છે. પરંતુ હું જાણું છું કે જે કાયદાઓ અને નિયમો એના સંબંધમાં હું જાણું છું તે ખરા છે. ત્યારે એ આપણા જ્ઞાનમાં કેવી રીતે આવી શક્યા ?

મેં કહ્યું : તમારા હાથમાં જે હલીલા છે તે હલીલા વડે, અને વૈદક (તિબ્બ) જે તમારો અને તમારા બાપદાદાનો ધંધો છે. તેનાથી જો હું સિધ્ધ કરી આપુ અને તે પણ એવી રીતે કે આ હલીલા અને તેના

જેવી બીજી દવાઓ (જડીબુટ્ટીઓ) ની મિસાલ (દાખલો) આકાશી મિસાલને મળતી આવે, તો શું તમે હકનો અંગીકાર કરવાનું અને તમારા અંત : કરણ સાથે ન્યાય ઇન્સાફ કરવાનું વચન આપો છો ?

તેણે કહ્યું : આપ સિધ્ધ કરી દેખાડો.

મેં કહ્યું : કહો વારૂ ! માણસ ઉપર કોઈ એવી સ્થિતિ કે ઘડી ગુજરેલી છે કે જ્યારે તે જ્ઞાન (ઇલ્મ) અને તેના ફાયદાઓ આ હલીલાની જેમ (અથવા હલીલાના ફાયદાઓને) જાણતો ન હતો.

તેણે કહ્યું : બેશક (ખરેખર કોઈ એવો સમય હશે કે જ્યારે લોકો દવાઓ - ઔષધોના ગુણ અવગુણને જાણતા નહીં હોય.)

મેં કહ્યું ત્યારે લોકોને પછી એનું કેવી રીતે જ્ઞાન થયું ?

તેણે કહ્યું : અનુભવથી તથા લાંબા વખત સુધી પ્રયોગ અને અખતરા કરતાં રહેવાથી એ જ્ઞાન મળ્યુ.

મેં કહ્યું : મારો પ્રશ્ન એવો છે કે જ્યારે લોકો દવાઓના ગુણ દોષને જાણતા ન હતા ત્યારે તેમને દવાઓનો અનુભવ કરી જોવાનો એકાએક ખ્યાલ જ કેમ આવ્યો ? દવાઓ (જડીબુટ્ટીઓ) દેખાવમાં નુકસાન કર્તા લાગે છે, (એટલે દવાઓ દેખાવમાં બેડોળ, સ્વાદમાં કડવી અને મનમાં અણગમો ઉત્પન્ન કરનાર હોય છે, પીતી વખતે ઉબકા આવે છે.) છતાં તેમને એ કેવી રીતે સૂઝયું કે આ દવાઓમાં શરીરોના માટે ફાયદાઓ છે ? જે વસ્તુને તેઓ જાણતા જ ન હતાં જેનો તેમને જરાપણ ખ્યાલ ન હતો તે વસ્તુને શોધવાનો, તેના અખતરા કરી જોવાનો તેમને વિચાર જ કેમ સૂઝયો ? (કેમકે નહીં જાણવામાં આવેલી - અજ્ઞાન વસ્તુની ઇચ્છા અસંભવિત અને અશક્ય છે. વળી એ દવાઓ એવી હતી કે ઇંદ્રીયો પણ તેના ગુણદોષને બતાવી શકતી ન હતી.)

તેણે કહ્યું : અનુભવ વડે લોકો એ જ્ઞાન સંપાદન કરી શક્યા ? આ એનો એ ઉત્તર છે. (જો કે તે

ઘણો કમજોર જવાબ છે તો પણ હઝરત ઇમામ અલયહિસ્સલામ જાણી જોઈને તેની સાથે બીજી રીતે વિવાદ શરૂ કરે છે.)

મેં કહ્યું : ઠીક, કહો ઇલ્મે તિબ્બ (વૈદક વિદ્યા) કોણે બનાવ્યું ? અને જુદી જુદી જડીબુટ્ટીઓ જેમાંની કેટલીક પૂર્વ દેશમાં થાય છે અને કેટલીક પશ્ચિમ દેશમાં થાય છે તેના ગુણ અને ખાસિયતોનું વર્ણન કોણે કર્યું ? જેણે ઇલ્મે તિબ્બ બનાવ્યું અને જેણે એ જડીબુટ્ટીઓ બનાવી તે હકીમ માણસ આ શહેરોમાં રહેનારાઓમાંનો કોઈ હશે એમ કહો તે સિવાય બીજો કોઈ ઇલાજ છે?

તેણે કહ્યું : બેશક એમ જ હોવું જોઈએ. અને વળી એ પણ જરૂરી છે કે જેણે ઇલ્મે તિબ્બ બનાવ્યું તે મોટો હકીમ હોવો જોઈએ. અને તેના મતને બીજા હકીમો મળતા આવેલા હોવા જોઈએ. તેની શોધો ઉપર બુધ્ધિથી વિચાર કર્યો હોવો જોઈએ. (નહીં તો ઇલ્મે તિબ્બ આમ સરળતાથી કેવી રીતે સ્વીકારાય ?)

મેં કહ્યું : જો તમે ઇન્સાફ કરવા માંગતા હો અને તમારૂં વચન પાળવા તૈયાર હો તો કહો વારૂ કે તે હકીમે ઇલ્મે તિબ્બને કેવી રીતે જાણ્યું ? થોડી વાર માટે માનો કે તેણે પોતાના શહેરની દવાઓને અજમાવી જોઈ જાણી. જેમકે તેણે ફારસની ઝઅફરાન (કેસર) ના ગુણદોષ જાણ્યા. પરંતુ તેથી તમે એમ કહી શકો છો કે તેણે કેવી રીતે આખી પૃથ્વીની સપાટી પર ઉગતી સર્વ વનસ્પતિઓને, જડીબુટ્ટીઓને ચાખી ચાખીને અજમાવી જોઈ જાણી છે ? શું તમારી બુધ્ધિ તમને એ સૂચવે છે કે કેટલાંક હકીમો ફારસ દેશના દરેકે દરેક ઝાડને અને દરેકે દરેક વનસ્પતિને શોધી શક્યા હોય એટલે સુધી કે તેઓએ તેમને પોતાની ઇંદ્રીયો વડે જાણી માલૂમ કરી લીધેલ હોય, અને તેઓએ એ ઝાડને શોધી જાણી લીધેલ હોય કે જેમાં આ દવાઓમાંની કોઈ દવાનો ભાગ - અંશ કે જે તેમની ઇંદ્રીયો વડે માલૂમ પડેલ ન હતો તેમાં રહેલો હોય ?

માનો કે ઘણી શોધખોળ બાદ તેણે એ ઝાડને પણ શોધી કાઢયું અને તેણે ફારસના દરેક દરેક ઝાડને અજમાવી જોયું. પરંતુ તેને એ કેવી રીતે જણાયું કે અમુક (પાન અથવા બુટી અથવા ફળ) દવા, જ્યાં સુધી તેમાં હિન્દુસ્તાનનું હલીલા, રૂમની મસ્તગી, તિબેટની કસ્તૂરી, ચીનની દારચીની, તુર્કના બેદાસ્તરના ખુસીયા, મિસરનું અફીણ, યમનનો એલીયો અને આરમીનીયાનો બુરક વગેરે જુદી જુદી દવાઓ જે જુદા જુદા અને દૂર દૂર દેશમાં ઉત્પન્ન થાય છે તે મેળવવામાં નહીં આવે ત્યાં સુધી તૈયાર થઈ શકશે નહીં ? અને તેને કેવી રીતે જાણવા મળ્યુ કે આ દવાઓમાંની કોઈ દવા જો એકબીજાની સાથે મેળવવામાં નહીં આવે તો તે કોઈ રીતે ફાયદો કરી શકતી નથી ? અથવા તેને એ દવાઓ પૈદા થવાની જગ્યાની માહિતી કઈ રીતે મળી ? દવાઓ કાઈ એક જ પ્રકારની નથી હોતી. તે તો જુદી જુદી જાતની અને જુદા જુદા રંગોની હોય છે. જે જુદા

જુદા દેશોમાં ઉત્પન્ન થાય છે. કેટલીક વનસ્પતિઓના મૂળ કામમાં આવે છે, કેટલીકની છાલ, કેટલીકના ફળ, કેટલીકનો નીચોડ, કેટલીકનો રસ, કેટલીકનો ગુંદર અને કેટલીકનું તેલ કેટલીક નીચોવીને પકાવવામાં આવે છે, કેટલીક સાવ નીચોવી લેવામાં આવે છે, પકાવવામાં આવતી નથી. એવી રીતે તેનો જુદી જુદી રીતે ઉપયોગ થાય છે. જુદી જુદી ભાષાઓમાં તેમના જુદા જુદા નામ હોય છે. એક દવા બીજી વિના કશા કામમાં આવી શકતી નથી. એટલે એક બીજીની સાથે મિશ્રણ કર્યા વિના દવા બનતી નથી. કેટલીક દવાઓ ફાડી ખાનાર જાનવરો અને સાધારણ પક્ષીઓના પિત્તા હોય છે, આ બધાની ખાસિયત તે હકીમને કેવી રીતે જાણવા મળી ? વળી જુદા જુદા દેશોની જુદી જુદી પ્રજાઓ વચ્ચે શત્રુવટ હોય છે. આચાર વિચાર જુદા હોય છે, ઘણા ખરા વિષયોમાં મતભેદ હોય છે. આપસમાં યુધ્ધ કરે છે, એક બીજાને કત્લ કરે છે અને

કેદ પણ કરી લે છે. આવી કઢંગી સ્થિતિ હોવા છતા તે હકીમને જુદા જુદા દેશોની દવાઓના ગુણ - દોષ તપાસવાની કેવી રીતે તક મળી ? શું તમો કહી શકો છો કે એ હકીમ એ બધા દેશોમાં ફર્યો હતો ? તે બધા દેશોની બધી ભાષાઓ શીખ્યો હતો ? બધી દિશાએ ગયો હતો ? અને પૂર્વે તથા પશ્ચિમના દેશોમાં થતી એ સર્વ દવાઓને નીડરતાથી, તંદુરસ્તીની સ્થિતિમાં તપાસ કરી શક્યો હતો ? શું તે કદી માંદો પડયો ન હતો ? હંમેશા તંદુરસ્ત જ રહ્યો ? તે કદી હલાકી ન પામતા જીવતો જ રહ્યો ? હંમેશા તેને રસ્તા મળતા જ ગયા. કોઈ દહાડો ભૂલ્યો જ નહીં ? હંમેશા ખુશી આનંદમાં જ રહ્યો ? કદી કંટાળ્યો નહીં ? તે હકીમે જ્યાં સુધી એ જુદા જુદા ગુણોની જુદા જુદા રંગોની અને જુદા નામોની દવાઓને પૈદા થવાની મોસમને, તેમના પૈદા થવાની જગ્યાને શોધી કાઢી જેવી તે દવાઓ હતી તેવી જ તેને સમજી લીધી અને પછી દરેક ઝાડની

તેના ફળ પાંદડા અને જડો સહીતનું વર્ણન કર્યું ત્યાં સુધી શું તેને ઉપલી બીમારી અને રસ્તો ભૂલવા ઇતયાદીના સંજોગો નડયા ન હતા ? (શું આવુ મોટુ કામ એક જ માણસનું હોય ? અને એક માણસ તેને મળેલી જિંદગીમાં એટલી બધી શોધખોળ કરી શકે છે ? ખાસ કરીને જ્યારે દરેક દવામાં વીસ વીસ ગુણો અને વિશેષતા રહેલા છે ત્યારે તે દરેકનો કેવી રીતે અનુભવ મેળવી શકે ?)

તે હકીમને વૈદક શાસ્ત્ર રચવા માટે, દુનિયાના બધા ઝાડો, વનસ્પતિઓ જડીબુટ્ટીઓ અને પાંદડાઓને ફરી ફરી તપાસી અનુભવ લીધા વિના છુટકો હતો ?

આપણે માની લઈએ છીએ કે તે દરેકે દરેક ઝાડ અને તેની જડીબુટ્ટીઓનો અનુભવ મેળવી શક્યો હતો પરંતુ તેની ઇંદ્રીયોએ તેને એ કેવી રીતે સૂચવ્યું કે આ અમુક દવા અમુક કામની છે ? (કારણ કે ઇંદ્રીયો ખાસિયત ગુણ દોષને જાણી શકતી નથી) દરેક ઝાડ

જુદી જુદી જાતના હોય છે. કેટલાંક મીઠા હોય છે કેટલાંક કડવા કેટલાંક ખાટા કેટલાંક ખારા. ત્યારે તેણે દરેકની ખાસિયતનું પૃથ્થકરણ કેવી રીતે કર્યું ? જો તમે એમ કહો તો તે હકીમ શહેર શહેર ફરતો રહ્યો અને લોકોને પૂછીને અનુભવ કરતો રહ્યો તો પણ તે જે વસ્તુને જોઈ શકતો નથી અને તેની ઇંદ્રીયોમાંની કોઈ ઇંદ્રીય તેને કાંઈ દેખાડી શકતી નથી, તેનો તે અનુભવ કેવી રીતે કરી શક્યો ? ભાષ જુદી, દેશ જુદો, લોક જુદા, પ્રકૃતિ જુદી એટલું બધુ જુદાપણુ હોવા છતાં અમુક ઝાડની હકીકત અમુક માણસને જ પૂછવી એ તેને ક્યાંથી જણાયું ? (અને જો માણસે બતાવ્યું તો તેણે જે કાંઈ બતાવ્યુ તે ખરૂં છે એની તેને કેવી રીતે ખાત્રી થઈ ?)

માનો કે એમ કરી શક્યો. પરંતુ તે દવાઓના નુકસાનોને અને ફાયદાઓનો તેમનામાં બીમારી દૂર કરવાની શક્તિને, અથવા બીમારી ન હોય તો નવી

બીમારી લાવવાની તાસીરને, તેમનામાં રહેલી ઠંડીને અથવા ગરમીને, કડવાશને, તેમની નરમીને સખ્તીને કેવી રીતે જાણી શક્યો ?

જો કહો કે તે એ સર્વ બાબતો પોતાના તર્ક અનુમાનથી જાણી શક્યો તો એ અશક્ય છે. કારણ કે તર્ક અથવા અનુમાન, ઇન્દ્રીયોના બતાવ્યા પછી અથવા મનના સૂચવ્યા પછી કરી શકાય છે. જે વસ્તુ તદ્દન અજાણી હોય તેના માટે અનુમાન થઇ શકતું નથી. અને જો કહે કે તે જાતી અનુભવ ઉપરથી એ સર્વ બાબતો જાણી શક્યો તો એ પણ ખોટું ઠરે છે. કેમકે જ્યારે તેણે આખું શાસ્ત્ર રચ્યું ત્યારે તેણે દરેક દવાનો અનુભવ લીધો હશે, અનુભવ પહેલાં તેને દવા નુકશાન કારક છે કે નહીં અને તેની કશી ખબર ન હતી. હવે આવી આસાન સ્થિતિમાં તેણે અનુભવ કરવા માંડયો. તો તે મરી જવો જોઇતો હતો. કારણ કે દવાઓમાંની ધણીખરી દવાઓ ઝેરી હોય છે. જો એમ

કહો કે તે દરેક દરેક શહેરમાં ગયો, દરેક પ્રદેશમાં ગયો. અને તેમની ભાષાઓને શીખ્યો, અને તેમના ઉપર તે દવાઓ આજમાવી. આજે આનો જીવ લીધો તો કાલે તેનો જીવ લીધો એમ કહેતો રહ્યો? તો પણ જ્યાં સુધી તે અનેક જીવોનો ભોગ ન લે ત્યાં સુધી કે તે એક દવાની પણ પૂરી માહિતી મેળવી શકતો નથી. અને એવી સ્થિતિમાં તે શહેરવાળાઓ તેની વાતને ન માનત. કેમકે તે તો જીવ લેતો હતો.

માનો કે લોકોએ તેને મૂકી દીધો, તેની વાતને માની અને તેને આજમાયશ કે અનુભવ કરતાં રોક્યો નહીં. પરંતુ તેને એ દવાઓ મિશ્રણ કરવાનું કેવી રીતે આવડયું? તેને એ દવાઓના પ્રમાણ અને વજન ક્યાંથી માલૂમ પડયાં? તેણે કેવી રીતે તેની રતીયો (માપ-તોલ) બનાવી?

માનો કે તેણે સર્વે બાબતો શોધખોળથી જાણી. પરંતું કેટલીક દવાઓ એવી છે કે જો તેના વપરાશ

વખતે વજનમાં વધી જાય તો વાપરનારને મરવાં સુધી પહોંચાડે છે, અને જો ઓછી થઇ જાય તો તેની કોઇ અસર ન થાય.

માનો કે તેણે આ સર્વ બાબતો પણ સંપાદન કરી પૂર્વ અને પશ્ચિમના દેશોમાં પણ થઇ આવ્યો. તેને એટલું દીર્ધાયુષ પણ મળ્યું જેના કારણે તે દેશ દેશ ફરી ઝાડ પાન ની શોધ કરી શક્યો. પરંતુ તેને દવાઓના અસર સમજવાની કેવી રીતે તક મળી? જેમકે ફાડી ખાનાર જાનવરોના પિત્તા, સમુદ્રોમાં રહેનારા જાનવરોના પિત્તા વગેરેની તાસીર તેને કેમ માલૂમ પડી? તમારૂં કહેવું એ છે કે તે હકીમે સર્વ સ્થાને ફરી સર્વ શોધખોળ કરી લીધી. પરંતુ કેટલીક દવાઓ એવી છે કે તેમાં જો જાનવરો ના પિત્તા ભેળવવામાં ન આવે તો તે કશો ફાયદો કરતી નથી, ત્યારે તેને જમીન ઉપર રહેનાર પશુઓ, હવામાં ઊડનારા પક્ષીઓ, પાણીમાં રહેનાર પ્રાણીઓ એ સર્વને તપાસી જોયા

વિના ચાલે તેમ હતું? તે દરેક જાનવરને મારે, અને તમારા કહેવા મુજબ જેવી રીતે તેણે દરેક વનસ્પતિની શોધ અને તપાસ કરી હતી તેવી રીતે દરેકે દરેક પ્રાણીના પિત્તાને તપાસે એ વગર તેને છુટકો હતો ? અને જો તેમ કરત તો આજે પ્રાણીઓ ક્યાંથી બાકી રહેત ? તેના વંશમાં વધારો કઇ રીતે થાત ? તે કાંઇ ઝાડ જેવાં નથી કે એકને કાપી નાખે તો બીજું ઉગી આવે

માની લ્યો કે તેણે દુનિયાના સઘળાં પ્રાણીઓને જાણ્યા પરંતું તેણે પાણીમાં રહેનાર પ્રાણીઓની હકીકતને કેવી રીતે જાણી? તેણે જેવી રીતે વનસ્પતીઓને તપાસી હતી તેવી રીતે સમુદ્રોમાં જઇ દરેકે દરેક પ્રાણીઓને તપાસવા જોઇતાં હતા, તો શું એમ કરી શક્યો હતો ?

આમાંની તમને કોઇ વાતની ખબર ન હોય તો કાંઇ નહીં પરંતું તમારે એટલું તો માનવું જ પડશે કે

સમુદ્રના જાનવર સમુદ્રોમાંજ રહે છે. તો શું તમારી ઇન્દ્રીયો અને તમારી બુધ્ધિ આ સર્વ વસ્તુઓ શોધખોળ અને અનુભવથી પ્રાપ્ત થઇ શકે છે એમ સૂચવે છે

તેણે કહ્યું: આપે તો મને ગૂંચવાડામાં નાખ્યો, આપને શું ઉત્તર આપવો એ મને સૂઝતું નથી.

મેં કહ્યું: મેં જેટલું વર્ણન કર્યું છે તેના કરતાં વિશેષ સ્પષ્ટ હવે કરૂં છું. તમો જાણો છો કે જે વનસ્પતિઓ અને પિત્તાઓની દવા બનાવવામાં આવે છે તેને એકબીજાની સાથે સમપ્રમાણમાં મેળવવામાં આવે નહીં ત્યાં સુધી દવા તૈયાર થઇ શકતી નથી.

તેણે કહ્યું: ખરૂં છે.

મેં કહ્યું: ત્યારે કહો જોઇએ કે એ હકીમને તે દવાઓના પ્રમાણ અને વજન કોણે બતાવ્યા? તેણે કેવી રીતે દરેકના વજન નક્કી કર્યા. (જેમકે અમુક દવા આટલી માત્રા અથવા અમુક ગ્રામ અથવા આઉંસ) તમારો ધંધો વૈદકનો હોવાથી તમે એની ઉપીયોગીતાને

સહેલાઇથી સમજી શકો છો દવાના કોઇ મિશ્રણમાં અમુક રંગની પત્તી અથવા ફળના ચારસો મિસ્કાલ (વજનનું એક જાતનું પ્રમાણ) નાખો છો ત્યારે બીજા રંગના દવામાં તેના કરતાં ઓછી મિસ્કાલ નાખો છો. કદી એ કરતાં વધારે અને કદી એ કરતાં ઓછા એટલે સુધી કે અમુક પ્રમાણમાં દવા તૈયાર થઈ જાય છે, જ્યારે એ જ દવા અમુક પ્રમાણમાં ઝાડા થઈ ગએલા દરદીને આપો છો ત્યારે તેના ઝાડા બંધ થઈ જાય છે. અને જ્યારે એ જ દવા કબજીયાતના દરદીને વધુ પ્રમાણમાં આપો છો ત્યારે તેને ઝાડા થાય છે, ત્યારે તેની સમજ શક્તિએ અથવા ઇંદ્રીયોએ આમ કરવાથી એવો અમુક અસર થશે એ કેવી રીતે જાણ્યુ ? અથવા જો કે પીવામાં આવતી દવા પગ તરફ નીચે ઉતરી પડવા વધારે સંભવ છે છતાં તે પગ તરફ નહીં ઉતરતાં માથાના દુ:ખાવાના દરદીને માથે ચઢી અસર કરશે એવુ તેણે ક્યાંથી જાણ્યુ ? અને જોકે પીવામાં

આવતી દવા પોતાની ગતિની તેજીના કારણથી મગજે ચડવા વધારે સંભવ છે. છતા તે મગજે નહીં ચડતા પગના દુ:ખાવાના દરદીને પગે પહોંચીને ફાયદો કરશે એવુ તે કેવી રીતે સમજયો. આવી રીતે જે દરેક દવા અમુક અમુક અવયવોને ફાયદો પહોંચાડવા માટે પીવરાવવામાં આવે છે તે દવા તે જ અવયવને અસર કરશે અને બીજાને અસર નહીં કરે એવુ જ્ઞાન ક્યાંથી થયું ? પ્રથમ સર્વ દવાઓ હોજરીમાં જાય છે અને ત્યાંથી વહેંચાય છે ત્યારે તે હકીમે કેવી રીતે જાણ્યું કે આ દવાનો અસર મગજ ઉપર થશે, હાથ, પગ અને કમર ઉપર થશે નહીં ? શું આ બધી બાબતો તેની ઇંદ્રીયોએ તેને સૂચવી / શીખવી ?

જે દવા શરીરના ઉપરના ભાગના દર્દ માટે છે તે નીચે નથી ઊતરતી અને નીચે તરફના ભાગના દર્દ ઉપર કેમ નથી ચડતી ? તેણે કેવી રીતે જાણ્યુ કે અમુક દવા કાનને જ ફાયદો પહોંચાડશે અને આંખને કાંઈ

અસર નહીં કરે ? અને અમુક દવા આંખને ફાયદો કરશે અને તેથી કાનમાં દર્દ નહીં થાય ? આપણે જોઈએ કે સઘળી દવાઓ જે જે અવયવો માટે મુકર્રર છે તે જ અવયવો ને ફાયદો કરે છે તો તેને એ બધી હકીકત કેવી રીતે માલૂમ પડી ? દવા પીધા પછી કાંઈ દેખાતી નથી કે તે ક્યાં ક્યાં જાય છે ? શરીરનો અંદરનો ભાગ તો છુપો છે, દવાઓ નસોમાં ફરે છે તેના ઉપર માંસ છે અને માસ ઉપર ચામડી છે. તેને કાન સાંભળી શકતા નથી. આંખ જોઈ શકતી નથી. નાક સુંઘી શકતું નથી. જીભ ચાખી શકતી નથી. સ્પર્શથી જાણી શકાતું નથી. (ત્યારે એ કેવી રીતે માલૂમ પડ્યું ? અને બધી વસ્તુઓ ઇંદ્રીયો વડે જ જાણવામાં આવે છે એવી ચોક્કસતા ક્યાં રહી ?)

તેણે કહ્યું : આપનું કહેવુ સત્ય છે. પરંતુ અમે એમ સમજીએ છીએ કે જે હકીમે એ દવા શોધી છે, અને તેને ગોઠવી છે, તે હકીમ જ્યારે કોઈને કાંઈ દવા

પીવરાવતો અને જો કદાચ તે મરી જતો ત્યારે તેના પેટને ચીરીને જોતો કે ક્યા રસ્તા વડે તે દવાઓ ગઈ છે તેને તપાસતો તેનો જ્યાં સંગ્રહ થતો તે જગ્યાને ધ્યાનમાં રાખતો.

મેં કહ્યું : જ્યારે દવાઓ પીવામાં આવે છે, અને તે નસોમાં ચાલી જાય છે, ત્યારે તે લોહીની સાથે મળી એક થઈ જાય છે એ તમે જાણતા નથી ?

તેણે કહ્યું : શા માટે નથી જાણતો ?

મેં કહ્યું : તમો જાણતા નથી કે માણસ જ્યારે મરણ પામે છે ત્યારે તેનો શ્વાસ બંધ પડે છે અને ત્યારે તેનું લોહી ઠંડુ પડી જામી જાય છે.

મેં કહ્યું : ત્યારે તે હકીમે જે દવા મરનારને પીવરાવી હતી તે દવાને ઘાટું લોહી થઈ જવા બાદ (એટલે લોહી જામી જવા બાદ) કેવી રીતે ઓળખી ? હવે તો લોહીની સાથે ભળી જવાથી તે ઓળખી શકાય એવા જુદા રંગની પણ રહી ન હતી ?

તેણે કહ્યું : આપે મને બોલતો બંધ કરી દીધો. આપે એવી દલીલો કરી છે કે તેનો ઉત્તર મારાથી આપી શકાય તેમ નથી.

મેં કહ્યું : ત્યારે કહો જે દવાઓમાં ફાયદો છે તે દવાઓ ક્યાંથી અને કેવી રીતે જાણવામાં આવી ? દવાઓ કેવી રીતે મિશ્ર કરવી, ક્યાં ક્યાં તે થાય છે, અમુકની જડો અમુકના પાંદડા લાભદાયક છે એ ક્યાંથી શીખ્યા ? અમુક દવા આટલી માત્રા અથવા રતી અથવા જવ ભાર હશે તો જ ફાયદો કરશે નહીં તો નકામી જશે એ સર્વજ્ઞાન કેવી રીતે અને ક્યાંથી થયું ?

તેણે કહ્યું : હું આપના એ પ્રશ્નોનો ઉત્તર આપવા શક્તિમાન નથી. આપે મને એવા વિષય સંબંધ ગૂંચવાડામાં નાખ્યો છે કે ઇંદ્રીયોથી કે અનુમાનથી કે સમજથી કે બુધ્ધિથી કે કશાથી તેનું સમાધાન થઈ શક્તુ નથી. એટલું તો માન્યા વગર છુટકો જ નથી કે કોઈ બનાવનારે - હકીમે એ વૈદક

શાસ્ત્ર રચેલું છે. વૈદક શાસ્ત્ર પોતાની મેળે બન્યું હોય અથવા કોઈ તેનો અનુભવ અને અજમાયશ કરી જુવે તે પહેલાં પોતાની મેળે ઉદભવ્યું હોય એમ માની શકાતું નથી. આપ જ ફરમાવો કે ત્યારે લોકો દવાઓને જેમાં તેમના માટે ગુણ છે કેવી રીતે શોધી ? તેને શાસ્ત્રનું રૂપ કેવી રીતે આપ્યું ?

મેં કહ્યું : વૈદક શાસ્ત્રનો ગોઠવનાર કોણ છે. કોણે એ જુદી જુદી વનસ્પતિઓ જડીબુટ્ટીઓ અને ઝાડ પાનને બનાવ્યા છે. કોણે આ શરીરને ઘડયુ છે. કોણે નસો બનાવી છે કે જેમાં દવાઓ ફરે છે ને દરદ સુધી પહોંચે છે, એ તમે સહેલાઈથી સમજી શકો તે ખાતર દલીલ રૂપે એક દ્રષ્ટાંત વર્ણવુ છું.

તેણે કહ્યું : જો દલીલ દ્રષ્ટાંતથી કહેશો તો હું જરૂર માની લઈશ.

મેં કહ્યું : માણસે એક મોટી વિશાળ વાડી વાવી હોય અને તેના રક્ષણ અર્થે તેની આસપાસ ચારે તરફ

ભીંત ચણી લીધી હોય, જે વસ્તુઓ વાડીને હાની કર્તા હોય તે વસ્તુઓથી તે વાડીને બચાવી હોય, ટૂંકમાં તે વાડીના પોષણ અને રક્ષણાર્થે સર્વ સામગ્રી તૈયાર કરી રાખી હોય તે માણસના સંબંધમાં હું તમોને પૂછું છું કે શું તે વાડીમાંના કોઈ વૃક્ષ-ઝાડથી અગર તે કઈ જગ્યાએ છે એથી અજાણ્યો હશે ખરો ? (નહીં, કારણ કે તેણે એ વાવનાર માળી પોતે પોતાના હાથે એ વાડીના વૃક્ષ વાવેલા છે પોતાના હાથે બધા ઝાડ રોપ્યા છે. તેણે જ તેના પોષણ અને રક્ષણનો બંદોબસ્ત કર્યો છે.) લ્યો હવે તે વાડી તૈયાર થઈ ગઈ. તેમાંના બધા વૃક્ષો ઉગી નીકળ્યા. ફળ ફાળદી લાગ્યા અને પાક્યા. ભાજી પાલા પોતાની પૂર બહારમાં આવી ગયાં. ફરતાં ફરતાં તમે પણ ત્યાં જઈ ચડયા. રમણીય વાડી જોઈને મન લલચાવ્યું માળી પાસે ગયા અને કોઈ ફળ અથવા ભાજી માંગી. તમે તેનું નામ પણ આપ્યું તો શું તે માળી તમે માંગેલ ફળ અથવા ભાજી વાડીના જે ભાગમાં વાવેલી હોય, તે ભાગમાં પછી તે ભાગ દૂર હોય કે

પાસે હોય, સીધો જશે નહીં ? (ખરેખર તે લાવી આપશે) પાછો નહીં જ આવે. અને જતી વખતે રસ્તામાં આવતા બીજા કોઈ વૃક્ષ કે ભાજી પાલા તરફ ધ્યાન આપશે નહીં.(પરંતુ માંગેલા ફળોની પાસે જઈ પહોંચશે.કેમ ખરૂં કે નહીં ?)

તેણે કહ્યું : બેશક.

મેં કહ્યું : પરંતુ જો તે માળી તમારી માગેલી વસ્તુ પોતે ન લાવી આપતા તમને કહે કે હું લાવી શકતો નથી. તમે પોતે વાડીમાં ચાલ્યા જાઓ અને જે જોઈએ તે લઈ લ્યો તો શું તમો ધારો છો કે તમે એ વસ્તુ સુધી સીધા અચૂક પહોંચી શકશો ? ન જમણી તરફ જશો ન ડાબી તરફ, બલ્કે સીધા તમે માંગેલા ફળ પાસે પહોંચીને તેને તોડી લેશો ?

તેણે કહ્યું : વાડીના ક્યા ભાગમાં તે ફળ વાવેલુ છે એ જાણતો ન હોવાથી હું કેવી રીતે સીધો ત્યાં પહોંચી શકુ ?

મેં કહ્યું : ત્યારે તમે તમને જોઈતું ફળ અથવા ભાજીની શોધમાં આખી વાડીમાં રખડો, એક એક ઝાડ અને ભાજીને તપાસતા જાઓ અને જો કદાચ તે વસ્તુ સુધી પહોંચો તો તમારે જે ફળ અથવા ભાજી જોઈએ છે તે જ એ છે કે નહીં તેની તમારી ઇંદ્રીયો વડે ખાતરી કરો એ વિના ત્યાં સુધી પહોંચી શકો નહીં, અને કદાચ ન મળે તો પાછા આવો. કેમ ખરૂં કે નહીં ?

તેણે કહ્યું : ખરૂં છે. મારાથી તો એ બને જ નહીં. કેમકે તે ઝાડ વાડીના ક્યા ભાગમાં વાવવામાં આવેલું છે, ક્યાં ઉગ્યુ છે અને તેમાં ક્યા ફળ લાગ્યા છે એ હું જાણતો જ નથી.

મેં કહ્યું : જ્યારે તમારી ઇંદ્રીયો એને બતાવી શકતી નથી ત્યારે તમારી બુધ્ધિએ તમને જણાવવું જોઈએ કે જેણે જગતની આ વિશાળ વાડી કે જે પૂર્વથી પશ્ચિમ સુધી પ્રસરેલી છે અને જેમાં જાત જાતના ઝાડ, ભાજી, પાલા અને જાતજાતની વનસ્પતિઓ ઉગેલી છે,

વાવેલી છે તેણે (જે હકીમના સંબંધમાં તમારી એવી માન્યતા છે કે તેણે વૈદકશાસ્ત્ર આ જડીબુટ્ટીઓ અને તેમના સ્થાન (સ્થળ) જે પૂર્વ અને પશ્ચિમમાં આવેલા છે તેને અનુકૂળ ઘડયું છે) તે હકીમને આ શાસ્ત્ર શીખવાડેલું હોવું જોએ. (એટલે તમારે માનવું જોઈએ કે જેણે આ જગતની વાડી વાવી છે તેણે તે હકીમને શીખવાડેલ છે. વહી કે ઇલ્હામ કે પ્રેરણા વડે ખુદાએ માણસ જાતને સર્વ વિદ્યાઓ શીખવાડી છે એમ તે હઝરત અહીં સિધ્ધ કરે છે.)

(જો કે હઝરતની સાથે વિવાદમાં ઉતરનાર વૈદની માન્યતા એવી છે કે વૈદક શાસ્ત્ર સંપૂર્ણ કોઈ એક જ હકીમે રચેલુ છે. અને તે જ આધારે હઝરત તેની સાથે વિવાદ કરતાં જાય છે. તે પણ સાંપ્રત સમયનો અભ્યાસી અહીં એવી ટીકા કરી શકે છે કે વૈદક શાસ્ત્ર કાંઈ એક જ માણસની રચના નથી. તે તો જુદા જુદા સમયે જુદા જુદા હકીમોની શોધોના સંગ્રહનું પરિણામ

છે. વૈદક શાસ્ત્ર સમયના સુધારા સાથે બંધારણમાં વધતું ગયું છે. એક માણસે અમુક હદ સુધી શોધ કરી, તેની પાછળ આવનારો પોતાના અનુભવ અને પ્રયોગો વડે તે રચનામાં વધારો કર્યો, જે તેની સત્યતાને લીધે સ્વીકારવામાં આવ્યો, વળી ત્રીજાએ તેમાં વધુ વિશેષતા મૂકી એમ ધીમે ધીમે તેનું બંધારણ થયું છે અને હજુ દિન પ્રતિદિન વધુ સુધારો થતો જાય છે. નવા પ્રયોગો નવી બાબતો દાખલ કરતાં જાય છે. અને એવી રીતે દરેક વિદ્યા ખીલતી જાય છે. હું પણ આ બાબતમાં સંમત છું. પણ તેથી હઝરતના પોઇન્ટ - મુદ્દાને કશી હાનિ પહોંચતી નથી. હઝરતનો એ સિધ્ધાંત કે સર્વ વિદ્યાઓ ખુદાએ કર્તાએ પોતે શીખવેલી છે એ ખરૂં છે. ભલે વિદ્યાઓ સમયના સુધારા સાથે વૃધ્ધિ પામતી હોય પણ માણસની ઉત્પત્તિ પછી નજીકનો સમય કોઈ અજ્ઞાનતાનો હતો એટલું તો આપણે માનવું જ પડશે. આ અજ્ઞાનતાના સમયમાં માણસને પહેલીવાર,

ધારવામાં આવેલી કે અણધારી મુશ્કેલી અથવા જરૂરત આવી પડી તેનું નિવારણ કેમ કરવું એ જ્યાં સુધી ખુદા તરફથી (હાલનો કહેવાતો આધુનિક ઇન્સાન ખુદાનું નામ લેતા શરમાઈને ભલે એમ કહે કે કુદરત તરફથી) ધાર્મિક વાણીમાં કહેતા વહી અથવા ઇલ્હામ દ્વારા અને સારી ભાષામાં કહેતા પ્રેરણા દ્વારા શીખવાડવામાં ન આવ્યું હોય ત્યાં સુધી માણસ એ મુશ્કેલીઓ દૂર કરવાનો અથવા જરૂરત પૂરી કરવાનો કોઈ ઉપાય પોતાની મેળે શોધી શક્યો હોય તે અશક્ય અને અસંભવિત છે. કેમકે ઉપરના વિવાદમાં હઝરત સિધ્ધ કરી ગયા છે કે કદી પણ નહીં જાણવામાં આવેલી વસ્તુની ઇચ્છા કરવી અસંભવિત અને અશક્ય છે. માણસની ઉત્પત્તિ પણ ધારો કે એક માણસને પહેલાં વહેલા કોઈ રોગ લાગુ પડ્યો આ રોગ દૂર કરવાનું સાધન (ઔષધ) અમુક વનસ્પતિઓમાં કે જડીબુટ્ટીઓમાં રહેલું છે, તેમ તેને જ્યાં સુધી કોઈ

તરફથી શીખવાડવામાં કે સૂચવવામાં ન આવ્યું હોય ત્યાં સુધી તે માણસનું લક્ષ વનસ્પતિઓ કે સાધન તરફ દોરાયું હોય એમ માનવું અશક્ય છે. અને આ રોગની શરૂઆતમાં જો કોઈ તેને બતાવી શકયું હોય તો તે ખુદા જ હતો કેમકે તેના સિવાય બીજુ કોઈ શીખવનાર ન હતું અને હઝરતનો ભાવાર્થ છે કે બધી વિદ્યાઓ પ્રથમ ખુદા તફથી જ શીખવવામાં આવેલી છે. અને તેમાં બારીકમાં બારીક મુદ્દો એવો છે કે જ્યારે જગતમાં વિદ્યાઓ છે ત્યારે તેનો શીખવાડનાર કર્તા જ ઠરે છે. કેમકે કર્તા વિના બીજો કોઈ સંપૂર્ણ ખરાપણાની સાથે શીખવાડી શકતો નથી.

આ બાબતે વધારે સ્પષ્ટ કરવા એક દાખલો આપવો જરૂરી માનું છું. એક માણસ ભાષા અથવા લિપીયો વાંચવામાં ઘણો જ પ્રવીણ છે અને પ્રવીણતા તેણે પોતાની મેળે કોઈની સહાય વિના પ્રાપ્ત કરી છે. એટલું જ નહીં પણ તેણે બીજી લિપીયો પણ યોજી કાઢી

છે. પરંતુ આ સર્વ વૃધ્ધિ તે કોઈ બીજાની પાસે લિપીની બારાક્ષરીથી શીખ્યા વગર કરી શક્યો નથી. જો કે તે બીજાની પાસે બારાક્ષરીથી વધુ કાંઈ શીખ્યો ન હતો. તેને બારાક્ષરી બીજા પાસેથી શીખ્યા વગર તો ન જ ચાલ્યું. એવી જ રીતે વિદ્યાઓ ગમે તેટલી વૃધ્ધિ પામતી હોય માણસો નવી નવી શોધો તેમાં દાખલ કરતાં હોય પણ તે વિદ્યાઓની બારાક્ષરી પહેલો માણસ ખુદા તરફથી શીખેલો હોવો જોઈએ. કારણ કે તે વિના તે આગળ ચાલી શકતો નથી. અને હઝરત એ જ ફરમાવે છે કે વિદ્યાઓનો શીખવાડનાર ખુદા જ છે. વિદ્યાદાન ખુદાની બક્ષેલી બુધ્ધિથી જ પ્રાપ્ત થાય છે. અને તેથી ખરો શિક્ષક એક જ છે. અને એવી રીતે જુદી જુદી વિદ્યાઓની હસ્તી તે ખુદાની હસ્તીને વધારેને વધારે સાબિત કરે છે......મોમિન.

નાજી અરજ કરે છે કે જનાબ મોમિને જે કાંઈ ખુલાસો કર્યો તે બરાબર અને વાજબી છે. જો તમામ

બાબતો શીખવનાર અને બનાવનાર ખુદા ન હોય તો ઇન્સાન કંઈ કરી શકે નહીં. એ તમામ ઠીક પણ જુદી જુદી ખાસિયતના જુદી જુદી જાતના જુદા જુદા રંગ રૂપના ઝાડ કોણે પૈદા કર્યા ? ખુદાએ પૈદા કર્યા, જો ખુદાએ એવી તાસીર વાળા ઝાડ, જડીબુટ્ટી વિ. પૈદા કર્યા ન હોત તો કોઈ દવા કોઈપણ રીતે ન બની શકત, અને તેમાં પણ ખુદાની હજારો મસ્લેહત ભરેલી છે કે જુદી જુદી ચીજોમાં જુદી જુદી ખાસિયતો આપી, કે તેથી ખુદાની અનહદ કુદરત સાબિત થાય, ઇન્સાનની રોઝીના સાધન થાય, કોઈ વાવે, કોઈ ભેગું કરે, કોઈ શોધ કરે, કોઈ કાપે, કોઈ સાફ કરે, કોઈ કુટે, કોઈ મેળવે હજારો જણનો નિભાવ થાય, તે માલિકની અનહદ કારીગરીથી તો એવુ જાહેર છે કે દરેક ઇન્સાફી તેનો ઇકરાર કર્યા વિના રહે જ નહીં. જીભ કે તે બેચાર તોલાનો કટકો છે તેમાં કોઈ પણ કારીગરી કે સંચા જાહેરમાં દેખાતા નથી. છતાં એ માસના કટકામાં કેવી

શક્તિ અને કુદરત આપી છે  કે ઇન્સાન જાત જાતની ભાષાઓ બોલે છે, ઉમદા ખુશનુમા અવાજો કાઢે છે. અને તેમાં કોઈ જરા પણ શક નથી અને જે ઇન્કાર કરે છે તે હૈવાન કરતાં પણ બદતર અને નાલાયક છે.

કેમકે એક એક ચીજ તે પણ નજીવી ચીજ લઈને વિચારે કે આ કેવી રીતે થઈ ? તો તેનો જવાબ આપશે કે અમુક માણસે બનાવી, તેણે ક્યાંથી બનાવી ? તો કહેશે કે ફલાણા ઝાડના લાકડાથી, ઝાડ કોણે બનાવ્યું ? તો કહેશે કે આપોઆપ, આપોઆપ એવી રીતનું સરખુ અને બરાબર અને અમુક ફળ વાળુ, અમુક ખાસિયતવાળું કેમ થયું છે ? તો તે વખતે લાચારીએ કહેવુ જ પડશે કે કોઈ મહાન હિકમતવાળાએ પોતાની કુદરતે કામેલાથી બનાવેલ છે, ગમે તેટલા ફાંફા મારે પણ કોઈ રીતે ખુદાનો અને તે એક હોવાનો ઇકરાર કર્યા વિના કોઈ રીતે છુટકો નથી જ. તે વિના કોઈ પણ ઠેકાણે તે સ્થિર નહીં રહી શકશે,

એક પછી એક સવાલ તેને પૂછવામાં આવશે અને હઝારો જવાબો આડા અવળા આપીને છેવટે થાકીને એક જગ્યાએ ઉભો રહીને કહેશે કે અલબત્ત કોઈ ખાલિક અને માલિક તો હોવો જ જોઈએ.)

અને એવી રીતે તમે તમારી બુધ્ધિથી સમજી શકશો કે તેણે જ દવાઓના નામ, જ્યાં જ્યાં તે દવાઓ થાય છે તે જગ્યાઓના નામ પણ તેણે જ શીખવાડેલ છે. કેમકે જેવી રીતે વાડીનો વાવનાર પોતાની વાડી માહેની વસ્તુઓ અને તેમના સ્થળ જાણતો હતો તેવી રીતે આ મહાન વાડી વાવનાર પણ જાણતો હોવો જોઈએ. વળી એવી જ રીતે કે જેણે આ જગતની વાડી વાવી અને જેણે બનાવી તે બીજો કોઈ હોય અને જેણે એ વાડી માહેના ઝાડ પાંદડા અને તેમના ગુણ દોષ અને તેના વજન માપ શીખવાડયાં તે બીજો હોય એમ માનવું બુધ્ધિને રૂચતુ નથી.

તેણે કહ્યું : આપ જે કહો છો તે સત્ય છે.

મેં કહ્યું : જો આ શરીરના તેમાં રહેલા અવયવો, માંસ, નસો, લોહી વગેરે જે કાંઈ શરીરમાં છે અને જેમાં દવાઓ દોડતી ફરે છે અને માથા સુધી કે પગ સુધી પહોંચી જાય છે તેનો પૈદા કરનાર કે બનાવનાર, વનસ્પતિઓ જડીબુટ્ટીઓ અર્થાત વાડીના પૈદા કરનારથી જુદો હોત (જો માણસ કોઈ બીજાનો પૈદા કરેલ હોત અને વનસ્પતિઓ વગેરે બીજા કોઈની પૈદા કરેલી હોત એટલે માણસ તથા જગતરૂપી વાડીનો પૈદા કરનાર જુદા જુદા હોત) તો શું માણસના શરીરનો કે જે શરીરને દવાઓની જરૂર પડે છે, પૈદા કરનાર, (બીજાની પૈદા કરેલી) દવાઓના તોલ માપથી પૂરેપૂરો જાણકાર હોત ? અને શું તે જાણતો હોત કે કઈ પત્તી અથવા કઈ જડીબુટ્ટી અમુક રોગને ફાયદો કરે છે ? નસમાં કઈ દવા અસર કરે છે ?

તેણે કહ્યું : (જો બંનેના પૈદા કરનાર જુદા હોય તો) કેવી રીતે જાણી શકે ? જ્યારે આ શાસ્ત્ર (અમુક

રોગનું ઔષધ છે અને અમુક દવા ક્યાં અસર કરે છે એ બાબત) ઇંદ્રીયો દ્વારા જાણી શકાતુ નથી. ત્યારે તે તદ્દન સમજી નહીં શક્ત. જો આ બાબત કોઈ જાણી શકતો હોય તો એ જ જાણી શકે છે કે જેણે આ વાડી રોપી છે અને તે તેમાંના ઝાડે ઝાડ અને દરેકે દરેક ભાજી પાલાની ખાસિયતથી જાણકાર છે.

મેં કહ્યું : ત્યારે શું આ બંને (એક માણસોના શરીર, અને બીજુ વનસ્પતિઓ જડીબુટ્ટી) નો પૈદા કરનાર એક જ હોવો જોઈએ. અને છે એમ માનવામાં કાંઈ વાંધો આવે છે ? જો એકે દવાઓ પૈદા કરી હોત અને બીજાએ માણસોના શરીર અને તેની બીમારીઓ તો દવાઓના પૈદા કરનારને, માણસોના શરીરોના ક્યા રોગના માટે કઈ દવા ફાયદાકારક છે તે જાણવા ન મળત. તેમજ શરીરોનો પૈદા કરનાર પણ, એ જડબુટ્ટીઓમાં કઈ ક્યા રોગના માટે ફાયદાકારક છે એ જાણી ન શક્ત. પણ જો શરીરોનો અને દવાઓનો પૈદા

કરનાર એકજ હોય તો તે દવાને પોતાની બનાવેલી નસોમાં નાખી શકે અને જે રોગને જાણે છે તે રોગ સુધી તે દવાને પહોંચાડી શકે. તે એ દવાઓની ખાસિયત પણ જાણતો હશે કે તે ગરમ છે કે ઠંડી છે, કે સખત છે કે નરમ છે, અમુક નુસ્ખામાં અમુક દવા કેટલા પ્રમાણમાં છે, કઈ દવા મગજને અસર કરે છે, અમુક નુસ્ખામાં અમુક દવા કેટલી છે, કઈ દવા મગજને અસર કરે છે, કઈ દવા પગ તરફ જાય છે, અને કઈ દવા એ સિવાય ક્યા ક્યા ભાગોમાં ફેલાઈ જાય છે.

તેણે કહ્યું : ખરેખર જો શરીરોના પવન - વાયુના અને દવાઓના પૈદા કરનાર એક જ ન હોત અને જુદા જુદા હોત તો આપે જે કાંઈ વર્ણવ્યુ તેની જાણકારી કોઈને ન હોત. (શરીરના પૈદા કરનારને વનસ્પતિની માહિતી ન હોત અને વનસ્પતિના પૈદા કરનારને શરીરોની અને તેના રોગોની માહિતી ન હોત.)

મેં કહ્યું : ત્યારે જેણે, તે હકીમને (જેના સંબંધમાં તમારૂ કહેવુ હતું કે તેણે વૈદક શાસ્ત્ર રચ્યુ છે તેને) આ બધી બાબતો શીખવાડી, પૂર્વ અને પશ્ચિમની જુદી જુદી વનસ્પતિઓ અને જડીબુટ્ટીઓની માહિતી આપી, અને વૈદક શાસ્ત્ર (ઇલ્મે તિબ્બ) બનાવરાવ્યું, તે જ આ પૂર્વ અને પશ્ચિમ સુધી પ્રસરેલી વાડીનો માલિક છે. તેણે જ આ શરીરો બનાવ્યા છે, તેણે જ એ હકીમને (કે જે ખરેખર કોઈ પયગમ્બર હશે, જેમકે હઝરતે લુકમાન અલય્હિસ્સલામ અથવા હ. દાવૂદ અલય્હિસ્સલામ) દરેક ઝાડના ગુણ - દોષ, તે ઝાડ કઈ જગ્યાએ ઉગે છે તે શહેરનું નામ, તેને યોગ્ય નસો, ફળો, તેલ, પત્તીઓ, લાકડીઓ, છાલ, રસ વગેરેનું જ્ઞાન આપેલું છે, અને એવી રીતે તેણે જ તેના વજન માપ જેવા કે તોલમાપ વગેરે બતાવેલા છે. ક્યા રોગ માટે કઈ દવા ફાયદા કારક છે એ પણ તેણે જ શીખવાડેલું છે. અને તેવી રીતે તે પશુ પંખી અને ઢોર ઢાંખરનો કર્તા બનાવનાર

છે, જેમના પિત્તાઓમાં ફાયદાઓ છે અને તે દવાઓમાં ભેળવવામાં આવે છે. જો તેમનો પૈદા કરનાર - કર્તા કોઈ બીજો હોત તો પિત્તામાં શા શા ફાયદા અને શા શા નુકસાન છે તે કદી જાણી ન શક્ત. ક્યું પિત્તુ વનસ્પતિઓમાં મિશ્રણ કરવામાં આવે છે અને ક્યુ મિશ્રણ કરવામાં આવતુ નથી તે જાણતો ન હોત. પરંતુ એ સર્વેનો પૈદા કરનારો તે એક જે ત્યારે તેમના પિત્તાઓના ફાયદાઓ બતાવી શક્યો અને તેમના નામ શીખવાડી શક્યો. એટલા માટે કે તે હકીમ તેને જાણે અને જેમાં ફાયદો ન હોય તેને મૂકી દે. અને તેથી જ તે હકીમને ક્યુ ફાડી ખાનાર પ્રાણી, ક્યુ જાનવર, અને ક્યુ પક્ષી ફાયદો ધરાવે છે અને ક્યા ફાયદા ધરાવતા નથી એની ખબર પડી. જો તે વસ્તુઓનો પૈદા કરનાર - કર્તા પોતે તે હકીમને ન શીખવાડત તો તે હકીમને જરા પણ ખબર ન પડત. તો આ ઉપરથી સિધ્ધ થયું કે જેને તમે હકીમ કહો છો તે ખરી રીતે નબી અથવા

પયગમ્બર હતો, અને જેણે તે તમારા હકીમને એટલે પયગમ્બરને શીખવાડયું તે આખા આલમનો - આખા બ્રહ્માંડનો કર્તા પૈદા કરનાર છે.)

તેણે કહ્યું : સત્ય છે. અહીંયા બધી ઇંદ્રીયો અને અનુભવ નકામા છે. (એટલે આ બાબતો એવી છે કે જ્યાં સુધી કર્તા પોતે એ વાતો ન શીખવાડે ત્યાં સુધી માત્ર ઇંદ્રીયો અને અનુભવ ઉપરથી કાંઈ જાણી શકાતુ નથી.)

મેં કહ્યું : જ્યારે તમારા અંત:કરણે - દિલે અહીં સુધી સત્ય માની લીધુ ત્યારે આવો આપણે બંને વિચાર કરીએ અને સમજીએ કે આ વાડીનો વાવનાર પશુઓ પક્ષીઓ અને માણસોનો પૈદા કરનાર તે એક જ છે અને જેણે એ સર્વ વસ્તુઓ માણસના ફાયદા માટે ઉત્પન્ન કરી છે. તેણે એ બધી વસ્તુઓ બીજાની પૈદા કરેલી ભૂમિ (જમીન) ઉપર વાવી હોય, પશુઓને જ્યારે તે બીજો ચાહે ત્યારે રોકી શકે એમ આપણે શું માની

શકીશું ? (હઝરત સિધ્ધ કરે છે કે જ્યારે તમે માની લીધુ કે વાડી ઝાડ પાન, પશુ પક્ષીઓ અને માણસોનો પૈદા કરનાર છે ત્યારે તમારે પણ એ માનવું જોઈએ કે પૃથ્વીનો પૈદા કરનાર પણ તે છે. કારણ કે તે બીજાની ઝમીન ઉપર તે સ્વતંત્રતા અને ખુદ મુખ્તારીથી જે ચાહે તે ન કરી શકે.)

તેણે કહ્યું : જે ભૂમિ ઉપર આ (જગત) વાડી વાવવામાં આવી છે અને જેમાં ઝાડ પાન રોપવામાં આવ્ય છે તે ભૂમિ તે જમીનનો માલિક જેણે એ બધી ચીજો ઉત્પન્ન કરી છે તે જ હોવો જોઈએ અને તેનો જ તેના પર ઇખ્તેયાર અને કબજો હોવો જોઈએ.

મેં કહ્યું : ત્યારે હું સમજુ છું કે આ ભૂમિ પણ એ વાડી વાળાની જ હશે ? કારણ કે એ બધી વસ્તુઓનો એકબીજાની સાથે એવી નિકટનો સંબંધ છે ?

તેણે કહ્યું : બેશક.

(હવે હઝરત સિધ્ધ કરે છે કે પાણી પણ તેનું જ પૈદા કરેલુ છે.)

મેં કહ્યું : ત્યારે તમે જાણતા નથી કે પાણી વિના આ (જગત) વાડી તેમાં જે કાંઈ છે તે બધા સહીત જીવતી ન રહી શકે.)

તેણે કહ્યું : ન રહી શકે એ હું શા માટે જાણતો નથી ?

મેં કહ્યું : ત્યારે શું તમે એમ સમજો છો કે આ વાડીનો પૈદા કરનાર કોઈ જુદો છે અને પાણીને પૈદા કરનાર કોઈ બીજો છે ? તેને ચાહે ત્યારે રોક્વાની અને ચાહે ત્યારે જારી કરવાની શક્તિ છે. જો આમ હોય તો વાડીવાળાના તો ભોગ જ મળ્યા. (જ્યારે વાડીવાળાને પાણી જોઈએ ત્યારે પાણીવાળો તે ન આપે. અને જ્યારે ન જોઈએ ત્યારે આપે તો તેથી તેની વાડી ફળી ફુલી ન શકે. પણ જ્યારે જગતની વાડી ફળતી ફુલતી પૂર બહારમાં અને એક નિયમમાં છે ત્યારે એમ જ સિધ્ધ થાય છે કે પાણી વાળો અને વાડી વાળો જુદો નથી પણ એક જ છે.)

તેણે કહ્યું: આ વાડીનો-અને તેમાં જે કાંઇ છે તે બધાનો અને આ ઝાડનો પૈદા કરનાર કોઇ જુદો હોય એ માની ન શકાય. તેમજ પાણીનો પૈદા કરનાર માલિક તેના સિવાય કોઇ હોય એ પણ માની ન શકાય તેથી, મને તો ખાત્રી છે કે તેજ એનો (પાણીનો) પણ કર્તા-પૈદા કરનાર છે, સઘળું પાણી જેની જમીન અને જેના પહાડોમાંથી વહે છે તેણે જ આ જગત વાડી વાવી છે અને તેણે જ વાડીમાંહેની બધી ચીજો પૈદા કરી છે. કેમકે જો આ પાણી આ વાડીના માલિક-કર્તા (ખુદાએ તઆલા)નું પૈદા કરેલું અને માલિકીનું ન હોત તો આ વાડી તેમાં જે કંઇ છે તે બધા સહિત નાશ પામી હોત. બધી વસ્તુઓ નિયમસર અને સારી સ્થિતિમાં રહે એટલા માટે તેણે પાણી બધાથી પહેલાં પૈદા કર્યું હશે એટલે સુધી હું કહું છું.

(જુઓ હઝરતે ઇમામ અલય્હિસ્સલામની વિવાદ કરવાની ખૂબીને તેઓ જે બાબત મનાવવા ચાહે છે તે કેવી ખૂબસૂરતીથી તેને મનાવે છે ?)

મેં કહ્યું: જુઓ આ પાણી જે વહેતું વહેતું (જગતરૂપી) વાડીમાં આવે છે તે, વાડીને તૃપ્ત કરવા માટે જેટલા પાણીની જરૂરત હોય તેના કરતાં વધારે જથ્થામાં જરૂરત પડે ત્યારે પીવરાવી શકાય માટે સંગ્રહ ન હોય તો, પાણી વિના જેમ બધા મરી જાય તેમ આ વાડી નાશ પામત ?

તેણે કહ્યું: બેશક નાશ પામે. પરંતુ તેનો કોઇ રોકનાર ન હોય અને નિરંતર એમજ ચાલતું આવ્યું હોય તો ? (એટલે હંમેશાથી કુદરતનો નિયમ જ એવો હોય. અને પાણીને મરજી મુજબ વહેવરાવનાર કોઇ હોય નહીં.)

મેં કહ્યું: તમે હમણાં એવો એકરાર કર્યો છે કે પાણીનો મોટો જથ્થો ન હોય તો વાડી નાશ પામે, કેમ ખરૂં કે નહીં?

તેણે કહ્યું: બેશક.

મેં કહ્યું: ત્યારે તમે હમણાં એ વાત સ્વીકારશો કે એ સંગ્રહ એટલે સમુદ્રનો પૈદા કરનાર એજ છે કે

જેણે આ સઘળી વાડીને અને તેમાં જે કાંઇ છે તે સર્વેને પૈદા કરેલ છે. તેણે જ આ વાડીની નહેરોને માટે સમુદ્રને સંગ્રહ અને ખજાનારૂપ બનાવેલ છે. અને તેમાં એટલે સમુદ્રમાં માણસોના માટે ફાયદાઓ મૂક્યા છે.

તેણે કહ્યું: આપે જેવી રીતે મને બીજી વાતો મનાવી છે તેવી રીતે આ પણ પૂરેપૂરી મનાવો.

મેં કહ્યું: દુનિયાની જરૂરત અને વપરાશથી બચવા પામેલું પાણી સમુદ્રોમાં વહી જાય છે એ શું તમે જાણતા નથી ?

તેણે કહ્યું: શા માટે નહીં?

મેં કહ્યું: ત્યારે, જે વખતે પુષ્કળ વરસાદ વરસે તે વખતે સમુદ્રના પાણીમાં કાંઇ વધારો થયો હોય અથવા સમુદ્ર જે હદે રહે છે તે હદથી કાંઇ વધ્યો હોય એવું તમે જોયું છે? અથવા વધારે ગરમીના કારણથી અને વરસાદ નહીં વરસવાથી દુષ્કાળ પડવાથી સમુદ્રનું પાણી કદી ઓછું થયું હોય એવું તમે જોયું છે?

તેણે કહ્યું: નહીં.

મેં કહ્યું: ત્યારે આ પાણી અને આ વાડીનો કર્તા એકજ છે. (વરસાદની) પુષ્કળતાના કારણે વધે નહીં અને તાણ અછત ના કારણે ઘટે નહીં. એવી તેણે જ હદ બાંધી છે. એવું તમારી બુધ્ધિ તમને સમજાવતી નથી ? મારા આ વર્ણનની દલીલ એવી છે કે આ સમુદ્રોમાં પર્વતો જેવા મોટા મોટા મોજાઓ આવે છે. જો કે આ મોજાઓ રોક્વામાં આવે નહીં અને તેમને અમુક હદ સુધી જઈ આગળ નહીં વધવાનો હુકમ હોય નહીં તો તેઓ આખી દુનિયાને ઘેરી લે. પરંતુ તમે જુઓ છો કે જ્યાં તેમને અટકવાનો હુકમ છે ત્યાં અટકી જાય છે. અને તેમનો જોશ અને ઉભાર ઓછો થઈ જાય છે.

તેણે કહ્યું : આપે ફરમાવ્યું તેમજ થાય છે. મેં પણ એવી જ રીતે જોયેલું. આપે એવી એવી દલીલો વર્ણવી છે કે હું ઇન્કાર કરી શકતો નથી.

મેં કહ્યું : હજુ હું એવી એવી વાતો કરીશ કે જે ઉપરથી આ જગતની સાંકળના આંકડા કેવા એક બીજા

સાથે જોડાએલા છે તે અને તે સર્વ એક જ સર્વજ્ઞ, સર્વ શક્તિમાન મહાન વિધ્વાને પૈદા કરેલ છે તે સહેજે સમજી શકશો.

બધી જ વાડીઓ અને બાગ બગીચા, સામાન્ય રીતે નહેરોના પાણીથી તૃપ્ત થતા નથી એ તમે જાણતા નથી ? આ દુનિયામાં જાત જાતની એવી વનસ્પતિઓ અસ્તિત્વ ધરાવે છે અને કેટલાંક એવા જંગલી પ્રાણીઓ છે કે જેઓને નદી નાળાનું પાણી મળતું નથી. પરંતુ તેઓને વાદળાઓનું પાણી મળે છે.

તેણે કહ્યું : સત્ય છે, એમ જ થાય છે.

મેં કહ્યું : તો તમારી બુધ્ધિ અને તમારી એ ઇંદ્રીયોકે જેના સંબંધમાં તમારો દાવો હતો કે સર્વ વસ્તુઓ તેમના જ વડે જાણવામાં આવે છે, તમને એમ બતાવતી નથી કે આ વાદળા જે, જ્યાં નહેરો અને નદીઓનું પાણી પહોંચતુ નથી. છતા વનસ્પતિઓ અને ઝાડ પાન ઉગે છે એવા શહેરો ઉપર પાણી લઈને ફરે

છે, તે વાદળા આ જગતની વાડીના માલિક સિવાય બીજા કોઈના બનાવેલા અને માલિકીના હોત તો વાદળાનો માલિક જ્યારે ચાહત ત્યારે વાડી વાળાને પાણી ન આપત. અને વાડી વાળો પોતાની વાડીના અંદર જે કાંઈ વાવેલુ છે તેના સંબંધમાં હંમેશા ભયમાં રહેત જે પાણીથી ઝાડ પાન અને વાડીની જિંદગી છે તે પાણી કદાચ નહીં આપે તો વાડી નાશ પામશે એવી હંમેશા તેને ધાસ્તી રહ્યા કરત.

તેણે કહ્યું : આપે જે કાંઈ ફરમાવ્યું છે તે સાચુ છે. (ખરેખર એવી રીતે સઘળી વસ્તુઓનો એકબીજાની સાથે નિકટનો સંબંધ છે. અને તેથી તે સર્વ એક જ કર્તાની ઉત્પન્ન કરેલી વસ્તુઓ છે.) જેણે આ વાડીને, જેણે આ પૃથ્વીને અને તે ઉપરની બધી સૃષ્ટિને અને તેના માટે પાણીના સંગ્રહ અને ખજાનાને, જુદી જુદી જાતના ફળ ફુલોને પૈદા કરેલ છે તે કોઈ બીજો હોય અને આકાશ અને વાદળાઓનો પૈદા કરનાર કોઈ

બીજો હોય એ અક્કલમાં ઉતરતું નથી. બધાનો પૈદા કરનાર એક જ હોવો જોઈએ. કેમકે જ્યારે તે પોતાની વાડીને પાણી પીવરાવવા માંગે ત્યારે પીવરાવી શકે. પ્રાણીઓ અને વનસ્પતિઓને સજીવન રાખવા ઇચ્છે ત્યારે પાણી વહેવરાવી અથવા વરસાવી તેમ કરી શકે. પરંતુ મને સંપૂર્ણ સંતોષ થાય અને મારા મનની શંકા દૂર થાય એવી કોઈ દલીલ વર્ણવવામાં આવે તો હું વધારે પસંદ કરૂં છું.

મેં કહ્યું: ઇન્શાઅલ્લાહ, હું તમારી આ હલીલા વડે, તેનો જે સંબંધ આ જગતની વાડી સાથે અને આકાશી તત્વોની સાથે છે તે વડે હમણાં સાબિત કરી દઉં છું. અને ત્યારે તેમને ખાત્રી થશે કે આ યોજના કોઇ મહાજાણકાર (હકીમ) અને સર્વજ્ઞ (અલિમ) કર્તાની યોજવામાં આવેલી યોજના અને યુક્તિ છે.

તેણે કહ્યું: મારી શંકા દૂર થાય એવી વાત આપ આ હલીલા વડે કેવી રીતે કહી શકો છો?

મેં કહ્યું: તેની ઉત્પાદનની મજબૂતી, તેમાં રહેલી યોજના અને યુક્તિ, તેના મૂળ અને ડાળનો સંબંધ, એક વસ્તુનો બીજી વસ્તુ ઉપર આધાર તમને દેખાડીશ અને તેનો આકાશી તત્વો સાથેનો સંયોજન સાબિત કરીશ.

તેણે કહ્યું: જો આપ એ પ્રમાણે કરશો તો પછી મને શંકા રહેશે નહીં.

મેં પૂછયું: શું તમે જાણતા નથી કે હલીલા જમીનમાં ઉગે છે? તેના મૂળીયા એક મજબૂત મૂળને વળગેલા હોય છે? તે મૂળનો સંબંધ થડની સાથે હોય છે? થડનો સંબંધ ડાળીઓ સાથે, ડાળીઓનો સંબંધ નાની ડાળીઓ સાથે અને તેમાં મોતીની જેમ કળીયો અને પાંદડા ગૂંથાએલા હોય છે ? અને એ બધાના સમગ્ર વસ્ત્ર સમાન પાંદડા હોય છે? અને એ બધાનો સંબંધ એ છાયડાની સાથે હોય છે કે જે તેમને (ફળ અને કળીઓ વગેરેને) મોસમની ગરમી-ઠંડીથી બચાવે છે ?

તેણે કહ્યું: હલીલાના સંબંધમાં તો હું સમજયો કે તેની છાલ, જડો, પાન અને તેની ભોંયમાં ઉગવાની જગ્યા વગેરે બધાનો એક બીજાની સાથે નિકટનો સંબંધ છે. અને હું સાક્ષી આપુ છું કે તે બધાનો પૈદા કરનાર એક જ છે. એ વસ્તુઓને પૈદા કરવામાં તેના સિવાય કોઇનો હાથ નથી. કેમકે તેની બનાવટ મજબૂત અને અજોડ-અતૂટ છે. રચનામાં એક સરખી અને એકજ યુક્તિ દ્રષ્ટિગોચર થાય છે.

મેં કહ્યું: સર્વ રચના એકજ પ્રકારે એકજ યુક્તિએ, સર્વમાં એકજ સરખી યોજના, અને અજોડ અને મજબૂત તદબીર અને ચાતુર્યતા નજરો નજર દેખાડું, અને એક વસ્તુનો બીજી વસ્તુ ઉપરનો આધાર સાબિત કરી દેખાડું તો.....

તેણે કહ્યું: તો મને તેની વહદાનિયત (અલ્લાહની એક્તા) માં કાંઇ શંકા રહેશે નહીં.

મેં કહ્યું: ત્યારે હું જે કાંઇ વર્ણવું તે ધ્યાનપૂર્વક સાંભળો, તેને સમજો અને વિચારો.

તમારા આ હલીલાનો સંબંધ માટીની સાથે છે, માટીનો સંબંધ ગરમી અને ઠંડીની સાથે છે, ગરમી અને ઠંડીનો સંબંધ હવા (પવન)ની સાથે છે, હવાનો સંબંધ સખત હવાની સાથે છે અને સખત હવાનો સંબંધ વાદળાઓની સાથે છે, વાદળાનો સંબંધ વરસાદથી છે, વરસાદનો સંબંધ ઋતુઓ સાથે છે, મોસમનો સંબંધ સૂર્ય ચંદ્ર સાથે છે, સૂર્ય ચંદ્રનો સંબંધ આકાશની ગતિ (ગરદિશ) સાથે છે, અને ખુદ આકાશનો સંબંધ જમીન અને આકાશ વચ્ચેના અંતર સાથે છે એ શું તમે જાણતા નથી? આ બધી એક અદભૂત પરંતુ સ્પષ્ટ અને ખુલ્લી રચના છે. આ રચના મહાચાતુર્ય, અનુપમ યુક્તિ વડે ઉદભવી છે. આ સર્વ આકાશ અને જમીન વચ્ચે આવેલી છે, અને તે એકબીજાની સહાય વિના કાયમ રહી શકતા નથી. નિયમ એવો છે કે કોઇ વસ્તુ પોતાના મુકર્રર વખતની પાછળ રહી જતી નથી. અને જો કદાચ પાછળ રહી જાય તો આ આખું બ્રહ્માંડ નાશ પામે.

તેણે કહ્યું: બેશક (ખુદાની વહ્દાનિયતને સાબિત કરનારી) આ સ્પષ્ટ નિશાનીઓ અને દલીલો છે. અતૂટ રચનામાં, અને સૃષ્ટિની બનાવટમાં ચાતુર્ય અને યુક્તિના ચિહ્નો પ્રગટેલા છે, એકનો બીજાની સાથે સંબંધ સિધ્ધ થાય છે. પરંતુ જેનું વર્ણન આપે છોડી દીધું તેનો કોઇ સંબંધ સિધ્ધ થાય છે. તેનો કોઇ સંબંધ સૃષ્ટિની સાથે ન હોય તે શક્ય છે.

મેં પૂછયું: મેં શું છોડી દીધું ?

તેણે કહ્યું: માણસ.

મેં પૂછયું: શું તમે જાણતા નથી કે એ (ઉપર વર્ણવેલી) બધી વસ્તુઓનો સંબંધ માણસની સાથે છે ? માણસના માટે જ એ યુક્તિ બનાવનારે સૃષ્ટિમાંની કોઇ વસ્તુ જો પોતાના મુકર્રર વખતની પાછળ રહી જાય તો આખું બ્રહ્માંડ અને જે કાંઇ આ દુનિયામાં છે તે બધું નાશ પામે. આ તમારૂં હલીલા જેમાં તમારા ધારવા પ્રમાણે માણસો માટે ઘણા ફાયદાઓ છે, એ પણ નાશ પામે.

તેણે કહ્યું: જેવી રીતે આપે પ્રથમ શરૂઆતની વાતો ખુલાસાવાર વર્ણવી તેવી રીતે આજે પણ ખુલાસાવાર વર્ણવા મહેરબાની કરશો.

મેં કહ્યું : દલીલા વડે જ સિધ્ધ કરી આપુ છું અને એવુ સિધ્ધ કરી આપુ છું કે હમણા તમે એ વાતની સાક્ષી આપશો કે સૃષ્ટિમાંની બધી વસ્તુઓ માણસ માટે જ એક ધોરણે અને નિયમે ચલાવવમાં આવે છે - માણસ માટે જ બધી રચના થએલી છે. ખુદાએ આકાશને એક ઊંચી છત (જેવું) બનાવેલ છે. જો તેને ઊંચુ બનાવવામાં આવ્યું ન હોત તો, સૃષ્ટિના લોકોના માથાઓની ઉપર હોવાથી લોકોને હૈરાન થવું પડત, સૂર્ય નજીક હોવાથી તેમને બાળી નાખત. તેણે લોકો માટે જ ખરતા તારાઓ અને બીજા સિતારાઓ પૈદા ર્ક્યા છે જે વડે લોકો જમીન અને સમુદ્રના માર્ગનો રસ્તો શોધે છે. (મુસાફરીમાં એ સિતારાઓના જ કારણથી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ જાણવા મળે

છે.) તેણે એવા તારાઓ પણ ઉત્પન્ન કર્યા છે કે જે ઉપરથી જયોતિષ શાસ્ત્રનો સાચો હિસાબ માલૂમ પડે છે. અને તેથી ઇંદ્રીયોનું એ સંબંધમાં નકામુ હોવું અને કોઈ કર્તા - શિક્ષકનું અસ્તિત્વ હોવું સાબિત થાય છે. એ શિક્ષકે પોતાના શિષ્યો એટલે બંદાઓને જયોતિષ શાસ્ત્ર શીખવાડયુ. કારણ કે એ શાસ્ત્ર બુધ્ધિથી પણ જાણી શકાતું નથી. તેમજ ઇંદ્રયોથી પણ જાણી શકાતું નથી. ત્યારે એ શિક્ષકના શીખવાડયા વિના કયાંથી શીખી શકાય ? અનુમાન ત્યાં ચાલી શકે તેમ નથી, બુધ્ધિ તેના માર્ગદર્શન વગર ત્યાં સુધી પહોંચી શકતી નથી. કેમકે જેણે તેમને એવા મહા ચાતુર્યથી અને અનુપમ યુક્તિ વડે બનાવેલ છે તે જ અઝીઝ અને જબ્બાર છે. તેમાં તેણે એક ચિરાગ (સૂર્ય) અને પ્રકાશિત ચંદ્ર બનાવેલો છે. જે આકાશ સમુદ્રમાં તરતા ફરે છે. તેઓ મહાવેગે ફરતા રહે છે. કયારેક, તે બંનેનો ઉદય કરે છે અને કયારેક અસ્ત કરે છે. તેના જ

આધારે દિવસ, મહિના અને વર્ષની ગણતરી થાય છે. અને તે જ ચાર મોસમો જેવી કે ઠંડી, ગરમી, વસંત અને પાનખરના કારણરૂપ છે. અને બંનેના કામોના જુદા જુદા સમય છે. તેમનું મુળ રાત અને દિવસ છે. તેમાંનો એક પણ જો દુનિયા પર હંમેશા રહેત (એટલે જો રાતની રાત જ રહેત અને કદી દિવસ ન ઉગત, અથવા જો દિવસનો દિવસ જ રહેત અને કદી રાત ન પડત) તો માણસ જીવી ન શક્ત. તેથી એ વસ્તુઓના મહાજ્ઞાની પૈદા કરનારે દિવસને પ્રકાશિત બનાવ્યા અને રાતને વિશ્રામ લેવા માટે બનાવી. તેમાં ઠંડી અને ગરમી મૂકી (દિવસમાં ગરમી મૂકી અને રાતમાં ઠંડી) જે બંને ખાસિયતમાં એક બીજા વિરૂધ્ધ છે. જો એ બંનેમાંથી એક હંમેશા રહેત તો ઝાડ ન ઉગત, ફળ ઉત્પન્ન ન થાત અને સમગ્ર સૃષ્ટિ નાશ પામત. કેમકે સૃષ્ટિનો સંબંધ એ ઝડપથી ચાલતા પવનની સાથે છે કે જે ચારે તરફ પ્રસરલો છે. જ્યારે તે ઠંડો થાય છે

ત્યારે શ્વાસમાં ઠંડી પહોંચાડે છે, જ્યારે તે ગરમ થાય છે ત્યારે શરીરમાં પોષણ કરનાર તત્વો ઉત્પન્ન કરે છે. શરીર અને ખાવા પીવા અને વાપરવાની વસ્તુઓથી પહોંચતા નુકસાનને રોકે છે, જ્યારે તેમાં ભીનાશ આવે છે. ત્યારે એની પ્રકૃતિમાં તરી પૈદા કરે છે. જ્યારે સૂકી હવા ચાલે છે ત્યારે તેની ભીનાશને ચૂસી લે છે, તેના જ કારણથી વિખરાએલી વસ્તુ એકઠી થઈ જાય છે અને ઘેરાયેલ વાદળા આકાશના અંતરમાં આમતેમ છુટ્ટા પડી જાય છે. જેવી રીતે તેનો સર્વજ્ઞ બનાવનારો ચાહે છે તેવી રીતે તેને (વાદળને) દરેક ભાગમાં વહેંચી નાખે છે, ત્યારે તમે જુઓ છો કે તેમાંથી મુકર્રર રોઝી, અમુક વખત સુધી વરસે છે. જો આ નિશ્ચિત વખતે ન વરસે તો આખી સૃષ્ટિ અને આ જગતની સૃષ્ટિ નાશ પામે. તેથી ખુદાએ તઆલાએ નિશ્ચિત સમયે વરસાદને એ જમીન ઉપર વરસાવે છે તે જેના ઉપર તેણે માણસ જાતને પૈદા કરેલ છે - જે જમીનને તેણે તેમના માટે

પથારી અને પોષણ કરનારી બનાવેલી છે. તેણે જમીનને લોકો સહિત ઉથલી પડવાથી બચાવેલ છે. તેના ઉપર તેણે પહાડોની મેખો મારી છે. અને પહાડોમાંથી એવા ઝરાઓ વહેવરાવ્યા છે કે જે જમીન ઉપર વહે છે. અને વનસ્પતિઓને ઉગાડે છે. જે વિના સૃષ્ટિ જીવી શકતી નથી. તેમજ જગત કાયમ રહી શક્તુ નથી, તેમજ માણસોની સ્થિતિ સુધરી શકતી નથી, તેની સાથે સાથે તેણે સમુદ્રો પૈદા કર્યા છે, જેની માંહે લોકો વહાણમાં બેસી મુસાફરી કરે છે. ધંધા વેપાર ચાલે છે ને તેમાંથી લોકો શણગારની વસ્તુઓ (મોતી) કાઢે છે અને પહેરે છે અને તાજુ ગોશ્ત કાઢે છે જેને ખાય છે.

આ ઉપરથી સિધ્ધ થાય છે કે ખુશ્કી, તરી, આકાશ અને પૃથ્વી અને જે કાંઈ તેની વચ્ચે છે તે બધાનો પૈદા કરનાર એક જ છે જે જીવતો અને કાયમ, સર્વજ્ઞ અને મહા ડહાપણ વાળો રચનાર છે. જો એ

વસ્તુઓનો પૈદા કરનાર કોઈ બીજો હોત તો વસ્તુઓ એક ધોરણે અને એક નિયમે ન ચાલત, (પરંતુ આપણે જોઈએ છીએ કે આખુ બ્રહ્માંડ એક જ ધોરણે એક જ નિયમે ચાલે છે અને ચાલતુ રહેશે. એટલે તે સર્વેનો પૈદા કરનાર પણ એક જ છે એમ સાબિત થાય છે.)

વળી આકાશનું દ્રષ્ટાંત એ જમીન જેવુ છે કે જેમાંથી લોકો દાણા, અંગૂર, તાજી વનસ્પતિ, ઝૈતુનનું તેલ, ખજૂરોના ઝાડ, લીલાછમ બગીચાઓ, મેવો, હરીયાળી સ્પષ્ટ અને આયોજનપૂર્વક બનાવેલી કળીયો અને ફળોમાં માણસોની, તેમના શરીરોની, અને તેમના ઢોર ઢાંખરની જિંદગી જાનવરોના વાળ, ઊન વડે ઉપયોગ ઘરનો સામાન એક અમુક વખત સુધી બનાવી લેવામાં આવે છે તે. અને તેમનાથી ફાયદો ઉઠાવાય છે. તેની પીઠ ઉપર સવાર થાય છે, વગેરે પૈદા કરેલ છે. અને આ બધુ માણસોની જિંદગી માટે એવા ઉપયોગી છે કે તે વગર માણસ જીવી શકતો

નથી. અને તે તેમની સ્થિતિને એવા સુધારનાર છે કે તે વગર તેઓ કાયમ રહી શકતા નથી.

એવી જ રીતે, તમારે બીજી વાતોથી અજાણ્યા રહેવુ હોય તો રહેજો, પણ આ બાબતથી અજાણ્યા ન જ રહેજો કે પૃથ્વી ઉપર બે પ્રકારની વસ્તુઓ છે. એક તો એ કે જે પૈદા થાય છે. અને બીજી એ કે જે ઉગે છે. (એટલે એક પ્રકાર માણસ અને પ્રાણીઓનો છે કે તેઓમાં જન્મ પામવાની પ્રક્રિયા છે અને બીજો પ્રકાર વનસ્પતિઓનો છે કે તે ભોંયમાંથી ઉગી વધે છે.)આમાંનો એક ખાનાર છે. (એટલે પ્રાણીઓ) અને બીજો ખોરાક છે (એટલે વનસ્પતિ) વળી જે બાબત વડે તમારી બુધ્ધિ તમને બતાવે કે એજ માણસોનો (અને પ્રાણીઓનો) પૈદા કરનાર છે તે બાબત માણસના શરીરની બનાવટ તેનામાં ખાવાની ઇચ્છાનું હોવું, ખાધેલી વસ્તુઓ પીસાય, છણાય એટલા માટે તેમાં પદાર્થનું હોવું, અને છણાએલો ખોરાક શરીરના

ભાગોને પહોંચી શકે એટલા માટે તેમાં નસોના રસ્તા હોવા અને નકામો ખોરાક બહાર ફેંકી દેવા માટે આંતરડાનું હોવું, વગેરે છે. (જે સ્પષ્ટ દર્શાવે છે કે જેણે આ વનસ્પતિઓને ઉત્પન્ન કરેલ છે તેણે જ એ વનસ્પતિઓને (ફળફળાદી-શાકભાજી વિગેરે) ખાવા માટે માણસોને (અને પ્રાણીઓને) પૈદા કર્યા છે. કેમકે માણસો અને પ્રાણીઓના શરીરોની બનાવટ વનસ્પતિઓને ખાવાલાયક અને વનસ્પતિઓની બનાવટ ખોરાકમાં લેવા લાયક બનાવવામાં આવેલી છે. જો ખાવામાં આવતી વસ્તુઓનો પૈદા કરનાર કોઇ બીજો હોય (અને પ્રાણીઓ અને માણસોનો પૈદા કરનાર કોઇ બીજો હોત) તો ખાવાની ઇચ્છા અને જરૂરત ધરાવનારા આવા શરીરો તે બનાવત નહીં. તેમજ તેની તેના ઉપર સત્તા ન હોત. (કેમકે જ્યારે ઘાસ પાન ઇત્યાદી વનસ્પતિઓ બીજાની બનાવેલી હોત તો તે પોતાની બનાવેલી ચીજો બીજાનાં

બનાવેલાં શરીરોને શા માટે ખાવા દેત? અને જો કદાચ શરીરોનો પૈદા કરનાર બળજબરી પૂર્વક ખવરાવત તો તે બંને બનાવનારાઓમાં દંગો ફસાદ (લડાઇ-ઝઘડા) થાત. એક કહેત કે મારી બનાવેલી ચીજો તારા બનાવેલ શરીરોને શા માટે ખવરાવી? મારૂં બનાવેલું ઘાસ તારા પ્રાણીઓને શા માટે ચરાવી દીધું, પરંતુ એમ નથી. એટલે એજ સાબિત થાય છે કે તે બધાનો પૈદા કરનાર એકજ છે. આવી રીતે દરેકે દરેક વસ્તુનો એકબીજાની સાથેનો સંબંધ, એકનું બીજા ઉપર આધાર રાખવું, એક નિયમસર અને એકજ રૂઢીએ ચાલવું એક કર્તા-ખુદાને સિધ્ધ કરે છે.)

આ સાંભળી તેણે કહ્યું: આપે આવું વર્ણન કર્યું છે કે જેથી આ સર્વ એકજ મોદબ્બિર (યોજક) હકીમ, ઉચ્ચ કક્ષાના જ્ઞાનનો માલિક, લતીફ (સૂક્ષ્મ વસ્તુનો રચનાર), કદીર (સર્વ શક્તિમાન) અને આલિમ (સર્વ જ્ઞાની) કર્તાની રચના છે એ કાંઇ પણ શંકા વગર

સાબિત થાય છે. હવે હું ઇમાન લાવું છું કે કર્તા એકજ છે. હું તેની તસબીહ અને હમ્દ વખાણ કરૂં છું. પરંતું મને જીવલેણ ઝેરી પદાર્થોના સંબંધમાં શંકા રહે છે કે શું એ ઝેરી પદાર્થો પણ તેણે જ પૈદા કર્યા છે કે કોઇ બીજાએ? કારણ કે તે માત્ર નુકશાન જ પહોંચાડે છે. કંઇ ફાયદો કરતાં નથી? (ખુદાની જાતથી સર્વ ફાયદા જ ફાયદા થાય છે, પણ ઝેરી પદાર્થોમાં નુકશાન છે.) તે તેના સંબંધમાં આવનારનો જીવ લે છે. તો કદાચ તે બીજા કોઇના પૈદા કરેલા હોય?

મેં કહ્યું: ઝેરી પદાર્થો પણ ખુદા સિવાય બીજાના સર્જેલા નથી એમ હજુ તમને સમજાયું નથી?

તેણે કહ્યું: હજુ સુધી મારી સમજમાં એ વાત આવી નથી, કેમકે બધા પ્રાણીઓ તેનાજ બંદા છે. તે, પોતાના બંદાઓ માટે નુકશાન કર્તા વસ્તુઓ અને પદાર્થો ઉત્પન્ન કરે એ તેની જાતને શોભતું નથી.

મેં કહ્યું: હું તમને એવી વસ્તુ દેખાડીશ કે જેથી તમે એ બાબત સમજી શકશો અને તે તમારા અને તે તમારા આ હલીલા એ વૈદકશાસ્ત્ર દ્વારા જ સમજાવીશ.

તેણે કહ્યું: સમજાવો.

મેં કહ્યું: શું તમે કોઇ એવી વનસ્પતિનું નામ જાણો છો કે જે નુકશાન કર્તા ન હોય?

તેણે કહ્યું: હા.

મેં કહ્યું: (નુકસાનકર્તા નથી એવી વનસ્પતિ) કઇ ?

તેણે કહ્યું: આ (આપણો) ખોરાક.

મેં કહ્યું: તો શું ખોરાક (જે તમે કહ્યું તેમાં નુકશાન નથી?)

ખાનારનો રંગ બદલાતો નથી? મંદવાડ લાવતો નથી? શું એજ ખોરાકના કારણથી જુઝામ, કોઢ, બદહઝમી, ઝાડા અને બીજા ઘણાં રોગો ઉત્પન્ન થતાં નથી?

તેણે કહ્યું: હા, એતો થાય છે.

મેં કહ્યું: ત્યારે તમારી એ વાત રદ થઇ ગઇ

તેણે કહ્યું: જીહા-રદ થઇ ગઇ.

મેં કહ્યું: ત્યારે, જેમાં કાંઇ ફાયદો ન હોય એવી કોઇ બુટીને તમે જાણો છો?

તેણે કહ્યું: જી હા.

મેં કહ્યું: નામ લ્યો (અહીં મૂળ પુસ્તકમાં લખાણ રહી ગયું છે)

તેણે કહ્યું: ... (અહીં પણ રહી ગએલ છે, પણ તેણે કોઇ અમુક બુટીનું નામ લીધેલું હોવું જોઇએ)

મેં કહ્યું: તો શું એ બુટી જે દવાઓથી રક્તપિત્ત, કોઢ વગેરે રોગોનો નાશ થાય છે તે દવાઓમાં નાખવામાં આવતી નથી? એ નાખવાથી રોગ નાશ પામે છે, દર્દ દૂર થાય છે, તમો તો એ સારી રીતે જાણતા હોવા જોઇએ કેમકે લાંબા વખતથી લોકોના ઇલાજ કરો છો.

તેણે કહ્યું: ખરૂં છે.

મેં કહ્યું: જે દવા બધા ઝેરનો નાશ કરવામાં રામબાણ અસર ધરાવે છે તે દવાનું નામ લ્યો, શું તે અફીણ નથી?

તેણે કહ્યું: હા અફીણ બધી દવાઓની ઉપરી દવા છે, સર્પ કરડયો હોય, ઝેરી વિંછીએ અને મંકોડે ડંખ માર્યો હોય, કોઇએ ઝેર ખાધું હોય ત્યારે અફીણની જરૂરત છે.

મેં કહ્યું: ત્યારે શું તમે જાણતા નથી કે અફીણ, જે દવાઓ બાળીને ભસ્મ કરવામાં આવે છે તેની સાથે, અને મોટાં ઝેરીલાં સર્પોના ગોશ્ત માંસની સાથે પકાવી ગાળીને બનાવવામાં આવે છે? આવી રીતે જેને તમે નુકશાનકર્તા કહો છો તેમાં એવા મોટા ફાયદાઓ છે, એટલે તે નુકશાનકર્તા કેમ કહેવાય? હા જો તેનો ઉપયોગ ખોટો કરવામાં આવે તો નુકશાન કર્તા નીવડે. અને ખોરાક પણ અનિયમિત પણે લેવામાં આવે તો

તેથી નુકશાન થાય, પરંતુ વસ્તુમાં કાંઇ નુકશાન નથી. આ સ્થળે આ દલીલથી હઝરત એ વાદનું કે ખુદા ‘ખાલિકે શર’ (બૂરાઈઓ અને નુકશાનોનો પૈદા કરનાર છે ખંડન કરે છે અને સિધ્ધ કરે છે કે દુનિયામાં સર્વ ‘ખૈર ’(ભલાઇજ) છે અને ખુદા ખાલિકે ખૈર છે, વળી આ દલીલને બારીકાઇથી જોશો તો તેથી પૂર્વજન્મ વાદનું ખંડન થાય છે.....મોમિન.)

તેણે કહ્યું: આપે કહ્યું તે સત્ય છે. જ્યાં સુધી એવી રીતે તૈયાર કરવામાં આવે નહીં ત્યાં સુધી અફીણ કોઇ ફાયદો પહોંચાડે નહીં, ઝેરનો નાશ કરે નહીં મારી તો આ વાત પણ રદ થઇ ગઇ,હવે હું ખરા દિલથી કહુ છું કે લાએલાહ ઇલ્લલ્લાહો વહદહૂ લાશરીક લહૂ (નથી કોઇ મા’બૂદ પરંતુ એકજ અલ્લાહ. તે એકજ છે. તેનો કોઇ ભાગિયો નથી.) હું સાક્ષી આપું છું કે તેણે જ પ્રાણઘાતક ઝેરી પદાર્થો, ઝેરી કીડાઓ, જાનવરો અને સઘળા ઝાડપાન અને વનસ્પતિઓને તેણે જ પૈદા

કરેલ છે. તેજ તેમને વાવનાર છે, તેજ તેમનો ઉગાવનાર છે, તેજ શરીરોને પૈદા કરનાર, તેજ હવાઓ તથા વાદળાઓને ચલાવનારો છે. હું સાક્ષી આપુ છું કે માણસના શરીરોમાં જે રોગો થાય છે તે રોગોનો પૈદા કરનાર તેજ છે કે-જેવાં કે ઝેરી તત્વો ને અવયવો હાડકાઓ અને નસોમાં ફરી વળે છે. અને તેજ એ રોગોનો નાશ કરનાર દવાઓનો ઉત્પન્ન કરનારો છે. રૂહને ઓળખનારો લોહીની ગતિ જાણનારો છે. (તેજ જાણે છે કે) લોહીનો કેટલો ભાગ નસોમાં વહેચાયો છે, કેમકે તેને અવયવો અને જાડા આવરણોની સાથે સંબંધ છે. તેજ જાણે છે કે ઠંડી અને ગરમીમાં કઇ વસ્તુ તેને સુધારે છે. તેજ દરેકે દરેક અવયવને તેની અંદરની સ્થિતિ સાથે જાણે છે. ખરેખર તેજ છે કે જેણે આ સિતારાઓ અને ગ્રહોને, અને તેના હિસાબને બનાવેલ છે. તેજ તેમને જાણે છે. સિતારાઓ મુજબ જેઓ જન્મ પામે છે તેમના શુભ અશુભ હોવાને તેજ

બનાવનારો છે. અને એની પણ સાક્ષી આપુ છું કે એક જ યુક્તિ એકજ યોજના અને એકજ ધોરણ છે. કાંઇપણ વિરોધતા નથી. અને જે કાંઇ આકાશ અને પૃથ્વીની વચ્ચે છે અને જે કાંઇ તે બંનેની અંદર છે એ બધાને એકબીજાની સાથે સંબંધ છે. હવે આપ ફરમાવો કે આપે તેના સંબંધમાં તેજ અવ્વલ (પહેલો) છે, તેજ આખર(છેલ્લો) છે. તેજ લતીફ (સૂક્ષ્મ) છે, અને તેજ ખબીર (જ્ઞાની) છે એમ શા માટે કહ્યું ?

મેં કહ્યું : તે જ અવ્વલ છે. તેનામાં કોઈ પ્રકારની કૈફીયત કહેતા સ્થિતિ નથી. (જેમકે તેનામાં ઠંડી, ગરમી, સખ્તી નરમી જેવી સ્થિતિ લેશ માત્ર નથી.) અને તે એવો આખર છે કે તેની કોઈ હદ નથી. તેના 'જેવો' કોઈ બીજો નથી. તેણે (બધી) વસ્તુઓને કોઈપણ ચીજ વિના (એટલે પ્રકૃતિ કે પ્રમાણ) વિના પૈદા કરી છે. કાંઈ પણ કૈફીયત વિના પૈદા કરેલ છે. (પરંતુ હાથ પગ હલાવ્યા વિના પૈદા કરેલ છે. કોઈ

પણ પ્રકારની તકલીફ ઉપાડયા વિના કોઈ પણ જાતનો પ્રથમથી વિચાર કે ચિંતન કર્યા વિના પૈદા કરેલ છે. જ્યારે તેવો છે કે તેની કોઈ કૈફીયત નથી. બલ્કે કૈફીયત ખરૂ જોતા પૈદા કરેલી વસ્તુઓ મખ્લૂકમાં હોય છે (જેમકે જેટલી કૈફીયતો છે, જેવી કે ગરમી, ઠંડી, સખતી, નરમી, કડવાશ, ખટાશ, મીઠાશ, રતાશ, પીળાશ, લીલાશ વગેરે વગેરે એ બધી મખ્લૂક - પૈદા થએલ વસ્તુઓની લાક્ષણિકતા છે અને ખાલિક પૈદા કરનારો નથી કારણકે તે સર્વથી પહેલાં છે. એવો પહેલો કે જેની કોઈ શરૂઆત નથી. અને તેના જેવો ન કોઈ છે ન તેનો કોઈ બરોબરીયો છે, ન વિરોધી, આંખો વડે જોઈ શકાતો નથી તેને સ્પંશી શકાતુ નથી. પરંતુ તે તેની પૈદા કરેલી વસ્તુઓ (મખ્લૂકાત) દ્વારા ઓળખાય છે. એટલે દુનિયાની રચના ઉપરથી ઓળખાય છે. કે આનો કોઈ પૈદા કરનાર હોવો જોઈએ.... તબારક વ તઆલા)

તેણે કહ્યું : હવે તેની કુવ્વત (શક્તિ) વિશે સમજાવો. તેને ક્વી (શક્તિમાન) શા માટે કહ્યો છે ?

મેં કહ્યું : તે મા'બૂદને સર્વ શક્તિમાન એટલા માટે કહે છે કે તેણે મોટી રચનાઓ કરી છે. જેવી કે જમીન કે તેના ઉપર પહાડ, રેતી અને ઝાડ છે અને તેના ઉપર ચૈતન્ય સૃષ્ટિ છે. જેવી કે માણસો, પ્રાણીઓ, પવનના સપાટા ધરાવનારૂ વાદળ જે પુષ્કળ પાણી લઈ આકાશના અંતરમાં આમ તેમ ફરે છે, સૂર્ય ચંદ્ર તેમજ તેમની દિવ્યતા અને તેમના પ્રકાશની દિવ્યતા જેની હદ સુધી આપણી નજર પહોંચી શકતી નથી. અને ગતિમાં રહેનારા તારાઓ, આકાશનું ફરવું, આકાશનું જમીનના છત રૂપે હોવું, અફલાકુલ અફલાકનું મહા મોટુ, છતવાળુ આકાશ જે આપણા માથા ઉપર રહેલુ છે, અને તે ઉપરાંત પથરાએલી જમીન કે જેના ઉપર સૃષ્ટિનો મોટો ભારે બોજો છે. અને તે એટલો બધો બોજો હોવા છતા સ્થિર રહેલી છે, જરા

પણ ડગમગતી નથી. હા, કદાચ તેનો એક ખુણો હાલે છે (ધરતીકંપ થાય છે.)  પરંતુ બીજો એવી જ રીતે સ્થિર રહે છે, કદી એક ભાગ ધસી પડે છે પણ બીજો કાયમ રહે છે એ બધુ તેણે પૈદા કરેલ છે. તે વડે તે પોતાની કુદરત દેખાડે છે,અને પોતાના કાર્યો પ્રતિ અને પોતાની માઅરેફત તરફ રસ્તો દેખાડે છે, રહેનુમાઈ કરે છે અને તેથી તે “ક્વી” કહેવાયો છે. જે કુવ્વતમાં સૃષ્ટિમાં આપણે જોઈએ છે તે બધી શક્તિના કારણથી તેને “ક્વી” (સર્વ શક્તિમાન) કહેવામાં આવતો નથી. (કારણ કે એ કુવ્વત તો શરીર ઉપર આધાર રાખે છે, પણ ખુદાએ તઆલાને શરીર નથી.) જો તેની કુવ્વત સૃષ્ટિની કુવ્વત જેવી હોત તો તેથી તશબીહ (સમાનતા સરખાપણુ) ઠરત, અને તેમ કરવાથી તેમાં વધવાનું અનુમાન થઈ શક્ત, અને જેમાં વધવાનું અનુમાન થઈ શકે તે વસ્તુ નાક્સિ (અપૂર્ણ) હોય છે, કેમકે નાક્સિ વસ્તુ જ વધી શકે છે. અને જે વસ્તુ નાક્સિ (ઓછી)

હોય છે તે પૂરી (પૂર્ણ) હોતી નથી, પણ તેથી ઉલટી બીજા ઉપર આધાર રાખનાર અને નિર્બળ હોય છે. પરંતુ ખુદાએ તઆલા જેવુ કોઈ નથી. તે કશા જેવો નથી કે એવો છે કે તેવો છે એમ તેના સંબંધમાં કહી શકાતુ નથી. તેણે આવી શક્તિશાળી વસ્તુઓ પૈદા કરી છે. તેથી અમે તેને સર્વ શક્તિમાન કહ્યો છે, અને એવી જ રીતે અમે તેને 'અઝીમ' અને 'કબીર' કહીએ છીએ. ખુદાએ તઆલાને આ નામોની સાથે સરખામણી કરી શકાતી નથી. (એટલે આપણે એક ઝાડને મોટું એટલા માટે કહીએ છીએ કે તે લંબાઈ અને પહોળાઈમાં મોટું હોય છે, અથવા કોઈ પહેલવાનને તેની કુવ્વતના કારણથી આપણે શક્તિશાળી કહીએ છીએ એવુ ખુદાએ તઆલાના સંબંધમાં નથી.)

તેણે કહ્યું : તેણે પોતાને સમીઅ (સંભાળનારો) અને બસીર (જોનારો) અને આલિમ (જ્ઞાની - જાણનારો) કહ્યો છે, એ સંબંધમાં આપનો શો મત છે ?

મેં કહ્યું : ખુદાએ તઆલાના એ નામો એટલા પડયા છે કે તેની સામે કોઈ આંખે દેખાતી વસ્તુ છુપી નથી. જોઈએ તો તે નાની હોય કે મોટી હોય, સૂક્ષ્મ હોય કે સ્પષ્ટ હોય તેની સામે છુપેલ નથી, તે આપણી જેમ આંખો વડે જોતો હોય એટલા માટે અમે તેને બસીર કહેતા નથી. (કારણ કે તેને આંખો નથી.)

અમે તેને સમીઅ એટલા માટે કહીએ છીએ કે કોઈ ત્રણ માણસો એક બીજાની સાથે કાનમાં છુપી વાતો કરતાં નથી પણ તે તેઓમાં ચોથો હોય છે, તેમજ પાંચ માણસો છુપી વાતો કરતાં નથી, પણ તે તેઓમાં છઠ્ઠો હોય છે. તેમજ એથી ઓછા કે વધતાં માણસો વાત કરતાં નથી પણ તે તેઓની સાથે હોય છે. તે ગમે ત્યાં હોય ભેદની વાતોને સાંભળે છે. ચીકણા પથ્થર ઉપર કીડીના ચાલવાનો અવાજ, હવામાં ઉડતા પક્ષીઓની પાંખોનો અવાજ તે સાંભળે છે. તેની આગળ કોઈ વસ્તુ છુપી નથી. લોકો જેને આંખ વડે જુવે છે,

અથવા ઇંદ્રીયો વડે જાણી શકે છે અથવા એ બંને વડે જાણી ન શકાય તેવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ કેમ ન હોય તેનાથી છુપી નથી, જેવી રીતે લોકો અથવા પ્રાણીઓ કાન વડે સાંભળે છે તેવી રીતે તે કાન વડે સાંભળતો હોય એટલા માટે અમે તેને સમીઅ કહેતા નથી, તેને કાન નથી એવી જ રીતે તેને આલિમ કહેવામાં આવ્યો. કેમકે કોઈ પણ વસ્તુ તેનાથી છુપી નથી.

આકાશ તેમજ પૃથ્વીમાંનું કોઈ વસ્તુ મૌજૂદ હોય કે ન હોય અને કદાચ હોત તો કેવી હોય એ બધુ તે જાણે છે, લોકો જેવી રીતે જાણી શકે છે તેવી રીતે તે જાણી શકે છે. એટલા માટે અમે તેને “બસીર” કહેતા નથી. (લોકોને એમ જાણવા જે શક્તિની જરૂર હોય છે એવી શક્તિની જરૂર તેને નથી, તે તો એવી શક્તિ વિના બધુ જ જાણે છે)... ખરેખર તે ઘણો મોઅઝઝીઝ - માનવંત છે કે જેની સિફાતો (ગુણો) જેની જાતથી જુદી નથી. (તેની જાત એ જ ગુણ છે) અને જેણે

સુષ્ટિના કૃત્યોથી પોતાને પાક ફરમાવ્યો છે. (અલીમ, સમીઅ, અને બસીરના) આ અર્થ છે, જો આમ ન હોય તો તેની અને સૃષ્ટિ વચ્ચે સમાનતા ગણાય, અને તેનામાં અને સૃષ્ટિમાં કાંઈ ફેર ન રહે, તે જ પાક અને તેના નામો પવિત્ર (મુકદ્દસ) છે.

(આ સ્થળે હઝરત, એ લોકોની માન્યતાને રદ કરે છે કે જેઓ કહે છે કે ખુદા તઆલા, સાંભળવાની શક્તિથી સાંભળે છે. જોવાની શક્તિથી જુવે છે. સૂંઘવાની શક્તિથી સૂંઘે છે, વગેરે વગેરે. અને જેઓ માને છે કે ખુદા તઆલાની એ સિફતો (ગુણો) તેની જાત ઉપરાંત છે... હઝરત ફરમાવે છે કે તેની જાત એ ખાસ સિફતો છે. તેની સિફાતો અને જાત અલગ નથી એ સત્ય છે ....મોમિન)

તેણે કહ્યું : આપે સત્ય ફરમાવ્યું, હું સમજી ગયો. પણ મારો ભાવાર્થ એવો છે કે આપ મને એવી રીતે શીખવાડો કે જેથી હું કોઈને જવાબ આપી શકું.

માટે આપ મને શિક્ષણ આપો એટલે હું યાદ કરી લઉં, અને કોઈ અવજ્ઞાકારી, વિરોધી અથવા શંકામાં પડેલાને જવાબ આપી સમજાવી શકું, અથવા કોઈ સત્ય શોધનારને દલીલરૂપે રજૂ કરી શકું, અને જે આપના મતને મળતો હોય તેને કહેવાથી તેના ઈમાનમાં વધારો કરી શકું, આપ મને કહો કે તેણે પોતાને 'લતીફ' શા માટે કહ્યો છે ? એટલું તો હું જાણું છું કે એ સિફત (ગુણ) તેણે જે સૂક્ષ્મ રચના કરી છે તેના કારણથી છે. પણ હું આશા રાખુ છું કે આપ વિસ્તારથી વર્ણન કરી મને સમજાવો.

મેં કહ્યું : અમે તેને 'લતીફ' એટલા માટે કહ્યો છે કે તેણે બારીકી અને સૂક્ષ્મતાની સાથે સૃષ્ટિ રચી છે. અને વળી એટલા માટે કે તે પોતાની પૈદા કરેલી દરેક સૂક્ષ્મ વસ્તુને જાણે છે. જોઈએ તો તે મચ્છર હોય કે કીડી હોય અથવા તેના કરતાં પણ નાના શરીરવાળુ કાંઈ હોય - એવુ નાનું કે જેને આંખ જોઈ શકે નહીં,

અને તેના નાના હોવાના કારણથી, તેના નાક, કાન હશે કે નહીં એ બુધ્ધિ પણ જાણી શકે નહીં, તેમના નાના હોવાના લીધે એમાં નર ક્યુ અને નારી ક્યું એ જણાય નહીં, નવુ બાળક ક્યુ છે અને જૂનો બાપ કયો છે (પરંતુ ખુદાએ તઆલા આ સર્વ બાબતોને જાણે છે માટે તેને લતીફ કહ્યો છે.)

તો જ્યારે આવા પ્રાણીઓના નાના હોવા છતા તેમાં આવી બારીકી આપણે જોઈ, અને આપણે જોયું કે એવા નહીં દેખાય તેવા નાના શરીરમાં બુધ્ધિનું એક સ્થાન છે, ક્રિડા અર્થે તેમાં શહ્‌વત (કામવાસના) છે. તે મૌતથી ભાગે છે. પોતાના બચ્ચા ઉપર પ્રેમ રાખેછે. એક બીજાને ઓળખે છે અને જે જે દરિયાઓમાં છે અને જે આકાશમાં છે અને જે જંગલોમાં છે અને મૈદાનોમાં છે અને આપણી સાથે આપણા ઘરોમાં રહે છે, તેઓ એકબીજાને પોતાની વાત સમજાવે છે, પોતાની ઔલાદને ઓળખે છે, તેમની પાસે ખોરાક અને પાણી

ઉપાડી લાવે છે, ત્યારે આપણે જાણ્યુ કે તેમનો પૈદા કરનાર પણ ‘લતીફ’ છે. શક્તિશાળી વસ્તુઓ પૈદા કરવાથી આપણે જેમ તેને ક્વી કહ્યો છે તેમ લતીફ વસ્તુઓ પૈદા કરવાથી તે “લતીફ” કહેવાયો છે.

તેણે કહ્યું : આપે જે ફરમાવ્યું તે સ્પષ્ટ છે, પરંતુ જે નામો ખુદાના છે તે નામો માણસો કેમ રાખે છે ?

મેં કહ્યું : ખુદાએ માણસોને એ નામો રાખવાની છુટ આપેલી છે અને તેમને બક્ષી આપ્યા છે. (જુઓ) કોઈ માણસ કોઈ વસ્તુને ‘એક’ (વાહિદ) કહે છે, અને ખુદાને પણ ‘એક’ કહે છે, કોઈને ‘શક્તિમાન’ (ક્વી) કહે છે અને ખુદાને પણ શક્તિમાન કહે છે. કોઈને કહે છે કે ફલાણો કારીગર (સાનેઅ) છે અને ખુદાને પણ કારીગર કહે છે કેમકે ખુદા આ સૃષ્ટિની કારીગરી કરેલી છે. કોઈને કહે છે કે તે અન્નદાતા (રાઝિક) છે અને ખુદાને પણ અન્નદાતા કહે છે. કોઈને કહે છે કે તે જોનારો

(બસીર) સાંભળનારો (સમીઅ) અને જાણનારો (આલિમ) છે અને ખુદાને પણ જોનારો, સાંભળનારો અને જાણનારો કહે છે વગેરે વગેરે....... તો જે માણસ માણસને એક કહે છે તેનો અર્થ તેનું નામ છે, પણ તેના જેવો બીજો મૌજૂદ હોય છે, અને ખુદાને જે એક કહે છે તેનો અર્થ તેનું નામ છે. પણ તે એક જેવો બીજો કોઈ હોતો નથી, તેના જેવુ બીજુ કોઈ છે જ નહીં. આવી રીતે એકનો અર્થ એક નથી. અને નામ, નામવાળા માણસને ઓળખવા માટે આપણે બનાવેલા છે. કારણ કે આપણે જ્યારે માણસને એક (અથવા એકલો) જોઈએ છીએ ત્યારે તેને એક કહીએ છીએ, પણ તમે જાણો છો કે માણસ વસ્તુમાં (હકીકતમાં તેના ખરા અર્થમાં એક નથી. કેમકે તેને જુદા જુદા અવયવો છે. તેના શરીરના ભાગ સરખા અને બરાબર નથી. તેમાં ગોશ્ત (માંસ) ઉપરાંત લોહી છે, તેમાં સ્નાયુઓ ઉપરાંત હાડકાં છે, નખ ઉપરાંત તેને વાળ છે, તેની સફેદી ઉપર તેનામાં કાળાપણું છે, માણસમાં એટલી બધી વસ્તુઓ છે તેથી

તે ખરા અર્થમાં એક કહેવાય નહીં, એક એ તો ઓળખાણ માટે કહેવાય.) અને સઘળી સૃષ્ટિની સ્થિતિ છે. માણસ માત્ર કહેવામાં જ એક છે. નામ અર્થ અને બનાવટ એ ત્રણેમાં એક નથી.... પરંતુ ખુદાએ તઆલાને એમ કહેવામાં આવે છે તેના એવા અર્થ થાય છે કે તે એવો એક છે કે તેના જેવો બીજો એકે "એક" નથી. કેમકે તેનામાં (ઉપર કહી તેવી) જુદી જુદી વસ્તુઓ નથી.

અને એવી રીતે તે મુબારક અને પાક અલ્લાહ સમીઅ, બસીર, ક્વી, અઝીઝ અને હકીમ છે. ફતઆલલ્લાહો અહસનુલ ખાલેકીન, (એટલે તેનામાં તેની સિફાતો તેની જાતથી જુદી નથી, તેની જાત જ સાંભળવાની જોવાની, સિફાતો છે, અને તેથી તે એ નામોથી ઓળખાય છે.)

તેણે કહ્યું : હવે તેના કૌલને રઉફ, રહીમ (દયાવંત) છે, તેની રઝા (ખુશી) મોહબ્બત, ગઝબ, ક્રોધ અને નારાજીને સમજાવો.

મેં કહ્યું : આપણામાં જે રહેમ (દયા) ઉત્પન્ન થાય છે, તેનો અર્થ મહેરબાની અને બક્ષિશ છે. અને અલ્લાહ તઆલાની રહેમત - રહેમ એને કહે છે કે તે પોતાના બંદાઓને સવાબ આપે છે. બંદાની રહેમતના બે અર્થ છે. એક તો એ કે કોઈ રહેમ લાયક માણસને સંકટમાં જોવામાં આવે છે ત્યારે અંતઃકરણમાં રહેમ આવે છે, મનમાં દયા ઉત્પન્ન થાય છે. બીજો અર્થ એ કે તે સંકટમાં પડેલા માણસને બક્ષિશ કરવા અને મહેરબાની કર્યા પછી ઉત્પન્ન થાય છે. (એટલે કે એક રહેમ તો એ છે કે રહેમ લાયક માણસને જોઈને મનમાં ઉત્પન્ન થાય છે, અને બીજો એ કે તે સંકટને દૂર કરવું, મઝલૂમની મદદ કરવી, ભૂખ્યાને ખાણું ખવરાવવું, નવસ્ત્રાને વસ્ત્રો પહેરાવવા વિગેરે. પહેલી રહેમ મનની લાગણી છે, અને બીજીવાર રહેમ તે લાગણીની અસર અથવા પરિણામ છે.) કેટલીક્વાર કોઈ કહે છે કે જુઓ

ફલાણાના રહેમને તેનો અર્થ એથી એ કૃત્ય છે કે જે તેણે મનમાં રહેલી મહેરબાની અથવા કરૂણા - દયાની લાગણીથી કર્યું હોય છે.

અને અલ્લાહ તઆલામાં આ ગુણ જે કહેવાય છે (જેમકે કહેવાય છે કે અલ્લાહે રહેમ કર્યો અથવા અલ્લાહ રહીમ (દયાળુ) છે તે તેના કાર્યોના કારણથી કહેવાય છે કે જે આપણે કરીએ છીએ. (જેમકે આપણે કોઈ મઝલૂમની મદદ કરીએ અથવા કોઈ ફાડી ખાનારા જાનવરથી કોઈને બચાવી લઈએ તો કહેવાશે કે જુઓ ફલાણા ઉપર અલ્લાહે કેવો રહેમ કર્યો કે તેની મદદે એક માણસ મોકલી આપ્યો.) .....પરંતુ એ રહેમ જે અંત : કરણમાં એક લાગણી રૂપે હોય છે તે ખુદાએ તઆલામાં નથી, (કેમકે તેને અંત : કરણ નથી, તેમ જ તેને અવયવો કે શરીર છે) જેમકે તેણે પોતાના સંબંધમાં ફરમાવ્યું છે, તો ખરેખર તે રહીમ - દયાવંત છે, પરંતુ મનમાં જે કરૂણા ઉત્પન્ન થાય છે અને તે રહેમ

કહેવાય છે, તેવો નહીં, અને ક્રોધ તો આપણને ત્યારે આવે છે કે જ્યારે આપણા સ્વભાવમાં એક પ્રકારનો ફેરફાર થાય છે કદી આ સ્થિતિમાં આપણું શરીર અને તેના બધા અવયવો ધ્રુજે છે, રંગ બદલાઈ જાય છે. તે બાદ (જેના ઉપર ગુસ્સો આવ્યો હોય) તેને શિક્ષા કરીએ છીએ અને તેથી તે ક્રોધ કહેવાય છે. આ બાબત લોકો સામાન્ય રીતે સારી રીતે જાણે છે. ક્રોધ બે અર્થમાં વપરાય છે. એક તો એકે ક્રોધ મનમાં ઉત્પન્ન થાય છે, પરંતુ આ ક્રોધ ખુદા તઆલામાં નથી. કેમકે તેને મન નથી, અને એવી જ રીતે તેનો રાજીપો, નારાજગી, રહેમત વગેરેને અર્થ છે. તે જ જલીલ (બુઝુર્ગ) છે, તેના જેવો કોઈ નથી.

તેણે કહ્યું : મને તેના ઇરાદા સંબંધી સમજાવો. (તેને 'મુરીદ' શા માટે કહ્યો છે ?)

મેં કહ્યું : બંદાઓના ઇરાદાનો અર્થ એવો છે કે પ્રથમ તે ઇરાદો તેના મનમાં આવે છે ને પછી તે

પ્રમાણે કામ થાય છે, પરંતુ અલ્લાહ તઆલાના ઇરાદાના અર્થ કામ કરી દેવાના થાય છે, જ્યારે કોઈ વસ્તુને કહે છે કે ‘થઈ જા’ ત્યારે થઈ જાય છે. તેમાં તેને કાંઈ તસ્દી પડતી નથી. તેના ઉપર તેની કશી અસર થતી નથી. (માણસને ઇરાદો કર્યા પછી કામ કરવામાં શારીરિક અથવા આધ્યાત્મિક (રૂહાની) અસર થાય છે, થાક લાગે છે, તેવું ખુદાએ તઆલા માટે નથી. તેને કોઈ કામ હાથ પગથી કરવું પડતુ નથી. કેમકે તેને હાથ પગ નથી. તેનો ઇરાદો એ છે કે તેણે કહ્યું કે કૂન (થઈ જા) તો થઈ ગયુ. તેનું કૃત્ય એ જ ઇરાદો, અને ઇરાદો તેનું કૃત્ય છે.)

તેણે કહ્યું : આપે ઘણુ સરસ વર્ણન કર્યું, અને આપણો હેતુ પૂરો થઈ ગયો. (એટલે મને એક ખુદાનો માનનારો બનાવી લીધો.) એક બુધ્ધિશાળી માણસ માટે આટલું પૂરતું છે... ખુદાનો શુક્ર છે કે તેણે અમને હિદાયત કરી ગુમરાહીમાંથી બહાર કાઢયા, અને તેને

તેની પૈદા કરેલી સૃષ્ટિ જેવો માનવાથી બચાવી લીધા, અથવા તેની અદભૂત રચના, શક્તિ અને જાહો જલાલીમાં કાંઈ શંકા કરીએ એથી અમને રક્ષણમાં રાખ્યા, ખરેખર તે તેના જેવો બીજો કોઈ હોવાથી, તેના સરખો અથવા ભાગીદાર અથવા વિરોધી હોવાથી પાક છે. તેનો કોઈ ભાગીદાર અથવા તેના જેવો બીજો હોય તે કરતાં તે વધારે મહાન, બુઝુર્ગ છે. (જેમકે પારસી ધર્મવાળા માને છે કે સૃષ્ટિના બે કર્તા છે. એક નૂર - નેકીનો કર્તા - યઝદાન અને બીજો અંધકાર - બદીનો કર્તા - અહરીમન નેકીનો કર્તા બદીના કર્તાનો વિરોધી છે. અને બદીનો કર્તા નેકીના કર્તાનો વિરોધી છે, પરંતુ એ અસંભવિત અને મહાલ છે તે ઉપર વાદમાં સિધ્ધ થઈ ગયું.

*અલ હમ્દો લિલ્લાહે અવ્વલન વ આખેરન વ ઝાહેરન વ બાતેનન વહોવ અલા કુલ્લે શયઈન કદીર વ બીલ હમ્દે જદીર. (સલવાત)*